સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 42
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ આશ્વિન વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૨૭ ઓક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સતત ૧૮ શ્રેણી-વિજય પછી ઘરઆંગણે ભારતનો પરાજય

## ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં ન્યૂ ઝીલૅન્ડ પહેલી વાર ભારતમાં શ્રેણી જીત્યું

પુણે: ભારતનો અહીં ત્રીજા દિવસે ન્યૂ ઝીલૅન્ડ સામેની બીજી ટેસ્ટમાં ૧૧૩ રનથી પરાજય થયો એ સાથે ટીમ ઇન્ડિયા માટે ખરાબ અને કિવીઓની ટીમ માટે ઐતિહાસિક કહી શકાય એવા વિક્રમો રચાયા. ઘરઆંગણે ભારત લાગલગાટ ૧૮ ટેસ્ટ-સિરીઝ જીત્યા પછી પહેલી વાર શ્રેણી હાર્યું છે. ૨૦૧૨ની સાલથી ઘરઆંગણે ભારતનું વર્ચસ્વ હતું અને વર્તમાન સિરીઝ પહેલાંની તમામ ટેસ્ટ-સિરીઝ જીત્યું હતું, પરંતુ ૧૨ વર્ષનો એ સિલસિલો ટૉમ લૅથમની ટીમે તોડ્યો છે અને હોમ-ગ્રાઉન્ડ પર ભારતીયોએ ૨૦૧૨ પછી પહેલી વાર શ્રેણી-પરાજય જોવો પડ્યો છે. બીજી બાજુ, ન્યૂ ઝીલૅન્ડ બન્ને દેશ વચ્ચેના ૭૦ વર્ષના ટેસ્ટ-ઇતિહાસમાં પહેલી જ વખત ભારતની ધરતી પર ટેસ્ટ-શ્રેણી જીતવામાં સફળ થયું છે.

ભારતને જીતવા ૩૫૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ રોહિતસેના ૨૪૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં કિવીઓએ યાદગાર સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું.

૨૦૧૨-'૧૩માં એમએસ ધોનીના સુકાનમાં ભારતનો ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે પરાજય થયો ત્યાર પછી છેક હવે રોહિત શર્માની ટીમે શ્રેણીની હાર સ્વીકારવી પડી છે.

ન્યૂ ઝીલૅન્ડની ટીમ ગયા અઠવાડિયે ભારતમાં ૩૬ વર્ષે પહેલી વાર ટેસ્ટ-મૅચ જીતવામાં સફળ રહી ત્યાર બાદ હવે એણે ઐતિહાસિક શ્રેણી-વિજય પણ હાંસલ કરી જ લીધો. આ ત્રણ મૅચની સિરીઝ છે અને ભારતીય ટીમે હવે પહેલી નવેમ્બરે વાનખેડે સ્ટેડિયમમાં શરૂ થનારી છેલ્લી ટેસ્ટમાં પરાજય ટાળવો પડશે. નહીં તો, કિવીઓ ભારતમાં ૩-૦ની ઐતિહાસિક ક્લીન સ્વીપ પણ કરી જશે.

એકવીસમી સદીમાં ભારતની ધરતી પર ટેસ્ટ-શ્રેણી જીતનાર ન્યૂ ઝીલૅન્ડ ત્રીજો દેશ છે. આ પહેલાં, ભારતના આંગણે ઇંગ્લૅન્ડે (૨૦૧૨માં ૨-

(જુઓ પાનું ૨) ▶▶



**વિજયનો ઉન્માદ:** ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીમાં ૨-૦થી અજેય સરસાઈ મેળવી લીધા બાદ વિજયની ઉજવણી કરી રહેલા ન્યૂ ઝીલૅન્ડની ટીમના ખેલાડીઓ. (એજન્સી)

## બાલાસોર જિલ્લો પૂરથી સૌથી પ્રભાવિત

બાલાસોર : ચક્રવાત દાનાને પગલે આવેલા ધોધમાર વરસાદથી અચાનક આવેલા તાજા પૂરને લીધે ઓડિશાનો બાલાસોર જિલ્લાનો મોટો ભાગ પ્રભાવિત થયો છે, એવી માહિતી અધિકારીએ શનિવારે આપી હતી.

પડોશના મયુરભંજ જિલ્લામાં સિમિલિપાલ ટેકરીમાં પડેલા ધોધમાર વરસાદને લીધે બાલાસોર જિલ્લાની બુધબલંગા, સોનો અને કંસાબંસા નદીઓની સપાટી વધી છે.

બાલાસોર જિલ્લામાં સૌથી પ્રભાવિત ક્ષેત્ર ઔપાડા, સોરો, ખૈરા, સિમુલિયા, બહાનંગા, રેમુના અને સદાર છે.

બુધબલંગા , સોનો અને કંસાબંસા નદીઓના ઉપરવાસ વિસ્તારોમાં ભારે વરસાદને લીધે આ નદીઓની સપાટી વધી ગઈ છે. નિલગિરી વિસ્તારના ૨૦ ગામ બે દિવસથી પાણીમાં ગરકાવ છે. જોકે શનિવારે સવારે પાણી થોડું ઓછું થયું હતું.

મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ મિનિસ્ટર સુરેશ પુજારીએ કહ્યું હતું કે રાજ્યના કોઈ પણ વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ નથી. બુધબલંગામાં પણ પૂર આવ્યું નથી.

## ઇઝરાયલનો ઇરાન પર હુમલો: મધ્યપૂર્વમાં યુદ્ધ વણસવાની ભીતિ

દુબઇ: ઇઝરાયલે શનિવારે સવાર પહેલાં ઇરાનની રાજધાની પર અનેક હવાઇ હુમલા કરતા મધ્યપૂર્વમાં યુદ્ધ વણસવાની ભીતિ સેવાઇ રહી છે.

ઇરાને ચાલુ મહિનાના પ્રારંભે ઇઝરાયલ પર કરેલા મિસાઇલ હુમલાના જવાબમાં આ વળતો હવાઇ-હુમલો કરાયો હતો.

ઇરાનની રાજધાની તહેરાનમાં શનિવારે પરોઢ પહેલાં અનેક ધડાકા સંભળાયા હતા, પરંતુ તેનાથી બહુ મોટું નુકસાન નહિ થયું હોવાનો દાવો કરાય છે.

ઇરાનનો ટેકો ધરાવતું હમાસ સંગઠન ગાઝામાં, જ્યારે લેબેનોનમાંનું હિઝબુલ્લા સંગઠન ઇઝરાયલ સાથે લડી રહ્યું છે.

ઇઝરાયલના લશ્કરે ઇરાન પર આ સૌપ્રથમ સીધો હુમલો કર્યો હતો. ઇરાન અને ઇરાક વચ્ચેનું યુદ્ધ ૧૯૮૦ના દાયકાના અંતે પૂરું થયું, તે પછી ઇરાન પર વિદેશી દુશ્મને કરેલો આ પહેલો હુમલો હતો.ઇઝરાયલે સૂર્યોદયની પહેલાં તહેરાન પર અંદાજે એક કલાક સુધી હવાઇ હુમલા કર્યા હતા.

ઇરાનના અણુમથક અને તેલના મથકને ઇઝરાયલ લક્ષ્ય બનાવે તો પરિસ્થિતિ હજી વધુ વણસી શકે છે.

ઇરાનના સરકારી પ્રસારમાધ્યમે પણ

(જુઓ પાનું ૨) ▶▶

## દિવાળી ટાણે જ રાજકોટમાં ટોચની ૧૦ હૉટેલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દિવાળીના તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી શરૂ થઈ ગઈ છે. લોકો વેકેશનમાં ફરવાની તૈયારી કરી રહ્યાં છે ત્યારે શનિવારે બપોરે રાજકોટ શહેરની ૧૦ જાણીતી હૉટલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેલ મળતા શહેરભરમાં ખળભળાટ મચી ગયો હતો. હૉટલોને ધમકી ભર્યા ઈમેલ મળતા શહેર પોલીસ દોડતી થઈ ગઈ હતી. ક્રાઈમ બ્રાંચ અને બૉમ્બ ડિસ્પોઝલ સ્કોડે સઘન તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં કંઈ હાથ નહીં લાગતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. સાયબર ક્રાઈમે હૉટેલોને જે ઈ-મેલથી ધમકી મળી હતી તે આઈડીની તપાસ શરૂ કરી હતી. પ્રાપ્ત

(જુઓ પાનું ૨) ▶▶

## જમીન પર રેડાયેલા લોહીનાં એક એક ટીપાંનો બદલો લેવામાં આવશે: લે. ગવર્નર મનોજ સિંહા

શ્રીનગર: તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને મામલે બોલતાં લે. ગવર્નર મનોજ સિંહાએ કહ્યું હતું કે જમીન પર રેડાયેલા લોહીનાં એક એક ટીપાંનો બદલો લેવામાં આવશે અને આતંકવાદીઓનાં નેટવર્કને તોડી પાડવા સંભવિત તમામ યંત્રણાનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવશે.

અહીંનાં એસટીસી ખાતે યોજાયેલ બીએસએફની પરેડને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન હજુ પણ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે.

કમનસીબે આપણી પાસે એવો પડોશી દેશ છે જે દેશને સ્વતંત્રતા મળી ત્યારથી જ જમ્મુ-કાશ્મીરમાં સતત આતંકવાદી પ્રવૃત્તિઓ ફેલાવવામાં અને નશીલા પદાર્થોની દાણચોરી કરવામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યો છે.

ગંડરબાલ અને બારામુલ્લા જિલ્લામાં તાજેતરમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓ આપણા બહાદુર સૈનિકો, નાગરિકો અને માળખાકીય સુવિધાઓને લગતા પ્રોજેક્ટ પર કામ કરતા મજૂરોને નિશાન

(જુઓ પાનું ૨) ▶▶



ડ્રીલ: સિલિગુડીની ભાગોળે સાલુગારા ખાતે શુક્રવારે મહિલા પ્રહરીનાં ઉદ્ઘાટન દરમિયાન બીએસએફના અધિકારીઓએ ડ્રીલમાં ભાગ લીધો હતો. (એજન્સી)

## દાના ચક્રવાતને લીધે ઓડિશામાં ૧.૭૫ લાખ એકર જમીન પરના પાકનો નાશ



**નુકસાન:** વાવાઝોડાં 'દાના'એ પ. બંગાળના બિરભૂમ જિલ્લામાં વેરેલા વિનાશમાં એક ગામમાં ઊભા પાકને થયેલા નુકસાનને નિહાળી વિચલિત થયેલો ખેડૂત. (એજન્સી)

ભુવનેશ્વર : ઓડિશામાં જોરદાર ચક્રવાત દાના અને એની સાથે આવેલા મુશળધાર વરસાદને લીધે ૧.૭૫ લાખ એકર જમીન પરનો ઊભો પાક નાશ પામ્યો છે અને ૨.૮૦ લાખ એકર જમીન પાણીમાં ડૂબી ગઈ છે, એવી માહિતી વરિષ્ઠ અધિકારીએ પ્રાથમિક અભ્યાસ બાદ આપી હતી. રાજ્ય સરકારે કૃષિ અને મહેસૂલ વિભાગને સંયુકત આકારણી કરવાનું કહ્યું છે. કૃષિ અને ખેડૂત સશક્તીકરણ ખાતાના મુખ્ય સચિવ અરવિંદ પાધીએ (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોને ચાર્ટર્ડ પ્લેન મારફતે ડિપોર્ટ કરાશે

વૉશિંગ્ટન: અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા ભારતીયોને ડિપોર્ટ કરવા અમેરિકા ચાર્ટર્ડ પ્લેનનો ઉપયોગ કરશે. ભારત સરકારના સહકારથી આ કામ કરવામાં આવશે, એમ અમેરિકાના ગૃહ ખાતાએ કહ્યું હતું.

બાવીસ ઑક્ટોબરે એક ચાર્ટર્ડ પ્લેન ભારત મોકલવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોને વહેલામાં વહેલી તકે ત્યાંથી હાંકી કાઢવામાં આવશે એમ જણાવતાં અમેરિકાના ગૃહ ખાતાના નાયબ સચિવ ક્રિસ્ટી એ. કૅનેલાગોએ કહ્યું હતું કે અમેરિકા આવવા અને સ્થાયી થવા ઈચ્છતા લોકો માનવ તસ્કરી કરતા કે ખોટી રીતે અમેરિકા લઈ જવાની લાલચ આપતા લોકોની વાતોમાં નહિ ફસાતા અને તેમના ખોટા દાવાઓ પર ભરોસો નહીં કરતા.

ગૃહ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે અમેરિકાના ઈમિગ્રેશન કાયદાઓ વધુ કડક બનાવવામાં આવ્યા છે અને ગેરકાયદે

(જુઓ પાનું ૨) ▶▶

## યમુનામાં ડૂબકી લગાવ્યા બાદ બગડી દિલ્હી ભાજપ અધ્યક્ષની તબિયત, થયા હૉસ્પિટલમાં ભરતી

નવી દિલ્હી: દિલ્હીના ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાની તબિયત બગડતા તેમને રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વીરેન્દ્ર સચદેવાને સ્કિન ઈન્ફેક્શન થઇ ગયું છે. તેમને શરીરે ખંજવાળ આવી રહી છે અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. સચદેવા કહે છે કે તેમને શ્વાસ લેવામાં તકલીફ કે ખંજવાળ આવવાનો અગાઉનો કોઈ રેકોર્ડ નથી. તેમને આ પહેલા આ પ્રકારની બીમારી થઈ નથી.

સચદેવાએ ૨૪ ઓક્ટોબરે યમુના નદીના અત્યંત પ્રદૂષિત પાણીમાં ડૂબકી લગાવી હતી અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ પર યમુના નદીની સફાઈ કરવાનું વચન પૂરું કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો. દિલ્હી ભાજપે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડૂબકી માર્યા પછી સચદેવાને ત્વચા પર ફોલ્લીઓ થઈ હતી અને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી. સચદેવાએ કેજરીવાલને નદીમાં નહાવા માટે પડકાર ફેંક્યો હતો અને જણાવ્યું હતું કે કેજરીવાલે દિલ્હીના લોકોને એવું વચન આપ્યું હતું કે તેઓ ૨૦૨૫ સુધીમાં યમુના નદીને એવી સાફ કરી દેશે કે લોકો તેમાં ડૂબકી લગાવી શકશે અને સ્નાન પણ કરી શકશે.

દીવાળીના થોડા દિવસો બાદ છઠનો તહેવાર આવશે. આ પહેલા દિલ્હીના શાસક આપ અને બીજેપીએકબીજા પર નદીના પ્રદૂષણ અને ઝેરી ફીણનો આરોપ લગાવી રહ્યા છે.

## આદિવાસીઓની સક્રિય ભાગીદારી વિના દેશનો વિકાસ અશક્ય: રાષ્ટ્રપતિ

ભીલાઇ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે જણાવ્યું હતું કે આદિવાસી સમુદાયની સક્રિય ભાગીદારી વિના દેશનો વિકાસ શક્ય નથી.

તેમણે જણાવ્યું હતું કે આપણે સૌએ કુદરતની સાથે સમતુલા જાળવીને કઇ રીતે જીવન જીવવું, તે આદિવાસીઓ પાસેથી શીખવું જોઇએ.છત્તીસગઢના દુર્ગ

(જુઓ પાનું ૨) ▶▶

## ગુલમર્ગમાં સેના પર હુમલો: આતંકવાદીઓએ પહેલીવાર કર્યો રોકેટનો ઉપયોગ

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ: ગુલમર્ગના બોટા પથરીમાં સેના પર કરેલા હુમલામાં આતંકવાદીઓએ પહેલીવાર રોકેટનો ઉપયોગ કર્યો હતો, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પહેલા જમ્મુ અને હવે કાશ્મીર ખીણ પ્રદેશમાં આતંકવાદ ફરી માથું ઊંચકી રહ્યો છે અને આ બાબત સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય છે.

પાકિસ્તાનસ્થિત જૈશે મોહમ્મદ સાથે સંકળાયેલા પીપલ્સ ઍન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ (પીએએફએફ)એ બોટા પથરી હુમલાની જવાબદારી સ્વીકારી હતી. સોશિયલ મીડિયા પર તેમણે વાઈરલ કરેલા વીડિયોમાં એક આતંકવાદી જંગલ વિસ્તારમાંથી સેના પર રોકેટ દ્વારા હુમલો કરી (જુઓ પાનું ૨) ▶▶

## ધોનીની લોકપ્રિયતાનો લાભ લેશે ચૂંટણી પંચ, ઝારખંડના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત

રાંચી : ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની જોવા મળશે, કારણ કે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ચૂંટણી પંચે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી કે રવિ કુમારે કહ્યું કે પૂર્વ ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીએ ચૂંટણી પંચને વિધાનસભા ચૂંટણીમાં પોતાના ફોટાનો ઉપયોગ કરવાની પરવાનગી આપી દીધી છે.

ચૂંટણી અધિકારી રવિ કુમારે કહ્યું, 'મહેન્દ્ર સિંહ ધોનીએ ચૂંટણી પંચને પોતાની તસવીરના ઉપયોગ માટે પોતાની સંમતિ આપી દીધી છે. વધુ વિગતો માટે અમે તેમના સંપર્કમાં છીએ. મહેન્દ્ર સિંહ ધોની મતદારોને જાગૃત કરવાનું કામ કરશે.'

ચૂંટણીમાં મતદારોને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે મહેન્દ્ર સિંહ ધોની મતદાર શિક્ષણ અને ચૂંટણી ભાગીદારી કાર્યક્રમ હેઠળ મતદારોમાં જાગૃતિ વધારવા માટે કામ કરશે. ચૂંટણી પંચ લોકોને ખાસ કરીને યુવા મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે ધોનીની લોકપ્રિયતાનો લાભ લેવા માગે છે.

ઝારખંડમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી છે. ૧૩ નવેમ્બરે યોજાનારી ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૪૩ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થઈ રહ્યું છે. બીજા તબક્કાનું મતદાન ૨૦ નવેમ્બરે છે. ઝારખંડ મુક્તિ મોરચાએ ૨૩ ઑક્ટોબરે ચૂંટણી માટે ૩૫ ઉમેદવારની પ્રથમ યાદી જાહેર કરી છે.

ભાજપે ૧૯ ઑક્ટોબરે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે ૬૬ ઉમેદવારની પ્રથમ યાદી જાહેર કરી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૭-૧૦-૨૦૨૪ થી તા. ૨-૧૧-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં તુલા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મધ્યમ ગતિએ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ પ્રારંભે તુલા રાશિમાં રહે છે. તા. ૨૯મીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર વૃશ્ચિક રાશિમાં સમગતિએ સમગ્ર સપ્તાહમાં રહે છે. કુંભ રાશિમાં શનિ સમગ્ર સપ્તાહમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે સિંહ રાશિમાં રહે છે. તા. ૨૮મીએ કન્યામાં, તા. ૩૧મીએ તુલામાં, તા. ૨જીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ, નવીન વેપારનું જ્ઞાન મેળવશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. પ્રવાસ દ્વારા આ સપ્તાહના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. પ્રવાસમાં નવા આર્થિક આયોજનો, સંવાદો સફળ થશે. વેપાર વધશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં સફળતાનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સપ્તાહમાં નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. સાહસિકતાથી કારોબારના નિર્ણયો લઈ શકશો. આત્મવિશ્વાસ, આવડત, કાર્યદક્ષતા, કાર્યક્ષેત્રે પૂર્ણપણે ઉપયોગમાં લઈ શકશો. વેપારની આવક વધશે. ગૃહિણીઓને સંતાનના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ જણાય. વિદ્યાર્થીઓના નિત્ય સાપ્તાહિક અભ્યાસ સફળતાથી સંપન્ન થતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માહિતી, જ્ઞાન, આવડત ઈત્યાદિ પ્રાપ્ત કરવા માટે ગોચર ગ્રહફળ શુભ જણાય છે. તા. ૩૧, ૧, ૨ નવે. નોકરીના જવાબદારીના કામકાજમાં સફળતા જણાય છે. નવી જવાબદારીઓ પણ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. નાણાંખર્ચ અધિક છતાંય નાણાં આવક જળવાઈ રહેશે. પ્રવાસથી કામકાજ આ સપ્તાહમાં સફળતાથી પૂર્ણ થાય. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ પૂર્ણ થઈ શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરીમાં અધિક પુરુષાર્થ છતાંય હસ્તગત કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૯, ૩૦, ૨ નવે.ના રોજ નોકરીમાં અપેક્ષિત તકો પ્રાપ્ત થશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વ્યવહારુંદક્ષતા દાખવી મહિલાઓ પરિવારના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ લાવી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં મિત્રો દ્વારા મૂંઝવણોમાં માર્ગદર્શન પ્રાપ્ત થશે. શૈક્ષણિક પ્રવાસો સફળ નીવડશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં રોકાણ થતાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરીમાં તા. ૨૮, ૧, ૨નવે.ના નિર્ણયોમાં સફળ રહેશો. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. સપ્તાહમાં કારોબાર, વેપારમાં પ્રગતિ જળવાશે. સરકારી, કોર્ટ-કચેરીના કામકાજ સંપન્ન થશે. વાહન-મિલકતનો નિર્ણય લઈ શકશો. વ્યક્તિગત મહત્તા માન-મરતબો જળવાઈ રહેવાથી મહિલાઓને કાર્યક્ષેત્રે, નોકરીક્ષેત્રે ઉત્સાહનો અનુભવ થશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ જળવાઈ રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના જૂનાં રોકાણમાંથી નાણાં મેળવશો. વેપાર પણ સફળતાથી સંપન્ન થશે. તા. ૨૯, ૩૦, ૩૧ના નિર્ણયોમાં સફળ રહેશો. કાર્યક્ષેત્રે મિત્રો, વેપારીઓ સાથેના નાણાં વ્યવહાર પણ જળવાઈ રહેશે. વ્યાપારની પ્રવૃત્તિઓ વૈવિધ્યતા, સુધારા, પરિવર્તનો લાવવા માટેનો સફળ પ્રારંભ જણાય છે. મહિલાઓને સહોદરોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ અને ઈત્તર પ્રવૃત્તિઓ સફળ બની રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ, નવા રોકાણ સફળ બની રહેશે. નોકરી માટે તા. ૨૮, ૩૧, ૧લી શુભ જણાય છે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય જણાય છે. ભાગીદારના સંબંધો સફળ બની રહેશે. અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનાવી શકશો. સપ્તાહમાં મોટું પેમેન્ટ પણ પૂર્ણ કરી શકશો. મહિલાઓ કિંમતી ચીજોની ખરીદી પૂર્ણ કરવામાં સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં નિયમિતતા અને સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને બ્રોકરેજના કામકાજમાં પણ સફળતા જણાશે. નોકરીમાં તા. ૨૭, ૨૮, ૨ સફળતા દર્શાવે છે. નવી નોકરીનો પ્રારંભ આ સપ્તાહમાં જણાય છે તથા કામકાજના અપેક્ષિત સકારાત્મક નિર્ણયો લઈ શકશો. કાર્યક્ષેત્રે અથાક પરિશ્રમના શુભ પરિણામો પણ અનુભવી શકશો. કાર્યક્ષેત્રના મિત્રો, ભાગીદારનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયની તકો, સાહિત્ય, સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના લાંબા સમયના રોકાણના નિર્ણયનો અમલ કરી શકશો. તા. ૨૮, ૨૯, ૩૦ના નોકરીના કામકાજ યશસ્વી બની રહેશે. કારોબારમાં આત્મવિશ્વાસ અને સાહસપૂર્વક નિર્ણયો લઈ શકશો. પરિવર્તનો લાવવા માટે સફળ રહેશો. મિલકત વાહનના નિર્ણય સફળ બનશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વેપારના મિત્રોથી આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપાર, દૈનિક સાપ્તાહિક વેપાર માટે ગોચરગ્રહફળ શુભ જણાય છે. નોકરીમાં પ્રગતિ જળવાશે. નવા કારોબારનો પ્રારંભ કરશો. મદદનીશ નોકરનો સહયોગ મેળવશો. વેપારની પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ લક્ષ્ય દાખવી શકશો તથા હસ્તગત કાર્યો પૂર્ણ કરી શકશો. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટેની અનુકૂળતા જણાશે. નોકરીમાં અગ્રેસર રહી પ્રગતિ જાળવી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. રોકાણકારોને વેપાર માટે અનુકૂળ તકો ગોચરફળ દર્શાવે છે. નોકરીમાં વ્યક્તિગત મૂંઝવણો દૂર થશે. કારોબારની નાણા આવક જળવાશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય છે. અર્થવ્યવસ્થા અનુકૂળ રહેશે. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. મહિલાઓને પરિવારની જવાબદારીઓમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓએ વાંચન અભ્યાસમાં સજાગ રહેવું જરૂરી જણાય છે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આર્થિક જરૂરિયાતોમાં સફળતા મેળવશો. નવીન કાર્યપદ્ધતિ પણ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૩૦, ૨જી સફળ બની રહેશે. ભાગીદારીના સંબંધો વધુ સક્ષમ પુરવાર થશે. કારોબારના ઉપયોગી વ્યક્તિઓ પણ સફળતા માટે નિમિત્ત બનશે. નવા કામકાજના પ્રારંભ માટે પણ સફળ તકો મેળવશો. મહિલાઓને સંતાનની જવાબદારી પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થશે.

## આજનું પંચાંગ

### (સૌર હેમંતઋતુ પ્રારંભ), રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૨૪

ભારતીય દિનાંક ૫, માહે કાર્તિક, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૧૧
જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૧૧
પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
નક્ષત્ર મઘા બપોરે ક. ૧૨-૨૩ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
ચંદ્ર સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૪. સ્ટા. ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : સવારે ક. ૦૮-૫૨, રાત્રે ક. ૨૧-૪૨
ઓટઃ બપોરે ક. ૧૫-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૧ (તા. ૨૮)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - એકાદશી. એકાદશી વૃદ્ધિ તિથિ છે.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, ભગવાન, સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી માતાનું પૂજન, શ્રી ગણેશ પૂજા, વડનું પૂજન, પિતૃ પૂજન, કેતુ ગ્રહ દેવતાનું પૂજન, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, બી વાવવું, ખેતીવાડી, માલ વેચવા.
આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ કુટુંબમાં જવાબદારી સંભાળવી પડે, ચંદ્ર-શનિ પ્રતિયુતિ ભીરું સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ.
ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૭-૧૦-૨૦૨૪ થી તા. ૨-૧૧-૨૦૨૪

રવિવાર, આશ્વિન વદ-૧૧, વિ. સં. ૨૦૮૦, તા. ૨૭મી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર મઘા બપોરે ક. ૧૨-૨૩ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. એકાદશી વૃદ્ધિ તિથિ છે. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, આશ્વિન વદ-૧૧, તા. ૨૮મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫-૨૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૨-૧૦ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. રમા એકાદશી (કેળા) ગોવત્સ દ્વાદશી, વાક્‌બારસ. સારસ્વતો, વિદ્વાનો, કવિ, લેખકો, કલાકારોના સન્માનનો મહિમા. ગૌ પૂજનનો મહિમા. શુભ દિવસ.

મંગળવાર, આશ્વિન વદ-૧૨, તા. ૨૯મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૮-૩૩ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ધનતેરસ, ધન્વંતરિ જયંતી, યમદીપ દાન, ગુરુ દ્વાદશી. ભૌમ પ્રદોષ, બુધ વૃશ્ચિકમાં ક. ૨૦-૩૯. પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી ચંત્ર - લક્ષ્મીચંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે. મુહૂર્ત સમય આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (ચલ) (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (લાભ) (૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૮ (અમૃત) (૪) બપોરે ક. ૧૫-૧૪ થી સાંજે ક. ૧૬-૪૦ (શુભ) (૫) રાત્રે ક. ૧૯-૪૦ થી ક. ૨૧-૧૪ (લાભ) (૬) રાત્રે ક. ૨૨-૪૮ થી મધ્યરાત્રે ક.૦૦-૨૨ (શુભ) (૭) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૨ થી ક.૦૧-૫૬ (તા.૩૦) (અમૃત) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ થી ક. ૦૩-૨૦ (તા.૩૦) (ચલ) ધનતેરસ પર્વના સ્થિર લગ્નોઃ (૧) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૧૦-૧૬ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૪-૧૨ થી ક. ૧૫-૪૯ (કુંભ) (૩) સાંજે ક. ૧૯-૦૭ થી રાત્રે ક. ૨૧-૦૭ (વૃષભ) (૪) ક. ૦૧-૩૬ થી ક. ૦૩-૪૪ (તા. ૩૦) (સિંહ) (૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૬) સમયે પવિત્ર ગોરજ સમયમાં.

બુધવાર, આશ્વિન વદ-૧૩ તા. ૩૦મી, નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૧-૪૨ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, ઉલકા દર્શન, વિષ્ટિક. ૧૩-૧૫થી ૨૬-૩૪. કાળી ચૌદશ, દીપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. કાળી ચૌદશની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. પર્વ શ્રેષ્ઠ દિન.

ગુરુવાર, આશ્વિન વદ-૧૪, તા. ૩૧મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રે ક. ૨૪-૪૪ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૧૧-૧૫ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. નરક ચતુર્દશી, અભ્યંગ સ્નાન, ચંદ્રોદય સવારે ક. ૦૫-૨૮. યમતર્પણ, મહુડીમાં કાળીચૌદશનો હવન. પર્વ શ્રેષ્ઠ દિન.દિવાળી મહાપર્વ, મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાલી, શ્રી શારદા (ચોપડા) પૂજન, મહાવીર નિર્વાણ દિન. લક્ષ્મી વ ઈન્દ્ર પૂજા. કંપનીના, વ્યક્તિગત હિસાબનાં ચોપડા તથા ઉપયોગી વાંચનના પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટર, સ્ટેશનરીનું, સુવર્ણ આદિ ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં,પ્રદોષકાળ અને નિષીધકાળ વ્યાપિની અમાસ હોવાથી બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્તવિધિથી ચોપડાપૂજન કરવું. ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૬-૪૦ થી ક. ૦૮-૦૫ (શુભ) (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (ચલ) (૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૭ (લાભ) (૪) બપોરે ક. ૧૩-૪૭ થી ક. ૧૫-૧૩ (અમૃત) (૫) સાંજે ક. ૧૬-૩૮ થી ક. ૧૮-૦૪ (શુભ) (૬) સાંજે ક. ૧૮-૦૪ થી ક. ૧૯-૩૯ (અમૃત) (૭) રાત્રે ક. ૧૯-૩૯ થી ક. ૨૧-૧૪ (ચલ) (૮) ક. ૦૦-૨૨ થી ક. ૦૧-૫૭ (તા.૧) (લાભ) (૯) ક. ૦૩-૩૧ થી ક. ૦૫-૦૫ (તા.૧) (શુભ) (૯) ક. ૦૫-૦૫ થી ક. ૦૬-૪૦ (તા.૧) (અમૃત) (૧૦) પ્રદોષકાળ સાંજે ક. ૧૮-૦૫થી રાત્રે ક. ૨૦.૩૬ (૧૧) નિશિથકાળ રાત્રે ક. ૨૩-૫૭ થી મધ્યરાત્રે ક. ૨૪-૪૭ દિવાળી પર્વના સ્થિર લગ્નો, સ્થિર નવમાંશ (૧) સવારે ક. ૦૭-૫૪ થી ક.૧૦-૦૯ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૪-૦૪ થી ક. ૧૫-૪૨ (કુંભ) (૩) સાંજે ક. ૧૮-૫૯ થી રાત્રે ક. ૨૦-૫૯ (વૃષભ) (૪)મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૮ થી ક. ૦૩-૩૬ (તા. ૧) (સિંહ) (૫) વૃષભ લગ્ન, કુંભ નવમાંશ ક.૧૯-૧૧ થી ક.૧૯-૨૩ (૬) વૃષભ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૧૯-૫૦ થી ક. ૨૦-૦૩ (૭)વૃષભ લગ્ન સિંહ નવમાંશ ક. ૨૦-૩૧ થી ક. ૨૦-૪૪ (૮)સિંહ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૧-૪૨ થી ક. ૦૧-૫૬ (તા. ૧લી) (૯)સિંહ લગ્ન,સિંહ નવમાંશ ક. ૦૨-૨૫ થી ક. ૦૨-૩૯ (તા. ૧લી) (૧૦) સિંહ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૩-૦૭ થી ક. ૦૩-૨૧ (૧૧) વૃશ્ચિક લગ્ન,સિંહ નવમાંશ ક. ૦૮-૦૮ થી ક. ૦૮-૨૩ (૧૨)વૃશ્ચિક લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૮-૫૩થી ક.૦૯-૦૮ (૧૩)વૃશ્ચિક લગ્ન, કુંભ નવમાંશ ક. ૦૯-૩૮ થી ક. ૦૯-૫૨ (૧૪) કુંભ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૧૪-૧૫ થી ક. ૧૪-૨૬ (૧૫) કુંભ લગ્ન, કુંભ નવમાંશ ક. ૧૪-૪૭ થી ક. ૧૪-૫૭ (૧૬) કુંભ લગ્ન, વૃષભ નવમાંશ ક.૧૫-૨૦ થી ક. ૧૫-૩૦. પર્વ શ્રેષ્ઠ દિન.

શુક્રવાર, આશ્વિન વદ-૩૦, તા. ૧લી નવેમ્બર, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૦ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. દીપાવલી પર્વ, અભ્યંગ સ્નાન, દર્શઅમાસ, લક્ષ્મી કુબેર પૂજન, અન્વાધાન, કેદાર ગૌરી વ્રત (દ.ભા.),હરિયાણા પંજાબ દિન પર્વ શ્રેષ્ઠ દિન.

શનિવાર, કાર્તિક સુદ-૧, તા. ૨જી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૭ સુધી (તા. ૩જી), પછી અનુરાધા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૩-૨૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર.નૂતન વર્ષાભિનંદન, વિક્રમ સંવત ૨૦૮૧ નૂતન વર્ષ 'અનલ' નામ સંવત્સર પ્રારંભ,મહાવીર જૈન સંવત્સર ૨૫૫૧ પ્રારંભ અભ્યંગ સ્નાન, ઈષ્ટિ,દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ, બલિપ્રતિપદા, બલિ પૂજન,ગોક્રિડા, ગોવર્ધન પૂજા, અન્નકૂટ, વિંછુડો પ્રારંભ ક. ૨૩-૨૨. કુલાચાર પ્રમાણે મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો. મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૮-૦૬ થી ક. ૦૯-૩૧ (શુભ) (૨) સવારે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૭ (ચલ) (૩) બપોરે ક. ૧૩-૪૭ થી ક.૧૫-૧૩ (લાભ) (૪) બપોરે ક. ૧૫-૧૩ થી ક. ૧૬-૩૮ (અમૃત), (૫) સાંજે ક. ૧૮-૦૪થી ૧૯-૩૯ (લાભ) પર્વ શ્રેષ્ઠ દિન.

# માતાને કોર્ટમાં ઘસડી જવી શું એ 'ઘર ઘર કી કહાની છે'?: કૉંગ્રેસનાં નેતા શર્મિલાનો ભાઈ જગન પર પ્રહાર

અમરાવતીઃ બહેન શર્મિલા સાથેનો વિવાદ 'ઘર ઘર કી કહાની છે' એ પ્રકારના વાયએસઆર કૉંગ્રેસના વડા જગન મોહન રેડ્ડીએ કરેલા નિવેદનને મામલે ભાઈ જગન પર પ્રહાર કરતાં આંધ્ર પ્રદેશ કૉંગ્રેસનાં નેતા શર્મિલાએ કહ્યું હતું કે શું માતાને કોર્ટમાં ઘસડી જવી એ નિવેદનને આ કહેવત ન્યાયી ઠેરવે છે?

પત્રકાર પરિષદને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે સરસ્વતી પાવર ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના શેર મારાં નામ પર ટ્રાન્સફર કરવાનું જગને વચન આપ્યું હતું, પરંતુ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિરુદ્ધના કેસમાં ઈડીએ એ શેરને ક્યાંય ટાંક્યા ન હોવાને કારણે એ શેર અગાઉ જ અન્યના નામ પર ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા હોઈ શકે.

વર્ષ ૨૦૧૯માં બંને ભાઈ-બહેને સહી કરેલા એમઓયુ મુજબ બહેન પરત્વેના પ્રેમને કારણે જગને તેની વિરુદ્ધના અનિર્ણિત પડેલા કેસના ચુકાદાને ધ્યાનમાં રાખીને પોતાના તેમ જ પત્નીના સરસ્વતી પાવર ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના શેર મારાં નામે ટ્રાન્સફર કરવાનું વચન આપ્યું હતું. જોકે, જગને એમઓયુ રદ કરવાની માગણી સાથે સપ્ટેમ્બરમાં નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (એનસીએલટી)નો સંપર્ક સાધ્યો હતો અને મારા તેમ જ મારી પત્ની ભારતીના શેર શર્મિલાએ ગેરકાયદે રીતે પોતાનાં તેમ જ માતા વિજયાનાં નામ પર ટ્રાન્સફર કરાવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

જગનનું કહેવું છે ઘરે ઘરે આમ થતું હોય છે એમ આ પણ 'ઘર ઘર કી કહાની' છે.

અશ્રુભરી આંખે શર્મિલાએ સવાલ કર્યા હતા કે શું છે ઘર ઘર કી કહાની? માતાને કોર્ટમાં ઘસડી જવી એ શું ઘર ઘર કી કહાની છે? શું આવું દરેક ઘરમાં થાય છે? શું તારામાં માનવતા કે લાગણી જેવું કશું જ નથી?

શર્મિલાએ કહ્યું હતું કે એમઓયુ છેલ્લાં પાંચ વર્ષથી મારી પાસે હોવા છતાં પિતા રાજશેખર રેડ્ડીના પરિવારની પ્રતિષ્ઠા ન ઝંખવાય એટલે મેં કોર્ટમાં કે મીડિયામાં જવાનો પ્રયાસ પણ નહોતો કર્યો.

બદલામાં જગને મારી તેમ જ મારાં બાળકો સાથે અન્યાય કર્યો છે એમ જણાવતાં તેણે કહ્યું હતું કે ભગવાન અને લોકો આ જાણે છે.

શર્મિલાએ શુક્રવારે લખેલા ખુલ્લા પત્રમાં જણાવ્યું હતું કે રાજશેખર રેડ્ડી જીવતા હતા ત્યારે તેમણે એકત્ર કરેલી સંપત્તિ સંપૂર્ણ પરિવારની છે અને જગન તેના માત્ર ગાર્ડિયન છે. મારા પિતાની ઈચ્છા આ તમામ સંપત્તિ મારાં અને જગનનાં સંતાનો વચ્ચે સમાન રીતે વહેંચી દેવાની હતી. (એજન્સી) ■

## વાયવ્ય પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં આઠનાં મોત

પેશાવર : શનિવારે પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનવાલા પ્રાંતમાં પોલીસને લક્ષ્ય બનાવતા આત્મઘાતી હુમલામાં કાયદાના છ રખવાલો સહિત ઓછામાં ઓછા આઠ જણ મરણ પામ્યા હતા.

અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા આદિવાસીના ઉત્તર વઝિરિસ્તાન જિલ્લાના મિર અલી તાલુકાની અસલમ ચેક પોસ્ટ પર ધડાકો કરાયો હતો, એવી માહિતી સૂત્રો એ આપી હતી.

થ્રી-વ્હિલર પર સવાર થઈને બૉમ્બરે ચેકપોસ્ટ અને સુરક્ષા દળોના વાહનોને નિશાન બનાવ્યા હતા. આમાં ચાર પોલીસ, બે જવાન અને બે નાગરિકો મરણ પામ્યા હતા. સ્ફોટમાં અનેક જણ ઘાયલ થયા હતા અને તેમને મિરન શાહ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જાનહાનિનો આંકડો વધી શકે.

અફઘાનિસ્તાનમાં ૨૦૨૧માં તાલિબાનનું શાસન આવ્યું ત્યારથી પાકિસ્તાનમાં આતંકવાદ વકર્યો છે. મોટા ભાગની આતંકવાદી ઘટનાઓ પડોશી દેશની સરહદને અડીને આવેલા પખ્તુનવાલા અને બલુચીસ્તાનમાં બની છે.

સુરક્ષા દળોએ આ મહિને ઉત્તર વઝિરિસ્તાનમાં કરેલા આતંકવાદવિરોધી ઓપરેશનમાં બાર આતંકવાદીઓને ઠાર કરાયા હતા.

આખા ૨૦૨૩ના વર્ષમાં આતંકવાદી ઘટનાઓની જાનહાનિને પણ આ વર્ષના ત્રણ ત્રિમાસિકની જાનહાનિએ વટાવી દીધી છે. (એજન્સી) ■

### બે મ્યુઝિક કૉન્સર્ટની ટિકિટના કાળાબજાર

## મુંબઈ સહિત પાંચ શહેરમાં ૧૩ સ્થળે ઈડીના દરોડા

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ બે મ્યુઝિક કૉન્સર્ટની ટિકિટના કાળાબજાર અને બનાવટી ટિકિટો વેચવાના કહેવાતા કૌભાંડના સંબંધમાં પાંચ શહેર - મુંબઈ, દિલ્હી, જયપુર, બેંગલૂરુ અને ચંડીગઢમાં કુલ ૧૩ સ્થળે દરોડા પાડ્યા હતા.

બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડપ્લે અને અભિનેતા - ગાયક દિલજિત દોસાંઝના મ્યુઝિક કૉન્સર્ટની ટિકિટના વેચાણમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ છે.કાળાં નાણાં ધોળાં કરવા વિરોધી પ્રવૃત્તિને લગતા ધારાની વિવિધ જોગવાઇ હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ કેસ નોંધીને દરોડા પાડ્યા હતા.

'દિલ-લુમિનાતી' સંગીતજલસો ૨૬ - ૨૭ ઑક્ટોબરે રાષ્ટ્રીય રાજધાનીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે યોજાવાનો છે, જ્યારે કોલ્ડપ્લે ઇવેન્ટ 'મ્યુઝિક ઑફ ધ સ્પિયર્સ વર્લ્ડ ટૂર' નવી દિલ્હીમાં ૨૦૨૫ના જાન્યુઆરીમાં યોજાવાની છે.

ઓનલાઇન બુકિંગ પોર્ટલ બુકમાયશો સહિત અનેક સામે આ પ્રકરણમાં પોલીસે ઘણાં પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધ્યા છે. તેમાં બનાવટી ટિકિટોના વેચાણ, વધુ ભાવે ટિકિટના કાળાબજાર કરવાના વગેરે આરોપનો સમાવેશ થાય છે.

બુકમાયશો અને ઝોમેટો જેવા સત્તાવાર ટિકિટિંગ પાર્ટનરે સંગીતના શોની બધી ટિકિટો બુક થઇ ગઇ હોવાની જાહેરાત બાદ આ ટિકિટોના કાળાબજાર શરૂ થયા હતા અને કેટલીક જગ્યાએ બનાવટી ટિકિટો પણ વેચાઇ હતી. (એજન્સી) ■

## ચક્રવાત દાનાઃ પશ્ચિમ બંગાળમાં મૃત્યુઆંક વધીને ચાર થયો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં ચક્રવાત દાનાને કારણે વધુ બે લોકોનાં મોત થતાં મૃત્યુઆંક ચાર થવા પામ્યો છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર્વ બર્ધમાન જિલ્લાના બુડ બુડ ખાતે ઇલેક્ટ્રિક વાયરને સ્પર્શ કરવાથી એક નાગરિક સ્વયંસેવક ચંદન દાસ(૩૧)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે તે પોલીસ ટીમ સાથે બહાર ગયા હતા. હાવડા મ્યુનિસિપલ કોર્પોરેશનનો એક કર્મચારી તાંતીપારામાં પાણી ભરાયેલા રસ્તા પરથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેનું મોત ડૂબી જવાથી થયું હોવાની આશંકા અધિકારીઓએ વ્યક્ત કરી હતી.રાજ્યમાં શુક્રવારે વીજ કરંટ લાગવાથી બે લોકોનાં મોત થયાં હતાં. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના પાથરપ્રતિમામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જ્યારે દક્ષિણ કોલકાતાના ભવાનીપુર વિસ્તારમાં એક અન્ય વ્યક્તિનું મોત થયું હતું. નોંધનીય છે કે ભયંકર ચક્રવાતી વાવાઝોડાએ શુક્રવારે વહેલી સવારે પૂર્વ કિનારે લેન્ડફોલ કર્યું હતું. જેના કારણે મુશળધાર વરસાદ અને તીવ્ર પવન ફૂંકાયો હતો. જેથી વૃક્ષો અને વીજળીના થાંભલાઓ ઉખડી ગયા હતા. ■

પહેલા પાનાનું ચાલુ

### સતત ૧૮ શ્રેણી-વિજય

૧થી) અને ઑસ્ટ્રેલિયાએ (૨૦૦૪માં ૨-૧થી) ટેસ્ટ-સિરીઝની ટ્રોફી મેળવી હતી.

૨૦૧૩થી ૨૦૨૪ સુધીમાં ઘરઆંગણે સતત ૧૮ ટેસ્ટ-શ્રેણીમાં ભારતે જે લાગલગાટ જીત મેળવી હતી એ ટેસ્ટના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ છે. એમાં ભારતે ઑસ્ટ્રેલિયાનો ૧૯૯૪-૨૦૦૧ દરમ્યાનનો સતત ૧૦ શ્રેણી-વિજયનો રેકૉર્ડ તોડ્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડે વર્તમાન સિરીઝની ટ્રોફી ૨-૦ની સરસાઈ સાથે કબજામાં કરી લીધી છે. ભારતે બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટ ૪૬ રનના પ્રથમ દાવના ધબડકા બાદ છેવટે આઠ વિકેટે ગુમાવી હતી. અહીં પુણેમાં ભારતની ૧૧૩ રનથી હાર થઈ છે.

પ્રથમ દાવમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમ વૉશિંગ્ટન સુંદરની સાત અને આર. અશ્વિનની ત્રણ વિકેટને લીધે ૨૫૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. જોકે કિવી સ્પિનર મિચલ સૅન્ટનરની સાત અને બીજા સ્પિનર ગ્લેન ફિલિપ્સની બે તેમ જ પેસ બોલર ટિમ સાઉધીની એક વિકેટને કારણે ભારતની ઇનિંગ્સ ફક્ત ૧૫૬ રનમાં સમેટાઈ ગઈ હતી.

શુક્રવારના બીજા દિવસે ૧૪ વિકેટ પડી હતી અને ન્યૂ ઝીલૅન્ડનો બીજો દાવ રમતને અંતે પાંચ વિકેટે ૧૯૮ રન હતો. શનિવારના ત્રીજા દિવસે કુલ ૧૫ વિકેટ પડી. વૉશિંગ્ટન સુંદર (૫૬ રનમાં ચાર વિકેટ)ના બીજા દાવના પણ તરખાટ ઉપરાંત રવીન્દ્ર જાડેજા (૭૨ રનમાં ત્રણ વિકેટ) અને આર. અશ્વિન (૯૭ રનમાં બે વિકેટ)ના અસરદાર પર્ફોર્મન્સને લીધે ન્યૂ ઝીલૅન્ડે બાકીની પાંચ વિકેટ ગુમાવી અને એનો બીજો દાવ ૨૫૫ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો અને ભારતને ૩૫૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

બીજા દાવમાં રોહિત શર્મા (આઠ રન)એ ફરી સસ્તામાં વિકેટ ગુમાવી હતી, પરંતુ યશસ્વી જયસ્વાલ (૭૭ રન, ૬૫ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) આક્રમક ઇનિંગ્સ રમ્યો, પરંતુ અપેક્ષા જેટલું આગળ ન વધી શક્યો અને મિચલ સૅન્ટનરના બૉલમાં ડેરિલ મિચલના હાથમાં કૅચઆઉટ થઈ ગયો હતો. ત્યાર પછી બધા સ્ટાર-બૅટર્સ ફ્લૉપ ગયા અને વૉશિંગ્ટન સુંદર (૪૭ બૉલમાં ૨૧ રન) તથા અશ્વિન (૩૪ બૉલમાં ૧૮ રન) ઉપરાંત ખાસ કરીને રવીન્દ્ર જાડેજા (૪૨ રન, ૮૪ બૉલ, ૯૯ મિનિટ, બે ફોર)એ કિવી બોલર્સને જોરદાર લડત આપી હતી, પણ ૬૧મી ઓવરમાં જાડેજા ૧૦મી વિકેટના રૂપમાં આઉટ થતાં ભારતે હાર સ્વીકારી લેવી પડી હતી.

લેફ્ટ-આર્મ સ્પિનર મિચલ સૅન્ટનરે પ્રથમ દાવની સાત વિકેટ બાદ બીજા દાવમાં છ વિકેટ લીધી હતી. બે વિકેટ બીજા લેફ્ટ-આર્મ સ્પિનર ઍજાઝ પટેલે અને એક વિકેટ ઑફ-સ્પિનર ગ્લેન ફિલિપ્સે લીધી હતી.

સૅન્ટનરને આખી મૅચમાં કુલ ૧૩ વિકેટ લેવા બદલ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

### દિવાળીને ટાણે જ

વિગતો પ્રમાણે શનિવારે બપોરે રાજકોટ શહેરની જાણીતી ૧૦ હોટલોને એક સાથે બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા જેમાં હૉટલ ઈમ્પિરિયલ, સયાજી, ધ સેન્ટોસા, ભાભા, એલીમેન્સ, જયોતિ, બીકોન, પેરામાઉન્ટ ઈન, ગ્રાન્ટ રિજન્સી અને સિઝન્સ હોટલને ધમકીભર્યા ઈ-મેલ મળતા હૉટલ સંચાલકોએ તાત્કાલિક પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાંચ, એસઓજી, સ્થાનિક પોલીસ, બૉમ્બ ડિસ્પોઝલ અને ક્યુઆરટીની ટીમો ધમકીભર્યા ઈ-મેલ મળનાર તમામ હૉટલોએ પહોંચી ગઈ હતી અને હૉટલોના ગ્રાઉન્ડ લેવલથી લઈ ટેરેસ સુધી સઘન ચેકિંગ કર્યુ હતું. પરંતુ કોઈ અઘટિત વસ્તુ ન મળતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. સાયબર ક્રાઈમે હૉટેલોને મળેલા ઈ-મેલ આઈડીની તપાસ શરૂ કરી હતી.

એસીપી ભરત બસીયાએ જણાવ્યું હતું કે જે ઈ-મેઈલ આઈડી પરથી મેઈલ આવ્યો છે તે ધમકીભર્યો મેઈલ મોકલનાર શખસ સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે. હૉટલોને KAN DIN નામના આઇડી પરથી મેઇલ મળ્યા હતા જેમાં તમારી હોટલમાં બૉમ્બ છે. ફટાફટ ખાલી કરો તેવો મેસેજ લખવામાં આવ્યો હતો. તાત્કાલિક જ હૉટલોમાં ઊતરેલ પ્રવાસીઓને બહાર કાઢ્યા હતા. પોલીસે હૉટલનો આસપાસનો વિસ્તાર કોર્ડન કરી આજુબાજુના રસ્તાઓ પણ બંધ કરી દીધા હતા. ■

### આદિવાસીઓની

જિલ્લામાં ભીલાઇ ખાતેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (આઇઆઇટી)ના ત્રીજા અને ચોથા દીક્ષાંત સમારંભને સંબોધતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આઇઆઇટી આદિવાસી સમુદાયની સમસ્યા ઉકેલવા ટૅક્નોલૉજીનો ઉપયોગ કરી રહી છે. છત્તીસગઢમાં આદિવાસીઓની સંસ્કૃતિ અને પરંપરા હજી જીવંત છે. આદિવાસીઓ કુદરતને વધુ સારી રીતે સમજીને સદીઓથી તેના સાનિધ્યમાં રહે છે અને કુદરતી સંપત્તિ તેમ જ પર્યાવરણની જાળવણી અંગે સારું જ્ઞાન ધરાવે છે.

દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું હતું કે ભીલાઇ ખાતેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી (આઇઆઇટી) કૃષિ ટૅક્નૉલૉજી, આરોગ્ય ક્ષેત્રની ટૅક્નૉલૉજી અને આર્થિક ક્ષેત્રની ટૅક્નૉલૉજીનો ઉપયોગ જનકલ્યાણાર્થે કરી રહી છે. ભીલાઇની આઇઆઇટીએ રાયપુરની એઆઇઆઇએમએસની સાથે સહકાર સાધીને ગ્રામીણ વિસ્તારોમાં લોકોને તબીબી સારવાર પૂરી પાડે છે.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં આશરે છ લાખ ખેડૂત 'ક્રોપ ડૉક્ટર' નામની મોબાઇલ એપ્લિકેશન વાપરે છે. ભીલાઇ ખાતેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (આઇઆઇટી) દેશની સલામતી અને સુરક્ષા ક્ષેત્રના અનેક પ્રોજેક્ટ પણ હાથ ધરી રહી છે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે દેશમાં આજે ૨૩ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (આઇઆઇટી) છે. કેન્દ્ર સરકારે દેશભરમાં આઇઆઇટી શરૂ કરાવી છે. (એજન્સી) ■

### ગુલમર્ગમાં સેના પર

રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે.

જોકે એ નિશાન ચૂકી ગયો હતો અને રૉકેટ વાહનની પાસે પડ્યું હતું જેમાં કોઈને નુકસાન નહોતું થયું.

પ્રાથમિક તપાસના અહેવાલ મુજબ એલઓસી પાસે બોટા પથરીમાં હુમલો કરનારાઓ તાજેતરમાં જ ઘૂસણખોરી કરનાર આતંકવાદી સમૂહના નહોતા.

આ ચાર આતંકવાદીઓનો સમૂહ હતો અને આ વર્ષના આરંભમાં તેમણે ભારતમાં ઘૂસણખોરી કરી હોવાનું અનુમાન છે.

સમૂહનો એક આતંકવાદી સ્થાનિક છે અને બાકીના ત્રણ વિદેશી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આતંકવાદીઓને શોધી કાઢવા સેના દ્વારા ડ્રોન અને હૅલિકૉપ્ટરનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

### જમીન પર રેડાયેલા

બનાવી રહ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં નિર્દોષ લોકોનાં રેડાયેલા લોહીનાં એક એક ટીપાંનો બદલો લેવા અમે પ્રતિબદ્ધ છીએ અને આ પરિસ્થિતિમાં દેશની સુરક્ષા દળની પ્રથમ હરોળ સજાગ રહેશે, એમ તેમણે કહ્યું હતું.

સરકાર અને સુરક્ષા દળનું લક્ષ્ય જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદનો સંપૂર્ણપણે સફાયો કરવાનું અને એવું વાતાવરણ નિર્માણ કરવાનો છે જ્યાં નાગરિકો પોતાનાં સપનાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ પૂરી કરી શકે.

આ લક્ષ્યને પ્રાપ્ત કરવા બીએસએફ પૂરી ક્ષમતા સાથે સાતત્યપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે લોકોને એ ભરોસો આપવા માગીએ છીએ કે આતંકવાદ અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા લોકો વિરુદ્ધ કડક અને અસરકારક પગલાં લેવામાં આવશે. ■

બીએસએફ, સેના, સ્થાનિક પોલીસ અને અન્ય એજન્સીઓના સહકારથી આ લક્ષ્યને પાર પાડવામાં આવશે અને એ જ અમારી પ્રાથમિકતા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### દાના ચક્રવાતને લીધે

એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે વાવાઝોડુ દાનાને લીધે ૧,૭૫,૦૦૦ એકર (૬૯, ૯૯૫ હેકટર) જેટલો પાકવિસ્તાર પ્રભાવિત થયો છે, જ્યારે ૨,૮૦,૦૦૦ એકર (૧,૧૨,૩૧૦ હેકટર) પાકવિસ્તાર પાણીમાં ડૂબી ગયો છે. અમે જિલ્લા કલેકટરની દેખરેખ હેઠળ અને મહેસૂલી ખાતાના અધિકારીઓની હાજરીમાં પાકના નુકસાન (૩૩ ટકાથી વધારે અને ઉપર)નો અંદાજ કાઢવા જણાવ્યું છે.

મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝીએ શુક્રવારે રાત્રે સમીક્ષા બેઠકમાં કહ્યું હતું કે કૃષિ ક્ષેત્રને થયેલું નુકસાનની જાણકારી વિગતવાર અહેવાલ મળ્યા બાદ થશે. ત્યાર બાદ ખેડૂતોને કેટલું વળતર આપવું એ નક્કી કરાશે.

તેમણે કહ્યું હતું કે લગભગ આઠ લાખ લોકોને વાવાઝોડા દરમિયાન આશ્રયસ્થાનમાં રાખવામાં આવ્યા હતા. હવે હવામાન સુધરતાં તેમને ઘરે જવાની રજા આપવામાં આવી છે.

દરમિયાન ૨૨.૪૨ લાખ ઘરોમાં વીજળી જતી રહી હતી. આમાંથી શુક્રવાર સાંજ સુધી ૧૪.૮ લાખ ઘરોમાં વીજળી આવી ગઈ છે. (એજન્સી) ■

### અમેરિકામાં ગેરકાયદે

પ્રવેશતા લોકોએ કાયદાને અનુરૂપ પરિણામો અને સજા ભોગવવા તૈયાર રહેવું પડશે. જૂન ૨૦૨૪માં અમલી બનેલા નવા ઈમિગ્રેશન કાયદાને કારણે અમેરિકાની વાયવ્ય સરહદેથી થતી ગેરકાયદે ઘૂસણખોરીના પ્રમાણમાં પંચાવન ટકાનો ઘટાડો નોંધાયો છે.

છેલ્લાં એક વર્ષ દરમિયાન અમેરિકાએ ભારત અને ચીન સહિત વિશ્વના અનેક દેશના અમેરિકામાં ગેરકાયદે વસતા નાગરિકોને સ્વદેશ પાછા મોકલી આપ્યા છે. (એજન્સી) ■

### ઈઝરાયલનો ઈરાન

તહેરાન પર હુમલો થયો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. અગાઉ, ઇરાને પોતાના પરના હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોતાની હવાઇસીમા શનિવારથી જ ઉડ્ડયન માટે બંધ કરી હતી.ઇઝરાયલના સંરક્ષણ વિભાગે તહેરાનમાંના હુમલા નિર્ધારિત લક્ષ્ય પર કરાયા હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી) ■

## ગુજરાત એટીએસે દરિયાઈ સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા એક શખસને પોરબંદરથી ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીનો તહેવારની ઉજવણી શરૂ થઈ ગઈ છે. ત્યારે રાજ્યમાં સુરક્ષાને લઈને પોલીસ સક્રિય થઈ ગઈ છે. ગુજરાત એટીએસ દ્વારા પોરબંદરમાં શનિવારે કોસ્ટગાર્ડ સહિત દરિયાઇ સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા એક વ્યક્તિની ધરપકડ હતી. એટીએસ દ્વારા પકડાયેલા આ જાસૂસની સઘન પૂછપરછ શરૂ કરાઈ હતી. જેમાં અનેક ખુલાસાઓ થવાની શક્યતાઓ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એટીએસએ પોરબંદરથી એક જાસૂસને પકડી પાડ્યો છે. પોરબંદરનો સ્થાનિક વ્યક્તિ કોસ્ટગાર્ડ સહિત દરિયાઇ સુરક્ષા એજન્સીની જાસૂસી કરતો હતો. આ જાસૂસ ગુપ્ત માહિતી કોને પહોંચાડતો હતો ભારતીય સુરક્ષા સાથે જોડાયેલી મહત્ત્વપૂર્ણ માહિતી પણ તેને કોને પહોંચાડી છે અને તેની સાથે કોણ કોણ સંડોવાયેલા છે તે અંગે જાસૂસની પૂછપરછ દરમિયાન મોટા ખુલાસા થવાની શક્યતાઓ છે.

ઉલ્લેખનીય છે કે, ગત મે ૨૦૨૪માં પોરબંદરથી એક પાકિસ્તાની જાસૂસ પકડાયો હતો. તેની પર ભરૂચ પાસેના ઝઘડિયા ખાતે આવેલી એક કંપનીમાં નોકરી કરીને તેમાંથી મિસાઈલ અને ડ્રોન સહિતની ડિઝાઈનો પાકિસ્તાન મોકલતો હોવાનો આરોપ હતો. તે દેશ અને રાજ્યોને લગતી સંવેદનશીલ માહિતીઓ પણ પાકિસ્તાનમાં મોકલતો હતો. ■

## વડોદરામાં ભારત અને સ્પેનના વડા પ્રધાનના કાર્યક્રમના સમગ્ર રૂટ પર ૯૦ સીસીટીવી કેમેરાથી ચાંપતી નજર રખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૨૮ ઑક્ટોબરે વડોદરા ખાતે ભારતના વડા પ્રધાન મોદી સ્પેનના વડ પ્રધાનની હાજરીમાં ટાટા એરબસના એસેમ્બ્લી યુનિટનું લોકાર્પણ કરશે. બંને દેશના વડા પ્રધાનોની સુરક્ષા માટે તેમના નિર્ધારિત કાર્યક્રમના રૂટ ઉપર બાજનજર રાખવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૯૦ સીસીટીવી કૅમેરા ફીટ કરવામાં આવ્યા છે.

બંને દેશોના વડા પ્રધાનના આ કાર્યક્રમને અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક સપ્તાહ પહેલા તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. વડોદરા મહાનગર પાલિકાના આઈટી વિભાગ દ્વારા કાર્યક્રમના સમગ્ર રૂટ ઉપર લગાવાયેલા કૅમેરા ચકાસવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી.

વડોદરા કોર્પોરેશનના આઈટી વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, લક્ષ્મીવિલાસ પેલેસથી લઈને ટાટા એરક્રાફ્ટ સુધીના માર્ગ સુધી ૯૦ સીસીટીવી કૅમેરા લગાવી દેવામાં આવ્યા છે અને આ તમામ કેમેરા કાર્યરત છે. આ કેમેરાનું મોનિટરિંગ કોર્પોરેશનના કંટ્રોલ સેન્ટર ઉપરથી કરવામાં આવશે. તે ઉપરાંત કાર્યક્રમના રૂટ અને શહેરની આસપાસના વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા પણ સીસીટીવી લગાડી દેવાયાં છે. જેથી હવે વડોદરા પાલિકાની સાથે પોલીસ તંત્ર પણ સીસીટીવી કૅમેરાથી કાર્યક્રમ પર ચાંપતી નજર રાખશે.

ભારત અને સ્પેનના વડા પ્રધાનની વડોદરા શહેરની મુલાકાતને પગલે વૈકલ્પિક રૂટ પણ જાહેર કરવામાં આવ્યા હતાં. વડોદરા શહેરમાં ૨૭ અને ૨૮ ઑક્ટોબરના રોજ જાહેર જનતાને અગવડ ન પડે તે માટે પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રતિબંધિત રસ્તાના વૈકલ્પિક રસ્તા તરીકે ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ કર્યો છે.

આ કાર્યક્રમ અનુસંધાને જાહેર જનતાને અગવડ ન થાય અને ટ્રાફિક સુચારુ રીતે ચાલે તે હેતુથી નો-પાર્કિંગ/ નો-એન્ટ્રી, વૈકલ્પિક વ્યવસ્થા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ■

## વડોદરા શહેરમાં ડોર ટુ ડોર કચરો લેવા જતી વાનના ૨૦૦ કર્મચારી હડતાળ પર ઊતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાં ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરી કરતા કર્મચારીઓએ પગાર સહિતના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા શનિવારે સવારથી કામગીરી બંધ કરી દીધી હતી. ડોર ટુ ડોર કચરાની ગાડીઓના ૨૦૦ કર્મચારીએ પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી હડતાળ ઉપર ઊતરી જતાં તંત્ર દોડતું થઈ ગયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હડતાળ પર ઊતરેલા કર્મચારીઓએ કહ્યું હતું કે, અમને યોગ્ય વેતન મળતું નથી. પગાર ઓછો મળી રહ્યો છે. કયા આધાર પર પગાર આપવામાં આવી રહ્યો છે તેની કોઈ માહિતી પૂછવા છતાં આપવામાં આવતી નથી. પગારમાંથી પીએફ, ઈએસઆઈ કપાત કેટલી છે તેની કોઈ જાણકારી અમને આપવામાં આવતી નથી. પગારની અનિયમિતતાને કારણે અમારે ગુજરાન કેવી રીતે ચલાવવું એ સૌથી મોટો સવાલ છે.

ડોર ટુ ડોરના કર્મચારીઓએ કહ્યું હતું કે, એક જ જગ્યાએ કામ કર્યાને ૧૦ વર્ષ થઇ ગયા છતાંય અમારી આવી હાલત છે. રજૂઆત કરીએ તો તમારી જગ્યાએ બીજાને રાખી લઈશું તેવી ધમકી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯થી અમને દિવાળી બોનસ મળતું નથી. આ પહેલા જે કોન્ટ્રાક્ટર હતા, તેઓ બોનસ આપતા હતા. આ કોન્ટ્રાક્ટર બોનસ તો ઠીક પગાર પણ સમયસર આપતા નથી. આ સમસ્યાનો ફેંસલો નહીં આવે ત્યાં સુધી અમે આ હડતાળ ચાલુ રાખીશું. ■

## સોમવારે વાઘબારસે પણ સ્ટેચ્યૂ ઑફ યુનિટીના તમામ પ્રકલ્પો પ્રવાસીઓ માટે ખુલ્લા રાખવા નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર વિશ્વમાં પ્રવાસન માટે પસંદગીનું સ્થળ બન્યુ છે.દિવાળીની રજાઓમાં પ્રવાસીઓની માંગણીને ધ્યાનમાં રાખીને ૨૮ ઓક્ટોબર સોમવારે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો ખુલ્લા રાખવાનો તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને અન્ય પ્રવાસન પ્રકલ્પો દર સોમવારે મરામત કાર્ય માટે બંધ રાખવામાં આવે છે. સોમવારના દિવસે આવતા તહેવારોમાં પ્રવાસીઓની માગને ધ્યાનમાં રાખીને અગાઉ પણ આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ નિર્ણયને કારણે પ્રવાસીઓને શનિવાર, રવિવાર, સોમવારના મીની વેકેશનનો લાભ મળે છે જેથી હવે આગામી સોમવારે વાઘબારસનો તહેવાર હોવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી ડેવલપમેન્ટ અને ટૂરિઝમ ગવર્નન્સ ઑથોરિટીના ચેરમેન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

પ્રવાસીઓની લાગણી અને માગણીને ધ્યાને લઈને વાઘબારસના દિવસે તમામ પ્રકલ્પો ખુલ્લા રાખવા વ્યાપક હિતમાં નિર્ણય લેવાયો છે, જેથી પ્રવાસીઓને મીની વેકેશનનો લાભ મળી શકે. બુધવારે રજા રાખવામાં આવી હોવાથી પ્રવાસીઓને પોતાના પ્રવાસનું આયોજન ન કરવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. ■

## ગુજરાતમાં નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન પર ભરવા પડતા પ્રીમિયમમાંથી મુક્તિ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શનિવારે રાજ્યના આઠ શહેર તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રીમિયમમાં રાહત આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો.

ડી-૧ કેટેગરીમાં આવતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા), સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) ડી-૨ કેટેગરીમાં જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા), જામનગર શહેરી વિકાસ સત્તામંડળ (જાડા) અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળ (ભાડા)ના વિસ્તારો ઉપરાંત ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રીમિયમ વસૂલ કરવામાં આવશે.

આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરો અને ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રીમિયમ ભરવું પડતું હતું તેમાથી મુક્તિ મળશે અને માત્ર તેમની પાસે રહેનારા ૪૦ ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રીમિયમ ભરવાનું રહેશે.

આ નિર્ણયથી નોન ટી.પી. વિસ્તારમાં ૪૦ ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસૂલી પ્રીમિયમની રકમમાંથી મુક્તિ મળવાના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિંમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના પરિવારોને મળશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળોમાં જ્યાં ટી.પી. લાગુ થઈ નથી તેવા નોન ટી.પી. વિસ્તારમાં હવે પછીથી સંબંધિત સત્તામંડળ પાસેથી વેલિડેશન સર્ટિફિકેટ મેળવ્યા બાદ બાકી રહેતી ૬૦ ટકા જમીન ઉપર ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીનું પ્રીમિયમ વસૂલ કરવાના દિશા નિર્દેશો પણ આપ્યા હતાં. ■

## અમદાવાદની હવામાં પ્રદૂષણ વધ્યુંઃ એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૨૧૮ સુધી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં દિવાળીના તહેવારની શરૂઆત થતાં જ અમદાવાદની હવા પ્રદૂષિત બની છે. શહેરમાં એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૨૧૮ સુધી પહોંચતા લોકોના સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થઈ રહ્યો છે. ફટાકડાને કારણે શહેરમાં હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે.

શહેરમાં એર ક્વૉલિટી ઈન્ડેક્સની વાત કરીએ તો, શનિવારે ગ્યાસપુરમાં ૨૨૨, ચાંદખેડામાં ૨૮૧ અને સરદાર પટેલ સ્ટેડિયમમાં ૨૦૯ સુધી રાયખડ અને રખિયાલમાં ૨૬૯. બોપલમાં ૨૫૯ અને એરપોર્ટ પર ૧૯૦ નોંધાયો હતો. તે ઉપરાંત ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે પણ હવાનું પ્રદૂષણ વધતાં ૧૯૬ એર ક્વૉલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો.

શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય માટે આ પ્રદૂષણ ખતરનાક થઈ શકે છે. શહેરમાં આવેલા ઉદ્યોગના કારણે પણ વર્ષ દરમિયાન શહેરનું વાતાવરણ ખૂબ જ પ્રદૂષિત બન્યું છે. ઘણીવાર તો શ્વાસ લેવાનું જોખમી બની જાય છે. સામાન્ય રીતે અચઈ ૫૦ની આસપાસ રહેતો હોય છે, જે સ્વાસ્થ્ય માટે સારી સ્થિતિ માનવામાં આવે છે. ૩૦૦થી વધુ અચઈ વાળી હવા ખૂબ જ જોખમી છે અને ઘણી ગંભીર બીમારીઓ થવાની શક્યતાઓ વધી જાય છે. ■

## ગુજરાતમાં ૩૧ માર્ચની સ્થિતિએ ૨૮ જેલમાં ૧૪ હજાર કેદીઓની ક્ષમતા સામે ૧૬ હજારથી વધુ કેદીઓ હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગરવાલે જેલમાં લાંબા સમયથી બંધ રહેલા કેદીઓને વિવિધ પ્રકારની કાનૂની સેવાઓના ધોરણને સુધારવા માટે એસઓપીનું એક પુસ્તક તૈયાર કર્યું છે જેને કારાગૃહ સુધારણાaનામ આપવામાં આવ્યું છે. આ પુસ્તકનું સંપાદન અને પ્રકાશન [illegible] ના કાર્યકારી અધ્યક્ષ અને હાઈ કોર્ટના ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. તેનું વિમોચન સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી.આર. ગવઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગુજરાતની જેલોમાં વધતી કેદીઓની સંખ્યા, કેદીઓમાં ગુણવત્તાયુક્ત કાનૂની સહાય અંગેની અણજાણતા, કેદીઓના પરિવારજનોને સામનો કરવી પડતી સામાજિક અને આર્થિક સમસ્યાઓ, તેમ જ મહિલાઓના ખાસ મુદ્દાઓને આ એસઓપીમાં ચિહ્નિત કરવામાં આવ્યા છે.

આ એસઓપીમાં કેદીઓના માનસિક આરોગ્યમાં સુધારા લાવવા અને તેમના સમગ્ર કલ્યાણ માટે કરવામાં આવેલા પ્રયોગોની વિગતો પણ છે.

૩૧ માર્ચ, ૨૦૨૪ની દૃષ્ટિએ અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ૨૮૪૬ કેદીઓની ક્ષમતા સામે ૩,૬૬૪ કેદી હતા. વડોદરાની સેન્ટ્રલ જેલમાં ૧૧૬૫ કેદીઓની ક્ષમતા સામે ૧૬૫૨ કેદીઓ હતા. સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં ૨૯૬૭ કેદીઓની ક્ષમતા સામે ૨૮૦૦ કેદી હતા. રાજકોટ સેન્ટ્રલ જેલમાં ૧,૨૩૨ કેદીઓની ક્ષમતા સામે ૨૧૪૨ કેદીઓ હતા. રાજ્યની કુલ ૨૮ જેલમાં ૧૪,૦૬૫ કેદીઓની ક્ષમતા સામે ૧૬,૭૩૭ કેદીઓ હતા. આમ જેલોની ક્ષમતા કરતા કેદીઓની સંખ્યા વધુ હતી.

૧ ઑક્ટોબર ૨૦૨૧ થી ૩૧ મે ૨૦૨૪ સુધીમાં રાજ્યની કોર્ટોમાં જરૂરિયાતમંદ ૪૯,૧૫૬ લોકોને વકીલ ફાળવવામાં આવ્યા હતા, જ્યારે ૫૦૭૫૨ લોકોનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. જ્યારે ગુજરાત હાઇ કોર્ટમાં ઉપરોક્ત સમયગાળા દરમિયાન ૪,૪૪૭ લોકોને વકીલો ફાળવવામાં આવ્યા હતા અને ૨,૭૨૨ લોકોનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. ■

## અમદાવાદમાં કુખ્યાત ધમા બારડ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ૨૬ જેટલા ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત ધમા બારડ વિરુદ્ધ પોલીસે શુક્રવારે મોડીરાત્રે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરીને તેને સેન્ટ્રલ જેલમાં ધકેલ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં ગત ૬ સપ્ટેમ્બરે ગાડીની ડીપર મારવા બાબતે તેણે ઝઘડો કર્યો હતો અને સાગરિતો સાથે મળીને શહેરના કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પુત્રનું અપહરણ કર્યું હતું. ત્યાર બાદ તે પોલીસની પકડથી દૂર રહેવા માટે નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની પાસે આવેલી હૉટલમાં સંતાઈને બેઠો હતો. પોલીસે તેને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતાં અને બાતમીને આધારે તેને હૉટેલમાંથી દબોચીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ પોલીસે તેની બરાબરની ખાતીરદારી કરી હતી. ત્યારબાદ પોલીસે તેના વિરુદ્ધ ગુજસીટોક દાખલ કરવા માટે રાજ્ય સરકારની મંજૂરી માગી હતી.

ધમા બારડની દાદાગીરીથી સ્થાનિકોમાં દહેશત દિવસને દિવસે વધી રહી હતી. પોલીસ પણ તેના ત્રાસથી કંટાળી ગઈ હતી. ધમા બારડ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવા માટે કૃષ્ણનગર પીઆઇ અભિષેક ધવને ડીસીપીને પત્ર લખ્યો હતો અને બાદમાં ડીસીપીએ પોલીસ કમિશનર પાસે મંજૂરી માગી હતી. પોલીસ કમિશનરે રાજ્ય સરકારની મંજુરી લીધા બાદ અંતે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી તેને સેન્ટ્રલ જેલમાં ધકેલ્યો હતો. ■

## સુરતમાં આરટીઓના ઈ-ઓક્શનમાં કાર માલિકે ₹ ૧૧.૯૫ લાખની બોલી લગાવી 0001 નંબર મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં આરટીઓ દ્વારા યોજવામાં આવેલા આરઝેડ કારની સિરીઝના નંબરના ઇ ઓક્શનમાં એક કાર માલિકે ૧૧ લાખ ૯૫ હજાર રૂપિયાની બોલી લગાવીને ૦૦૦૧ નંબર મેળવ્યો હતો. આ સિવાય અલગ અલગ ગોલ્ડન અને સિલ્વર નંબર માટે સુરતીઓએ બોલી લગાવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત આરટીઓ દ્વારા મોટર કારના આરઝેડ સિરીઝના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓક્શન યોજવામાં આવ્યું હતું, જેમાં ૧૨થી ૧૫ ઑક્ટોબર સુધી વાહન માલિકો દ્વારા આ ઓક્શનમાં ભાગ લેવા માટે પોતાના મનપસંદ નંબર માટે અરજી કરી હતી, જેમાં આરઝેડ સિરીઝમાં ૦૦૦૧ નંબર મેળવવા માટે સુરતના એક વાહન માલિકે ૧૧,૯૫,૦૦૦ રૂપિયાની બોલી લગાવીને આ નંબર મેળવ્યો હતો.

આ ઉપરાંત આરઝેડ ૧૧૧૧ નંબર માટે ૨ લાખ ૨૨ હજાર, આરઝેડ ૩૫૩૫ નંબર માટે ૯૮ હજાર, આરઝેડ ૧૦૧૦ નંબર માટે ૭૧ હજાર, આરઝેડ ૪૦૦૦ નંબર માટે ૬૨ હજાર, આરઝેડ ૦૦૨૩ નંબર માટે ૫૧ હજાર રૂપિયાની બોલી બોલાઈ હતી. ■

## સુરતમાં હિન્દુ નેતાને વૉટ્સઍપ કોલ કરી મારી નાખવાની ધમકી આપનાર રાજસ્થાનથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં સનાતન સંઘના પ્રમુખ ઉપદેશ રાણાને મારી નાખવાની ધમકી મુદ્દે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ કરીને રાજસ્થાનના સીકર જિલ્લામાંથી પ્રકાશચંદ્ર નામની વ્યક્તિની ધરપકડ કરી હતી. ફરિયાદી ઉપદેશ રાણાને ધમકી આપવા માટેના અન્ય એક કેસમાં પણ અગાઉ ક્રાઈમ બ્રાંચ દ્વારા એક મૌલવીની ધરપકડ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં ગત સપ્ટેમ્બર મહિનામાં સનાતન સંઘના ઉપપ્રમુખ ઉપદેશ રાણાને આરોપીએ વૉટ્સઍપ કોલ કરીને મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીએ વૉટ્સઍપ કોલ કરીને કહ્યું હતું કે, ઉપદેશ રાણા ગાડી કે નીચે બમ લગા કર તેરી હત્યા કરેંગે. આ પ્રકારની ધમકીની ફરિયાદ પોલીસને મળ્યા બાદ પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને તપાસ શરૂ કરી હતી અને આખરે રાજસ્થાનના સીકર જિલ્લામાંથી આરોપી પ્રકાશચંદ્ર બાજીયા નામની વ્યક્તિની ધરપકડ કરી હતી. આરોપીએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, કોઈ અજાણ્યા વ્યક્તિએ તેના મોબાઈલથી વૉટ્સઍપ કોલ કર્યો હતો. પોલીસે તેનો મોબાઈલ જપ્ત કરીને તેને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

આ મામલે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, ઉપદેશ રાણા નામની વ્યક્તિને ૨૯ સપ્ટેમ્બરે કોઈ વૉટ્સઍપ કોલથી ધમકી આપી હતી. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ ઇન્ફોર્મેશનના આધારે પોલીસને જાણવા મળ્યું હતું કે, ફોન આવ્યો હતો તે સ્થળ રાજસ્થાનનું સીકર છે. પોલીસ રાજસ્થાન પહોંચી અને ત્યાં તપાસ કરતાં આ મોબાઈલ ધારક પ્રકાશચંદ્રની ધરપકડ કરાઈ હતી. પોલીસને હવે જરૂર લાગશે તો ફરી સીકર જઈ આ અંગે તપાસ કરાશે. ■

## ગુજરાતમાં યોજાયેલી સ્પેશિયલ અદાલતમાં ચેક બાઉન્સના ૬૭૭૦ અને દાંપત્ય જીવનના ૧૦૯૬ કેસોનો નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તેમજ ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલના નિર્દેશો હેઠળ ૫ વર્ષ કરતા જૂની ચેક બાઉન્સને લગતી ફરિયાદો તેમજ છૂટાછેડા સિવાયની દાંપત્ય જીવનને લગતી તકરારો સંદર્ભના જૂના કેસોના સમાધાન માટે શનિવારે સ્પેશિયલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પેશિયલ લોક અદાલતમાં ગુજરાત હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના નિર્દેશ અનુસાર કોનસીલીએશન બેન્ચ બનાવવામાં આવી હતી. જેમાં એક ન્યાયિક અધિકારી અને તાલીમ પામેલા મધ્યસ્થીનો સમાવેશ થયો હતો. આ સ્પેશિયલ લોક અદાલતમાં આશરે ૫૦ હજાર કરતાં વધુ કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતાં. જે પૈકી ચેક બાઉન્સની કુલ ૬૭૭૦ ફરિયાદ અને દાંપત્ય જીવનની તકરારોમાં ૧૦૯૬ કેસોનો સમાધાનથી નિકાલ થયો હતો.

છેલ્લા ૩ વર્ષમાં લોક અદાલત વૈકલ્પિક તકરાર નિવારણના એક માધ્યમ તરીકે ગુજરાતમાં પ્રસ્થાપિત થયેલી છે. છેલ્લા એક વર્ષમાં અદાલતમાં પેન્ડિંગ ૧૦ લાખ કરતાં વધુ કેસોનો લોક અદાલતથી નિવેડો આવેલો છે. આ ઉપરાંત સમયાંતરે સમાધાન પાત્ર સિવિલ કેસોની લોક અદાલત યોજાતી રહે છે. ■

## સુરત મ્યુનિસિપલ કમિશનરે ફરિયાદો વધતાં કેટલાક અધિકારીઓને નવા ચાર્જ સોંપ્યા

( અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળી પૂર્વે જ સુરત મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાલિકાના મહત્ત્વના પ્રોજેક્ટનું કામ સંભાળનાર કેતન દેસાઈ વિરુદ્ધ કરવામાં આવેલ કાર્યવાહીને પગલે મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ રીતસરનો ફફડાટ વ્યાપી ગયો છે.

મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા કેતન દેસાઈ પાસેથી હવે મહત્વપૂર્ણ તમામ પ્રોજેક્ટ્સ આંચકી લઈ તેમની સેન્ટ્રલ સ્ટોર ખાતે બદલી કરવામાં આવી હતી.

શહેરમાં સિટી સ્ક્વેર અને પાલિકાની નિર્માણાધીન ભવનની જવાબદાર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિલેશ પટેલને સોંપાવામાં આવી છે. આ સિવાય હાઈડ્રોલિક વિભાગના મિનેશ પટેલ, અઠવા ઝોનના કાર્યપાલક ઈજનેર મિતા ગાંધી સહિતના અધિકારીઓને કેતન દેસાઈ પાસેથી આંચકી લેવામાં આવેલા પ્રોજેક્ટ્સનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાના અંદાજે રૂ.સાત હજાર કરોડના પ્રોજેક્ટ સંભાળી રહેલા કેતન દેસાઈ વિરુદ્ધ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આકરી કાર્યવાહીના ભાગરૂપે હવે તેમને મહાનગરપાલિકાના સેન્ટ્રલ સ્ટોરમાં બદલી કરવાનો નિર્ણય લેવાયો છે અને તેમની પાસેથી આંચકી લેવામાં આવેલા તમામ પ્રોજેક્ટ્સનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપવામાં આવ્યો છે. ■

## બનાસકાંઠામાં સરકારી સ્કૂલના આચાર્યએ નકલી શિક્ષણ નિયામક બની શિક્ષકને બદલીનો ઓર્ડર આપી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નકલી અધિકારી નકલી કચેરી અને નકલી કોર્ટ સહિતનો પર્દાફાશ થયો છે. હવે બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક સ્કૂલના એક આચાર્યએ શિક્ષણ વિભાગના નકલી નિયામક બનીને એક શિક્ષિકાને બદલીનો ઓર્ડર આપી દીધો હતો. આ ઘટનાનો પર્દાફાશ થતાં તાત્કાલિક અસરથી આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની મજાદર પ્રાથમિક શાળાના આચાર્યએ ગાંધીનગર શિક્ષણ નિયામકનો નકલી પત્ર બનાવી એક શિક્ષકને બદલીનો ઓર્ડર આપી દીધો હતો. ઓર્ડર આપ્યા બાદ આ શિક્ષકને બદલીનું સ્થળ નહીં મળતા શિક્ષણ અધિકારીની કચેરીએ પૂછપરછ કરવા ગયા હતાં.

ત્યારે નકલી શિક્ષણ નિયામકનો પર્દાફાશ થયો હતો. શિક્ષણ વિભાગને શિક્ષક પાસે રહેલો ઓર્ડર નકલી હોવાની જાણ થતાં જ તાત્કાલિક અસરથી મજાદર પ્રાથમિક શાળાના આચાર્ય બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કરીને થરાદ પોલીસ મથકે તેની સામે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી હતી.

થરાદ તાલુકાના ડુવા ગામના પ્રાથમિક શાળાના શિક્ષિકા મીનાબેન પટેલ અમદાવાદમાં રહેતા હતા. તેમનો પુત્ર બીમાર હોવાથી તેમની બદલી અમદાવાદ કરવાની હતી. શિક્ષિકાના પતિની મુલાકાત બ્રિજેશ પરમાર સાથે થઈ હતી. ત્યારબાદ બ્રિજેશ પરમારે શિક્ષિકાના ડોક્યુમેન્ટ ૨૦૨૩માં મગાવ્યા હતા, જે બાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં બ્રિજેશ પરમાર દ્વારા શિક્ષિકાને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં બદલીનો ઓર્ડર આપી દેવાયો હતો.

શિક્ષિકાની બદલી નહીં થતા તેમના પતિ દ્વારા સપ્ટેમ્બરમાં શિક્ષણ અધિકારી કચેરીનો સંપર્ક કરાયો હતો, જ્યાં તેઓને જાણવા મળ્યું હતું કે, આ બ્રિજેશ પરમાર નિયામક નથી, પરંતુ વડગામ તાલુકાની મજાદર પ્રાથમિક શાળાનો એક્સ ટાટ આચાર્ય છે, જે બાદ આ સમગ્ર નકલી પ્રકરણનો ભાંડો ફૂટ્યો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નાટ્ય દર્પણ

## પત્ની નચાવે એને કોણ બચાવે

લીલા આર્ટસ - ગૌતમ જોષી - આસિફ પટેલ - જીતેન્દ્ર જોષી નિર્મિત, ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત, ઈમ્તિયાઝ પટેલ લિખિત, કિરણ ભટ્ટ દિગ્દર્શિત, કેતકી દવે-દિલીપ દરબાર અભિનીત હાસ્યનું વાવાઝોડું. કલાકારો: હિતેષ ઉપાધ્યાય, હાર્દિક જોષી, હિના વેલાણી છે. આ રવિવાર, તા. ૨૭ ઑક્ટોબર સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.



## મિસ્ટર ઍન્ડ મિસિસ દિવાન

તેજસ ગોહિલ પ્રસ્તુત, અમી કિર્તીભાઈ અજમેરા નિર્મિત, સંજય દેવચંદ ઝા લિખિત, જયદીપ શાહ દિગ્દર્શિત, દિલ દિમાગને રિફ્રેશ કરતું એક ફ્રેશ કૉમેડી નાટક. કલાકારો: હરિકૃષ્ણ દવે, સાંચી પેસવાની, પુજા દમણિયા, સ્પંદન કુમાર, પુનીત મોદી, અક્ષત ગઢવી, ખુશ્બુ ભાનુશાળી, જીગ્નેશ સોની, રમેશ પરદેશી અને શરદ શર્મા છે. આ રવિવાર, તા. ૨૭ ઑક્ટોબર બપોરે ૩.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

## હેવ અ નાઈસ ડે

વિવિધ આર્ટસ પ્રસ્તુત, નિર્માતા: જયેશ પટેલ, યુનુસ પટેલ. સહનિર્માતા: અમન ખાન, સેજલ પટેલ, ચારૂલ દેસાઈ. લેખક: વિલોપન દેસાઈ. દિગ્દર્શક: પંકજ પાઠકજી રોમાન્સ, રમત અને રોમાંચનું રોચક રહસ્ય. કલાકારો: અલીરઝા નામદાર, ગાયત્રી રાવલ, પાર્થ રાવલ છે. આ રવિવાર, તા. ૨૭ ઑક્ટોબર સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

# ફડણવીસે અનેકને ફસાવવા શું ઓફર કરેલી?

## અનિલ દેશમુખે ફરી વિવાદ છેડયો

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ અને રાજ્યના વર્તમાન નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી આરોપ - પ્રતિ આરોપનો ખેલ ચાલી રહ્યો છે. અનિલ દેશમુખ જ્યારે ગૃહ ખાતાના પ્રધાન હતા ત્યારે મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીરસિંહએ તેમના પર કરેલા આરોપો પછી દેશમુખ સામે કરવામાં આવેલી કાર્યવાહી અને દેવેન્દ્ર ફડણવીસ સામે થયેલા આરોપોને પગલે રાજ્યના રાજકારણમાં ઊથલપાથલ થઈ હતી. જોકે,અનિલ દેશમુખ ૧૪ મહિના જેલમાં હતા ત્યારે શું થયું? તેમની વિરુદ્ધ કાવતરું કેવી રીતે રચવામાં આવ્યું? દેશમુખે હવે આ અંગે ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

વિધાનસભા ચૂંટણી ટાણે અનિલ દેશમુખે તેમના પુસ્તક 'ડાયરી ઓફ હોમ મિનિસ્ટર'ના કેટલાક પૃષ્ઠ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યા છે. ટૂંક સમયમાં પ્રકાશિત થનારા પુસ્તકમાં અનિલ દેશમુખે અનેક ખુલાસા કર્યા છે. પુસ્તકનાં કેટલાંક મહત્ત્વનાં પાનાં શેર કરીને દેશમુખે દેવેન્દ્ર ફડણવીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. પુસ્તકમાં દેવેન્દ્ર ફડણવીસ, પાર્થ પવાર, આદિત્ય ઠાકરે, દિશા સાલિયાન કેસ સહિતનાં પ્રકરણોનો ઉલ્લેખ કરી કરવામાં આવેલા આક્ષેપોથી ફરી એકવાર રાજકારણ ગરમાય તેવી શક્યતા છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરેલી પોસ્ટમાં દેશમુખે જણાવ્યું છે કે 'બંધ બારણે કપટ કરી રાજકીય ચાલ ચાલવામાં આવી હતી. દેવેન્દ્ર ફડણવીસના દૂતે તેમને શું કહ્યું હતું? ફડણવીસ દ્વારા ખરેખર શું ઓફર કરવામાં આવી હતી? તેમની યોજના ખરેખર શું હતી? સરકાર ૨૪ કલાકમાં પડી જશે એવું શરદ પવાર શું કામ માનતા હતા?' જેવા વિવિધ સવાલ ઉઠાવી પુસ્તકમાં એના ખુલાસા કરવામાં આવ્યા છે.

દેશમુખની સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે 'અજિત પવારના પુત્ર પાર્થ પવારનું શું થવાનું હતું? ભાજપ તેમને કેવી રીતે ફસાવવા માગતો હતો? દિવંગત બાળાસાહેબ ઠાકરેના પૌત્ર અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ ઉદ્ધવજી ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે સામે શું કાવતરું ઘડવામાં આવ્યું હતું?' વગેરે બાબતો પર પ્રકાશ ફેંકી દેશમુખે જણાવ્યું છે કે 'હું આ પુસ્તકના નવમા પ્રકરણમાં કરવામાં આવેલા ખુલાસાઓ તમારી સાથે શેર કરી રહ્યો છું.'

# બદલાપુર એન્કાઉન્ટરઃ સંબંધિતોને નિવેદન નોંધાવવાનું સમિતિએ કહ્યું

થાણે: બદલાપુરની શાળામાં બે બાળકી સાથે કથિત કુકર્મ કરવાના કેસના આરોપી અક્ષય શિંદેના એન્કાઉન્ટર પ્રકરણની તપાસ કરનારી સમિતિએ આ ઘટના સંબંધિત લોકોને તેમનાં નિવેદન નોંધાવવાનું કહ્યું હતું. આ પ્રકરણની તપાસ કરી રહેલી જસ્ટિસ દિલીપ ભોસલે સમિતિએ નિવેદન નોંધાવવા સંબંધી નોટિફિકેશન જારી કર્યું હતું.

બદલાપુરની શાળામાં ઑગસ્ટ મહિનામાં બે બાળકી સાથે સફાઈ કર્મચારી અક્ષય શિંદેએ કથિત કુકર્મ કર્યું હતું. આ પ્રકરણે એફઆઈઆર નોંધી પોલીસે અક્ષય શિંદેની ધરપકડ કરી હતી. ભૂતપૂર્વ પત્નીએ કરેલી ફરિયાદની તપાસ અર્થે અદાલતી કસ્ટડીમાં રહેલા શિંદેને ૨૩ સપ્ટેમ્બરે ક્રાઈમ બ્રાન્ચે તળોજા જેલમાંથી તાબામાં લીધો હતો. જોકે માર્ગમાં પોલીસ વૅનમાં મુંબ્રા નજીક એન્કાઉન્ટરમાં તેને ઠાર કરવામાં આવ્યો હતો.

એન્કાઉન્ટર પ્રકરણની તપાસ માટે રાજ્ય સરકારે અલાહાબાદ હાઈ કોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ દિલીપ ભોસલેની એક સદસ્યની તપાસ સમિતિ નીમી હતી. આ ઘટનામાં કોઈ વ્યક્તિગત કે વ્યક્તિઓનું જૂથ અથવા સંસ્થા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે જવાબદાર છે કે કેમ તેની પણ તપાસ સમિતિ કરશે. પરિસ્થિતિને સંભાળવા પોલીસ દ્વારા લેવામાં આવેલાં પગલાં યોગ્ય હતાં કે નહીં તેની પણ ચકાસણી સમિતિ કરશે. સમિતિ ઘટનાનાં બધાં પાસાં અને ઘટનાઓનું બારીકાઈથી પરીક્ષણ કરશે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ટાળવા માટે પોલીસ દ્વારા લેવાનારાં પગલાં સૂચવશે.

# પાલિકા કમિશનરની ઑફિસમાં હંગામો મચાવનારા વિરુદ્ધ ગુનો

થાણે: કલ્યાણ-ડોમ્બિવલી મહાપાલિકાના કમિશનરની ઑફિસમાં ઘૂસીને કથિત હંગામો મચાવનારા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ ૨૪ ઑક્ટોબરની સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટના પ્રકરણે દિલીપ રોકડે વિરુદ્ધ બાજારપેઠ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોતે કરેલી ફરિયાદ પર શું પગલાં લેવામાં આવ્યાં તેની જાણકારી લેવા રોકડે કમિશનરની કૅબિનમાં ઘૂસ્યો હતો. કેબિનમાં હંગામો મચાવી રોકેડેએ પોતાની સાથે લાવેલા કાગળિયા ફેંક્યા હતા. આ પ્રકરણે પોલીસે શનિવારે મોડી સાંજ સુધી તેની ધરપકડ કરી નહોતી. (પીટીઆઈ)

# અપહરણકારોનો પીછો કરી પોલીસે યુવકને છોડાવ્યોઃ ચારની ધરપકડ

લાતુર: લાતુરની કૉલેજ નજીકથી અપહરણ કરાયેલા યુવકને પોલીસે અપહરણકારોનો પીછો કરી ૧૦ કલાકમાં છોડાવ્યો હતો. ધરપકડ કરાયેલા ચાર આરોપીએ જમીન વિવાદમાં યુવકનું અપહરણ કર્યું હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

ગાંધી ચોક પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શહેરની મંજરા આયુર્વેદિક કૉલેજ નજીકથી ૨૨ વર્ષના યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.

દરમિયાન અપહૃત અને આરોપીઓ વાહનમાં યેરમાળાથી બાર્શી તરફ જઈ રહ્યા હોવાની માહિતી પોલીસ ટીમને મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમ પણ એ માર્ગ પર પહોંચી હતી અને શંકાસ્પદ વાહનનો પીછો કર્યો હતો.

પોલીસે વાહનને આંતરી યુવકને છોડાવ્યો હતો અને નરસિંહ ઉર્ફે મુન્ના રાજકુમાર કાંબળે (૪૨), તુકારામ વામનરાવ સાળુંખે (૪૩), મંગેશ નાગનાથ વંજારે (૩૮) અને શંકર અંગદ કોયાલકર (૩૪)ની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ચાકુ અને એક ઍર પિસ્તોલ મળી આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં જમીન વિવાદને પગલે અપહરણ કરાયું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)

# નવી મુંબઈમાં સેક્સ રૅકેટઃ બાંગ્લાદેશી સહિત બે મહિલાની ધરપકડ

થાણે: તળોજામાં ચાલતા સેક્સ રૅકેટનો પર્દાફાશ કરી નવી મુંબઈ પોલીસે બાંગ્લાદેશી નાગરિક સહિત બે મહિલાની ધરપકડ કરી હતી. નવી મુંબઈ પોલીસની એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલના સિનિયર ઈન્સ્પેક્ટર પૃથ્વીરાજ ઘોરપડેએ જણાવ્યું હતું કે તળોજાના હાઉસિંગ કોમ્પ્લેક્સના એક ફ્લૅટમાંથી સેક્સ રૅકેટ ચલાવવામાં આવતું હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે કાર્યવાહી કરી એક બાંગ્લાદેશી યુવતીને છોડાવવામાં આવી હતી. પોલીસે પહેલાં બોગસ ગ્રાહકને મોકલાવી માહિતીની ખાતરી કરી હતી અને પછી ફ્લૅટ પર રેઈડ કરી હતી. સેક્સ રૅકેટ એક મહિલા હસીના મુશરફ ખાન (૩૦) ચલાવતી હોવાનું તપાસમાં જણાયું હતું. ગ્રાહકોને સાલિયા શફીક ખાન (૩૯)ને ઑનલાઈન નાણાં ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવતું હતું. પોલીસે બન્ને મહિલાની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલી હસીના બાંગ્લાદેશની વતની છે, જ્યારે સાલિયા કોલકતાની છે. છોડાવાયેલી યુવતી બાંગ્લાદેશી હોઈ તેને ચેમ્બુરના મહિલા સુધાર ગૃહમાં મોકલી દેવાઈ હતી. આ પ્રકરણે આરોપીઓ વિરુદ્ધ તળોજા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

પાંચમાં પાનાનું ચાલુ

## અભી ફાઈનલ

જ ત્રણેય મુખ્ય પક્ષો માટે ૯૦-૯૦-૯૦ની ફોર્મ્યુલા રજૂ કરી હતી. થોરાતે કહ્યું હતું કે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મને બંને પક્ષો સાથે આપસી સમજૂતી સાધવાની જવાબદારી સોંપી હતી અને તેને પગલે અત્યાર સુધી કામ ચાલી રહ્યું છે. હવે મુંબઈની કેટલીક બેઠકો પર ચર્ચા ચાલી રહી છે.

થોરાતે એવી પણ માહિતી આપી હતી કે તેમણે અને ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પ્રચાર ઝુંબેશની બેઠકો અને ચૂંટણી ઢંઢેરા માટે ચર્ચા કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે મહાવિકાસ આઘાડીના એક ઘટકપક્ષ સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ એવી ચેતવણી ઉચ્ચારી હતી કે જો બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલામાં નાના પક્ષો સાથે સહમતી સાધવામાં નહીં આવે તો તેમની પાર્ટી ૨૦-૨૫ બેઠકો પર ઉમેદવાર ઊભા રાખશે. બીજી તરફ એનસીપી (એસપી)ના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલે કહ્યું હતું કે કોઈ ફોર્મ્યુલા તૈયાર થઈ નથી. ૯૦ કે ૮૫ પણ જે વિજયી થવાની ક્ષમતા ધરાવતા હોય તેમને ઉમેદવારી આપવામાં આવશે. અમારું લક્ષ્ય વિજયી થઈ શકે એવા ઉમેદવાર આપવાનું છે.

## ઉદ્ધવ સેનાના

ઉમેદવારી આપી છે. આ ત્રણેય બેઠકો પર શિવસેનાનો મુકાબલો ભાજપના ઉમેદવારો સામે થવાનો છે.

ઉદ્ધવ ઠાકરેના જૂથ શિવસેનાએ શનિવારે સવારે ૧૫ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી, ત્યારબાદ શનિવારે સાંજે જ ત્રીજી યાદીમાં ત્રણ ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા હતા.૧૫ ઉમેદવારની બીજી યાદીમાં જેમાં ધુળે શહેરમાંથી અનિલ ગોટેને ટિકિટ આપવામાં આવી છે. જલગાંવ શહેરમાંથી જયશ્રી સુનીલ મહાજન, બુલઢાણાથી જયશ્રી શેલકે, દિગ્રસથી પવન શ્યામલાલ જયસ્વાલ, હિંગોલીથી રૂપાલી રાજેશ પાટીલ અને પરતુરથી આસારામ બોરાડેને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

શિવસેના યુબીટીએ પોતાની પ્રથમ ઉમેદવાર યાદીમાં ૬૫ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. બીજી યાદીમાં ૧૫ વધુ ઉમેદવારો ઉભા કરીને, પાર્ટીએ કુલ ૮૦ બેઠકો માટે નામો ફાઇનલ કર્યા છે. બીજા ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી નાખવામાં આવી હોવાથી ફક્ત શિવસેના યુબીટીના ૮૩ ઉમેદવાર જાહેર થઈ ગયા છે. બેઠકોની વહેંચણીનો ફોર્મ્યુલા હજી ફાઈનલ નથી ત્યારે શિવસેના-યુબીટીએ ૮૩ બેઠકો પર ઉમેદવારો જાહેર કરીને બધાને ચોંકાવી દીધા છે.

## સીટ શેરિંગ

ઉમેદવાર વિજય થવાની શક્યતા હોય તેના વિશે વિચારવામાં આવશે. યોગ્ય ઉમેદવાર આપવાનો અમારો પ્રયાસ હશે', એમ ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે કહ્યું હતું. આ દરમિયાન કૉંગ્રેસી નેતા બાળાસાહેબ થોરાતને ૯૦-૯૦-૯૦ની ફોર્મ્યુલા અંગે પૂછતા તેમણે કહ્યું હતું કે એક-બે બેઠકો આમતેમ થઇ શકે છે.

## અનંત અંબાણી

દરમિયાન ન થતાં આ મુલાકાત રાત્રે બાર વાગ્યા બાદ થઈ ને તે પણ બંધબારણે દોઢેક કલાક માટે ચાલી હોવાથી રાજ્યમાં કોઈ રાજકીય ભૂકંપ આવવાનો છે કે શું તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

આ સાથે મુંબઈમાં જૈન સંતોને એક કે બે બેઠક પરથી ટિકિટ આપવામાં આવે તેવી માગણી ભાજપ પાસે કરવામાં આવી હતી. જો ભાજપ આ માગણી ન સ્વીકારે તો તેમણે પરિણામો સમયે નિરાશ થવાનો વારો આવે. ત્યારે બીજી બાજુ તો જૈન સમાજને પ્રાધાન્ય આપવામાં આવે તો અન્ય ગુજરાતી સમાજની નારાજગી વહોરવી પડે તેમ છે.

જોકે આ મુલાકાતો મામલે સત્તાવાર કોઈ માહિતી મળી નથી.

## કૉંગ્રેસની

દોષી ઠેરવ્યા આવતાં તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યાં હતાં. તેઓ સોનેર મતવિસ્તારમાંથી ચૂંટણી લડવાનાં છે. કોંગ્રેસે તેની જાહેર કરેલી પ્રથમ યાદીમાં પચીસ વિધાનસભ્યોને ઉમેદવારી માટેની ફરી તક આપી હતી. ૨૦૧૯માં જેનો પરાજય થયો હતો એ પક્ષના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ અધ્યક્ષ વસંત પુરકે પર વધુ એક વાર વિશ્વાસ રાખીને રાલેગાંવ (યવતમાળ)માંથી ફરી એક વાર ઉમેદવારી આપી છે, જ્યારે ૨૦૧૯માં હારી ગયેલા શિવાજીરાવ મોગેએ તેમના દીકરા જિતેન્દ્ર માટે અરની (યવતમાલ) બેઠક પરથી ઉમેદવારી અપાવીને તેનો માર્ગ મોકળો કર્યો છે. કંપતી (નાગપુર)થી ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેની સામે કોંગ્રેસે સુરેશ ભોઈરને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે વર્ધાથી ભૂતપૂર્વ સ્પીકર પ્રમોદ શેંડેના દીકરા શેખર શેંડેને મેદાનમાં ઉતાર્યા છે. શનિવારે કોંગ્રેસની બીજી યાદીની જાહેરાત થયા બાદ પક્ષના નેતા રમેશ ચેન્નીથલાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સીઈસીની મીટિંગમાં ચર્ચા થયા બાદ બીજી યાદી બહાર પાડવામાં આવી છે અને મહારાષ્ટ્રની બાકીની બેઠકોની ચર્ચા કરવા માટે કોંગ્રેસ સીઈસીની બેઠક થશે. (એજન્સી)

## શરદ પવાર

ભુજબળને હરાવ્યા હતા.

### બીજી યાદીના મહત્ત્વનાં નામ

| વિસ્તાર | ઉમેદવાર |
|---|---|
| શહાપુર | પાંડુરંગ બરોરા |
| ભૂમ-પરાંડા | રાહુલ મોટે |
| બીડ | સંદીપ ક્ષીરસાગર |
| ઉલ્હાસનગર | ઓમી કલાની |
| જુન્નર | સત્યશીલ શેરકર |

## વિધાનસભાની

લેવામાં આવ્યો છે અને શેકાપે ડૉ. બાબા સાહેબ દેશમુખની ઉમેદવારી જાહેર કરી છે. જો કે, ઉદ્ધવ ઠાકરેએ ખાસ ફોન કરીને ભૂતપૂર્વ વિધાનસભ્ય દીપક આબા સાળુંખે-પાટીલને ફોન કરીને માતોશ્રી પર બોલાવ્યા હતા અને તેમને અધિકૃત ઉમેદવાર જાહેર કરીને એબી ફોર્મ પણ આપ્યું હતું. શેકાપના પૂર્વ ધારાસભ્ય જયંત પાટીલે એવી ચેતવણી ઉચ્ચારી છે કે શેકાપને સાંગોલાની બેઠક નહીં મળી તો શેકાપ કોઈપણ બેઠક પર ચૂંટણી લડશે નહીં. આથી જ અહીં સાંગલી પેટર્ન લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે.

### દર્યાપૂર

૨૦૦૯માં ભાજપ અને ૨૦૧૪માં શિવસેનામાં રહેલા કેપ્ટન અભિજીત અડસુલ આ બેઠક પરથી વિજયી થયા હતા, પરંતુ ૨૦૧૯માં તેમને હરાવીને કોંગ્રેસના અત્યારના સાંસદ બળવંત વાનખેડેએ વિજય મેળવ્યો હતો. ૨૦૧૯માં કોંગ્રેસના વિજય માટે જવાબદાર ગુણવંત દેવપારે માટે કૉંગ્રેસ આ બેઠક માટે આગ્રહ રાખી રહ્યું છે અને તેથી આ બેઠક પર સાંગલી પેટર્ન જોવા મળે તેવી શક્યતા છે.

### દક્ષિણ નાગપુર

૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના મોહન મતે અને કોંગ્રેસના ગિરીશ પાંડવ વચ્ચે આ બેઠક પર લડત થઈ હતી. ૪૦૧૩ મતે પાંડવનો પરાજય થયો હતો. આ વખતે કોંગ્રેસે ફરી એકવાર પોતાનો દાવો માંડ્યો છે. જો કે, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના જિલ્લા પ્રમુખ પ્રમોદ માનમોડેએ અહીં પોતાનો દાવો માંડ્યો છે, બીજી તરફ કૉંગ્રેસ પણ નમતું જોખવા તૈયાર નથી. આને કારણે આ બેઠક પર પણ સાંગલી પેટર્ન જોવા મળી શકે છે.

### પંઢરપુર - મંગલવેઢા

કોંગ્રેસના પૂર્વ નેતા ભરત ભાલકેના પુત્ર ભગીરથ ભાલકેએ ઉમેદવારી માગી છે. ભાલકે ભૂતપૂર્વ કોંગ્રેસી હોવાથી કોંગ્રેસ તેમને ઉમેદવારી આપવા તૈયાર છે. શરદ પવારની પાર્ટીએ પણ આ બેઠક પર દાવો કર્યો છે. શરદ પવાર ભાજપના પ્રશાંત પરિચારકને ઉમેદવારી આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવું થાય તો ભાલકે અને કોંગ્રેસના આગેવાનો અપક્ષ લડવાની તૈયારી કરી રહ્યા છે. તેથી અહીં કોંગ્રેસ મૈત્રીપૂર્ણ લડાઈની સાંગલી પેટર્ન અપનાવે તેવી શક્યતા છે.

### શું છે સાંગલી પેટર્ન?

લોકસભાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેએ સાંગલી બેઠકના ઉમેદવાર તરીકે ચંદ્રહાર પાટીલની જાહેરાત કરી હતી, જેનો કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ થયો હતો. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસંતદાદા પાટીલના પૌત્ર વિશાલ પાટીલે બળવો કર્યો હતો અને તેને પ્રદેશ પ્રમુખ નાના પટોલે સહિત રાજ્યના તમામ નેતાઓએ જોરદાર સમર્થન આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે વિશાલ પાટીલ કોઈપણ સંજોગોમાં પીછેહઠ કરશે નહીં. જે બાદ પાટીલની ભારે સરસાઈથી જીત થઈ હતી. અત્યારે વિવાદમાં રહેલી પાંચેય બેઠકો પર આ જ પેટર્નનો અમલ કરવાનો પ્રયાસ કૉંગ્રેસ તરફથી કરવામાં આવી રહ્યો છે એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**વૈષ્ણવ વાણિયા**

બોટાદ રહેવાસી હાલ મલાડ મંજુલા નગીનદાસ શાહ (ઉં. વ. ૭૧) તે શનિવાર ૨૬/૧૦/૨૪ના અવસાન પામેલ છે. તે નગીનદાસ શાહ અને ગોદાવરીબેનના પુત્રી. ઉર્મિલાબેન તથા શૈલાબેનના મોટાબેન. પંકજ ગાંધીના સાળી. ઉમંગના માસી. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે). પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરતી વિશા લાડ વણિક**

રાહુલ નાણાવટી (ઉં. વ. ૬૪) તે સ્વ. રશ્મિબેન અને રમેશ નાણાવટીના પુત્ર. જયનાબેનના પતિ. કાનન મિતુલ ગાંધી અને કોશાલીના પિતા. મિતુલ ગાંધી અને નિખીલ લઢ્ઢાના સસરા. બિંદીબેન, ભાવનાબેન કૃષ્ણરાજ ઉદેશી અને બાલેશભાઈના ભાઈ. અશ્રુમતીબેન અને સ્વ. વિપીનભાઈ શાહના જમાઈ. શનિવાર ૨૬-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર ૨૭-૧૦-૨૪ના એમસીએફ બેંકવેટ, ૧લે માળે, એમસીએફ ક્લબ, જીમખાના રોડ, પ્રેમનગર, બોરીવલી (વે) ૫ થી ૭.

**દશા સોરઠિયા વણિક**

ભાયાવદરના (હાલ ગોંડલ) જયંતીલાલ પો. પારેખના પુત્ર સૂર્યકાંતભાઈ (ઉં.વ. ૭૮) તે સરોજબેનના પતિ. કિશોરભાઈના ભાઈ. સ્વ. શાંતિલાલ માણેકલાલ પારેખ મલાડના જમાઈ. જિતેન્દ્ર કાચલિયાના મામાના દીકરા. સુભાગ્ય પારેખ અંધેરીના કાકાના પુત્ર તા. ૨૯-૯-૨૪ રવિવારે ગોંડલમાં શ્રીજીચરણ પામ્યા છે.

**દશા સોરઠિયા વણિક**

બીલખાવાળા હાલ વડોદરા અનિલભાઈ તે સ્વ. ડો. હરિલાલ રામજીભાઈ પારેખના પુત્ર તા. ૮-૮-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે શકુંતલા (નાની)બેનના પતિ. કેયૂર-કેયૂરીના પિતાશ્રી. મહેન્દ્રભાઈ, પ્રફુલભાઈ, પ્રતિભા, ભારતીના ભાઈ. સ્વ. ચંપકલાલ ખુશાલચંદ પારેખ લખનઉવાળાના જમાઈ. સુભાગ્ય પારેખના મામાના પુત્ર.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મધુરીબેન પલણ (ઉં.વ. ૭૩) તે સ્વ. ભૂપેન્દ્ર જાદવજી વાઘજી પલણના ધર્મપત્ની (ગામ: વાંકુ) હાલે મુલુન્ડ તા. ૨૫-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. કેતન, અર્પિત, કિન્નરી ભાવેશકુમારના માતા. સ્વ. કસ્તુરબેન વિઠ્ઠલદાસ ગાંગજી બારૂ હાલે કોલકાતાના પુત્રી. માલતીબેન (નાનાબેન) મંગલદાસ, રશ્મિબેન (ચંદુબેન) રમેશચંદ્ર, સ્વ. કિશોર, વિનોદ, ભારતીબેન ભરતભાઈ, રેખાબેન પ્રવિણભાઈ, પંકજબેન નરેશભાઈ, સુધીર, સંજયના બહેન. રચના કેતન પલણ, તોરલ અર્પિત પલણના સાસુજી. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૭-૧૦-૨૪ના ૪ થી ૬.૩૦ ગોપૂરમ (ભાગીરથી) હોલ, રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**મોડાસા એકડા વિશા ખડાયતા**

મોડાસા નિવાસી હાલ સાન્તાક્રુઝ ગં. સ્વ. વાસંતીબેન (ઉં.વ. ૮૩) ગુરુવાર, તા. ૨૪-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે કાલીદાસ ધરમચંદ શાહના પુત્રવધૂ. સ્વ. અશોકકુમારના પત્નિ. વિરેનના માતુશ્રી. મોનિકાના સાસુ. કિશોરદાસ ખાતુદાસ શાહ (મોડાસા)ના પુત્રી. સોહમ તથા સ્વયમના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

પ્રભાસ અથણી નિવાસી હાલે ભાયંદર દિલીપભાઈ ઠક્કર (રાઈઠઠ્ઠા) (ઉં. વ. ૭૬) મંગળવાર તા. ૨૨.૧૦.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.શાંતાબેન તથા સ્વ. કરસનદાસ દામોદરદાસ ઠક્કરના સુપુત્ર સ્વ.ગલાલબેન તથા નાથાલાલ મોદી (થાણા)ના જમાઈ. લીનાબેનના પતિ. તરૂણ તથા નિલયના પિતા. અ.સૌ.ખુશી તથા અ.સૌ.ભાવનાના સસરા. અ.સૌ.વૈજન્તીબેન વસંતલાલ સાદરાણી, સ્વ.મુકેશભાઈ (મુન્ના) ઠક્કર ગં. સ્વ.સાધનાબેન ગીરીશભાઈ કારીયા, અં.સૌ. જયશ્રીબેન મુકેશભાઈ ગઢીયાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ મુંબઈ પ્રતાપરાય સંતોકરામ દવે (ઉં. વ. ૯૧) ૨૪/૧૦/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે હીરાબેનના પતિ. અનસૂયાબેન જાની, પ્રવીણભાઈ, મહેન્દ્રભાઈ, હરબાળાબેન જોષી, રસિકભાઈના ભાઈ. સૂર્યકાન્ત જયંતીલાલ મહેતાના બનેવી. જાગૃતિ ભરતકુમાર ત્રિવેદી, જીજ્ઞા બિપીનકુમાર જોષી, દીપકભાઈ, અંજલિ જયેશ પંડ્યા, ભાવના અરૂણ સાવંતના પિતા. પૂજાના સસરા. સાદડી પ્રથા બંધ છે.

**દંઢાવ્ય ઔદીચ્ય સહસ્ત્ર છોત્તેર બ્રહ્મસમાજ**

અ.સૌ.વર્ષા (ઉં.વ.૭૭) ગામ વસાઈ-ડાભલા હાલ મુંબઈ વડાલા ચંદ્રકાંત બદ્રીનારાયણ જાનીના ધર્મપત્ની, કેતન, નિલેશ અને શિલ્પાના માતૃશ્રી. સ્વ.પ્રવિણાબેન જશવંત જાનીના દેરાણી, સુમિત્રાબેન રમેશકુમાર ઠાકરના ભાભી. ધીરેન, પરાગ, રૂપલના કાકી, સૌ.શિતલ, સૌ.બિન્નીના સાસુ, તા.૨૩/૧૦/૨૪ને બુધવાર સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૨૭/૧૦/૨૪ને રવિવારે ૪ થી ૬. દ્વારકાનાથ ભવન હોલ, શ્રીરામ મંદિર પાસે, શ્રી અલબેલા હનુમાન મંદિર સામે, કાત્રક રોડ, વડાલા.

**કચ્છી ભાટીયા**

ચી.કૃતિકા દૈનેશ સંપટ (ઉં. વ. ૩૨) હાલ બેંગલુરુ નિવાસી તે સૌ.જેસલ તથા ચી. દૈનેશ મસ્કત નિવાસીના દીકરી, ગં.સ્વ.ઇન્દિરાબેન તથા સ્વ. ત્રિકમદાસ રતનશી સંપટના પૌત્રી,

# પારસી મરણ

દિનાઝ જીમી બલસારા તે જીમીના ધણીયાણી. તે મરહુમો દોલત જીજીભોઈ મિસ્ત્રીના દિકરી. તે દેલનાના માતાજી. તે જમશેદના સાસુજી. તે ટેહમટન, નેવીલ, આબાનના બહેન. તે રોહન ને જેસમીનના મમઈજી. (ઉં.વ. ૭૪). રહેવાનું ઠેકાણું: ૧૧/૩, મોદી બિલ્ડીંગ, ભોંયતળિયે, ગામડીયા કોલોની, તારદેવ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૨૭-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૧માં છેજી.

દારબશા જાલેજર પાતરાવાલા તે મરહુમ કુમીના ધણી. તે મરહુમો આવાબઈ જાલેજર પાતરાવાલાના દીકરા. તે કેરફેગર, પરવીઝના પપા. તે શીરાઝ ને હોશંગના સસરા. તે મરહુમો પીરોજશા, અરદેશીર, ફરામરોઝ ને પેશોતનના ભાઈ. તે વીરાફ, સનાએઆ, ડાયેના, ફેની, વરુનના બપઈ. (ઉં.વ. ૯૪). રહેવાનું ઠેકાણું: એચ-૧૪, ફ્લેટ નં. ૫, ગોદરેજ હીલ સાઈડ કોલોની, વિક્રોલી (વે.), મુંબઈ-૪૦૦૦૭૯. ઉઠમણાંની ક્રિયા તા. ૨૭-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા ટાટા અગિયારી.

નોશીર કેકી દારબના તે મરહુમો ખોરશેદ કેકી દારબના દીકરા. તે રોશન, એદલ ને મરહુમો ડોલી ને પરવીનના ભાઈ. તે રોશન એદલ દારબના જેઠ. (ઉં.વ. ૮૭). રહેવાનું ઠેકાણું: શ્રોફ ચેમ્બર, ૨૫૯ બઝાર ગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા તા. ૨૭-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે બનાજી ભીમજીમાં.

# જૈન મરણ

**પાટણ દશા ઓશવાળ જૈન**

તંબોળીવાળા હાલ બોરીવલી સ્વ. સુશીલાબેન બાબુલાલ શાહના પુત્રવધૂ. મનીષાબેન (ઉં. વ. ૬૧) ૨૪/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.હરેશભાઇના ધર્મપત્ની. ભૈરવ તથા પૂજા અજયકુમારના માતુશ્રી. નીતિનભાઈ, ગીરીશભાઈ, હર્ષાબેન તથા વિભાબેનના ભાભી. સ્વ.લલિતાબેન સનાલાલ તારાચંદના દીકરી. ભદ્રેશભાઈના બહેન. ૨૨/૫ રતનનગર, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલા. દશા. શ્રી. સ્થા. જૈન**

છત્ર ઈળા નિવાસી હાલ બોરીવલી. પ્રાણલાલ મગનલાલ શાહ (ઉં. વ. ૯૩) સરોજબેન (સુશીલાબેન)ના પતિ. તે સ્વ.રાજેશ, પંકજ, પરેશ, પારૂલના પિતા, કલ્પના, રસ્મિતા, નીપા, અતુલ કુમારના સસરા. સ્વ.ત્રંબકભાઈ, સ્વ.ચંપાબેન, સ્વ.રંભાબેન, સ્વ.શાન્તાબેન, લલિતાબેનના ભાઈ. સ્વ.ગીરધરલાલ મોહનલાલ શેઠના જમાઈ. સ્નેહા, આલોક, ચાંદની, હેમીષા, રોમિત, વૈભવ, કોમલ, હર્ષિત, હેમલ, જીનલના દાદા- નાના. તા.૨૫.૧૦.૨૪ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૭.૧૦.૨૪ના રવિવારે ૩.૩૦થી ૫.૩૦. વર્ધમાન મોટા ઉપાશ્રય. ૫મે માળે, કાંદિવલી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી અંધેરી સ્વ. ઉર્મિલાબેન સેવંતીભાઈ પારેખના સુપુત્ર ઉદયભાઈ (ઉં. વ. ૬૫) બીનાબેનના પતિ. હર્ષિલના પિતા, સ્વ. ભોગીલાલ પિતાંબરદાસ શાહ, દેકાવડાના જમાઈ, સ્વાતિબેન વિક્રમભાઈ પારેખના ભાઈ, પ્રકાશભાઈ અને મનીષભાઈના ભત્રીજા તા.૨૫-૧૦-૨૪ના અરિહંતશરણ થયા છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડીના કેવલ હરખચંદ મારૂ (ઉં. વ. ૩૬) ૨૪-૧૦-૨૪ના રોજ અવસાન પામેલ છે. જવેરબાઇ લખમશીના પૌત્ર. અરૂણા હરખચંદના પુત્ર. સમીરના ભાઇ. દેશલપુર (કંઠી) જવેરબાઇ માવજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરખચંદ મારૂ, સી/૩૦૨, આનંદ પ્લાઝા, એસ.એન. દુબે રોડ, રાવલપાડા, દહીંસર (ઇસ્ટ).

વડાલાના અ.સૌ. કુસુમબેન હરીલાલ શેઠીયા (ઉ.વ. ૭૫) તા. ૨૫-૧૦-૨૪ના અવસાન પામેલ છે. હીરબાઇ શામજીના પુત્રવધુ. હરીલાલના પત્ની. ડીમ્પલ, હરીન, જીગરના માતુશ્રી. પાનબાઇ પદમશી ગાલાના પુત્રી. ઠાકરશી (બચુભાઇ) જેઠાલાલ, જીવીબેન ગાંગજી, ગુંદાલાના રૂક્ષ્મણીબેન નેમજી, પત્રીના વિમળાબેન જયંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હરીલાલ શામજી શેઠીયા, ૧૦૧, સુખદા, સરોજની રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

સ્વ. વિરાજ તથા સ્વ. વિજયસિંહ માધવદાસ કાપડિયા (પાલેજા)ના દોહિત્રી, દિ.૨૫.૧૦.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે, લૌકિક વેવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

ગામ સુદામડા, હાલ પનવેલ સ્વ. જશુમતી કાંજીભાઈ પાણસણિયાના પુત્ર, મુકેશ પાણસણિયા, (ઉં. વ. ૫૯) ભાવનાબેનના પતિ. ઝીલના પપ્પા, નીરંજના ભરત પરમાર, ભીખુ, ભરત, ઇપક, સુનીલના ભાઈ, મયુર, અભિષેકના કાકા. જીગ્નેશ જયંતીલાલ વઢવાણાના બનેવી, તા.૨૫-૧૦-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા.૨૭-૧૦-૨૪ના ૫.૦૦ થી ૬.૦૦. ઠે. લોહાણા મહાજનવાડી, મીરચી ગલી, પનવેલ, લૌકિક વ્યવહાર બંધ છે.

## સંજય રાઉત

૨૮૮માંથી ૨૭૦ બેઠકો પર સર્વસંમતિ સધાઈ છે. સમાજવાદી પક્ષના મહારાષ્ટ્ર પ્રમુખ અબુ આઝમીએ શુક્રવારે કહ્યું હતું કે જો એમવીએ નાના પક્ષો સાથે સર્વસંમતિ નહીં કરે તો તેમનો પક્ષ ૨૦-૨૫ બેઠક પર ઉમેદવારો ઊભા રાખશે. સપાએ પહેલેથી જ પાંચ ઉમેદવારો ઊભા રાખ્યા છે અને સાત બેઠકોની માગ કરી છે.

ભાજપ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશના વિકાસ માટે તેમની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવવા ઘણીવાર 'સબકા સાથ, સબકા વિકાસ' સૂત્ર ટાંકે છે. બેઠક વહેંચણી અંગે એમવીએના સાથી પક્ષોમાં સર્વસંમતિ નથી થઈ શકી એ પરિસ્થિતિમાં રાઉતે આ ટિપ્પણી કરી છે. સાંગોલા અને અલીબાગ બેઠકો પર શિવસેના (યુબીટી) અને પીડબલ્યુપી એમ બંને પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. બંને પક્ષે એ બેઠકો જીતી હોવા છતાં પીડબ્લ્યુપીએ બંને મત વિસ્તારમાં પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા છે એમ જણાવી રાઉતે ઉમેર્યું હતું કે એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવાર શનિવારે પીડબ્લ્યુપી સાથે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરશે.

મુંબઈમાં વિભાજનની વિનાશક અસર સૂચવતા 'બટેંગે તો કટેંગે' સંદેશવાળા પોસ્ટરો દર્શાવવામાં આવી રહ્યાં છે એ વિશે રાઉતે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં આ પ્રકારનું રાજકારણ નહીં ફાવે. (પીટીઆઈ)

## આ જ બેઠકનું

કલાકમાં ફોર્મ્યુલાને ફરી પાછી બનાવવામાં આવી હતી. એ સંદર્ભે બાવનકુળેએ એવો દાવો કર્યો હતો કે 'અમે એવું સાંભળ્યું છે કે રાહુલ ગાંધીએ બેઠકોની વહેંચણીની વાટાઘાટોને ખોટી રીતે સંચાલિત કરવા બદલ રાજ્યના નેતાઓને બરતરફ કર્યા છે.'

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

## એમવીએની સીટ શેરિંગ ફોર્મ્યુલા

# અભી ફાઈનલ અભી ફોક

### કૉંગ્રેસી નેતા બાળાસાહેબ થોરાતના માતોશ્રી અને સિલ્વર ઓકના આંટાફેરા બંધ જ નથી થતા, કારણ કે ત્રણેય પક્ષ વચ્ચે બેઠકની સંખ્યાને મામલે કશું નક્કી થઈ શકતું નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રકો ભરવાની છેલ્લી તારીખ ફક્ત બે દિવસ બાકી હોવા છતાં હજી સુધી મહાવિકાસ આઘાડીની બેઠકોની વહેંચણી હજી સુધી ફાઈનલ થઈ રહી નથી. કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાત કૉંગ્રેસ ભવનથી માતોશ્રી અને શરદ પવારના નિવાસસ્થાન સિલ્વર ઓકના સતત ચક્કર કાપી રહ્યા છે, છતાં બેઠકોની વહેંચણીને અંતિમ સ્વરૂપ આપી શકાયું નથી. કથિત રીતે એમવીએના ત્રણ મુખ્ય ઘટકપક્ષો માટે ૯૦-૯૦-૯૦ની ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવ્યાનું નક્કી થઈ ગયું છે, પરંતુ હજી કેટલીક બેઠકો પર ખેંચતાણ ચાલુ છે, ત્યારે આ મુદ્દે બાળાસાહેબ થોરાતે શનિવારે કહ્યું હતું કે બેઠકોની સંખ્યાની ગણતરી રાખવામાં આવતી નથી. અત્યારે અમે એમવીએ તરીકે લડવાનું લક્ષ્ય રાખ્યું છે અને ૧૮૦થી વધુ બેઠકો પર વિજય મેળવવાનો અને એમવીએનો મુખ્ય પ્રધાન બનાવવાનો નિર્ધાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ૧૮ બેઠકો સાથી પક્ષો માટે રાખી છે. અહીં ઉલ્લેખનીય છે કે થોરાતે (જુઓ પાનું ૪)



**ચૂંટણીનો ચમકારોઃ** મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે વિવિધ પક્ષોના ચિહ્નોના ખેસ, કેપ અને ધ્વજ જોવા મળ્યા હતા. લાલબાગની માર્કેટમાં આ તમામ ચિહ્નોવાળી વસ્તુઓ મળી રહી હોવાથી અહીં સંબંધિત કાર્યકર્તાઓએ ખરીદી કરવા માટે લાઈન લગાવી હતી. (જયપ્રકાશ કેળકર)

## મહારાષ્ટ્રમાં સ્ટાર પ્રચારક યોગી આદિત્યનાથની છે જબરજસ્ત ડિમાન્ડ

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, અમિત શાહ, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, શિવરાજસિંહ ચૌહાણ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત ૪૦ નેતાઓના નામ સામેલ છે. જોકે મહારાષ્ટ્રમાં મોદી ઉપરાંત યોગી આદિત્યનાથની જબરજસ્ત ડિમાન્ડ છે.

પીએમ મોદી દિવાળી બાદ મહારાષ્ટ્રમાં અનેક રેલીઓ સંબોધશે. પીએમ મોદી પાંચથી ૧૪ નવેમ્બર સુધી મહાયુતિ માટે મતદાનની અપીલ કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી લગભગ ૮ દિવસ સુધી મહારાષ્ટ્રમાં અનેક ચૂંટણી સભાઓ કરવાના છે. ■

## ‘સબકા સાથ, સબકા વિકાસ’નો મંત્ર

### સંજય રાઉત

મુંબઈઃ મહા વિકાસ આઘાડી (એમવીએ)માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે કેટલીક બેઠકો પર મડાગાંઠ ચાલુ છે ત્યારે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે ‘સબકા સાથ, સબકા વિકાસ’ સૂત્રની સૌથી વધુ જરૂર વિપક્ષ ગઠબંધનને છે. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે ખેડૂત અને કામગાર પક્ષ (પીડબલ્યુપી) અને સમાજવાદી પક્ષ (સપા) જેવા નાના પક્ષોએ બીજા પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો છે એવી બેઠકો પર એકપક્ષી રીતે ઉમેદવારો જાહેર કર્યા એ અંગે નારાજગી વ્યક્ત કરી છે.

અગાઉ એમવીએના ઘટક કૉંગ્રેસ, એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી)એ જાહેરાત કરી હતી કે વિધાનસભા ચૂંટણીમાં પ્રત્યેક પક્ષ ૮૫ બેઠક પર ચૂંટણી લડશે. ત્યારબાદ રાઉતે કહ્યું હતું કે એવી એના સાથી પક્ષો વચ્ચે (જુઓ પાનું ૪)

## સીટ શેરિંગનું કેમ હજી જામતું નથી?

### આ છે જવાબ જયંત પાટીલનો

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંગે મહાવિકાસ આઘાડીમાં હજી કોઇ ફોર્મ્યુલા નક્કી થઇ નથી અને ઉમેદવારોની વિજય થવાની શક્યતાને આધારે બેઠકો ફાળવવામાં આવશે, એમ શરદ પવારની એનસીપીના નેતા જયંત પાટીલે શનિવારે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે મહાવિકાસ આઘાડીમાં ૮૫-૮૫-૮૫ની ફોર્મ્યુલા નક્કી કરાઇ હોવાનું કહેવાયું હતું, પણ હજી બેઠકોની વહેંચણી અંગે કોઇ ચોક્કસ નિર્ણય ન લેવાયો હોવાનું સ્પષ્ટ થાય છે.

‘૯૦ કે ૮૫ હજી કોઇ નક્કી નથી. જેનો (જુઓ પાનું ૪)

### ભાજપની ૨૨ ઉમેદવારની બીજી યાદી જાહેરઃ સાત સીટિંગ વિધાનસભ્ય

## આઠ બેઠકનું કોકડું હજી ગૂંચવાયેલું જઃ ભાજપ

મુંબઈઃ ભાજપે શનિવારે તેની બીજી યાદી બહાર પાડી હતી. ૨૨ ઉમેદવારની જાહેર કરવામાં આવેલી ઉમેદવારની યાદીમાં સાત વિધાસભ્યને ફરી તક આપવામાં આવી છે. સીટિંગ વિધાનસભ્યોમાં અકોટના પ્રકાશ ભારસાકલે, નાશિક સેન્ટ્રલનાં દેવયાની ફરાંદે, ઉલ્હાસનગરના કુમાર આયલાની, પેણના રવીન્દ્ર પાટીલ, ખડકવાસલાના ભીમરાવ તપકીર, પુણે છાવણીના સુનીલ કાંબલે અને પંઢરપુરના સમાધાન આવટાડેનો સમાવેશ થાય છે. ભાજપે તેની બીજી યાદી જાહેર કરતાં તેના ઉમેદવારોની સંખ્યા ૧૨૧ થઇ ગઇ છે. અગાઉ ભાજપે તેની પહેલી યાદીમાં ૯૯ ઉમેદવારનાં નામ જાહેર કર્યાં હતાં.

આગામી મહિને થનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિના ત્રણ ઘટકો વચ્ચે હજી જોકે સાતથી આઠ બેઠકોનું કોકડું ગૂંચવાયેલું જ છે, એવું ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ શનિવારે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮૮ બેઠક ધરાવતી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦મી નવેમ્બરના રોજ થવાની છે અને તેનાં પરિણામ ૨૩મીએ આવશે.

મહાયુતિના ત્રણ પક્ષોમાંથી ભાજપ અને શિંદેસેનાએ તેની પહેલી યાદી જાહેર કરી દીધી છે, જ્યારે એનસીપી (અજિત પવાર)એ ઉમેદવારોની બે યાદી બહાર પાડી છે. શનિવારે ભાજપે તેની ૨૨ ઉમેદવારની બીજી યાદી બહાર પાડી હતી. જેમાં સાત સીટિંગ વિધાનસભ્યનો સમાવેશ થાય છે.

‘હજી પણ સાતેક બેઠક માટે ચર્ચા ચાલી રહી છે. અમે એક પરિવાર થઇને લડીશું, અમે નાના કે મોટા ભાઈ બધાને સાથે લઇને ચાલીશું. ભાજપ સમાન ચૂંટણીઢંઢેરા સાથે મહાયુતિ કામ કરશે, એવું બાવનકુળેએ જણાવ્યું હતું.

દરમિયાન બે દિવસ પહેલાં કોંગ્રેસ દ્વારા જે ફોર્મ્યુલા પર મહોર મારવામાં આવી હતી અને ચોવીસ જ (જુઓ પાનું ૪)

### ઉદ્ધવ ઠાકરેનું મુખ્ય પ્રધાન બનવાનું સપનું તો સાકાર નહીં જ થાયઃ બાવનકુળે

ચૂંટણી નજીક આવી રહી છે અને મહાવિકાસ આઘાડી વિકાસની ચર્ચાને બાજુએ મૂકીને હાલ મુખ્ય પ્રધાનપદ કોને મળશે તેની ચર્ચામાં જોતરાયો છે, એવું જણાવીને બાવનકુળેએ વધુમાં ઉમેર્યું હતું કે ઉદ્ધવ ઠાકરેનું ફરીથી મુખ્ય પ્રધાન બનવાનું સપનું પૂરું નહીં થાય, કારણ કે તેમના સાથી પક્ષો તેમની ઈચ્છાને સમર્થન આપતા નથી. એમવીએની જૂઠી વાતો જે લોકસભામાં કામ કરી ગઇ હતી, એ વિધાનસભાની ચૂંટણીમાં કામ નહીં લાગે. ખરેખર તો એમવીએ પાસે કોઇ મહાયુતિથી વિપરીત કોઇ વિકાસ એજન્ડા જ નથી. ■

## કૉંગ્રેસની ૨૩ ઉમેદવારની બીજી યાદી જાહેર

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે થનારી વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ અને એમવીએના પક્ષોમાં છેલ્લા ઘણા સમયથી કોનું પત્તું કપાશે અને કોને કેટલી મળશે એવા તર્કવિતર્ક વચ્ચે કોંગ્રેસે આજે તેની ૨૩ ઉમેદવારની બીજી યાદી બહાર પાડી હતી. કોંગ્રેસે તેની બીજી યાદીમાં જાલનાના વિધાનસભ્ય ગોરાંત્યાલ અને પક્ષના નેતા સુનીલ કેદારનાં પત્ની અનુજાને સોનેરથી ફરી પાછી તક આપી છે. ચૂંટણી માટે પક્ષની સેન્ટ્રલ ઈલેક્શન કમિટી મળી હતી અને ઉમેદવારોનાં નામોની ચર્ચા કર્યા બાદ બીજી યાદી બહાર પાડવામાં આવી હતી.

મુંબઈ ખાતેની બેઠકમાં પક્ષે કાંદિવલી પૂર્વ ખાતેથી કાલુ બધેલિયાને, સાયન-કોલીવાડાથી ગણેશ યાદવને, જ્યારે ચારકોપથી યશવંત સિંહને ઉમેદવારી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે ૪૮ ઉમેદવારની તેની પ્રથમ યાદી બહાર પાડી હતી. શનિવારે ૨૩ ઉમેદવારની બીજી યાદી સાથે કોંગ્રેસે કુલ ૭૧ ઉમેદવારની યાદી જાહેર કરી છે.

પક્ષે સુનીલ કેદારનાં પત્ની અનુજાને મેદાનમાં ઉતાર્યાં છે, જેમને નાગપુર ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક (એનડીસીસીબી) ગોટાળામાં (જુઓ પાનું ૪)




## અનંત અંબાણી અને ફડણવીસ વચ્ચે શું કામ યોજાઈ બેઠક?

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે રાજકારણીઓ એકબીજાને અડધી રાત્રે મળે તે સામાન્ય છે, પરંતુ શુક્રવારે મોડી રાત્રે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સાગર બંગલા ખાતેની મુલાકાતે સૌના ભવાં ઊંચા કરી નાખ્યા છે. આ સાથે જૈન સમુદાયના ઈચ્છુકોને પણ ટિકિટ મળે તે માટે જાણીતા જૈન સંતો ફડણવીસને મોડી રાત્રે મળ્યા હોવાના પણ અહેવાલો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગઈકાલે મોડી રાત્રે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીએ ફડણવીસની મુલાકાત લીધી હતી. દિવસ (જુઓ પાનું ૪)

## ઉદ્ધવ સેનાના જાહેર ૧૮ ઉમેદવારમાં છ મુંબઈના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષ શિવસેના (યુબીટી)ની બીજી અને ત્રીજી યાદી શનિવારે બહાર પાડવામાં આવી હતી અને બીજી-ત્રીજી યાદી બાદ શિવસેનાના ૮૩ ઉમેદવારના નામ જાહેર થઈ ગયા છે. મહત્ત્વનું છે કે આ બંને યાદીમાં મળીને કુલ છ મુંબઈના ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે.

મુંબઈના વડાલાથી શ્રદ્ધા શ્રીધર જાધવ, શિવડીથી અજય ચૌધરી, ભાયખલાથી મનોજ જામસુતકર, કલ્યાણ-પશ્ચિમથી સચિન બસરે, કલ્યાણ પૂર્વથી ધનંજય બોડારે, શ્રીગોંદાથી અનુરાધા રાજેન્દ્ર નાગવડે અને કણકવલીથી સંદેશ ભાસ્કર પારકરને ઉમેદવારી જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ સાંજે જાહેર કરવામાં આવેલી યાદીમાં વર્સોવા બેઠક પરથી હારુન ખાન, ઘાટકોપર-પશ્ચિમથી સંજય ભાલેરાવ અને વિલેપાર્લેથી સંદીપ નાઈકને (જુઓ પાનું ૪)

## શરદ પવારની એનસીપી અને ઉદ્ધવ-સેનામાં હુંસાતુંસી થવાની

### એનસીપીની બાવીસ ઉમેદવારની યાદીમાં ઉદ્ધવ-સેના વિરુદ્ધ કૅન્ડિડેટ ઊભો રખાતા વિવાદ થશે

મુંબઈઃ શરદ પવારની એનસીપી દ્વારા શનિવારે ઉમેદવારીની બીજી યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં આશ્ચર્ય રીતે ઉદ્ધવ ઠાકરેની શિવસેના સામે ઉમેદવાર ઊભો કરવામાં આવ્યો છે. તેથી મહાવિકાસ આઘાડીમાં અંદરોઅંદર ચાલી રહેલો વિવાદ સપાટી પર આવ્યો છે.

શરદ પવારે બાવીસ ઉમેદવારો સાથેની બીજી યાદી જાહેર કરી હતી. એનસીપી-એસપીના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલે પત્રકાર પરિષદ બોલાવીને યાદી જાહેર કરી હતી. ટૂંક સમયમાં પત્રકાર પરિષદ ન બોલાવતા જ ત્રીજી યાદી જાહેર કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

ધારાશિવ જિલ્લાના પરાંડા મતવિસ્તારથી ઉદ્ધવ જૂથ તરફથી ડૉ. તાનાજી સાવંતને ઉમેદવારી આપી છે, જ્યારે શરદ પવારે તેમના વિરોધમાં ભૂતપૂર્વ વિધાનસભ્ય રાહુલ મોટેને મેદાનમાં ઊતાર્યા છે. મહાવિકાસ આઘાડીના સાથી પક્ષો વચ્ચે જ આવી રસાકસી ચાલતી હોવાને કારણે નવો વિવાદ ઊભો થવાની શક્યતા છે. આ અંગે જયંત પાટીલે કહ્યું હતું કે ઉદ્ધવ જૂથ સાથે આ અંગે ચર્ચા કરીને વિવાદ ઉકેલવાનો પ્રયત્ન કરીશું.

પરાંડા મતવિસ્તારથી એનસીપી-એસપીના રાહુલ મોટેએ ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં એમ ત્રણ વખત વિજય મેળવ્યો હતો. ફક્ત ૨૦૧૯માં શિવસેનાના તાનાજી સાવંતે તેમને માત આપી હતી. ઉદ્ધવ જૂથે પ્રથમ યાદીમાં જ તાનાજી સાવંતને અહીંથી ઉમેદવારી આપી હતી. આ બાબતે ઉદ્ધવ અને શરદ પવાર જૂથ વચ્ચે સમજૂતી નહીં થઇ તો મોટો વિવાદ ઊભો થઇ શકે છે. એવી જ રીતે આ યાદીમાં છગન ભુજબળના વિરોધમાં માણિકરાવ શિંદેને મેદાનમાં ઊતારવામાં આવ્યા છે. ૨૦૦૯માં માણિકરાવે (જુઓ પાનું ૪)

## વિધાનસભાની ચૂંટણીમાં પણ કૉંગ્રેસની પાંચ બેઠક પર સાંગલી પેટર્ન?

મુંબઈઃ મહાવિકાસ આઘાડી (મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪)ની બેઠકોની વહેંચણીનો મુદ્દો હજુ કેટલીક બેઠકો પર અટવાયેલો છે.

શિવસેના યુબીટી અને કોંગ્રેસમાં સૌથી મોટા મતભેદો બહાર આવી રહ્યા છે. આ સમસ્યાના નિરાકરણ માટે કોંગ્રેસે લોકસભાની ચૂંટણી જેવી સાંગલી પેટર્ન પાંચ વિધાનસભા ચૂંટણીમાં અમલમાં મૂકવાની તૈયારી કરી છે કેમ કે અત્યારે તો આ બેઠકો પર કોઈ સમાધાન બંને પક્ષે જોવા મળતું નથી.

### રામટેક

કોંગ્રેસના સાંસદ શ્યામકુમાર બર્વે લોકસભામાં રામટેકથી ચૂંટાયા હતા. તેથી કોંગ્રેસે રામટેક વિધાનસભા બેઠક પર દાવો કર્યો છે. જો કે ૨૦૧૯ માં અહીં અપક્ષ ઉમેદવાર આશિષ જયસ્વાલ લડ્યા હતા અને તેઓ શિવસેનામાં જોડાયા હતા અને ત્યાંથી તેઓ શિંદેસેના સાથે ગયા હતા. તેના કારણે ઉદ્ધવ ઠાકરેએ રામટેક બેઠક પર દાવો કર્યો છે. કોંગ્રેસ પણ આ બેઠક છોડવા તૈયાર નથી.

### સાંગોલા

સાંગોલા વિધાનસભા મતવિસ્તાર મહાવિકાસ આઘાડી દ્વારહા શેકાપને આપવાનો નિર્ણય (જુઓ પાનું ૪)

## બસ કન્ડક્ટરને લૂંટનારા ચાર આરોપી કાર પરના સ્ટિકરને કારણે પકડાયા

મુંબઈઃ વિરારમાં લિફ્ટ આપવાને બહાને કારમાં બેસાડી ચાકુની ધાકે બસ કન્ડક્ટરને લૂંટનારા ચાર આરોપી ૨૪ કલાકમાં જ કાર પર લાગેલા ‘હ્યુમન રાઈટ્સ ઑર્ગેનાઈઝેશન’ના સ્ટિકરને કારણે પકડાઈ ગયા હતા. વિરાર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અશરફ ઈસાક, અલિનિજર અહમદ ખાન (૨૨), રવિકુમાર ગૌતમ (૨૬) અને આકાશ મોદનવાલ (૨૨) તરીકે થઈ હતી. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી કાર અને લૂંટેલી મતા હસ્તગત કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના વિરારમાં ૨૦ ઑક્ટોબરના મળસકે ૩.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ૩૫ વર્ષનો બસ કન્ડક્ટર વિરાર સ્ટેશને જવા માટે બસની રાહ જોતો ઊભો હતો. ડ્યૂટી પર જોડાવા તે અંધેરી બસ ડેપો જવાનો હતો. કારમાં આવેલા ચાર જણે ફરિયાદી કન્ડક્ટરને લિફ્ટ ઑફર કરી હતી. મોડું થતું હોવાથી ફરિયાદી આરોપીઓની કારમાં બેઠો હતો. આરોપીઓએ નિર્જન સ્થળે લઈ જઈ કન્ડક્ટરની મારપીટ કરી હતી. બાદમાં ચાકુની ધાકે મોબાઈલ ફોન, બ્લુટૂથ અને રોકડ લૂંટી આરોપીઓ ફરિયાદીને એક દરગાહ નજીક ફેંકીને ફરાર થયા હતા. આ પ્રકરણે કન્ડક્ટરે તાત્કાલિક પોલીસ ફરિયાદ કરી હતી. ■

# આનંદો! ભારત હજી પણ ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી શકે, જાણો કેવી રીતે...

## જાણી લઈએ ન્યૂ ઝીલૅન્ડ સહિતના તમામ મજબૂત દાવેદાર દેશોના સમીકરણ...



રોહિત શર્મા ગઈ કાલે એક તબક્કે પરાજય નજીક આવતો હોવાથી થોડો ખફા હતો. કૅપ્ટન બૅટિંગમાં સદંતર ફ્લૉપ જતાં ભારતને સારું ઓપનિંગ ન મળતાં છેવટે પરાજય જોવા પડ્યા. (પીટીઆઇ)



પુણેઃ અહીં શનિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે સતત બીજી ટેસ્ટ તેમ જ સિરીઝ હારી જતાં હવે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની લાગલગાટ ત્રીજી ફાઇનલમાં પહોંચવાની ભારતની આશાને મોટો ફટકો પડ્યો છે. કિવીઓએ ત્રણ મૅચવાળી આ સિરીઝમાં પહેલાં તો બેન્ગલૂરુની પ્રથમ મૅચમાં ભારતને ૪૬ રનમાં ઑલઆઉટ કરીને અભૂતપૂર્વ આંચકો આપ્યો અને ત્યાર બાદ હવે પુણેની બીજી મૅચમાં પણ હરાવીને ટીમ ઇન્ડિયાને બીજો કરન્ટ આપ્યો છે. જોકે આ બધુ બની જવા છતાં ભારત ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ માટે હજી પણ દાવેદાર છે. જોકે બીજા ચારમાંથી કોઈ બે દેશ પણ જૂન, ૨૦૨૫ની લૉર્ડ્સની ફાઇનલમાં પહોંચી શકે. હા, એટલું જરૂર જણાવવાનું કે ભારતની શ્રેણીની હાર સાથે બીજા દેશોને ફાઇનલમાં જવા વધુ તક મળી છે.

પુણેમાં શનિવારે ભારતીય ટીમ ૩૫૯ રનના લક્ષ્યાંક સામે ૨૪૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ન્યૂ ઝીલૅન્ડનો ૧૧૩ રનથી વિજય થયો હતો. ઓપનર યશસ્વી જયસ્વાલ (૭૭ રન, ૬૫ બૉલ, ૯૩ મિનિટ, ત્રણ સિક્સર, નવ ફોર)નું ૨૪૫ રનમાં સૌથી મોટું યોગદાન હતું. રવીન્દ્ર જાડેજા (૪૨ રન, ૮૪ બૉલ, ૯૯ મિનિટ, બે ફોર) પણ લડાયક ઇનિંગ્સ રમ્યો હતો, પરંતુ બીજા સ્ટાર બૅટર્સ નિષ્ફળ જતાં તેમની મહેનત અપૂરતી સાબિત થઈ હતી.

ભારત ઘરઆંગણે સતત ૧૮ ટેસ્ટ-શ્રેણી જીત્યા પછી ૧૯મી સિરીઝમાં હાર્યું છે અને ૧૨ વર્ષના લાગલગાટ વિજયનો ઐતિહાસિક સિલસિલો તૂટ્યો છે. ન્યૂ ઝીલૅન્ડ ૭૦ વર્ષમાં પહેલી વાર ભારતમાં ટેસ્ટ-શ્રેણી જીતવામાં સફળ થયું છે.

કિવીઓ ભારત સામેની સિરીઝમાં ૨-૦થી આગળ છે. એ તો ઠીક, પણ ૨૦૨૧ની સૌપ્રથમ ડબ્લ્યૂટીસીના ચૅમ્પિયન ન્યૂ ઝીલૅન્ડે ડબ્લ્યૂટીસીનો આરંભ થયો ત્યાર બાદ પહેલી વાર વિદેશી ધરતી પર ટેસ્ટ-સિરીઝ જીતવામાં સફળતા મેળવી છે.

ભારતે કિવીઓ સામે ટેસ્ટ-સિરીઝ ગુમાવી દેતાં ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં ભારતના પૉઇન્ટ પર્સન્ટેજ આઠ જ દિવસમાં ૭૪.૦૦થી ઘટીને ૬૨.૮૨ થઈ ગયા છે.

જોકે રોહિત ઍન્ડ કંપની ડબ્લ્યૂટીસીના ટેબલમાં હજીયે મોખરે છે. હા, ઑસ્ટ્રેલિયાની સરખામણીમાં પાતળા માર્જિનથી આગળ છે. ભારતીય ટીમ ૬૨.૮૨ના પૉઇન્ટ પર્સન્ટેજ સાથે અવ્વલ છે, જ્યારે ઑસ્ટ્રેલિયા ૬૨.૫૦ના પર્સન્ટેજ સાથે બીજા નંબરે છે. ભારત હજી પણ આવતા વર્ષે લૉર્ડ્સમાં ૧૧ની જૂનથી રમાનારી ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં પહોંચી શકે એમ છે. ૨૦૨૧ની અને ૨૦૨૩ની પહેલી બન્ને ફાઇનલમાં ભારત પહોંચ્યું હતું, પરંતુ અનુક્રમે ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું.

જો ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ પહેલાં રમાનારી ટેસ્ટ-મૅચોના પરિણામો ભારતની તરફેણમાં આવશે તો ભારત ફાઇનલની હૅટ-ટ્રિક કરી શકશે. હા, હવે રોહિત શર્મા ઍન્ડ કંપનીને એક પણ ટેસ્ટનો પરાજય નહીં પરવડે. પહેલી નવેમ્બરથી વાનખેડેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ત્રીજી અને આખરી ટેસ્ટ રમાશે. ત્યાર બાદ રોહિતની ટીમ પાંચ ટેસ્ટ રમવા ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જશે. બાકીની આ છ ટેસ્ટમાંથી ભારતને હવે એક પરાજય પણ ભારે પડી શકે. બીજી રીતે કહીએ તો બાકીની છમાંથી પાંચ ટેસ્ટ ભારતે જીતવી પડશે અને એક ટેસ્ટ ડ્રૉમાં જશે તો પણ ચાલશે. હા, એક પણ હાર નહીં જ ચાલે. પાંચ જીત અને એક ડ્રૉ સહિત ભારત ૭૧.૦૫ના પૉઇન્ટ પર્સન્ટેજ સાથે ફાઇનલમાં જઈ શકશે. છમાંથી ચાર જીત અને બે ડ્રૉનું પરિણામ હશે તો ભારતે અન્ય દેશોના પરિણામો પર વધુ મદાર રાખવો પડશે.

જો ભારત બાકીની તમામ છ ટેસ્ટ જીતશે તો પર્સન્ટેજ ૭૪.૫૬ થઈ જશે જે પૉઇન્ટ-ટેબલમાં એને સર્વોપરી બનાવી શકે. એ માટે ભારતે વાનખેડેમાં ન્યૂ ઝીલૅન્ડને અંતિમ ટેસ્ટમાં હરાવવું પડે અને પછી ઑસ્ટ્રેલિયામાં સિરીઝ ૫-૦થી જીતવી પડે.

ઉલ્લેખનીય છે કે ભારત તથા ઑસ્ટ્રેલિયા ઉપરાંત સાઉથ આફ્રિકા, શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડ પણ ડબ્લ્યૂટીસીની ફાઇનલ માટે દાવેદાર છે. આ બધામાં સાઉથ આફ્રિકાનો ચાન્સ સૌથી વધુ છે.

ભારત બાકીની છમાંથી બે ટેસ્ટ જીતશે તો પૉઇન્ટ પર્સન્ટેજ જરૂરી ૬૦.૦૦થી વધુ રહેશે, પરંતુ એ સ્થિતિમાં અન્ય ટીમોના પરિણામો પર મોટો મદાર ભારતે રાખવો પડશે. બીજું, આપણે બે જીત મેળવીએ તો બાકીની ચાર ટેસ્ટ ડ્રૉમાં જવી જોઈશે.

| ક્રમ | ટીમ | મૅચ | જીત | હાર | ડ્રૉ | પૉઇન્ટ | પૉઇન્ટ પર્સન્ટેજ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભારત | ૧૩ | ૮ | ૪ | ૧ | ૯૮ | ૬૨.૮૨ |
| ૨ | ઑસ્ટ્રેલિયા | ૧૨ | ૮ | ૩ | ૧ | ૯૦ | ૬૨.૫૦ |
| ૩ | શ્રીલંકા | ૯ | ૫ | ૪ | ૦ | ૬૦ | ૫૫.૫૬ |
| ૪ | ન્યૂ ઝીલૅન્ડ | ૧૦ | ૫ | ૫ | ૦ | ૬૦ | ૫૦.૦૦ |
| ૫ | સાઉથ આફ્રિકા | ૭ | ૩ | ૩ | ૧ | ૪૦ | ૪૭.૬૨ |
| ૬ | ઇંગ્લૅન્ડ | ૧૯ | ૯ | ૯ | ૧ | ૯૩ | ૪૦.૭૯ |
| ૭ | પાકિસ્તાન | ૧૦ | ૪ | ૬ | ૦ | ૪૦ | ૩૩.૩૩ |
| ૮ | બાંગ્લાદેશ | ૯ | ૩ | ૬ | ૦ | ૩૩ | ૩૦.૫૬ |
| ૯ | વેસ્ટ ઇન્ડિઝ | ૯ | ૧ | ૬ | ૨ | ૨૦ | ૧૮.૫૨ |

### ડબ્લ્યૂટીસીમાં ક્યા દાવેદાર દેશની હવે કોની સામે ટેસ્ટ બાકી?

(૧) ભારતઃ ન્યૂ ઝીલૅન્ડ સામે એક ટેસ્ટ (ઘરઆંગણે) અને ઑસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટ (ઑસ્ટ્રેલિયામાં)

(૨) ઑસ્ટ્રેલિયાઃ ભારત સામે પાંચ ટેસ્ટ (ઘરઆંગણે)

(૩) સાઉથ આફ્રિકાઃ બાંગ્લાદેશ સામે એક ટેસ્ટ (બાંગ્લાદેશમાં), શ્રીલંકા સામે બે ટેસ્ટ (ઘરઆંગણે), પાકિસ્તાન સામે બે ટેસ્ટ (ઘરઆંગણે)

(૪) શ્રીલંકાઃ સાઉથ આફ્રિકા સામે બે ટેસ્ટ (સાઉથ આફ્રિકામાં)

(૫) ન્યૂ ઝીલૅન્ડઃ ભારત સામે એક ટેસ્ટ (ભારતમાં), ઇંગ્લૅન્ડ સામે ત્રણ ટેસ્ટ (ઘરઆંગણે) ■

# રિષભ પંતને પોતાનો જ નિર્ણય ભારે પડ્યો અને થઈ ગયો રનઆઉટ



રિષભ પંત ગઈ કાલે પોતાની જ ભૂલને કારણે દોડ્યો અને રનઆઉટ થઈ ગયો. (પીટીઆઇ)

પુણેઃ વિકેટકીપર રિષભ પંત ગયા અઠવાડિયે બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં માત્ર ૨૦ રન બનાવીને આઉટ થયો અને એ મૅચમાં લગભગ એ તબક્કે જ ભારતનો પરાજય નિશ્ચિત થઈ ગયો હતો અને કિવીઓ ૩૬ વર્ષે પહેલી વાર ભારતમાં ટેસ્ટ જીતવામાં સફળ થયા. હવે શનિવારે એવું જાણે બીજી રીતે પુનરાવર્તન થયું જેમાં રિષભ પંત હાર માટે એક રીતે જવાબદાર કહી શકાય. આ દાવમાં તે શૂન્યમાં આઉટ થયો. આઉટ તો થયો, પણ કેવી રીતે! કટોકટીના સમયે પોતાની જ ભૂલને લીધે રનઆઉટ થઈ ગયો.

જીતવા માટે ૩૫૯ રનના લક્ષ્યાંકનો પીછો કરી રહેલા ભારતની ૨૩મી ઓવરમાં સ્કોર ત્રણ વિકેટે ૧૨૭ રન હતો. રોહિત શર્મા બાદ શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલ આઉટ થયા પછી વિરાટ કોહલીની સાથે રિષભ પંતની મોટી ભાગીદારી થશે એવી આશા હતી, પરંતુ યશસ્વીએ વિકેટ ગુમાવી એ બાદ એ જ ટીમ-સ્કોર (૧૨૭) પર પંત રનઆઉટ થઈ ગયો હતો. તે ફક્ત ત્રણ જ બૉલ સુધી ક્રીઝ પર ટક્યો હતો.

સ્પિનર ઍજાઝ પટેલના લેન્ગ્થ બૉલને કોહલીએ બૅકવર્ડ પૉઇન્ટ તરફ મોકલ્યો હતો. કોહલીએ તરત જ બૉલ તરફ જોતા રહીને સિંગલ દોડવાની શરૂઆત કરી દીધી હતી. શરૂઆતમાં તો તે ખચકાટ અનુભવતો હતો, પણ તેણે જોયું કે પંત લગભગ અડધે સુધી આવી ગયો છે એટલે તે (કોહલી) સામા છેડે દોડી ગયો અને ક્રીઝમાં પહોંચી ગયો હતો. આ બાજુ, પંત ક્રીઝમાં પહોંચે એ પહેલાં જ મિચલ સૅન્ટનરે બૉલ કલેક્ટ કરીને વિકેટકીપર ટૉમ બ્લન્ડેલને આપ્યો હતો જેણે જોત જોતામાં પંતને રનઆઉટ કરી દીધો હતો. પંત ત્યારે ક્રીઝથી ઘણો દૂર હતો.

પંત અને કોહલી, બન્નેના ચહેરા પર ભારે હતાશા હતી. પંતને ખૂબ અફસોસ હતો અને નિરાશ ચહેરા સાથે પૅવિલિયન તરફ ચાલવા લાગ્યો હતો.

રન દોડવા માટેનો શરૂઆતનો કૉલ કોહલીએ આપ્યો હતો, પણ રિપ્લે જોયા બાદ કૉમેન્ટરી બૉક્સમાં બેઠેલા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મુરલી કાર્તિકે કહ્યું, 'આ રીતે રન દોડવામાં હંમેશાં નૉન-સ્ટ્રાઇક એન્ડ પરના બૅટરનો જ અંતિમ નિર્ણય હોય છે.'


કાર્તિકની બાજુમાં બેઠેલા ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર સાયમન ડુલે કહ્યું, 'ફીલ્ડર ક્યાં ગોઠવવામાં આવ્યા છે એ વિશેની જાગૃતિ અને પૂરી જાણકારી ન હોય ત્યારે જ આવા રનઆઉટ થતા હોય છે.' ■

## આજે મહિલાઓની બીજી વન-ડે

અમદાવાદઃ અહીં ક્રિકેટના સૌથી મોટા સ્ટેડિયમમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડની મહિલા ટીમ વચ્ચે સિરીઝની બીજી વન-ડે રમાશે. ભારતે પ્રથમ મૅચ ૫૯ રનથી જીતી લીધી હતી. હરમનપ્રીત કૌરે નજીવી ઈજાને કારણે પ્રથમ મૅચ ગુમાવી હતી અને સ્મૃતિ મંધાનાએ સુકાન સંભાળ્યું હતું. આજની મૅચ બપોરે ૧.૩૦ વાગ્યે શરૂ થશે. ■

# મનિકા બત્રાએ ભારતીય ટેબલ ટેનિસમાં રચ્યો ઇતિહાસ

## ડબ્લ્યૂટીટી ચૅમ્પિયન્સની ક્વૉર્ટરમાં પહોંચનારી પ્રથમ ભારતીય બની



મૉન્ટપેલિયર (ફ્રાન્સ): ભારતની વર્લ્ડ નંબર-૩૦ ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાએ ભારત માટે નવો ઇતિહાસ રચ્યો છે. શુક્રવારે તે વર્લ્ડ ટેબલ ટેનિસ (ડબ્લ્યૂટીટી) ચૅમ્પિયન્સ નામની સ્પર્ધાની ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય ખેલાડી બની છે.

મનિકાએ પોતાનાથી ચડિયાતા ક્રમની (વર્લ્ડ નંબર-૧૪) રોમાનિયાની બનડિટ ઝૉક્સને ૩-૧થી આંચકો આપીને આ સિદ્ધિ મેળવી હતી. મનિકાએ તેને ૧૧-૯, ૬-૧૧, ૧૩-૧૧, ૧૧-૯થી હરાવી દીધી હતી.

મનિકાએ આ પહેલાં પૅરિસ ઑલિમ્પિક્સમાં પણ બનડિટને ૩-૨થી પરાજિત કરી હતી. ત્યારે મનિકા ઑલિમ્પિકસની ટેબલ ટેનિસની સિંગલ્સની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય ખેલાડી પણ બની હતી.

ફ્રાન્સની ડબ્લ્યૂટીટીમાં મનિકાની ક્વૉર્ટર ફાઇનલ મૅચ ચીનની કિઆન ટિઍન્યી સામે છે. કિઆન પોતાના જ દેશની વૉન્ગ યિદીને ૩-૦થી હરાવીને ક્વૉર્ટરમાં પહોંચી છે. ■

# પુણેમાં પહેલા દિવસે પડી ૧૧ વિકેટ, બીજા દિવસે ૧૪ અને ત્રીજા દિવસે ૧૫...ખેલ ખતમ

## બીજી ટેસ્ટમાં ૪૦માંથી ૩૭ વિકેટ સ્પિનર્સે લીધીઃ પરાજય વચ્ચે યશસ્વી અને જાડેજાના અનોખા વિક્રમ

પુણેઃ અહીં ભારતીય ટીમ શનિવારે ૧૨ વર્ષ બાદ પહેલી વાર ઘરઆંગણાની ટેસ્ટ-સિરીઝ હારી એ સાથે ન્યૂ ઝીલૅન્ડે પણ અનોખો વિક્રમ નોંધાવ્યો. પાંચ વર્ષ પહેલાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની શરૂઆત થઈ ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડની ટીમ ક્યારેય પણ વિદેશી ધરતી પર ટેસ્ટ-શ્રેણી નહોતી જીતી, પરંતુ રોહિતસેનાએ શનિવારે એને એ વિજય માટેનો સરસ માર્ગ કરી આપ્યો. કિવીઓ અગાઉ વિદેશમાં સાત સિરીઝમાં ક્યારેય નહોતા જીત્યા. પુણેની ટેસ્ટમાં પહેલા દિવસે કુલ ૧૧ વિકેટ, બીજા દિવસે ૧૪ અને શનિવારના ત્રીજા દિવસે ૧૫ વિકેટ પડી અને એ સાથે મૅચ પોણાત્રણ દિવસમાં પૂરી થઈ ગઈ.

એક ટેસ્ટમાં ૪૦માંથી સૌથી વધુ વિકેટ સ્પિનર્સે લીધી હોય એવી રેકૉર્ડ-બુકમાં પુણેની ટેસ્ટ બીજા નંબરે છે. આ પહેલાં, ૨૦૧૮માં શ્રીલંકા-ઇંગ્લૅન્ડની ટેસ્ટમાં કુલ ૩૮ વિકેટ અને ૨૦૧૯માં બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનની ટેસ્ટમાં કુલ ૩૮ વિકેટ સ્પિનર્સે લીધી હતી.

પુણેની ટેસ્ટમાં મૅન ઑફ ધ મૅચ મિચલ સૅન્ટનરે કુલ ૧૩ વિકેટ (સાત+છ), વૉશિંગ્ટન સુંદરે કુલ ૧૧ વિકેટ (સાત+ચાર), ગ્લેન ફિલિપ્સે કુલ ત્રણ વિકેટ (બે+એક), આર. અશ્વિને કુલ પાંચ વિકેટ (ત્રણ+બે), રવીન્દ્ર જાડેજાએ કુલ ત્રણ વિકેટ અને ઍજાઝ પટેલે કુલ બે વિકેટ લીધી. એ રીતે, સ્પિનર્સે કુલ ૩૭ વિકેટ હાંસલ કરી.

ત્રણ મૅચની શ્રેણીમાં ટૉમ લેથમની ટીમે ૨-૦થી વિજયી સરસાઈ તો મેળવી જ છે, આગામી જૂનની ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં પ્રવેશ મેળવવા માટેની તક પણ વધારી દીધી છે.

મૅન ઑફ ધ મૅચ લેફ્ટ-આર્મ સ્પિનર મિચલ સૅન્ટનર (૫૩ રનમાં સાત, ૧૦૪ રનમાં છ) એક ટેસ્ટના બન્ને દાવમાં છથી વધુ વિકેટ લેનાર ત્રીજો કિવી બોલર બન્યો છે. તેણે સર રિચર્ડ હેડલી અને ડેનિયલ વેટોરીની બરાબરી કરી છે. હેડલીએ ૧૯૮૫માં બ્રિસ્બેનમાં ઑસ્ટ્રેલિયા સામે અને વેટોરીએ ૨૦૦૪માં ચટગાંવમાં બાંગ્લાદેશ સામે આ સિદ્ધિ મેળવી હતી.

સૅન્ટનર એક જ ટેસ્ટમાં ૧૩ કે વધુ વિકેટ લેનાર ત્રીજો કિવી બોલર છે. તેણે પુણેની ટેસ્ટમાં કુલ ૧૩ વિકેટ લીધી. ફાસ્ટ બોલર હેડલીએ ૧૯૮૫માં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં કુલ ૧૨૩ રનમાં ૧૫ વિકેટ અને સ્પિનર ઍજાઝ પટેલે ૨૦૨૧માં વાનખેડેમાં ભારત સામેની ટેસ્ટમાં ૨૨૫ રનમાં ૧૪ વિકેટ લીધી હતી.

ઘરઆંગણે રોહિત શર્માની કૅપ્ટન્સીમાં ભારત ચોથી ટેસ્ટ હાર્યું. એ સાથે, ઘરઆંગણે સૌથી વધુ ટેસ્ટ હારનાર ભારતીય સુકાનીઓમાં તેનું નામ હવે આ ભૂતપૂર્વ કૅપ્ટનો સાથે જોડાયું છેઃ મન્સૂર અલી ખાન પટૌડી (૨૭માંથી નવ ટેસ્ટમાં હાર), કપિલ દેવ (૨૦માંથી ચાર ટેસ્ટમાં હાર), મોહમ્મદ અઝહરુદ્દીન (૨૦માંથી ચાર ટેસ્ટમાં હાર) અને રોહિત શર્મા (૧૫માંથી ચાર ટેસ્ટમાં હાર).

ભારત સિરીઝ હાર્યું, પરંતુ યશસ્વી જયસ્વાલે એક રસપ્રદ વિક્રમ કર્યો. ઘરઆંગણે ૨૦૨૪માં તેણે કુલ ૧,૦૫૬ રન બનાવ્યા છે. ભારતમાં કોઈ એક બૅટરે એક કૅલેન્ડર યરમાં બનાવેલા આ સૌથી વધુ રન છે. તેણે ગુંડપ્પા વિશ્વનાથ (૧૯૭૯માં ૧,૦૪૭ રન)નો રેકૉર્ડ તોડ્યો છે.

ઘરઆંગણે ટેસ્ટમાં ૨૦૦૦ રન + ૨૦૦ વિકેટની સિદ્ધિ મેળવનાર રવીન્દ્ર જાડેજા ચોથો પ્લેયર છે. તેણે કપિલ દેવ, ઈયાન બૉથમ, સ્ટુઅર્ટ બ્રૉડની બરાબરી કરી છે.

### ઘરઆંગણે ભારતના રેકૉર્ડ ૧૮ સિરીઝ-વિજય પછીની પ્રથમ હાર

(૧) ૨૦૧૨-'૧૩માં ઑસ્ટ્રેલિયા સામે ૪-૦થી વિજય
(૨) ૨૦૧૩-'૧૪માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી વિજય
(૩) ૨૦૧૫-'૧૬માં સાઉથ આફ્રિકા સામે ૩-૦થી વિજય
(૪) ૨૦૧૬-'૧૭માં ન્યૂ ઝીલૅન્ડ સામે ૩-૦થી વિજય
(૫) ૨૦૧૬-'૧૭માં ઈંગ્લૅન્ડ સામે ૪-૦થી વિજય
(૬) ૨૦૧૬-'૧૭માં બાંગ્લાદેશ સામે ૧-૦થી વિજય
(૭) ૨૦૧૬-૧૭માં ઑસ્ટ્રેલિયા સામે ૨-૧થી વિજય
(૮) ૨૦૧૭-૧૮માં શ્રીલંકા સામે ૧-૦થી વિજય
(૯) ૨૦૧૮માં અફઘાનિસ્તાન સામે ૧-૦થી વિજય
(૧૦) ૨૦૧૮-'૧૯માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી વિજય
(૧૧) ૨૦૧૯-'૨૦માં સાઉથ આફ્રિકા સામે ૩-૦થી વિજય
(૧૨) ૨૦૧૯-'૨૦માં બાંગ્લાદેશ સામે ૨-૦થી વિજય
(૧૩) ૨૦૨૦-'૨૧માં ઈંગ્લૅન્ડ સામે ૩-૧થી વિજય
(૧૪) ૨૦૨૧-'૨૨માં ન્યૂ ઝીલૅન્ડ સામે ૧-૦થી વિજય
(૧૫) ૨૦૨૧-'૨૨માં શ્રીલંકા સામે ૨-૦થી વિજય
(૧૬) ૨૦૨૨'-૨૩માં ઑસ્ટ્રેલિયા સામે ૨-૧થી વિજય
(૧૭) ૨૦૨૩-'૨૪માં ઈંગ્લૅન્ડ સામે ૩-૧થી વિજય
(૧૮) ૨૦૨૪-'૨૫માં બાંગ્લાદેશ સામે ૨-૦થી વિજય
(૧૯) ૨૦૨૪-'૨૫માં ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૨થી પરાજય

**નોંધઃ** ઘરઆંગણે સૌથી વધુ સતત ૧૮ ટેસ્ટ-સિરીઝ જીતવાનો રેકૉર્ડ ભારતના નામે છે. જોકે એ વિક્રમ હવે ત્યાં જ અટકી ગયો છે. ઘરઆંગણે સતતપણે સૌથી વધુ ટેસ્ટ-શ્રેણીમાં અપરાજિત રહેવાનો વિશ્વ વિક્રમ ઑસ્ટ્રેલિયાના નામે છે. કાંગારૂઓ ૧૯૯૨-૨૦૦૯ દરમ્યાન સતત ૨૮ સિરીઝમાં અપરાજિત રહ્યા.

# રણજી મૅચઃ મુંબઈના ૨૪૮/૬, સૂર્યાંશ ૯૯ રને આઉટ

અગરતલાઃ રણજી ટ્રોફીમાં શનિવારે પ્રથમ દિવસે ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈએ ત્રિપુરા સામે પ્રથમ દાવમાં છ વિકેટે ૨૪૮ રન બનાવ્યા હતા.

સૂર્યાંશ શેડગે ૯૯ રને આઉટ થઈ જતાં બહુમૂલ્ય ઇનિંગ્સમાં સેન્ચુરી ચૂકી ગયો હતો. જોકે તેણે મુંબઈને મોટી મુસીબતમાંથી ઉગાર્યું હતું.

મુંબઈએ બૅટિંગ પસંદ કરી હતી અને પહેલા દિવસની રમત પૂરી થઈ ત્યારે મુંબઈનો સ્કોર છ વિકેટે ૨૪૮ રન હતા જેમાં કૅપ્ટન અજિંક્ય રહાણેના ૩૫ રન પણ હતા. શમ્સ મુલાની ૩૮ રને રમી રહ્યો હતો.

મુંબઈની બે વિકેટ મણિશંકરે અને બે વિકેટ અભિજીત સરકારે લીધી હતી.

અન્ય રણજી મૅચોમાં વડોદરામાં ઓડિશાને ૧૯૩ રને આઉટ કર્યા બાદ બરોડાએ એક વિકેટે ૫૦ રન બનાવ્યા હતા.

જયપુરમાં ગુજરાતે રાજસ્થાન સામે સાત વિકેટે ૨૮૫ રન બનાવ્યા હતા.

રાજકોટમાં રેલવેની ટીમ ૨૩૪ રને આઉટ થઈ ત્યાર બાદ સૌરાષ્ટ્રએ વિના વિકેટે ૩૫ રન બનાવ્યા હતા. ■

# મેસી પહેલી જ પ્લે-ઑફમાં ગોલ ન કરી શક્યો, પણ ઇન્ટર માયામીને અપાવી જીત



ફોર્ટ લૉડરડેલ (અમેરિકા): અહીં શુક્રવારે મેજર લીગ સૉકર (એમએલએસ)માં આર્જેન્ટિનાનો વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસી પહેલી વાર પ્લે-ઑફમાં રમ્યો હતો અને તે ઇન્ટર માયામી વતી આ મૅચમાં એક પણ ગોલ નહોતો કરી શક્યો, પરંતુ તે ટીમના બન્ને ગોલમાં મદદરૂપ થયો હતો અને તેની ટીમ બેસ્ટ-ઑફ-થ્રી પ્લે ઑફના પ્રથમ મુકાબલામાં વિજયી થઈ હતી. માયામીએ ઍટલાન્ટા યુનાઇટેડની ટીમને ૨-૧થી હરાવી હતી.

મેસીએ વારંવાર ગોલ કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ હરીફ ખેલાડીઓએ તેને સફળ નહોતો થવા દીધો. જોકે મેસીએ યોગ્ય સમયે સાથીઓને ગોલ માટે આસિસ્ટ કર્યા હતા અને તેની મદદથી બીજી મિનિટમાં લુઇસ સુઆરેઝ તેમ જ ૬૦મી મિનિટમાં જૉર્ડી અલ્બા ગોલ કરવામાં સફળ થયો હતો. ઍટલાન્ટા વતી એકમાત્ર ગોલ સાબા લૉબ્ઝાનિઝે ૩૯મી મિનિટમાં કર્યો હતો. અલ્બાનો ૬૦મી મિનિટનો ગોલ મૅચ-વિનિંગ નીવડ્યો હતો.

મેસી પહેલી જ વખત એમએલએસના પ્લે-ઑફમાં રમ્યો હતો અને પોતાની ટીમને વિજય અપાવ્યો.

ઇંગ્લૅન્ડનો ભૂતપૂર્વ કૅપ્ટન ડેવિડ બેકહૅમ ઇન્ટર માયામાની ટીમનો સહ-માલિક છે. મેસીએ આ ટીમને એમએલએસની રેગ્યુલર સીઝનમાં વિક્રમજનક ૭૪ પૉઇન્ટ અને .૭૬૫ના વિનિંગ પર્સન્ટેજ સાથે નંબર-વન ટીમ બનાવી છે.

પ્લે-ઑફનો બીજો મુકાબલો બીજી નવેમ્બરે ઍટલાન્ટામાં અને (જરૂર પડશે તો...) ત્રીજો મુકાબલો નવમી નવેમ્બરે ફોર્ટ લૉડરડેલમાં યોજાશે.

દરમ્યાન, મેસીએ શુક્રવારની પ્લે-ઑફમાં જે કંઈ કર્યું એ ટિકટૉક પર બતાવવામાં આવ્યું હતું. મેસીના મેદાન પરના દરેક મૂવ, દરેક કિક અને ગોલ તરફ શૉટ મારવાના દરેક પ્રયાસને રેકૉર્ડ કરી લેવામાં આવ્યું હતું. બીજી રીતે કહીએ તો 'મેસી-કૅમ' સક્રિય કરાયો હતો અને એમએલએસના ટિકટૉક અકાઉન્ટ પર અપલોડ કરાયો હતો. ■

# નોમાન-સાજિદની સ્પિન જોડીએ લીધી ૧૯ વિકેટઃ પાકિસ્તાન સિરીઝ જીત્યું

રાવલપિંડીઃ એક તરફ ભારતમાં ટીમ ઇન્ડિયાએ પોતાની જ ટર્નિંગ પિચ પર (પુણેમાં) બીજી ટેસ્ટમાં પણ પરાજિત થઈને શનિવારે ત્રીજા દિવસે ન્યૂ ઝીલૅન્ડને સિરીઝનો વિજય તાસક પર ધરી દીધો ત્યાં બીજી બાજુ પાકિસ્તાને પોતાની ધરતી પર સ્પિનર્સને વધુ માફક આવતી રાવલપિંડીની પિચ પર ત્રીજા દિવસે ઇંગ્લૅન્ડને ત્રીજી ટેસ્ટમાં હરાવીને શ્રેણી ૨-૧થી જીતી લીધી.

લેફ્ટ-આર્મ સ્પિનર નોમાન અલી અને ઑફ-સ્પિનર સાજિદ ખાન સતત બીજી ટેસ્ટમાં પાકિસ્તાની ટીમના બે હીરો બન્યા. મુલતાનની બીજી ટેસ્ટમાં બન્ને સ્પિનરે મળીને કુલ ૨૦ વિકેટ લીધી હતી, જ્યારે રાવલપિંડીની નિર્ણાયક ટેસ્ટમાં તેમણે કુલ ૧૯ વિકેટ લઈને બેન સ્ટૉક્સની ટીમ સામે શાન મસૂદની ટીમને શાનદાર વિજય અપાવ્યો.

પાકિસ્તાન ૨૦૨૧ની સાલ પછી પહેલી વાર ઘરઆંગણે ટેસ્ટ-સિરીઝ જીતવામાં સફળ થયું છે.

ઇંગ્લૅન્ડની ટીમ બીજા દાવમાં ફક્ત ૧૧૨ રનમાં ઑલઆઉટ થઈ જતાં પાકિસ્તાનને ૩૬ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે ૩૭/૧ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

નોમાન અલીએ પ્રથમ દાવમાં ત્રણ અને બીજા દાવમાં છ વિકેટ મેળવી હતી, જ્યારે સાજિદ ખાને પ્રથમ દાવમાં છ અને બીજા દાવમાં ચાર વિકેટ ઝડપી હતી.

પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે રાવલપિંડીની પિચ પર ફૅક્ટરીમાં વપરાય એવા તોતિંગ પંખા બેસાડીને તેમ જ હીટરની મદદથી પિચને સૂકી બનાવી હતી અને બન્ને સ્પિનર નોમાન અલી તથા સાજિદ ખાન ફરીવાર બ્રિટિશ બૅટર્સ સામે સફળ થાય એવી સ્થિતિ ઊભી કરી હતી. એમાં પાકિસ્તાન બોર્ડને સફળતા મળી છે. ■

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૭-૧૦-૨૦૨૪

# પ્રિયંકા આવી રહી છે..



**રાજકારણ અને ચૂંટણીપ્રચારની ખાસ્સી અનુભવી પ્રિયંકા ગાંધી-વાડ્રા હવે પહેલી વાર ચૂંટણીજંગમાં ઝુકાવી રહી છે. આકર્ષક વ્યક્તિત્વ અને આક્રમકતા ધરાવતી પ્રિયંકા પોતાના ભાઈ રાહુલના સંગાથે દેશના રાજકારણનો પ્રવાહ પલટાવી શકશે ખરી?**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની સાથે સાથે દેશમાં વિધાનસભા અને લોકસભાની કેટલીક બેઠકોની પેટાચૂંટણી પણ થવાની છે. આ બેઠકોમાં એક કેરળની વાયનાડ લોકસભા બેઠક પણ છે. દેશમાં લોકોને લોકસભાની બીજી કઈ કઈ પેટાચૂંટણી થવાની છે એ ખબર પણ નથી, પણ વાયનાડ લોકસભા બેઠકની બધે ચર્ચા છે, કેમ કે વાયનાડ બેઠક પરથી પ્રિયંકા ગાંધી-વાડ્રા ચૂંટણી લડી રહ્યાં છે. કૉંગ્રેસનાં નેતા પ્રિયંકાએ વાયનાડ લોકસભા બેઠક પરથી ઉમેદવારી પણ નોંધાવી દીધી છે.

વાયનાડ પરથી થોડા મહિના પહેલાં પ્રિયંકાના ભાઈ રાહુલ ગાંધી જીત્યા હતા. રાહુલ ઉત્તર પ્રદેશની રાયબરેલી અને કેરળની વાયનાડ એમ બે બેઠક પર ચૂંટણી જીત્યા હતા, પણ કાયદા પ્રમાણે રાહુલ એક જ બેઠક પરથી લોકસભાના સભ્ય રહી શકે તેથી એક બેઠક ખાલી કરવી પડે. રાહુલે યુપીની રાયબરેલી બેઠક જાળવીને કેરળની વાયનાડ લોકસભા બેઠક ખાલી કરી દીધી હતી. રાહુલે ખાલી કરેલી બેઠક પરથી પ્રિયંકા ગાંધી-વાડ્રા ચૂંટણી લડશે એવો નિર્ણય પણ કૉંગ્રેસે લઈ લીધેલો. વાયનાડ બેઠકની પેટાચૂંટણીની તારીખની જાહેરાતની રાહ જોવાતી હતી. ચૂંટણી પંચે એ ઔપચારિકતા પણ પૂરી કરતાં હવે પ્રિયંકા સત્તાવાર રીતે મેદાનમાં આવી ગયાં છે.

દેશભરની નજર વાયનાડ બેઠક પર છે કેમ કે પ્રિયંકા પહેલી વાર ચૂંટણી લડી રહ્યાં છે. પ્રિયંકાએ સમજી વિચારીને મેદાનમાં ઊતરવાનું નક્કી કર્યું છે તેથી પ્રથમ ગ્રાસે મક્ષિકા થવાની શક્યતા ઓછી છે ને પ્રિયંકાના લોકસભામાં પ્રવેશનો તખ્તો લગભગ તૈયાર છે. પ્રિયંકા ૨૦૧૯માં ચૂંટણી લડશે એવું મનાતું હતું પણ પ્રિયંકાએ ચૂંટણીના મેદાનમાં નહીં ઊતરવાનું નક્કી કરી નાખેલું. સોનિયા ગાંધી ૨૦૨૩માં રાજસ્થાનમાંથી રાજ્યસભામાં સભ્ય બન્યાં ત્યારે એમણે રાયબરેલી લોકસભા બેઠક ખાલી કરી હતી.

લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીની જાહેરાત થઈ ત્યારે પ્રિયંકા માતા સોનિયા ગાંધીએ ખાલી કરેલી રાયબરેલી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે એવી અટકળો ચાલી હતી, પણ કૉંગ્રેસે રાહુલને રાયબરેલીમાંથી ઉતારવાનું નક્કી કરતાં પ્રિયંકાએ ચૂંટણી જંગમાં ઊતરવાના બદલે ભાઈ રાહુલને મદદરૂપ થવા કૉંગ્રેસનો પ્રચાર કરવાનું પસંદ કર્યું તેથી પ્રિયંકા ફરી ચૂંટણી નહોતાં લડ્યાં. પ્રિયંકાના સદનસીબે રાહુલ બંને બેઠક પરથી જીતતાં પ્રિયંકા માટે વાયનાડ પરથી લડવાનો રસ્તો સાફ થઈ ગયો.

પ્રિયંકા સામે ભાજપે નવ્યા હરિદાસને મેદાનમાં ઉતાર્યાં છે, જેમને બહુ લોકો ઓળખતાં નથી. કેરળમાં ડાબેરી મોરચાની સરકાર હોવા છતાં રાહુલ સળંગ બે વાર વાયનાડમાંથી જીત્યા છે અને અત્યારે તો ડાબેરી મોરચો પણ કૉંગ્રેસની તરફેણમાં છે તેથી પ્રિયંકાની જીત સરળ મનાય છે. કેરળમાં કૉંગ્રેસ મજબૂત છે. આ કારણે ૨૦૨૪ની ચૂંટણીમાં રાહુલ ગાંધી વાયનાડ બેઠક પર ચાર લાખથી વધારે મતે જીત્યા હતા. તેના પરથી જ પ્રિયંકા માટે વાયનાડમાંથી જીતવું બહુ સરળ છે એવી ધારણા છે.

પ્રિયંકા લોકસભાનાં સભ્ય બનશે તો કૉંગ્રેસની સ્થિતિ મજબૂત બનશે તેમાં શંકા નથી. પ્રિયંકા પાસે કરિશ્મા છે અને આકર્ષક વ્યક્તિત્વ છે. બોલવાની આગવી છટા છે અને ઘણાં એની સરખામણી ઈન્દિરા ગાંધી સાથે કરે છે. પ્રિયંકાએ જો કે ઈન્દિરા જેવો જબરદસ્ત કરિશ્મા અને મુત્સદીગીરી પોતાની પાસે હોવાનું હજુ સાબિત કર્યું નથી, પણ પ્રિયંકા આકર્ષક વ્યક્તિત્વ અને આક્રમકતા ધરાવે છે તેમાં બેમત નથી. કૉંગ્રેસમાં અને ખાનગીમાં શાસક પક્ષના પણ ઘણાં લોકો માને છે કે પ્રિયંકા પાસે લોકોને આકર્ષવાની ક્ષમતા રાહુલ ગાંધી કરતાં વધારે છે. આ વાત સાથે સંમત ના થઈએ તો પણ પ્રિયંકા અસહ્ય નથી એ સ્વીકારવું પડે.

પ્રિયંકા લાંબા સમયથી સક્રિય રાજકારણમાં છે. માત્ર ૧૭ વર્ષની વયે એણે પિતા રાજીવ માટે સર્વપ્રથમ અને પછી મમ્મી સોનિયા ગાંધી અને ભાઈ રાહુલ માટે ઉપરાંત પોતાના પક્ષના અન્ય ઉમેદવારો માટે પણ વરસોથી ચૂંટણી પ્રચાર કરે છે. સોનિયા-રાહુલ બંનેના મતવિસ્તારોમાં લોકોને મળીને જનસંપર્ક કરવાનું કામ પણ કરે છે તેથી લોકો સાથે એમનો સીધો સંપર્ક છે. ચૂંટણી સભાઓમાં પણ આક્રમક ભાષામાં અને અસરકારક મુદ્દાઓ ઉઠાવીને વાત કરે છે. પ્રિયંકા ૨૦૧૯થી સત્તાવાર રીતે કૉંગ્રેસનાં મહામંત્રી છે તેથી રાજકારણ સાથે લાંબા સમયથી સીધાં સંકળાયેલાં પણ છે. લોકસભા ને વિધાનસભાની ચૂંટણીઓમાં લગભગ ૩૫ વર્ષથી ચૂંટણી પ્રચાર સાથે સંકલાયેલાં પ્રિયંકાની લોકસભામાં એન્ટ્રીથી કૉંગ્રેસમાં જોમ આવશે તેમાં શંકા નથી. પ્રિયંકા સારાં વક્તા છે, લડાયક છે અને આક્રમક છે.

રાહુલ અત્યારે એકલા હાથે ભાજપને હંફાવી રહ્યા છે ને પ્રિયંકાનો સાથ મળશે તો રાહુલ-પ્રિયંકાની ભાઈ-બહેનની જોડી લોકસભામાં ભાજપને જોરદાર ટક્કર આપશે તેમાં શંકા નથી. કૉંગ્રેસ વધારે અસરકારક રીતે મુખ્ય વિપક્ષની ભૂમિકા ભજવી શકશે. પ્રિયંકા વાયનાડમાંથી લોકસભાની ચૂંટણી જીતશે તો લોકસભામાંથી સાંસદ બનનારાં નહેરુ-ગાંધી ખાનદાનના પાંચમાં મહિલા હશે. આ પહેલાં નહેરુ-ગાંધી ખાનદાનમાંથી વિજયાલક્ષ્મી પંડિત, ઈન્દિરા ગાંધી, સોનિયા ગાંધી અને મેનકા ગાંધી એમ ૪ મહિલા લોકસભામાં પહોંચી છે.જવાહરલાલ નહેરુનાં મોટાં બહેન વિજયાલક્ષ્મી પંડિત નહેરુ-ગાંધી ખાનદાનમાંથી લોકસભાનાં સભ્ય બનનારાં પહેલાં મહિલા હતાં. નહેરુ-ગાંધી ખાનદાનમાં સૌથી લાંબો સમય લોકસભાનાં સભ્ય તરીકે સોનિયા ગાંધી રહ્યાં છે. સોનિયા કદી લોકસભાની ચૂંટણી હાર્યાં નથી. મમ્મી સોનિયાની જેમ જ પ્રિયંકા લાંબી ઈનિંગ રમશે અને ભારતીય રાજકારણનો પ્રવાહ પલટાવશે એવું પ્રિયંકાના ચાહકો-ટેકેદારોનું માનવું છે. ■

---


## અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# દુનિયાભરના મસાલાઓનું પગેરું

**વૈશ્વિક સ્તરે વાનગીઓમાં પરિવર્તન લાવનારા અને ઈતિહાસના ક્રમને પ્રભાવિત કરનારા તજ, કાળા મરી, કેસર અને અન્ય મસાલાઓનો અતુલનીય પ્રવાસ.**



આજે હું જ્યોર્જિયાથી આ લેખ લખી રહ્યો છું ત્યારે વૈશ્વિક નકશા પર જ્યોર્જિયાના સ્થાન વિશે મને અચરજ થયા વિના રહેતું નથી!યુરોપિયન અને એશિયન પ્રભાવો હજારો વર્ષથી જેમાં ભળી રહ્યા છે તે સિલ્ક રોડ વેપાર માર્ગ સાથે મળતો પ્રાચીન દેશ જ્યોર્જિયા દેખીતી રીતે જ એવું સંમિશ્રણ છે જે અસલ અને આશ્ચર્યજનક સ્થળ નિર્માણ કરે છે. જ્યાં વેપાર દરેક રીતે મોટે પાયે થતો હતો તે સિલ્ક રોડ પર આપણે આવ્યા છીએ ત્યારે આજે હું દુનિયાને બદલી નાખનારા મસાલાઓ વિશે વાત કરવા માગું છું.

મસાલાઓને લઈને અનેક યુદ્ધ થયાં હતાં, સામ્રાજ્યોની ચઢતીપડતી થઈ અને એક સમયે સોના કરતાં પણ તેનું વધારે મહત્ત્વ હતું. તજ, કાળી મરી,કેસર અને જાયફળ જેવા મસાલાઓ પ્રાચીન દુનિયાનો સૌથી મોટો ખજાનો માનવામાં આવતા હતા. તે એટલા મૂલ્યવાન હતા કે વાસ્તવમાં તેમણે વૈશ્વિક ખોજ અને વેપારના ક્રમને આકાર આપ્યો. જોકે તેમનું મૂલ્ય સોનાના સિક્કા અથવા રાજકીય તાકાતથી માપવામાં આવતું નહોતું,પરંતુ આ સાદી સામગ્રીઓનો દુનિયાની વાનગીઓ પર મજબૂત પ્રભાવથી માપવામાં આવતું હતું, જેણે આજ સુધી રસોઈમાં ક્રાંતિ લાવવાનું ચાલુ રાખ્યું છે.

પ્રાચીન મસાલાના વેપારના માર્ગોએ, જેમ કે, વિખ્યાત સિલ્ક રોડ અને મેરિટાઈમ સ્પાઈસ રુટ ભારતથી મધ્ય પૂર્વ, દક્ષિણપૂર્વ એશિયા અને યુરોપ સુધી દૂરસુદૂર માનવસંસ્કૃતિ સાથે જાડાયેલા હોઈ મસાલાઓ સાથે વિચારો, સંસ્કૃતિ અને સ્વાદને પણ આગળ ધપાવ્યા છે. વેપારી અને શોધકોએ ખંડથી ખંડ આ સ્વાદિષ્ટ મસાલાઓનું પરિવહન કરીને દુનિયાનાં રસોડાંઓમાં પરિવર્તન લાવી દીધું. આજે આપણે સ્થાનિક અથવા પારંપરિક વાનગીઓ માણીએ છીએ તેમાં હજારો માઈલોનો પ્રવાસ કરીને આપણી થાળી સુધી પહોંચેલા મસાલાઓનો સૂક્ષ્મ અને નક્કર પ્રભાવ છે.

**તજ: શોધ પ્રેરિત કરનારો મીઠો મસાલો:** શ્રીલંકા અને સાઉથઈસ્ટ એશિયામાં ઉદભવ ધરાવતા તજ એક સમયે એટલા મૂલ્યવાન ગણાતા કે સમુદ્રિ ખોજ પ્રેરિત કરી અને શોધના વહેલા યુરોપિયન યુગને આકાર આપ્યો. અગાઉના વેપાર દરમિયાન આ મસાલા મુખ્ય કોમોડિટી હતા, જે મોટે ભાગે તેની તંગી અને યુરોપમાં ઉચ્ચ માગણીને લીધે સોના કરતાં પણ વધુ મૂલ્યવાન હતા. યુરોપમાં વાઈનથી ઔષધિઓ સુધી દરેકમાં ફ્લેવર તરીકે તજનો ઉપયોગ કરાતો હતો. સદીઓથી અરબી વેપારીઓએ તેના અસલ સ્રોતને અત્યંત ગોપનીય રાખ્યા હતા, જેથી યુરોપિયન એવું માનવા લાગ્યા હતા કે તજ એ ચમત્કારી "તજની ધરતી"માં ઊગે છે.

પોર્ટુગીઝોએ 16મી સદીમાં તેનો સ્રોત સૌપ્રથમ ખોજ કર્યો હતો, જેને લઈ શ્રીલંકામાં આવીને તેઓ વસી ગયા અને તે પછી ડચ અને બ્રિટિશ વચ્ચે તજના વેપારમાં વર્ચસ જમાવવા આ ટાપુ પર કબજો મેળવવા માટે લડત શરૂ થઈ. આ મહત્ત્વપૂર્ણ મસાલાએ વૈશ્વિક ખોજ તો પ્રેરિત કરી જ પરંતુ અણધારી રીતે વિશ્વના ઈતિહાસ પર પ્રભાવ પાડતાં સામ્રાજ્યવાદ માટે તે સૂત્રધાર પણ બની ગયા હતા.

**કાળા મરી: મસાલાઓના રાજા:** કાળા મરીને મોટે ભાગે "મસાલાના રાજા" તરીકે ઓળખવામાં આવે છે. એક સમયે તેનું સ્થાન એટલું શક્તિશાળી હતું કે તેને પ્રાચીન રોમમાં કરન્સી તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. તેના મૂળનું પગેરું ભારતના મલાબાર દરિયાકાંઠામાં મળે છે, જ્યાં હજારો વર્ષ સુધી તેની વાવણી કરવામાં આવતી હતી. મધ્ય યુગ દરમિયાન કાળા મરી યુરોપમાં સૌથી મૂલ્યવાન કોમોડિટીમાંથી એક હતા. ખાદ્યનું સંવર્ધન કરવાની અને ફ્લેવર બહેતર બનાવવાની તેની ક્ષમતાને કારણે તેની ઉચ્ચ કિંમત બોલાતી હતી. આથી મહત્ત્વપૂર્ણ એ છે કે કાળા મરી મોટે ભાગે "કાળું સોનું" તરીકે ઓળખવામાં આવે છે અને તેના વેપારે રોમનથી વેનેશિયન સુધી અનેક સામ્રાજ્યોની સંપત્તિ અને સત્તામાં યોગદાન આપ્યું છે.

કાળા મરીમાં મસાલાના વેપારે યુરોપિયન ખોજ માટે પાયો રચ્યો હતો. પોર્ટુગીઝ શોધક વાસ્કો દ ગામાએ 1498માં ભારતમાં સમુદ્રિ માર્ગે પ્રવાસ કરીને પ્રત્યક્ષ વેપાર કડી સ્થાપિત કરી, જેનાથી ઈતિહાસનો ક્રમ કાયમ માટે બદલી નાખ્યો છે. પોર્ટુગીઝ, ડચ અને બ્રિટિશ વેપારીઓએ આકર્ષક મરીના વેપાર પર નિયંત્રણ માટે જંગ કર્યો, જે પછી ખાસ કરીને તેના ઉત્પાદન અને નિકાસ પર કાબૂ મેળવવા માટે ભારતમાં કોલોનિયલ સત્તાએ પગ જમાવી દીધો.

**કેસર: ચમત્કારી ઉદભવ સાથેનો સુવર્ણ મસાલો** દુનિયામાં સૌથી મોંઘો મસાલો એટલે કેસર, જે તેની આકર્ષક સોનેરી છટા, અજોડ સ્વાદ અને ઔષધિ ગુણો માટે 3,000 વર્ષથી ઉપયોગ કરવામાં આવે છે. ભૂમધ્ય પ્રદેશ અને ઈરાનમાંથી ઉદભવ ધરાવતું કેસર એક સમયે ચમત્કારી અને રોગહર શક્તિ ધરાવતું હોવાનું માનવામાં આવતું હતું.પ્રાચીન સમયમાં તે પરફ્યુમથી ઔષધિ ઉપચાર સુધી દરેકમાં ઉપયોગ કરાતું હતું અને તે ગ્રીસથી પર્શિયા અને તેની પાર પણ પ્રાચીનમાનવ સંસ્કૃતિઓમાં સંપત્તિ અને લક્ઝરીનું પ્રતિક બની ગયું હતું.

કેસરની પ્રાપ્તિ શ્રમ સઘન પ્રક્રિયા છે, જે પણ તેની ઉચ્ચ કિંમતનું એક કારણ છે. તે ક્રોકસ ફૂલોના નાજુક સ્ટિગ્મા (વર્તિકાગ્ર)માંથી પ્રાપ્ત થાય છે.હજારો ફૂલોમાંથી થોડી માત્રામાં કેસર બને છે. ઈતિહાસમાં કેસરની ખૂબીએ પ્રાચીન મસાલાના રુટ્સ સાથે વેપારીઓમાં તેને મૂલ્યવાન બનાવી દીધું હતું. વેપારીઓ મધ્ય પૂર્વથી તે યુરોપ અને એશિયાની બજારોમાં લઈ જઈ તે વેચતા હતા.

**જાયફળ અને લવિંગ: સામ્રાજ્યો બદલી નાખનારા મસાલા:** જાયફળ અને લવિંગ ઈન્ડોનેશિયાના નાના સ્પાઈસ આઈલેન્ડ્સમાંથી ઉદભવ્યા છે, જે નાના દ્વીપસમૂહ પર સદીઓથી આ પ્રતિષ્ઠિત મસાલા ઉગાડવામા આવતા હતા. તે સમયે દુનિયામાં તે ઉગાડનારું એકમાત્ર સ્થળ હતું. તેમની અજોડ ફ્લેવરે યુરોપમાં તેને બહુ પ્રચલિત બનાવી દીધું, જ્યાં તેઓ તેમાં ઔષધીય ગુણો હોવાનું માનતા હતા અને માંસથી વાઈન સુધી દરેકમાં સ્વાદ માટે વાપરતા હતા.

16મી અને 17મી સદી દરમિયાન જાયફળ અને લવિંગના વેપારને કારણે યુરોપિયન સત્તાઓ વચ્ચે વેરઝેર પેદા થયું હતું. પોર્ટુગીઝ આ મસાલાના ટાપુ પર સૌપ્રથમ પહોંચ્યા હતા, પરંતુ તેમની જગ્યા ટૂંક સમયમાં જ ડચે લઈ લીધી, જેમણે ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપી હતી. મસાલાના વેપારમાં મોનોપોલી ઊભી કરવાના પ્રયાસમાં ડચે લોહિયાળ યુદ્ધ છેડીને સ્થાનિક વસતિને ભગાવી દીધી અને તેમનું વર્ચસ જાળવી રાખવા માટે આ હરીફાઈવાળા ટાપુઓ પર જાયફળનાં ઝાડનો નાશ પણ કર્યો. તથાકથિત "મસાલા યુદ્ધો" એ દક્ષિણપૂર્વ એશિયામાં વસાહતીકરણનો ક્રમ બદલી નાખ્યો અને શોષણ તથા સત્તા સંઘર્ષનો ગૂંચભર્યો વારસો છોડી ગયા.

**આદું: પૂર્વથી પશ્ચિમનો પ્રવાસ કરનારો મસાલો:** દક્ષિણપૂર્વ એશિયામાં ઉદભવ ધરાવતું આદું પ્રાચીન માર્ગો પર સૌથી પહેલાં વેપાર કરાતા મસાલામાંથી એક હતું. તેણે મધ્ય પૂર્વ સુધી પોતાનો માર્ગ કર્યો અને આખરે યુરોપમાં પહોંચી ગયું હતું. પ્રાચીન ચીન અન ભારતમાં આદુંના ઔષધીય ગુણોને કારણે તેની કિંમત ઉચ્ચ હતી. તે પાચન અને શરદીથી લઈને આર્થ્રાઈટિસ સુધીની બીમારીઓનો ઉપચાર કરે છે એવું પણ માનવામાં આવે છે. વેપારના માર્ગો વિસ્તર્યા તેમ આદું ઝડપથી લોકપ્રિય કોમોડિટી બની ગઈ, જેનો રસોઈમાં તો ઉપયોગ થતો જ હતો પરંતુ તેના સ્વાસ્થ્યના લાભો પણ પ્રચલિત બન્યા હતા.

રોમન સામ્રાજ્ય દરમિયાન આદું યુરોપમાં રજૂ કરાયું હતું, જ્યાં ખાદ્ય સંવર્ધન કરવાની અને માંસથી મીઠા પકવાનો સુધીના પદાર્થોમાંસ્વાદ બહેતર બનાવવાની તેની ક્ષમતા માટે ઉચ્ચ કિંમત બોલાતી હતી. આદું ટૂંક સમયમાં જ મધ્યયુગીન યુરોપિયન રસોડામાં અન્ન બની ગયું હતું,જેનો સ્પાઈસ કેક્સ, જિંજરબ્રેડ અને એલીસમાં પણ વપરાશ થતો હતો.

તો આગામી વખતે તજ અથવા ચપટીક હળદર વાપરો ત્યારે આ મસાલાઓ તમારા રસોડા સુધી કઈ રીતે પહોંચ્યા તેનો અતુલનીય પ્રવાસ પણ જાણી લેજો. આખરે દરેક મસાલાની પાછળ ઈતિહાસ, સાહસ અને ફ્લેવરની દુનિયા છે. તો ફરી મળીશું, ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

વીણા વર્લ્ડ - સિનિયર્સ સ્પેશિયલ
ગોલ્ડન એજ સેલિબ્રેશન ટુર્સ
કલ્પના કરો, તમારાં માતા-પિતા... સ્વિટ્ઝર્લેન્ડનાં બરફમાં દે ધમ્માલ કરી રહ્યાં છે... કેરળના ચાના બગીચામાં રીલ શૂટ કરી રહ્યાં છે... અમેરિકામાં નાયગરા ફોલ્સ આંખોમાં સમાવી રહ્યાં છે... જાપાનની બુલેટ ટ્રેનમાં ગતિ સાથે બે હાથ કરી રહ્યાં છે... દુબઈના ડેઝર્ટમાં ફોર વ્હીલ ડ્રાઈવ લઈ રહ્યાં છે... ઓસ્ટ્રેલિયામાં ઓપેરા હાઉસ સામે સેલ્ફી કઢાવી રહ્યાં છે... રાજસ્થાનના પિચોલા લેકમાં બોટિંગ કરી રહ્યાં છે... સ્કેન્ડિનેવિયાનું નૈસર્ગિક સૌંદર્ય પોતાની આંખોમાં સમાવી રહ્યાં છે... આફ્રિકામાં કેપ ટાઉનમાં હેલિકોપ્ટર રાઈડ લઈ રહ્યાં છે...
હવે રાહ કોની જુઓ છો? મોકલો તેમને બિન્દાસ્ત! વીણા વર્લ્ડ સંગાથે
ચાલો, બેગ ભરો, નીકળી પડો!
Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979


સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




એક્ટર્સ અડ્ડાના નાનકડા થિયેટરમાં ચૌબેજીના નવા નાટકને જોવા શહેરના નાટ્યપ્રેમીઓની સાથે નાટ્ય અને ફિલ્મજગતના વિખ્યાત, પ્રખ્યાત, લોકપ્રિય લોકો ઊમટ્યા હતા. અભિનો એક્સપેરિમેન્ટલ થિયેટરમાં પરફોર્મ કરવાનો પહેલો અનુભવ હતો. ભોપાલ અને અન્ય શહેરોમાં એણે માત્ર પડદાવાળા મંચ પર અભિનય કર્યો હતો. પ્રેક્ષકો પોતાને આટલી નિકટતાથી જોશે એવો વિચાર એને જરા નર્વસ કરી ગયો હતો. એ ગ્રીનરૂમના એક ખૂણામાં જઇને બેસી ગયો.

'ઓલ ધ બેસ્ટ.' સીમાનો અવાજ કાને પડતા એની ઉદાસી ઊડી ગઇ... એના મોં પર ખુશી છવાઇ ગઇ.

'થેન્ક યુ.' એ ઊભો થઇ ગયો. આગલે દિવસે એણે જ્યારે સીમાને નાટકના શોની વાત કરી ત્યારે એણે હાજર નહીં રહે એવું કહ્યું હતું.

'અભિ, મને ચંદનની ચિંતા થાય છે, મારું મન નાટકમાં નહીં લાગે, હું નહીં આવું.'

'તું મારું નાટક જોવા માગતી હતી અને એ રોમાંચક ઘડી આવી ત્યારે તું ના કહે એ કેમ ચાલે.?'

'નહીં અભિ. મારી રાહ નહીં જોતો. મારી શુભેચ્છા તારી સાથે છે જ ને.'

'હું રાહ જોઇશ સીમા.' અભિએ એને પાસ આપતા કહેલું.

'મને મનમાં થયા કરતું હતું કે તું આવીશ....જરૂર આવીશ.' અભિએ સીમાના બંને હાથ પકડી લીધા. મેકઅપ કરાવી રહેલી શીલા અરીસામાંથી બંનેને જોઇ રહી હતી. પહેલી ઘંટડી વાગી. અભિ સીમાને બેસાડવા બહાર નીકળ્યો કે તરત જ સામે પ્રિયાં મળી.

'ઓલ ધ બેસ્ટ અભિ' પ્રિયાએ અભિને ભેટતાં કહ્યું.

'થેન્ક યુ.' કહીને એણે સીમાની ઓળખાણ કરાવી.

'આ છે સીમા. હું જેમની રૂમમાં રહું છું એ અને આ પ્રિયા છે જેની સાથે હું કામ કરું છું.' સીમા અને પ્રિયાની આંખો મળી.

'ઓહ વાઉં....તમે કેટલાં સિમ્પલ ને છતાં કે કેટલાં એલિગન્ટ લાગો છો.'

'લાઇક સ્મિતા પાટીલ.' પ્રિયાના મોમાંથી નીકળેલા શબ્દોથી સીમાના ચહેરા પર આછું સ્મિત ફરક્યું. એણે થેન્ક યુ કહ્યું.

'એક્સક્યુઝ મિ. હું પિન્ટો સરને મળી લઉં' કહીને પ્રિયા ગઇ.

'અભિ, આ છોકરી દિલની સાફ છે...એની આંખોમાં ખુદ્દારી છે. મેં એની આંખોમાં જોઇ લીધું.'

સીમા અભિ માટે છોકરી શોધી કાઢી હોય એમ બોલી. અભિ હસ્યો. સીમાએ પ્રિયાની આંખોમાં જે જોયું એ ખોટું તો ન હતું. આમેય આંખો કયાં ક્યારેય ખોટું બોલે છે.

ચાલ, હું અંદર જાઉં. ચૌબે સર મને બહાર જોશે તો ધૂળ કાઢી નાખશે.' અભિ વાત ઉડાવીને અંદર ગયો. પ્રિયા દોડતી આવી. આપણે સાથે જ બેસીશું. કહીને એ સીમાનો હાથ પકડીને એને અંદર લઇ ગઇ.

***

શો પૂરો થયો. લોકો ખુશખુશાલ ચહેરે બહાર નીકળેલા લોકો ચૌબેજીને ઘેરી વળ્યા હતા. નાટકોના ચાહકો ચૌબેજીના આ નાટક પર આફરીન હતા. બીજી બાજુ કેટલાક લોકો અભિને અભિનંદન આપવા એને શોધી રહ્યા હતા ને અભિ સીમાને શોધી રહ્યો હતો.

'યે ધરતી કો સર પે લે લુંગા...યે આસમાન પૈરો તલે રખ દુંગા....

મૈં ખડા હું વહાં...મૈં ખડા હું વહાં...એક અલગ જહાં બનાઉંગા

તૂ ચાહે લાખ કોશિશ કર ડૂબાને કી....તૂ ચાહે લાખ કોશિશ કર ડૂબાને કી...મૈં કશ્તી કો કિનારે લગા દુંગા....

તૂ દુનિયા કો નચા અપની ઉંગલિંયો પે.....તૂ દુનિયા કો નચા અપની ઉંગલિંયો પે..તુઝે મૈં અપની ઉંગલિંયો પે નચાઉંગા....

યે ધરતી કો સર પે લે લુંગા...યે આસમાન પૈરો તલે રખ દુંગા'

અભિ જ્યારે પોતાની આગવી છટાથી સીમાની સામે જોઇને આ લાઇનો બોલ્યો ત્યારે અન્ય લોકોની સાથે પ્રિયા તાળીઓ પાડી હતી. સીમા એકેક શબ્દોને માણી-સમજી રહી હતી. પ્રિયાને અભિમાં છલકતો આત્મવિશ્વાસ દેખાતો હતો. આખરે તો બંને સ્ત્રીઓ અભિનો આધારસ્તંભ હતી.

નવા કલાકાર તરીકે ની અભિની ઓળખે ફિલ્મલાઇનના કેટલાક નિર્માતા-દિગ્દર્શકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ધીમે ધીમે બહાર નીકળી રહેલા પ્રેક્ષકો અભિ, શીલા અને ચૌબેજીને અભિનંદન આપતા હતા ત્યારે એક જણે અભિની પાસે જઇને પોતાનું કાર્ડ આપતા કહ્યું.

> 'પીઆર લોકોને ફેમસ કરે, પોપ્યુલર નહીં. પ્રખ્યાત થવું અને લોકપ્રિય થવું એ બે વચ્ચે બહુ ફરક છે, અભિ.' અકબર પીઆરે કહ્યું.

'મુઝે ફુરસદ સે મિલના.' અભિ કાંઇ કહે તે પહેલાં એ માણસ નીકળી ગયો. સીમાને શોધી રહેલા અભિએ માણસનો ચહેરો જોયા વિના કાર્ડ ખિસ્સામાં મૂક્યું. સામે આવીને ઊભી રહી ગયેલી પ્રિયાએ એને ભેટતા કહ્યું:

'વાહ રે મારા સ્ટ્રગલર. તું અચ્છી એક્ટિંગ-બેક્ટિંગ કર લેતા હૈ.' સીમા આવી. એણે હાથ મિલાવીને અભિનંદન આપ્યા ને હું નીકળું છું કહ્યું.

'આપણે સાથે જઇને.' અભિ બોલ્યો.

'ઓહ યસ તમને ઘર સુધીનો સાથ છે. આપણે કાલે મળીએ.' પ્રિયાએ કહ્યું. એટલામાં પિન્ટો, અશોક ટંડન, અકબર પીઆર આવી પહોંચ્યા.

'કોન્ગ્રેચ્યુલેશન્સ.' પિન્ટોનો ભારે અવાજ આવ્યો.

'મેં અને ચૌબેજીએ ઇસ હીરો કો સબ સે પહેલે ઢૂંઢ નિકાલા હૈ.' ટંડન બોલ્યો.

અભિ, હું તારું પીઆર નહીં કરું.' અકબર બોલ્યો ને બધા એની સામે આશ્ચર્યથી જોતા રહી ગયા.

'કારણ કે.....પીઆર લોકોને ફેમસ કરે, પોપ્યુલર નહીં. પ્રખ્યાત થવું અને લોકપ્રિય થવું એ બે વચ્ચે બહુ ફરક છે. અભિ, તુમ અપને કામ સે પોપ્યુલર બનોગે.' અકબર પીઆરે વાક્ય પૂરું કર્યું.

***

અભિ અને સીમા ટેક્સીમાં બેસીને ઘરે જતાં હતાં. અચાનક સીમાની આંખો ભરાઇ આવી.

'સીમા, શું થયું.?' અભિએ પૂછ્યું.

ચંદનની યાદ આવી ગઇ. અમારી પાસે બબ્બે ટેક્સીઓ હતી. ખબર નહીં. એ ક્યાં છે અને એણે ટેક્સીઓનું શું કર્યું.?' સીમાએ અભિની છાતી પર માથું ઢાળી દીધું.

'એનું કામ પતશે એટલે આવી જશે, બધું બરાબર હશે.' અભિએ આશ્વાસન આપ્યું.

'ગયો પછી એણે એક પણ વાર ફોન નથી કર્યો. મને બહુ ડર લાગે છે.'

'એ જ્યાં હશે ત્યાં સલામત હશે. તું નાહકની ચિંતા કરે છે.' અભિએ સીમાની હથેળી દાબતા કહ્યું.

સોરી, મેં તારો મૂડ ખરાબ કરી નાખ્યો. તું એકદમ મસ્ત એક્ટિંગ કરે છે.

'અને તું મારી સામે જોઇને શા માટે ડાયલોગ બોલતો હતો...મને શરમ આવવા લાગી હતી.' સીમાએ વાતને વળાંક આપ્યો.

'ખરું કહું તો મને ખબર નહતી કે હું કોની સામે જોઇને બોલતો હતો....હું તો બસ મારા અભિનયમાં ડૂબેલો હતો.'

મને પાંઉ ભાજી નહીં ખવડાવે...?' સીમાએ કહ્યું. અભિએ ટેક્સી ઊભી રખાવી. બંનેએ ભરપેટ ખાધું. હસીમજાકના માહોલમાં ઘરે પહોંચ્યા.

'હું મારી રૂમ પર જાઉં.' અભિએ ના સાંભળવા માટે જ પૂછ્યું.

'ના....તુ બહુ સ્માર્ટ છો....તારે મારા મોઢેથી ના જ સાંભળવી હતીને.?'

***

થોડીવાર પહેલા ઉપર-તળે થતા શ્વાસનો લય ધીમો પડવા લાગ્યો....બે હળવાફુલ બદન હજી હવામાં તરતા હતાં.......ભીની હથેળીઓ વળગેલી હતી ને આંગળાઓ એકમેકમાં ભેરવાયેલા હતા. સીમાની છાતી પર બેઠેલા હજારો રંગબેરંગી પતંગિયા હળવે હળવે ઊડી રહ્યા હતા ને અભિ એક અનોખી મહેક મહેસૂસ કરી રહ્યો હતો.

'અભિ, તું મને આ કેવી અલૌકિક જગ્યાએ લઇ જાય છે જ્યાં પહોંચવાનો મને તલસાટ હોય છે, પણ ત્યાંથી પાછું ફરવું મુશ્કેલ બની જાય છે.' સીમાના શ્વાસમાંથી ચળાઇને આવેલા ધીમા શબ્દો અભિના કાનમાં ઝણઝણ્યા.

'અને...મને થાય છે કે મદહોશીનો આલમ રચતી આ મહેક...આ ખુમાર...આ નશામાંથી બહાર ન આવું.' બોલીને અભિએ સીમાની છાતી પર માથું ઢાળી દીધું. સીમાએ એના લાંબા વાળ અભિના માથા પર ઉપર બીછાવી દીધા.

'અભિ, તું બહુ મોટો કલાકાર બનીશ...અહીંથી જતો રહીશ...મને ભૂલી જઇશ.' સીમાના અવાજમાં ઉદાસી હતી.

'કદાચ...કદાચ...જો હું મોટો કલાકાર બનીશ તોય તારા ઉપકારોને નહીં ભૂલું. આપણી આ રાતો, આ પળોને ક્યારેય નહીં ભૂલું. આપણું મળવાનું ચાલુ રહેશે.' આ સાંભળીને સીમા એનું કપાળ, હોઠ અને ગાલ ચુમવા લાગી.

'હું જાણું છું અભિ, કે તું આ બોલે છે એને નિભાવવું અઘરું છે...કેમ કે તારી એક અલગ દુનિયા હશે...એની ચમકદમક, એનો મોહ અલગ હશે, લોકો અલગ હશે, છતાંય મને આ ઘડીએ...આ ક્ષણે...તારું આ બોલવું...તારા આ શબ્દો બહુ ગમે છે. તું જાદુગર છો..તારી જાદુગરી મને સમ્મોહિત કરી ગઇ છે.'

'સીમા, મારા પર છવાયેલા રહેતા તારા આ નશાનું મને બંધાણ થઇ ગયું છે. હું તારી મોહિનીમાંથી છૂટવા નથી માગતો.' અભિએ એના કપાળે હળવું ચુંબન કર્યું.

.....અને હું ઇચ્છું કે, આપણને રોમેરોમ રોમાંચિત કરતી આ પળો ક્યારેય ખતમ ન થાય...સીમા અભિને વળગી પડી. અને....બારણે ટકોરા પડ્યા. સીમા અને અભિ સફાળા બેઠાં થઇ ગયાં.

'કોણ હશે આટલી મોડી રાતે..?' અભિના અવાજમાં ફફડાટ હતો.

સીમાએ એને ચૂપ રહેવા ઇશારો કર્યો. એ દરવાજો ખોલવા આગળ વધી. અભિ એની પાછળ ગયો. સીમાએ દરવાજો ખોલ્યો. અવાચક સીમા દરવાજે ઊભેલા માણસને જોઇને પાછળ હટવા માંડી.....પાછળ પગે ચાલતાં અભિને ટકરાઇ...ને ત્યાં જ ઊભી રહી ગઇ.

'ચંદન, તું..?' સીમાનો તળિયે બેસી ગયેલો અવાજ માંડ નીકળ્યો. (ક્રમશ:)■

વિશેષ

પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# એક સામાન્ય બેંક ગ્રાહક પાસે પણ મજબૂત કાનૂની અધિકાર છે



ભારતીય રિઝર્વ બેંક દ્વારા રચાયેલ 'બેંકિંગ કોડ્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા' બેંક ગ્રાહકોને ઘણા મહત્ત્વપૂર્ણ અધિકારો આપે છે.

ઉદાહરણ તરીકે - જો કોઈ બેંક કર્મચારી ગ્રાહકને યોગ્ય સેવા ન આપે, તેને એક કાઉન્ટરથી બીજા કાઉન્ટર પર વારંવાર દોડાવે, જો કોઈ તેને બિનજરૂરી રીતે હેરાન કરે, તો તેની ફરિયાદ એ જ બેંકમાં હાજર ફરિયાદ નિવારણ કાઉન્ટર પર કરી શકાય છે.

નાનું અથવા મૂળભૂત બેંક ખાતું એ દરેક વ્યક્તિનો કાનૂની અધિકાર છે. આવું ખાતું ખોલાવવા માટે આપેલા ફોર્મ પર વ્યક્તિનો ફોટો અને હસ્તાક્ષર અથવા અંગૂઠાની છાપ સબમિટ કરીને ખાતું ખોલાવી શકાય છે.

જોકે, આ ખાતામાં ટ્રાન્ઝેક્શનની મર્યાદા છે. પરંતુ કોઈ પણ બેંક નાગરિકને તેની પાસે કાયમી સરનામું ન હોવાના કારણે ખાતું નામંજૂર કરી શકતી નથી.

બેંકનો કોઈપણ ગ્રાહક ખાતું ખોલાવતી વખતે તેના ખાતાની વિશેષ શરતો સંબંધિત તમામ માહિતી મેળવી શકે છે, તે તેનો અધિકાર છે. જો બેંક કર્મચારી તે આપવાની ના પાડે તો ફરિયાદ કરી શકાય છે.

જો બેંક ગ્રાહકના બી સી બી ડી (બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝીટ) ખાતામાં જમા રકમ શૂન્ય હોય તો પણ બેંક આ ગ્રાહકનું ખાતું બંધ કરી શકતી નથી. તેમજ બેંક આ ખાતું ફરીથી ખોલવા માટે ગ્રાહક પાસેથી કોઈ ફી વસૂલ કરી શકશે નહીં. જો બેંક કોઈપણ રીતે આ માટે વધારાની ફીની માંગ કરે, તો ફરિયાદ કરી શકાય છે.

જો તમને ક્યાંકથી ફાટેલી કે જૂની નોટ મળી હોય તો તમે કોઈપણ બેંકની શાખામાં જઈને તમારી જૂની અને ફાટેલી નોટ બદલી શકો છો. આ માટે બેંક તમને ના પાડી શકે નહીં.

જો ગ્રાહક તરીકે તમે બેંકની સેવાઓથી સંતુષ્ટ ન હોવ તો તમે બેંકના શાખા અધિકારી અથવા ટોલ ફ્રી નંબરનો સંપર્ક કરી શકો છો.

જો કોઈ કર્મચારી તમારી સાથે અસભ્ય વર્તન કરે, તો તેના વિશે અલગથી ફરિયાદ કરી શકાય છે. ફરિયાદ સાંભળનાર અધિકારીનું નામ અને સરનામું દરેક બેંકની શાખામાં લખવામાં આવે છે.

આ અધિકારીએ તમારી વાત સાંભળવી પડશે એટલું જ નહીં, એણે તમારી ફરિયાદની સ્ટેમ્પવાળી રસીદની નકલ પણ એ જ બારી પર વૃદ્ધો અને અપંગોને આપવાની રહેશે.

બૅન્કે તમામ સુવિધાઓ આપવાની રહેશે. તે વૃદ્ધો અને અપંગ લોકો માટે કાયદેસર છે. એ તમારો હક છે.

કોઈપણ વ્યક્તિ નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા કોઈપણ બેંકમાંથી કોઈપણ અન્ય બેંક ખાતામાં ૫૦,૦૦૦ રૂપિયા સુધી જમા કરાવી શકે છે. આ માટે વ્યક્તિનું તે બેંકમાં ખાતું હોવું જરૂરી નથી.

જો ચેક કલેક્શનમાં બેંક દ્વારા નિર્ધારિત સમય કરતાં વધુ સમય લાગે, તો ગ્રાહકોને વળતર મેળવવાનો અધિકાર છે. આ વળતરની રકમ સાદા વ્યાજના દરે ચૂકવવામાં આવશે.

જો કોઈ ગ્રાહકે બેંકમાંથી લોન લીધી હોય અને તેના માટે કોઈ સિક્યોરિટી આપી હોય, તો બેંકે સંપૂર્ણ લોન ચૂકવ્યાના ૧૫ દિવસની અંદર તે સિક્યોરિટી ગ્રાહકને પરત કરવાની રહેશે.

બૅન્ક પોતાનાં તમામ ઉત્પાદનો અને સેવાઓ માટે જવાબદાર છે. જો બેંક મૂળભૂત ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો ગ્રાહકને ફરિયાદ કરવાનો કાનૂની અધિકાર છે.

હકીકતમાં બેંક ગ્રાહકો માટે ટ્રસ્ટી તરીકે કામ કરે છે. બેંક અને ગ્રાહક વચ્ચેનો સંબંધ મૂળભૂત રીતે લેણદાર અને દેણદારનો છે.

- ઈમેજ રિફલેક્શન■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# સુખનો સૂરજ



વસઈની મ્યુનિસિપલ શાળામાં આજે બારમા ધોરણમાં મેરીટ લિસ્ટમાં આવનાર બે વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ હતો. માધવ અને સૂરજ. ૮૭ ટકા મેળવીને અકાઉન્ટસીમાં ૧૦૦માર્ક મેળવનાર સૂરજ કાળેનું સન્માન કરતાં પ્રિન્સીપાલે સૂરજને એક મેડલ અને ૭૫૦૦ રૂપિયાનું રોકડ ઈનામ આપતાં કહ્યું- સૂરજ, તેં આપણી શાળાનું ગૌરવ વધાર્યું છે. જો અભ્યાસ છોડી ન દેતો.

સર, હું સી.એ.ની એન્ટરસ પરીક્ષા આપીશ. મારે સી.એ થવું છે. સૂરજે કહ્યું.

વેરી ગુડ. તને ટ્રસ્ટી સાહેબ મુંબઈની સારી કોલેજમાં એડમિશન અપાવશે. પણ, તારે મહેનત કરીને પાસ થવાનું. તારે ઘરેથી કોઈ આવ્યું છે ?

હા સર, માઝી આઈ આણી બાબા આલે તે કોપર્યાત બસલે આહે.

પ્રિન્સીપાલ સાહેબે સૂરજના આઈ-બાબાને સ્ટેજ પાસે બોલાવીને નાનો હાર પહેરાવતાં કહ્યું-તમારા દીકરાને ધંધે ન લગાડતા એને ભણવા દેજો, એની ફીની સગવડ અમે કરી આપીશું. સૂરજ અને તેના આઈ-બાબા કૃતજ્ઞતાપૂર્વક સાહેબ સામું જોઈ રહ્યા.

સાહબ, આમી શીખલેલે નાય, ભાજીપાલા વિકાયચા કામ કરતે. બાબાએ હાથ જોડતા અશ્રુભીની આંખે કહ્યું.

તુમચા, હા મુલગા ખુપ પૂઢે જાણાર, - સાહેબે કહ્યું.

ઉપરની ઘટનાને ચાર વર્ષ થયા. એ દરમ્યાન સૂરજને પાર્લાની કોલેજમાં એડમિશન મળ્યું. સવારે કોલેજ, પછી એક ફાઇનાંન્સ કંપનીમાં નોકરી કરીને રાત્રે નવ વાગે વસઈમાં પોતાના ઘરે આવતો. એનું એક જ લક્ષ્ય મારે ભણવું છે. સી.એ. થવું છે. મારા આઈ-બાબા આમ લારીમાં મુકીને શાકભાજીનો ધંધો કરે છે એ હું જોઈ શકતો નથી. હું અને મારો નાનો ભાઈ કિસન, અને બંને જણા ખૂબ ભણીએ અને એક સરસ ઘર લઈએ તો આઈ-બાબા સુખેથી રહી શકે. નાનો કિસન આઈ.ટી.માં ભણે છે તે પણ પેલા બેન્કવાળા વિજયામેડમને લીધે.

સૂરજને એ દિવસ યાદ આવી ગયો કે મેં જયારે ફસ્ટયર સી.એ.ની પરીક્ષા પાસ કરી ત્યારે બાબા મને , આઈને અને કિસનને એક નાની હોટલમાં જમવા લઈ ગયા હતા. આઈને કહ્યું હતું- બગ, શોભા દેવા ચા આપલ્યા વર કીતી ઉપકાર આહે. આપણ કાય શીકલે નાય પણ હે સૂરજની મોઠી પરીક્ષા પાસ કેલી. મલા ખૂપ આનંદ વાટતે.

અરે, બાળ મલા સાંગ ના તુ કાય શીકતે, હે કૌતુક કાય આહે. આઈએ સહજ ભાવે પૂછયું.

આઈ, દાદાની અકાઉન્ટ લીવાયચી- હિસોબ લીવાયચી મોટી પરીક્ષા પાસ કેલી, આતા દાદાલા મોઠી ઓફિસ મદી નોકરી મીળનાર. આઈ-બાબા, મી પણ દાદા સારખા સ ચાંગલા અભ્યાસ કરણાર.

ત્રણ મહિના પછી અચાનક જ હાર્ટ એટેકનો ભારે હુમલો આવતાં બાબાનો દેહ પડયો.

સૂરજની જાણે શક્તિ જ હણાઈ ગઈ, સૂરજની આઈ, શોભાનું હૈયાફાટ રૂદન શાંત થતું ન હતું. કિસન કયારેક સૂરજને વળગીને રડતો અથવા આઈના ખોળામાં ભરાઈ જતો.

બાબાની ઉત્તરક્રિયા થઈ ગયાના ચોથા દિવસે સૂરજ અને કિસન કોલેજમાં ગયા અને શોભાબાઈએ લારી પર શાક વેચવાનો ધંધો શરૂ કર્યો.

સોસાયટીમાંથી મનસુખલાલ આવ્યા અને કહેવા લાગ્યા- હવે તું એકલી શા માટે લારીનો ધંધો કરે છે. બે જુવાનજોધ છોકરાઓ છે. પકડાવી દે આ ધંધો. આ કંઈ તારી એકલીથી થાય એવું નથી.

સાહેબ, દોનો લેક પઢતે હૈ. માલાસ કરાવા લાગેલ.

તો કયા, તું સબ જગહ ઘુમેગી- ત્યાં જ વિજયામેડમ આવ્યા. શોભા, ઈસમેં કોઈ પ્રોબ્લેમ નહિ. તુ પહેલે કરતી થી, વૈસા હી કરના હૈ. જિતના હોતા હૈ ઉતના. જયાદા મત ઘુમો. હમ સબ ભાજી લેને કો યહાં આયેંગે.

ઔર બડે માર્કેટમેં જાને કા તાઈ કાય કરું શોભાએ વિજયા મેડમને પૂછયું.

વો શખારામ ભાઉ જાતે હૈ, ઉસકે સાથ જાના-કલ હી મૈંને બાત કીયા હૈ. શોભા તૂ ગાભરાય ચા નાંહી. મી તુઝા સંગાથી આહે. વિજયામેડમે કહ્યું.

તે માલા આધવટ શોડૂન ગેલે- ભીના અવાજે બોલ્યા પછી સ્વસ્થ થતાં બોલીઃ- પણ, માઝે લેક સૂરજ આણિ કિસનચે અભ્યાસા ચા સાઠી મલા કામ કરાયલા જ પાહીજે.

શોભાએ શાકભાજીની લારી ચાલુ રાખી. શખારામ સાથે વહેલી સવારે મોટા માર્કેટ જતી, હિસાબ રાખતી.

એક સાંજે માર્કેટથી ઘર તરફ આવતી હતી ત્યાં મનસુખલાલ રસ્તામાં મળી ગયા. શોભાબાઈ તારો સૂરજ તો હાથથી ગયો, પેલી માર્કેટમાં કોઈ છોકરી સાથે બેસીને મજા કરતો હતો. તું અહીં કષ્ટ કાઢે ને એ લહેર કરે. શોભાના મુખ પર ચિંતાના વાદળ ઘેરાઈ ગયા. ઘરી જાઉન વિચારણાર કહેતા એ આગળ જતી રહી.

રાત્રે જમ્યા પછી કિસન અને સૂરજ સાથે હતા ત્યારે શોભાએ કહ્યું- સૂરજ આઈ આટલું કષ્ટ કેમ કરે છે કે તમે સારી રીતે ભણો. પણ, સૂરજ તું રખડવા લાગ્યો છે. આજે માર્કેટમાં શું કરતો હતો?

આઈ, હું જ તને ગુડન્યુઝ કહેવાનો હતો, આપણે માર્કેટમાં બે નાના ગાળાની દુકાન ભાડે લીધી છે. એક દુકાન સાડી અને ઈમિટેશન જવેલરીની અને બાજુના ગાળાની દુકાનમાં મારી અને કિસનની ઓફિસ રાખીશું. હવે તારે લારી લઈને શાક વેચવા ફેરી કરવાની નથી. શખારામ ભાઉનો છોકરો એ ધંધો કરશે અને કમાણીના ૩૦ટકાનો ભાગ આપણને આપશે. આઈ, તારી સાડીની દુકાન તારે ચલાવવાની. તને મદદ કરવા બે સેલ્સગર્લ રાખીશું.

સરસ, બેટા પણ તારું ભણવાનું ખરું ને આઈએ પૂછયું.

આઈ, પરીક્ષા આવતે મહિને થઈ જશે.

અને, માર્કેટમાં પેલી છોકરી કોણ હતી ?

આઈ. તને મનસુખ અંકલે કહ્યું. વિજયા મેડમની બેંકમાં કામ કરે છે. આપણે બેંકમાંથી લોન લેવાના છીએ. એટલે જગ્યા જોવા આવી હતી.

દીકરા,મને લાગ્યું કે તું છોકરી પાછળ પડીશ, તો મોટી પરીક્ષા કેવી રીતે આપીશ.

ના, આઈ તું ચિંતા ન કર. કિસનનું ભણવાનું પણ પૂરું થશે.આપણે બીજી લોન લઈશું પછી ઘર લઈશું. હમણાં ફ્રેન્ડ ભલે હોય પણ નો મેરેજ. સમજી આઈ ફીકર કરું નકો.

પોતાના દીકરાની સમજણ જોઈ શોભાને શાંતિ થઈ.

આઠ મહિના પછી વસઈની એ જ શાળામાં પ્રિન્સિપાલ સાહેબે સૂરજનું ફરી એક વાર સન્માન કર્યુ કે વસઈમાં રહેતો એક શાકભાજી વેચતી શોભા તાઈનો છોકરો જાત મહેનતથી સી.એ.ની પરીક્ષામાં મેરીટલીસ્ટમાં પાસ થયો છે. એ આપણી શાળાનું, વસઈ ગામનું ગૌરવ છે. કેટલાક પત્રકારોએ સૂરજ સાથે શોભાબાઈ અને કિસનના ફોટા લીધા. પોતાના દીકરાને છાપાવાળા સાથે અંગ્રેજીમાં બોલતો જોઈ શોભાતાઈ ખુશ થઈ ગયાં.

ઘરે આવીને શોભા પતિના ફોટા પાસે હાથ જોડી ઊભી રહી, પછી બંને દીકરાઓને બાથમાં લેતા બોલી- જુઓ, આપણા ઘરમાં સુખનો સૂરજ ઊગ્યો. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# અટકની આલમ: પોપટ-ઘોડા ને હાથી



અંગ્રેજી ભાષામાં 'ટોટેમ' (અને એના પરથી ટોટેમીઝમ) નામનો ભાષાનો એક પ્રકાર છે. શબ્દકોશ અનુસાર ટોટેમ એટલે કુળ કે ટોળીના પ્રતીક કે ચિહ્ન તરીકે કોઈ કુદરતી વસ્તુ કે પ્રાણી(ની પ્રતિમા), આદિકાળથી જુદી જુદી માનવજાતિનું પોતાની ઓળખ માટેનું પશુપંખી, વૃક્ષ, ઈત્યાદિ પરથી અપનાવેલું વંશપરંપરાગત કુળ કે કબીલાનું ચિહ્ન. એક એવું અનુમાન છે કે પ્રાચીન સમયમાં જંતુ, પંખી કે જાનવરના નામ પરથી અટક પડી હોવી જોઈએ. જોકે, આવી ગુજરાતી અટકો મજાક મજાકમાં અથવા તો શારીરિક સામ્યને કારણે પડી હોવાનું માનવામાં આવે છે. જીવજંતુ, પક્ષી કે જનાવર પરથી પડેલી કેટલીક અટકના ઉદાહરણ છે: મચ્છર, મંકોડી, માંકડ, પોપટ, ઘોડા અને હાથી.

ઘોડા અટક મુખ્યત્વે સૌરાષ્ટ્ર બાજુ વસતા નાગરોમાં જોવા મળે છે. આ અટક અંગે અનેક અનુમાન બાંધવામાં આવ્યા છે. એક અટકળ અનુસાર સૌરાષ્ટ્રમાં ઘોડાદરા નામનું ગામ છે. આ ગામના વતનીઓની અટક ઘોડા પડી હોવાની સંભાવના છે. આ સિવાય બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં ઘોડાસર નામનું ગામ છે અને અમદાવાદમાં ઘોડાસર તળાવ પણ છે. એ ગામથી સ્થળાંતર કરી અન્ય ઠેકાણે વસેલા લોકોની અટક ઘોડા પડી હોઈ શકે છે. બીજું એક સંશોધન એવું છે કે સૌરાષ્ટ્રના નાગરો ઘોડાની જેમ સ્નાયુબદ્ધ મજબૂત બાંધાના દેખાવડા હતા અને એના પરથી ઘોડા અટક પડી હોવી જોઈએ.

હાથી નામ પડતા કદાવર શરીર સૌથી પહેલા નજરમાં કે સમજમાં આવે. ખૂબ મોટો ફરક હોય તો હાથીઘોડાનો તફાવત એમ કહેવામાં આવે છે. મતલબ કે મજબૂત બાંધાના ઘોડા કરતાં પણ હાથી વધુ અલમસ્ત માનવામાં આવ્યો છે. એવું અનુમાન છે કે વિશાળ કાયા અથવા હાથી જેવી હાલકડોલક ચાલ ધરાવતા લોકની અટક હાથી પડી હશે. હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા એવું બાળગીત તો તમે સાંભળ્યું જ હશે.

પોપટ અટક હિંદુઓમાં તેમજ પારસીઓમાં જોવા મળે છે. ભગવદ ગોમંડળ અનુસાર પોપટિયું જ્ઞાન એટલે ગોખણિયું, વગર સમજનું કે પોપટની પેઠે સમજ્યા વિના કે વિચાર કર્યા વિના ગોખેલું. આવા જ્ઞાનમાં પોતાની અક્કલ કામે નથી લાગી હોતી. આ ઉપરાંત કોઈ મીઠું મીઠું બોલે તો એ પોપટ જેવું બોલે છે એમ કહેવામાં આવે છે. આ લક્ષણો પરથી પોપટ અટક પડી હશે? કેટલાક લોકોનું નાક પોપટ જેવું હોવાથી નામ સાથે પોપટ અટક જડાઈ ગઈ હોય એ પણ શક્ય છે. ટૂંકમાં અટકની આલમ છે બડી મજેદાર.

સગ્ગી બહિણ

## आडनावचा आनंद

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦ નવેમ્બરે યોજાવાની છે. વિવિધ પક્ષો વિવિધ રાજનીતિ - રણનીતિ અમલમાં મૂકી રહ્યા છે. કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે ચૂંટણીમાં મરાઠા અનામત મુદ્દો ખાસ્સો ગાજશે. મરાઠાનો ઉલ્લેખ થતા સૌપ્રથમ નામ યાદ આવે છત્રપતિ શિવાજી મહારાજનું. કોલ્હાપુરના શાસક રાજર્ષિ શાહુ અને શરદ પવાર સુધ્ધાં મરાઠા છે. મરાઠા એટલે ક્ષત્રિય એ ખરું, પણ માત્ર ક્ષત્રિય નહીં. **मराठा हा शेतकरी, जमीनदार आणि योद्धे यांचा समावेश असलेल्या जातींचा समूह आहे. देशमुख, भोसले, मोरे, शिर्के, जाधव यांसारखी आडनावे असलेले मराठ्यांचे वरचे थर क्षत्रिय (योद्धे) आहेत, तर बाकीचे कुणबी नावाच्या प्रमुख्याने कृषीप्रधान पोटजातीचे आहेत.** મરાઠા જાતિમાં શૂરવીર યોદ્ધા ઉપરાંત ખેડૂત વર્ગ અને જમીનદારનો પણ સમાવેશ થાય છે. દેશમુખ, ભોસલે, મોરે, શિર્કે, જાધવ વગેરે અટક ધરાવતા લોકો ક્ષત્રિય (યોદ્ધા) છે. ૧૯૪૭ના યુદ્ધમાં વીરતા દેખાડી પરમવીર ચક્રથી સન્માનિત થયેલા યોદ્ધા **राम राघोबा राणे हे सुद्धा मराठा होते.** સેકન્ડ લેફટનન્ટમાંથી મેજર બનેલા રાણે મરાઠા સમુદાયના હતા. **महाराष्ट्रावर राज्य करणारे इक्ष्याकु, सातवाहन, चालुक्य, शिलाहार, निकुंभ, मौर्य या सर्व क्षत्रिय मराठा राजवंशाचे वंशज होते.** મહારાષ્ટ્ર પર રાજ્ય કરનારા ઇક્ષ્વાકુ, સાતવાહન, ચાલુક્ય (સાળુંખે), શિલાહાર, નિકુંભ, મૌર્ય (મોરે) વગેરે

રાષ્ટ્ર ભાષા

## नगरों के उपनाम

**शहर – नगर के उपनाम की कथा में आज सबसे पहले बात करते हैं असम के तेजपुर शहर की. यह शहर रक्त का शहर के नाम से भी जाना जाता हैं. पहले तेजपुर को शोणितपुर के नाम से जाना जाता था. जो अब जिले का नाम हैं ।** આસામનું તેજપુર શહેર રક્ત (લોહી)ના શહેર તરીકે પણ જાણીતું છે. અગાઉ આ શહેર શોણિતપુર નામથી ઓળખાતું હતું. આજની તારીખમાં શોણિતપુર જિલ્લો છે. શોણિત એટલે રક્ત - લોહી. આ નામ પાછળ એક નાનકડી કથા છે. બાણાસુર નામનો રાજા શંકર ભગવાનનો પરમ ભક્ત હતો. બાણાસુરની પુત્રી ઉષાને ભગવાન શ્રી કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે સ્નેહ થાય છે અને બંને ગંધર્વ લગ્ન કરી લે છે. બાણાસુરને ખબર પડતા એ અકળાઈ જાય છે અને અનિરુદ્ધને બંદીવાન બનાવી દે છે. કૃષ્ણને વાતની જાણ થતા પૌત્રને મુક્ત કરવા બાણાસુર સાથે યુદ્ધ કરે છે જેમાં ભાઈ બલરામનો સાથ મળે છે. ભક્ત બાણાસુર અને બે મહારથીઓનું યુદ્ધ જોઈ શિવજી બાણાસુરની મદદે આવી પહોંચે છે અને ભગવાન શંકર અને ભગવાન વિષ્ણુના અવતાર કૃષ્ણ વચ્ચે ભીષણ યુદ્ધ થાય છે અને અનેક લોકોના મૃત્યુ થવાથી ધરતી રક્ત રંજીત થઈ ગઈ અને એટલે શોણિતપુર તરીકે ઓળખાઈ. **अगर जयपुर गुलाबी शहर है तो जोधपुर नीला शहर है. यहां के ज्यादातर घर, महल, मंदिर, और हवेलियां नीले रंग से रंगी हुई है. जोधपुर शहर का मौसम बहुत बहुत गर्म होने की वजह से घरों को ठंडा रखने के लिए नीले रंग से पेंट किया जाता था.**

ENગ્લિશ વિંGLISH

## NAME - SURNAME IDIOMS



સરનેમ તરીકે ઓળખાતી અંગ્રેજી અટક સુધ્ધાં વ્યવસાય કે અન્ય લાક્ષણિક્તાને કારણે પેઢી દર પેઢી ચાલતી આવે છે. ઉદાહરણ પરથી વાત સ્પષ્ટ થઈ જશે. When one hears surname ARMSTRONG, immediately one remembers astronaut Neil Armstrong who was the first person to walk on the moon. આર્મસ્ટ્રોંગ અટક કાને પડતાની સાથે યુએસના અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગનું સ્મરણ થાય જે ચંદ્ર પર ચાલનારો પહેલો માનવી હતો. If you are fond of western music, you will recollect the name of the famous American jazz musician Louis Armstrong. જો તમને પશ્ચિમી સંગીત માટે લગાવ હશે તો તમને જેઝ મ્યુઝિક ના પ્રખ્યાત ટ્રમ્પેટ વાદક લુઈ આર્મસ્ટ્રોંગ પણ યાદ આવી જશે. Armstrong Means strong arm from Middle English. Tradition holds that the family is descended from Siward, an 11th-century Earl of Northumbria. આર્મસ્ટ્રોંગનો શાબ્દિક અર્થ થાય છે મજબૂત હાથ-બાહુ ધરાવતી વ્યક્તિ. અગિયારમી સદીમાં ઈંગ્લેન્ડના નોર્થુંબ્રિયા નામના રજવાડામાં સીવર્ડ નામનો એક ઉમરાવ થઈ ગયો. મજબૂત બાંધાના આ ઉમરાવને જવાબદારી પણ સ્ટ્રોંગમેનની આપવામાં આવી હતી અને એનું ઉપનામ Digri - Digara પાડવામાં આવ્યું હતું. આ બંને શબ્દનો અર્થ મજબૂત એવો થતો હોવાથી કાળક્રમે એના પરિવાર સાથે આર્મસ્ટ્રોંગ અટક જોડાઈ ગઈ.

અંગ્રેજીમાં ઈવન સ્ટીવન એક એવું નામ છે જે આર્થિક વ્યવહાર સાથે સંકળાયેલું છે. We are Even Steven is an expression used when someone has repaid a debt. It's clear that this name has been used because it rhymes with 'even'. Now that you have given me back the money I lent you, we are Even Stevens. કોઈ વ્યક્તિ માથે રહેલી ઉધારી ચૂકવી દે ત્યારે આ શબ્દ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ ઈવન (એટલે કે સરભર) શબ્દ સાથે પ્રાસ બેસતો હોવાથી સ્ટીવન્સ શબ્દ જોડાયો હોવાનું માનવામાં આવે છે. ઈવન - સ્ટીવન્સ શબ્દના ધ્વનિ સામ્ય ધરાવે છે એમ આર્થિક વ્યવહારમાં જમા - ઉધારનું પલ્લું બરાબર થઈ ગયું એવો નિર્દેશ છે. સાચે જ, ભાષાની જાહોજલાલી કેવી ભવ્ય છે ને! In English,Tom is a very common name which is short form of Thomas. A Peeping Tom is a voyeur, a person who takes pleasure from secretly watching others. અંગ્રેજીમાં ટોમ બહુ કોમન નામ છે જે થોમસનું ટૂંકું સ્વરૂપ છે. અન્ય લોકોની રોમેન્ટિક ક્ષણો સંતાઈને જોતી વ્યક્તિ માટે પીપિંગ ટોમ (પીપિંગ એટલે ડોકિયું કરવું, સંતાઈને જોવું અને ટોમ વ્યક્તિનું નામ) પ્રયોગ વપરાય છે. પ્રશ્ન એ થઈ શકે છે કે ટોમ નામ જ કેમ આ હરકત સાથે જોડાયું? The term comes from the legendary Tom who was the one person who peeked when Lady Godiva rode her horse naked through the streets of Coventry to protest taxes. કરવેરા સામે વિરોધ દર્શાવવા ગોદીવા નામની સ્ત્રીએ જાહેર રસ્તા પર નિઃવસ્ત્ર ઘોડેસવારી કરી હતી એ ટોમ નામની વ્યક્તિએ સંતાઈને જોયું હોવાથી એનું નામ જોડાઈ ગયું.

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@
bombaysamachar.com

# કોના છક્કા છૂટી ગયા....?!



'ગિરધરલાલ, ગરબડ થઇ ગઇ છે. માત્ર ગરબડ નહીં- બહુ મોટી ગરબડ થઇ હોય તેવું લાગે છે.'

રાજુ રદી ફૂલ કે હાફ મેરેથોન રેસમાં દોડી આવ્યો હોય તેમ એની છાતી ધમણની જેમ હાંફતી હતી. આંખમાં અમંગળ ઘટનાના ભણકારા રાસ લેતા હતા. રાજુ થરથર કાંપતો હતો.

'રાજુ, ઠંડું પાણી પી. વિગતે વાત કર. શું થયું છે? ધડમાથા વગરની વાત ન કર. ભય કે આગે જીત હૈ.' મેં મોટિવેશનલ સ્પિકર જેવો ફિલ્મી ડાયલોગ માર્યો, જેનાથી રાજુ પળ માટે શાંત થયો.

'ગિરધરલાલ, યુ વોન્ટ બિલિવ. મને લાગે છે કે કોઇ મને ફોલો કરે છે. મારી રેકી કરે છે. મને ફસાવવા માટેની જાળ બિછાવી રહ્યું છે. મારા ફોન પર બ્લેન્ક કોલ આવે છે. મારો ફોન ઇન્ટરસેપ્ટ થઇ રહ્યો છે.' રાજુએ એની સમસ્યાને વાચા આપી.

'રાજુ, તને ફોલો કરીને શું કમાવવાનું? કંકોડા કે કારેલા? તું ક્યાં કોઇ તિસમારખાં છે કે કોઇ છોકરીના બાપે તારી માહિતી મેળવવા પ્રાઇવેટ ડિટેકટિવ હાયર કર્યો હોય? અને માની લે કે આવું કોઈ બાપ કરે તો તારી ચાલચલગત, ચારિત્ર્ય વિશે પોઝિટિવ રિપોર્ટ આપશે એટલે કન્યાનો બાપ તને જમાઇ બનાવશે... આ તો ખુશીના સમાચાર કહેવાય. આ તો સેલિબ્રેટ કરવા જેવી વાત છે.' મેં રાજુની વાત સાંભળી મારી પ્રતિક્રિયા આપી.

'ગિરધરલાલ, તમે સમજો એટલો સીધો મામલો નથી. જલેબી જેવો સીધો મામલો છે. કોઇ ગુપ્તા કરીને મારી શોપમાં આવી ઇન્કમટેકસ ઓફિસરની ઓળખાણ આપે છે. ગુપ્તા મને ઇન્કમટેકસની રેડ પાડવાની ધમકી આપે છે.' રાજુએ ધીમે રહીને રાજ કી બાત કહી.

'રાજુ, ગુપ્તા ઇન્કમટેકસનો અસલી કર્મચારી છે કે નકલી તે ચેક કર્યું કે નહીં?'

'ગિરધરલાલ,ગુપ્તાએ ઓળખકાર્ડ દેખાડેલું.'

'રાજુ, તો પેલા ગુપ્તાના છક્કા છોડાવવા પડશે. એક કામ કર. આપણે અત્યારે જ ઇન્કમટેકસ ઓફિસ જઇએ.' મેં રાજુને કહ્યું.

'અમે ઇન્કમટેકસ ઓફિસ ગયા. રાજુએ ગુપ્તાને મારી ઓળખાણ 'બખડજંતર' ચેનલના બોસ તરીકે આપી.

'ગુપ્તાજી, પ્રોબ્લેમ શું છે?' મે પૂછયું.

'રાજુ રદી ધંધો કરે છે.' ગુપ્તાએ કહ્યું.

'તો શું ધંધો કરવો ગુનો છે?' મેં ગુપ્તાને પૂછયું.

'રાજુ જે ધંધો કરે છે તેની માહિતી ડિપાર્ટમેન્ટ મેળવવા માગે છે.' ગુપ્તાએ કહ્યું.

'ગુપ્તા, તમે રાજુભાઇની શોપની મુલાકાત એકથી વધારે વાર લીધી છે કે નહીં?' મેં કડક અવાજે પૂછયું.

'હા. હા સર.' ગુપ્તા તતપપ થઇ ગયો.

'તો તમારે શું જાણવું છે?' મેં ગુપ્તાનો સ્ક્રૂ ટાઇટ કર્યો.

'રાજુભાઇ, ધંધામાં કાળા-ધોળા કરે છે કે કેમ તે જાણવું છે.' ગુપ્તાએ મગનું નામ મરી પાડ્યું .

'ગુપ્તા કયો વેપારી કાળાધોળા કરતો નથી? રાજુનું કામ જ કાળા-ધોળા કરવાનું નહીં, પરંતુ ધોળા-કાળા કરવાનું છે. લોકો હોંશે હોંશે ધોળા-કાળા કરાવવા જાય છે.' મે ગુપ્તાને ગૂંચવ્યો.

'સર, મને એ જ શંકા છે એટલે તો હું તેની દુકાનની આજુબાજુ ફરું છું.' ગુપ્તાએ વટાણા વેર્યા.

'ગુપ્તા, રાજુની આવક વિશે તમારે શું જાણવું છે?' મે ગુપ્તાની ઊલટતપાસ શરૂ કરી.

'હા, સર. રાજુભાઇની આવક કેટલી છે? એક નંબરની છે કે બે નંબરની છે વગેરે જાણવું છે.'

'જો ગુપ્તા, રાજુની આવક અંગે ગ્રાહક આવ્યા પછી રાજુને ખબર પડે. કોઇ ગ્રાહક હોય તો પચાસ ગ્રામ તો ક્યારેક ચારસો ગ્રામ થાય.' મેં ગુપ્તાને કહ્યું.

'શું કહો છો? રાજુભાઇ રૂપિયા પણ તોલીને કમાય છે.! મારો શક સાચો પડ્યો. હવે હું રાજુભાઇને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દઇશ. શું સમજે છે રાજુ એના મનમાં?' ગુપ્તાના મનમાં રહેલી કડવાશ કાઢી.

'ગુપ્તા, રાજુને ઇન્કમટેકસ રિટર્ન ભરવું પડે તેટલું ધંધાનું ટર્નઓવર નથી.' મેં ગુપ્તાને કાયદો બતાવ્યો.

'એ તો રાજુએ સાબિત કરવું જોઇએ ને? દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દઇશ!' ગુપ્તા ઓવરકોન્ફિડન્સમાં બોલ્યો.

'ગુપ્તા, તને ખબર છે કે રાજુને શેની શોપ છે?' મેં ગુપ્તા પર આખરી પ્રહાર કર્યો.

'ના મને તેની જાણ નથી.'

'ગુપ્તા, રાજુ રદીની દુકાનની મુલાકાત લીધી છે તો દુકાનનું બોર્ડ વાંચ્યું નથી? રાજુ રદી સોનાચાદીનો ધંધો કરતો નથી. રાજુ સટોડિયો પણ નથી. રાજુ, હેરકટિંગ સલૂન ચલાવે છે. તારે કાળી કમાણી જોઈતી હોય તો કાળા વાળની પેટી નહીં, પરંતુ ખોખા મળશે અને ધોળી કમાણી જોઈતી હોય તો ધોળા વાળના બોકસ વિનામૂલ્યે મળશે. આનીથી વધુ કમાણી જોઈતી હોય તો મારે તારી વિરુદ્ધ કમિશનર સાહેબને ફરિયાદ કરવી પડશે.' મેં ગુપ્તા પર બ્રહ્માસ્ત્ર છોડ્યું.

પછી શું થયું?

ગુપ્તાએ અડધી પેટી રૂપિયા આપીને અમારાથી છાલ છોડાવી એમાં અમારી દિવાળી સુધરી ગઈ! ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@
bombaysamachar.com

# ગામ પોતે પ્રકાશમાન થયું ને રાજ્યને વીજળી વેચે છે



દિવાળી એટલે પ્રકાશનું પર્વ. આવા ઉજળા દિવસોમાં એક એવા અનોખા ગામની વાત માંડવી છે કે જે સ્વયં પ્રકાશિત છે અને અન્યોને પ્રકાશિત કરે છે.

ભારતના આ ખરા અર્થમાં સ્માર્ટ વિલેજનું નામ છે ઓડુનથરાઈ. પિનકોડ ૬૪૧૩૦૫. તામિલનાડુ ના કોઇમ્બતુર જિલ્લામાં આવેલા આ ગામનું અનુકરણ અન્ય ગામ કરવા માંડે તો પાવર કટ શબ્દ જ ભૂલાઈ જાય હો. અહીંની સમૃદ્ધિ અને સગવડો ઘણાં શહેરોને ભૂ પાઈ દે એવી છે.

અલબત્ત, બે-અઢી દાયકા અગાઉ ઓડુનથરાઈની સિકલ, સ્થિતિ અને સંજોગો એકદમ વિપરીત હતા. દેશના અન્ય ગામ જેવો જ સીનારિયો હતો. સુવિધાને નામે લગભગ મીંડું હતું. પીવાના પાણી, રેશન માટે ટળવળવું પડતું હતું. કાચા મકાન કે ઝૂંપડીમાં ૧૬૦૦ની વસતિ માંડમાંડ દિવસો વીતાવતી હતી. વીજળીનું તો સપનું ય નહોતું આવતું કોઈને. દાયકાઓથી દારૂણ સ્થિતિમાં ગામવાળા જીવનનું ગાડું જેમતેમ ગબડાવ્યે જતા હતા.

એક વ્યક્તિની કર્મઠતા અને દૂરંદેશીને પ્રતાપે ગામમાં સુખનો સૂરજ દેખાવા માંડ્યો. એમનું નામ આર. ષણમુગમ. ૧૯૯૬માં તેઓ પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ગ્રામ પંચાયત સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે પંચાયતના ભંડોળમાંથી ગામમાં પાકા મકાન બાંધવા જોઈએ. આને પગલે ગામમાંથી કાચા ઘર અને ઝૂંપડાં હટાવીને પાયાની સુવિધા સાથેના ઘર બંધાવા માંડ્યા. ફળસ્વરૂપે ગામ છોડી ગયેલા લોકો પણ પાછા આવવા માંડ્યા. જોતજોતમાં વસતિ ૧૬૦૦ થી વધીને દશ હજાર સુધી પહોંચી ગઈ. પછી તો પ્રાથમિક શાળા પણ બંધાઈ જેમાં બાળકો ભણવા સાથે ખેલકૂદમાં ય કૌશલ્ય દાખવવા માંડ્યા.

વિકાસ સાવ મફતમાં તો ન જ થાય. એક સમયે ગ્રામ પંચાયતનું વીજળીનું બિલ રૂ. બે હજાર આવતું હતું, પરંતુ પછી શેરીમાં લાઈટ લગાવાઈ અને કૂવા ખોદાવાયા તો બિલની રકમ વધીને ૫૦ હજારને આંબી ગઈ. આ ચિંતાનો વિષય પણ માત્ર માથે હાથ મૂકીને બેસીને ફિકર કરવાથી થોડું કંઈ થાય? એનો ઉકેલ વિચારાયો અને બાયોગેસ પ્લાંટમાંથી વીજ ઉત્પાદનની શક્યતા ગમી ગઈ. પણ એની ટેકનિક ક્યાંથી લાવવી? કોણ શીખે?

ષણમુગમની સાતત્યસભર સક્રિયતાને પરિણામે ગામમાં ૨૦૦૩માં પહેલો બાયોગેસ પ્લાંટ શરૂ થયો. આથી વીજળીનું બિલ ૫૦ ટકા ઘટી ગયું. આટલાથી સંતોષ માનીને પલાંઠી વાળીને બેસી રહેવાને બદલે ષણમુગમ સતત વાચતા, વિચારતા અને જોતા રહ્યા.

૨૦૦૬માં તેમને પવનચક્કી લગાવવાનો વિચાર આવ્યો. પણ આ પ્રોજેક્ટ ખર્ચાળ હતો. પંચાયત પાસે માંડ ૪૦ લાખની રકમ હતી ને પવનચક્કી ટર્બાઇનના થાય રૂ. ૧.૫૫ કરોડ! પરંતુ હતાશ થવાને બદલે ષણમુગમે રસ્તો શોધી કાઢયો. પંચાયતના નામે સ્થાનિક બૅંકમાંથી લોન લીધી. એ રકમમાંથી ઓડુનથરાઈથી ૧૧૦ કિ.મી.ના અંતેર ૩૫૦ કિલોવોટની પવનચક્કી લગાવડાવી. આ એક પહેલથી ગામ વીજળીની બાબતમાં સંપૂર્ણપણે આત્મ-નિર્ભર બની ગયું. હવે પંચાયતનું જ નહીં, આખા ગામના માથેથી વીજળીના બિલની આફત ટળી ગઈ.

પરંતુ આ તો માત્ર ઓડુનથરાઈની મુશ્કેલી ટળી. પંચાયત હેઠળના અન્ય દશ ગામના લોકોને તો હજી વીજળી માટે રાજ્ય પર જ આધાર રાખવો પડવો હતો. ષણમુગમે સંતોષ માનવાને બદલે આ દિશામાં ય કંઇક કરવાનું મનોમન ગાંઠ વાળી લીધી.

હવે તેમણે સૌર ઊર્જા તરફ નજર દોડાવી. તેમણે બનાવેલા ૮૫૦ ગ્રીન હાઉસ (રાજ્યમાં સૌથી વધુ આવા ઘર બનાવનારું ગામ)ના છાપરા પર સોલાર પેનલ બેસાડાવી દીધી. દિવસે એક-એક ઘરમાં વપરાતી વીજળી સૌર ઊર્જામાંથી આવતી હતી. આને લીધે પવનચક્કીમાંથી બનતી વીજળીનો ઉપયોગ માત્ર રાતે જ થવા માંડ્યો. રાતે કેટલી વીજળી વપરાય?

સરવાળે ઓડુનથરાઈ પાસે વીજળીની પુરાંત-બચત થવા માંડી.

ષણમુગમે તમિલનાડુ ઈલેક્ટ્રીસીટી બોર્ડને ત્રણ રૂપિયા યુનિટના ભાવે વીજળી વેચવાનું શરૂ કર્યું. મહિને લગભગ અઢી લાખ યુનિટ વીજળી વેચાતા આવક થવા માંડી. આ આવકમાંથી બૅંકની લોન પણ ફટાફટ ચુકવાઈ ગઈ.

વર્ષે દહાડે પંચાયતને વીજળીના વેચાણમાં રૂ. ૧૯/૨૦ લાખની આવક થવા માંડી. આમાંથી ૧૧ ગામમાં વિકાસ કાર્ય હાથ ધરાવા માંડ્યા. આ અનોખી સફળતા અને સિદ્ધિને પ્રતાપે ઓડુનથરાઈ પર્યટકોમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયું. પંચાયત રાજના આ આદર્શ મોડલને નિહાળવા માટે વિશ્વ બૅંકના પ્રમુખ સહિતના મહાનુભાવો આવવા માંડ્યા.

... એન્ટી-ક્લાઈમેક્સ એ છે કે ગામને આદર્શ બનાવનારા આર. ષણમુગમ ૨૦૧૬માં ચૂંટણી હારી ગયા! ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# મનનું કેન્સર હટશે તો તનનું કેન્સર મટશે જ...



**સંવાદ** એ જ ચાલતો હતો, મારો અને મિત્ર ભાવેશ કોઠારીનો અને આ વાકય આટલા લાઘવથી આટલી બારીકાઇથી ગોઠવાઇને આવ્યું એની પાસેથી. નથી લાગતું તમને કે છે વાત સાવ સાચી!? નથી આપણને બધાને એક કુટેવ એક જ દુ:ખથી બે વખત દુ:ખી થવાની ! પહેલી વખત, દુ:ખ આવવાનું છે એ ધારી લઇને દુ:ખી થવાની અને બીજી વખત એ યધ્વાતધ્વા દુ:ખ એકચ્યુઅલી આવે ત્યારે એ ધારેલું દુ:ખ આવ્યું એના અતિરેકમાં દુ:ખી થવાની! અરે ભાઇ (અને બહેન)! તમે જેટલા આવા છો એટલો જ હું ય આવો છું... અને ફકત આપણે જ નહીં, મોહનદાસ કે રોકોફેલર કે મેડમ કયુરી કે આઇનસ્ટાઇન કે એડિસન જેવા એકાદ સમૂહને બાદ કરીએ તો બધા આવા જ છે. આ તો શું છે કે હમણાં મારે એવો શુભ-દુઆ-આશીર્વાદ સદકાળ ચાલી રહ્યો છે કે રોજ એકાદ બે કેવળજ્ઞાન-બોધિસત્ત્વ આવ્યા કરે છે. તે મને થયું કે આજે આ જ તોરમાં તમારી સાથે વાત માંડું પણ પહેલાં તો કલમના તાજા કલામથી તમારામાં મોજૂદ તારા મંડળ સળગાવું, કોઠી ફોડું, ચકરડી પેટાવું....

*ગગનમાં રાત છો અંધારવાળી આવવાની છે.*
*નવા અજવાસ ધરવાને દિવાળી આવવાની છે.*

બે અઠવાડિયાથી આપણે ઊંડી, દિલચસ્પ વાતો અને અર્થસભર સંદેશની આપ-લે થઇ . સલાહ-સૂચનનો જથ્થાબંધ સ્ટોકિસ્ટ કે હોલસેલનો વેપારી હું કયારેય હતો નહીં કે હોવાનો નથી, છતાં ય એ રસ્તે આ બે વખત જોગિંગ કરવાનો આનંદ પણ એટલો જ આવ્યો જેટલો આ બધાથી દૂર રહેવાનો આનંદ અત્યાર સુધી લૂંટ્યા જ કર્યો છે.

તમે બધાએ એ નોંધ્યું? આ વર્ષે આ સપરમા દહાડાઓની શરૂઆત કંઇક વિશેષ શાતા પહોંચાડી રહી છે તે! બધું જ ટૂંક સમયમાં વેંચી નાખવાના જાહેરખબરપણામાં કાં તો કમી વર્તાય છે કે એની કૃત્રિમતામાં ઓછપ આવી ગઇ છે, કળાતુ નથી પણ કૈંક તો છે વાતાવરણમાં કે જેને લીધે આ દીપોત્સવ હળવો રહેશે એવું આશ્વાસન તો બંધાય છે. મહારાષ્ટ્રના ઇલેકશનની તારીખ આવી ગઇ હોવા છતાં હજી સુધી સોશિયલ મીડિયા પરથી ધર્મ અને રાજકારણને લગતી નફરતી સંદેશાબાજીની ‘ઝાકમઝોળ’ નથી શરૂ થઇ એય કારણ હોઇ શકે.

મારી એક વાત માનશો! અને આગળ મનાવશો? જે કોઇના પણ આવા સંદેશ આવે એને બીજા આવા સંદેશ ન મોકલવાની સાથે માત્ર એટલો વળતો સંદેશો મોકલજો કે તમે મત આપવાની વયનાં હો તો ૨૦ નવેમ્બરે બધા જ અભરખા અને ભાગી છૂટવાના વૃત્તિવેડાને કાબૂમાં રાખીને સૌથી પહેલાં મતદાન કરવા પહોંચી જજો. તમને તમારી ગમતી સરકાર ન મળે તો... કોની ખાતરી આપું!? અરે! ખાતરીની શી જરૂર વળી, ૮૫ ટકાથી વધુ મતદાન થયું એટલે ઇચ્છેલી સરકાર મળી જ મળી....

*ઘરની સાફસફાઇનું કામ શરૂ થઇ જાય*
*શ્રમ પડવાનો હોય પણ મનેખ બહુ હરખાય*

આ તો દુહાના છંદમાં સાદી વાત કરીએ તો વાત લોકસાહિત્યમાં ખપી જાય એટલે આમ મૂકી. પણ મૂળ વાત એ છે કે દિવાળીમાં ઘરસફાઇ તો કરવી જ ... ફોન સફાઇ પણ એ જ ચીવટ અને સૂક્ષ્મદર્શકતાથી આચરવી. જૂના ભૂલાવાલાયક લોકોનાં સંદેશ ડિલિટ કરવા દર્દ સાથે કે જેથી હૃદયનાં પચાવી પડાયેલ ભાગો ધીમે ધીમે સાફ થતા જાય, નવા કરુણામઢયા સંદેશ બે જગ્યાએ સ્ટોર કરી રાખવા કે જેથી એકાદ જગ્યાએ ભૂલથી ભૂંસાઇ ગયા તો ખજાના ખોઇ બેઠાની લાગણી ન જાગે અને સૌથી ખાસ તો એ કે ગ્રૂપ એપમાં કાયમ મૌન રાખીને સાવ હાકલા-પડકારા-દેકારા વગરના મીંઢા ‘ઉસ્તાદો’ હોય તો એમને બે ત્રણ વખત ડિલિટ કરવાની વોર્નિંગ તો આપવી જ. પલીતો ચંપાશે તો ફટાકડાં ફૂટશે જ.

છેલ્લે દિવાળીની શુભેચ્છાઓ તમને બધાને માઇકલ કેઇન, હોલીવૂડના અચ્છા એકટરની વાતમાં. માઇકલ ઉવાચઃ મારી કરીઅરની શરૂઆતમાં હું એક નાટકનાં રિહર્સલ કરતો હતો. સ્ટેજ પર દરવાજાને બહારથી ધક્કો મારી મારે પ્રવેશ કરવાનો. દરવાજો જેવો ખૂલે કે એક ખુરશી પડી’તી. મેં ડાયરેક્ટરને કહ્યું ‘અરે આ તો તકલીફ છે. અહીંયા તો ખુરશી પડી છે, હું આવું કંઇ રીતે?’ દિગ્દર્શકે કહ્યું: ‘તકલીફને ઉપયોગમાં બદલ તો તું એકટરનો બચ્ચો.’ મેં કહ્યું: ‘શું?’ દિગ્દર્શકે કહ્યું: ‘કોમેડી હોય તો ખુરશી પર પડવાનું ફારસ ઊભું કર અને નાટક કરવાનું હોય તો એને બે હાથે ઉપાડ અને ફેંક દૂર. તકલીફમાંથી સર્જન ઊભું કર.’

આખરી દિવસે ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન સાથે તકલીફ પૂજનથી શરૂઆત કરીએ આ વરસથી?

*રાત જીતની ભી સંગીન હોંગી*
*સુબ્હા ઉતની હી રંગીન હોંગી*
*કીસ કે રોકે રુકા, હે સવેરા...*
*રાતભરકા હૈ મહેમાં અંધેરા*

આજે આટલું જ..... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ગુજરાતનું અલાયદું નૈસર્ગિક સ્વર્ગઃ કચ્છનાં મોટા રણનો ખડીર ટાપુ





**ગુલાબી** ઠંડીના મોહપાશમાં ગુજરાત જકડાય કે દેશભરમાં કચ્છનાં રણને ગૂગલનાં સર્ચ બારમાં પ્રથમ સ્થાન મળે. વૈશ્વિક ફલક પર કચ્છનું નામ પ્રવાસન ક્ષેત્રે ગુંજી રહ્યું છે. ચાલુ વર્ષે કચ્છના રણમાં આવેલ નાનકડા ગામ ધોરડોને વિશ્વનાં શ્રેષ્ઠ પ્રવાસન ગામનો ખિતાબ મળ્યો છે અને આ ખિતાબે જ કચ્છને વધારે ઊંચી ઓળખ પ્રદાન કરી છે. કચ્છ એની સંસ્કૃતિ , લોકજીવન અને ભૌગોલિક વૈવિધ્યને લઈને તો જાણીતું છે જ પણ એનું ખૂબ ઓછું ખેડાયેલું એવું નૈસર્ગિક પાસુ પણ કચ્છને વિશ્વમાં અનન્ય બનાવે છે. કચ્છનું રણ એ માત્ર સફેદ ચાદર કે ત્યાંનું સાંસ્કૃતિક લોકજીવન નહિ પણ રણનાં અફાટ સૌંદર્યમાં મહાલતા આ પક્ષીઓ છે. એક સાથે લાખો ફ્લેમિંગો માટેનું સ્વર્ગ છે અહીં. છીછરા પાણીમાં સમૂહમાં ખોરાક શોધતાં હોય ત્યારે ક્ષિતિજ પર સફેદ આકાર સ્પષ્ટ દેખાય પણ જયારે આકાશને આંબવા ઉડાન ભરે કે આખું આકાશ ગુલાબી રંગે રંગાઈ જાય. ગુજરાતનું રાજ્ય પક્ષી આમ મુક્તપણે વિહરતું હોય ત્યારે એને જોયા જ કરવાનું મન થાય, એકીટશે... આવી સાંજ દરેકના નસીબમાં નથી હોતી. દેશભરનાં અલગ અલગ વગડાઓમાં હું પક્ષીઓની શોધમાં ભટક્યો એમાંયે ખાસ કરીને ગુજરાતનાં છેવાડાનાં નિર્જન વિસ્તારોમાં તો ખાસ. વિશ્વભરમાંથી આવતા પ્રવાસી પક્ષીઓને ગુજરાતનું વાતવરણ એટલું અનુકૂળ આવે છે કે તેઓ હંમેશ માટે ગુજરાતના પ્રવાસીઓ બની ગયા છે. વિશ્વભરમાં આ પક્ષીઓનું માઈગ્રેશન ગુજરાતને એક આગવી ઓળખ આપે છે અને એક પ્રકૃતિપ્રેમી તરીકે મને ગૌરવની લાગણી અપાવે છે. રાજ્યનાં છેવાડાનાં કચ્છનાં મોટા રણમાં ખડીર નામે રણની વચ્ચે ટાપુ આવેલો છે અને માઈગ્રેશન કરતા પક્ષીઓ માટે આ ટાપુ એટલે કે જાણે મોસાળ જ સમજી લો.

અહીં ફ્લેમિન્ગોઝની ભરમાર છે. ગ્રેટર અને લેસર બંને પ્રકારની ફ્લેમિંગોઝની પ્રજાતિઓ અહીં મોજથી વિહરતી જોવા મળે છે. સંધ્યા ટાણું થાય કે ભાંજડા ડુંગર સામે બેસી જાઓ, ધરણી સોનેરી ઓપ ધારણ કરશે અને ફ્લેમિન્ગોઝ પાણીની સપાટીથી જરાક જ ઊંચે ઉડાન ભરીને આખાયે આકાશને ગુલાબી રંગથી રંગી દેશે જેનું પ્રતિબિંબ રણનાં પાણીમાં સ્વચ્છ રીતે જોઈ શકાશે તો સામે આથમતો સૂરજ જાણે ધરણીમાં જ ઓગળી જવા મથતો હોય એવું દ્રશ્ય સર્જાય છે. ખડીર બેટ પર સૂર્યાસ્ત સમયે ક્ષિતિજ પર ઉડતા ફ્લેમિંગો જાણે આકાશ પર પોતાનું આધિપત્ય જમાવી રહ્યા હોય એવું દીસે. ફ્લેમિન્ગોઝ સિવાય અહીં અવનવા ઘણાં પક્ષીઓ જોવા મળે છે જેમાં ટર્ન, રિંગ પ્લોવર, પેલીકન્સ વગેરે. ગુજરાતના લોકોનો પક્ષીઓના જતનમાં શ્રેષ્ઠ ફાળો છે એટલે જ પરદેશી પક્ષીઓ અહીં સુરક્ષા અનુભવે છે. કચ્છના રણની ખૂબસૂરત ધરા એટલે અનન્ય પક્ષી-સૃષ્ટિ અને ગુજરાતના રાજય પક્ષી ફ્લેમિંગો (હંજ)નું નિવાસ સ્થાન કહી શકાય. અહીં છાશવારે ક્ષિતિજ પર ફ્લેમિંગોનું ટોળું નયનરમ્ય દ્રશ્ય ઉપસાવીને કોઈને પણ વાચાહીન કરી શકે છે. આ પક્ષીઓની ઉડાનનાં તોલે કશું ન આવે.

સહુથી આગળ લીડર હશે, ત્યાર બાદ બીજું પક્ષી એની જગ્યા લેશે એટલે લીડર પાછળ જશે પણ બધા જ એક સાથે હારબંધ સંપીને ઊડશે. આ લોકોની ઉડાન અને જીવવાની પદ્ધતિ જોઈને પણ જીવનના ઘણાં ખરા પાઠ શીખી શકાય. પ્રકૃતિ એ કુદરતે જાતે જ ખુલ્લી મુકેલી જીવનની પાઠશાળા છે દોસ્ત, જલ્દીથી એડમિશન લઇ લો, આ પાઠશાળા હવે કદાચ એના અંતિમ પડાવમાં છે. અહીં આવતી નાનકડી ચકલી સ્વોલીઝકસ બુશચાટ એટલે કે રણપીદો વાગડની ચકલીનાં નામે જ ઓળખાય છે. આખું શરીર સુંદર રીતે ફુલાવીને નૃત્ય કરતી આ ચકલીને જોવાનું ઘણા ખરા પક્ષીવિદો માટે એક સપના જેવું છે. સાયબીરિયન પ્રાંતમાંથી આવતી લાર્ક પ્રજાતિની ચકલીઓ, સેન્ડગ્રુઝ, ક્રેન્સ વગેરે વાગડનાં ખડીરના મહેમાનો છે.

કુદરતમાં મહાલતા નાનકડાં પક્ષીઓ આપણને ઘણું ખરું શીખવી જાય છે. આ જ સુંદર મજાનાં પક્ષીઓ આપણને જમીન સાથે જોડાયેલ રાખે છે. ગમે તેટલી ઊંચી ઉડાન ભરવા માટે સક્ષમ હોવા છતાં એ સતત જમીન સાથે જોડાયેલું જ હોય છે. આપણે ગમે તેટલા મહાન થઇ જઈએ પણ આપણા મૂળને વળગી રહીએ તો જીવનમાં ખૂબ જ ઊંચું સ્થાન આપોઆપ પામી લઈએ છીએ.

ગુજરાતનું રાજ્ય પક્ષી - મોટો હંજ તેની મનમોહક સુંદરતા અને ગુલાબી મિજાજ માટે જાણીતું છે, એમ જ ખડીર વિસ્તાર પણ ત્યાંના સુંદર રંગો અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતો છે. ■

ફોકસ પ્લસ

કે.પી. સિંહ
feedback@bombaysamachar.com

# કાળિયારનું અથથી ઈતિ

## સલમાન ખાન, બાબા સિદ્દીકી, લૉરેન્સ બિશ્નોઈ...

**જ્યારથી** એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી છે અને તેની જવાબદારી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગ્રૂપે એમ કહી સ્વીકારી છે કે સિદ્દીકી કાળિયાર હત્યારા સલમાન ખાનનો મિત્ર હતો, ત્યારથી સલમાન ખાન અને બિશ્નોઈ ગ્રૂપ તો ચર્ચામાં છે જ, લોકોને તે કાળા હરણ વિશે જાણવામાં ઘણી ઉત્સુકતા છે, જેની સુરક્ષા માટે હરિયાણા અને રાજસ્થાનમાં વસતો બિશ્નોઈ સમુદાય પોતાનો જીવ પણ જોખમમાં મૂકી દે છે. એટલું જ નહીં, કાળા હરણના નબળા અને બીમાર બાળકોનો જીવ બચાવવા માટે બિશ્નોઈ સમાજની મહિલાઓ જરૂર પડે તો તેમના સ્તનોમાંથી દૂધ પીવડાવવા માટે તૈયાર થઇ જાય છે જેથી કરીને તેમનો જીવ બચાવી શકાય. શાકાહારી બિશ્નોઈ સમુદાય એમ તો ખૂબ જ જીવપ્રેમી છે, પરંતુ તે જે રીતે કાળા હરણના રક્ષણ માટે સમર્પિત રહે છે તેની પાછળનું કારણ એ છે કે બિશ્નોઈ સમુદાય કાળા હરણને તેના ગુરુ અને સર્જક ગુરુ જમ્ભેશ્વરનો અવતાર માને છે. નોંધનીય છે કે બિશ્નોઈ કોઈ ધર્મ નથી પરંતુ ગુરુ જંભેશ્વર મહારાજના ૨૯ સિદ્ધાંતો પર આધારિત જીવનશૈલી છે. એવું કહેવાય છે કે જ્યારે ગુરુ જંભેશ્વર મહારાજ પોતાનો દેહ છોડી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે તેમના પછી બિશ્નોઈ સમુદાયે કાળા હરણને પોતાનો અવતાર માનીને તેની પૂજા કરવી. ત્યારથી બિશ્નોઈ સમુદાય પોતાના જીવના જોખમે પણ કાળા હરણનું રક્ષણ કરે છે.

ખેર, આ એક સમાજ માટે આસ્થાની વાત છે, પણ સવાલ એ છે કે શું આ કાળા હરણ અન્ય હરણ કરતાં અલગ છે? શું આ કોઈ ચમત્કારિક પ્રાણી છે? છેવટે, કાળા હરણની સમગ્ર જૈવિક રૂપરેખા શું છે? આજે દરેકને આ વિશે જાણવાની ભારે ઉત્સુકતા છે. બ્લેક બક, જેનું વૈજ્ઞાનિક નામ એંટીલોપ કેરવીકેપ્રા છે. વિશ્વમાં કદાચ તે એકમાત્ર ભાગ્યશાળી પ્રાણી છે જેને કોઈ સમાજ તેની પૂજા કરવાની હદ સુધી પ્રેમ કરે છે. જોકે, તે ભારતીય ઉપખંડના અનન્ય શાકાહારી સસ્તન પ્રાણીઓમાંનું એક છે. તેની સુંદરતા, અનોખી શારીરિક રચના અને ક્ષણભરમાં હવા સાથે વાત કરતી તેની તોફાની ચાલ જે તેને અન્ય હરણ કરતાં અલગ અને વિશિષ્ટ બનાવે છે. તેનો બાયોડેટા નીચે મુજબ છે - પરિવારનું નામ બોવિડાઇ, ક્લાસ મેમેલિયા, ઓર્ડર હૂફ્ડ, જીનસ એંટીલોપ અને જાતિ કેરવીકેપ્રા છે. તે સામાન્ય રીતે ૧૦૦ થી ૧૫૦ સે.મી. લાંબું, લગભગ ૭૪ થી ૮૪ સે.મી. ઊંચું હોય છે અને નર કાળા હરણનું વજન લગભગ ૩૪થી ૪૫ કિલો અને માદા કાળા હરણનું વજન ૩૧ થી ૩૯ કિલોના હોય છે. નર કાળા હરણનો રંગ કાળો અને સફેદ હોય છે. તેના શરીરના ઉપરના ભાગનો રંગ ઘેરો કાળો હોય છે, જ્યારે પેટનો ભાગ સફેદ હોય છે. તેના બચ્ચાં આછા ભૂરા રંગના હોય છે. ફક્ત નર હરણમાં જ શિંગડા



હોય છે, જે ૪૫ થી ૬૫ સેન્ટિમીટર લાંબા અને વિશિષ્ટ વક્ર આકાર ધરાવે છે.


કાળા હરણનાં બાળકો જન્મના થોડા કલાકોમાં જ ઊઠીને ચાલવા લાગે છે. જ્યાં સુધી તેમના રહેઠાણની વાત છે, તેઓ ખુલ્લા ઘાસનાં મેદાનો, સૂકા વિસ્તારો, ઝાડીઓથી ભરેલી જગ્યાઓ વગેરેમાં રહેવાનું પસંદ કરે છે. વિશ્વમાં, ભારત સિવાય, તેઓ હાલમાં નેપાળમાં જોવા મળે છે, જ્યારે એક સમયે, તેઓ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ જોવા મળતાં હતાં. પરંતુ હવે ભારત સિવાય અસુરક્ષિત એટલે કે ખુલ્લી જગ્યાઓમાં માત્ર નેપાળમાં જ જોવા મળે છે. ભારતમાં તે રાજસ્થાન, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના નાના ભાગમાં જોવા મળે છે. અહીં તેમની કુલ વસ્તી ૫૦,૦૦૦થી ૮૦,૦૦૦ ની વચ્ચે માનવામાં આવે છે.

જોકે, હવે તેઓ ભારત અને નેપાળ સિવાય ક્યાંય ખુલ્લી જગ્યાઓમાં જોવા મળતાં નથી. તેથી, ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચરએ કાળા હરણને ‘નજીકના જોખમી’ શ્રેણીમાં સામેલ કર્યા છે. કહેવાનો અર્થ એ છે કે જૈવિક ઇકોલોજીમાં, કાળા હરણ એ લુપ્ત થવાની ભયંકર શ્રેણીનો એક ભાગ છે. ભારતમાં, તેને વન્યજીવોના સંરક્ષણ માટે બનાવવામાં આવેલા વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ના દાયરામાં રાખવામાં આવ્યાં છે, જેના કારણે કોઇપણ વ્યક્તિ તેનો શિકાર કે સ્મગલિંગ કરી શકતી નથી. બ્લેકબક સંપૂર્ણપણે શાકાહારી હોય છે, તે મુખ્યત્વે ઘાસ, નાના છોડ અને છોડના નરમ ભાગો ખાય છે. સામાન્ય રીતે તેમનું આયુષ્ય ૧૦ થી ૧૫ વર્ષનું હોય છે, પરંતુ જે રીતે બિશ્નોઈ સમાજ તેમને વધારાનું રક્ષણ આપે છે અને તમામ પ્રકારના અવરોધોથી તેમનું રક્ષણ કરે છે તે રીતે તેમનું આયુષ્ય વધીને ૧૮ થી ૨૦ વર્ષ થઇ જાય છે. ભારતમાં, જ્યાં બિશ્નોઈ સમાજ તેમની સુરક્ષા માટે નથી, ત્યાં વાઘ, ચિત્તો, વરુ તેમનો શિકાર કરી લે છે. જ્યારે તેમનાં બાળકોનો શિકાર ઘણા શિકારી પક્ષીઓ પણ કરી લે છે. કાળા હરણ ઇકોસિસ્ટમમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ રીતે જોવામાં આવે તો, બિશ્નોઈ સમુદાય માટે કાળા હરણનું કંઈક અવતારાત્મક મહત્ત્વ હોઈ શકે છે, પરંતુ જીવવિજ્ઞાનની દષ્ટિએ તે અન્ય પ્રાણીઓની જેમ એક પ્રાણી છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ફેસ્ટિવલ વિશ કરતી પોસ્ટ જાતે જ બનાવી શકો




**રોશનીનું** પર્વ એટલે દિવાળી. નવરાત્રિ ભલે સૌથી લાંબો તહેવાર હોય પણ દિવાળીના છ-સાત દિવસની રોનક અલગ હોય છે. દશેરાએ દિવાળીના એંધાણ વર્તાય છે. ઉમંગ સાથે ઘરનો ઉંબરો પૂજવાના દિવસો, સ્મિત સાથે શુભેચ્છાઓ આપવાની ક્ષણ, પરંપરાને જાળવી વડીલોને પગે લાગીને આશીર્વાદ લેવા માટેનો શ્રેષ્ઠ સમય. એનાથી પણ થોડું આગળ કોના ઘરે કયો નાસ્તો બેસ્ટ છે એ ગોષ્ઠી કરવાનો તહેવાર.

જોકે, બદલાતા યુગ સાથે મિત્રો, સંબંધીઓ તેમજ સાથે કામ કરતા કલિગ્સ ડિજિટલ થતા ગયા એમ વિશ કરવાનાં માધ્યમો બદલતાં ગયાં. છેલ્લાં સાતેક વર્ષથી તો ઓનલાઈન પોસ્ટ મૂકીને સૌને વિશ કરવામાં આવે છે.

અહીંયા નવું શું છે એ વાતનો જવાબ છે કોન્ટેન્ટ. વિશ કરવા માટે લખવામાં આવતા મસ્ત મસ્ત શબ્દો. કોઈ અંગ્રેજીમાં કોઈ આપણી ગુજરાતી ભાષામાં શુભેચ્છા પાઠવે છે. જુદાપણું ત્યાં હોય છે જયારે એમાં વૈવિધ્ય હોય છે. આ પર્વમાં કોઈએ આપેલા મેસેજના શબ્દો મસ્ત સ્પર્શ કરી જાય છે. આવી ફોર્વર્ડેડ પોસ્ટ પર બીજાને મોકલી નામ કરવા કરતા આજે થોડા જ એડિટિંગ ટૂલ્સ શીખીને આવી પોસ્ટ જાતે જ બનાવીએ,જેમકે...

ટેમ્પેટ એડિટઃ

ગૂગલના ઈમેજ સર્ચ પર હેપ્પી દિવાલી કે ન્યૂ યર લખવાથી હજ્જારોની સંખ્યામાં ઈમેજ મળી જશે. એડિટનું પહેલું પગથિયું અહીંથી શરૂ થાય છે. ટેમ્પેલટ એવા શોધો જેમાં થોડી સરળતા હોય, નામ લખવા માટેની સ્પેસ હોય અને થોડા શબ્દોમાં ઘણું કહેવાયું છે. આ સિવાય માત્ર હેપ્પી દિવાળી કે ન્યૂ યર લખેલું હોય તો પણ ચાલશે. માત્ર આવી ઈમેજ ડાઉનલોડ કરી એડિટમાં જઈને મનગમતા કલર સાથે તમારુ નામ લખી શકો છો. બસ, અલાઈનમેન્ટ વ્યવસ્થિત હશે તો એકદમ પ્રોફેશનલ જેવો ડિજિટલ વટ પડશે.

### પોસ્ટ માયવોલઃ

આ એક એવી વેબસાઈટ છે, જેમાં તૈયાર સાઈઝમાં માત્ર થોડા ઘણા એડિટ ઓપ્શન અને ઢગલાબંધ ફેસ્ટિવલ થીમ્સ મળી રહેશે. વીડિયો પોસ્ટ બનાવી હશે તો પણ મસ્ત ફોર્મેટ રેડી છે. માત્ર નામ કે પેઢી કે દુકાનનું નામ લખીને ડાયરેક્ટ મોકલી દો. આ વેબસાઈટની ખાસ વાત એ છે કે, ફ્રીમાં પોસ્ટ એડિટ કરવા દેશે. ડાઉનલોડ કરવામાં જો વોટરમાર્ક આવતો હોય તો એ જ પોસ્ટનો સ્ક્રિનશોટ પાડી દો. પછીથી ક્રોપ કરીને યુઝ કરી શકો. હા, ડિઝાઈનિંગ અને નવી નવી પોસ્ટ બનાવવાનો શોખ હોય તો પ્રીમિયમ લેવું કોઈ જ ખોટનો નિર્ણય નથી. હાઈલી રેકમન્ડેડ.

### પ્રેઝીઃ

યુટ્યૂબની કંપનીમાં બનેલી મસ્ત એપ્લિકેશન. એડિટ કરવામાં થોડી અઘરી પડશે, પણ રિઝલ્ટ જોઈને દસ જણ પૂછશે કે શેમાં બનાવ્યું? એ વાત નક્કી. AI ટૂલ્સ સાથે આ એક ફોટોબેઝ એપ્લિકેશન ઘણી ઓછી જાણીતી છે. આ પાછળનું કારણ એના ટૂલ્સ છે. જે રીતે ફોટોશોપના ક્રેક વર્ઝનમાં મર્યાદિત ફિચર્સ આવતા થયા છે એમ ટૂલ્સની જાણકારી વગર બધુ અધૂરું છે.

### પેઈન્ટઃ

હવે તમે કહેશો કે આમાં શું નવું છે? નવું એ છે કે, કોઈ જ ફોટામાં ગડબડ કર્યા વગર જ માત્ર ફૂટર બનાવીને નામ લખી શકાય છે. નાના એવા આકાર ગોઠવી શકાય છે. પછી એમાં રંગો ભરી શકાય છે. સ્કૂલમાં હતા ત્યારે ડ્રોઈંગબુકનાં ચિત્રો ડિજિટલની ચોક્કસાઈ કરતા થોડા ફિક્કા લાગતા. પણ એની મજા હવે ડિજિટલ પ્લેટફોર્મ પરથી લઈ શકાય છે. આના ટૂલ્સ તો મોટાભાગના લોકો યુઝ કરી ચૂક્યા હશે.

### ફોટોપીઆઃ

હવે જે લોકો ફોટોશોપના ટૂલ્સથી વાકેફ છે તે લોકો માટે આ વેબસાઈટ મિનિ ફોટોશોપ છે. ક્રોપથી લઈને એક્સપોર્ટ સુધીના ફિચર્સ ઓનલાઈન મળી રહે છે. બસ તકલીફ એ છે કે, સોફ્ટવેરમાં જે શોર્ટકટ કામ કરે છે એ અહીંયા નથી કરતા. થોડા વેબના શોર્ટકટ એ અંગે એપ્લાય થઈ જાય છે. બાકી કલરબોક્સથી લઈને ક્રોપ ટુલ સુધી તમામ વસ્તુ આબેહૂબ. રેપ્લિકા કહી શકો. એટલું જ નહીં પીએસડી ફાઈલ પણ સેવ થશે એટલે બીજા કોમ્પ્યુટર કે લેપટોપ ઉપરથી પણ સરળતાથી એડિટ કરી શકાય.

### વિસમીઃ

પ્રોફેશનલને પણ ટક્કર આપે એવા ગ્રાફિક્સ બનાવવા છે? વિશ કરવા માટેની પોસ્ટ જ નહીં, દમદાર લખાણ સાથે એક આકર્ષક લૂક આપવો હોય તો પહોંચો વિસમીની સાઈટ પર. એકથી એક ચડિયાતા ટેમ્પેટ અને કલર્સની એવી મસ્ત સિરીઝ કે ભલભલા ગુંચવાઈ જશે. આ એક લાઈબ્રેરી બેઝ સાઈટ છે. જે ઓનલાઈન ટૂલ્સ એડિટ કરવા માટે આપે છે. એટલું જ નહીં, એક નવું જ કેન્વાસ તૈયાર કરીને, સાઈઝ આપીને એમાં મનગમતી થીમ્સ બનાવી શકો છે. આ એક અલગ અનુભવ આપશે એ નક્કી. બસ જેને વિશ કરવાનું છે એ માટેનું કોન્ટેટ દમદાર હોવું જોઈએ. બાકી આર્ટ અને કલર્સની દુનિયા અહીંથી જ ખૂલવાની હોય એવો માહોલ આ વેબસાઈટ આપે છે. ■

### આઉટ ઓફ બોક્સ

*નવેમ્બર ૧૯૮૫માં જ્યારે વિન્ડોઝ ૧.૦ વર્ઝન પર આવતું એ સમયે પેઈન્ટ સોફ્ટવેર પહેલી વખત કોમ્પ્યુટર માર્કેટમાં આવ્યું હતું.*

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## સેબી ને સરકારના બે મહત્ત્વનાં પગલાં

# સ્ટોક બ્રોકર્સ માટે બિઝનેસ તક વધશે કાનૂની ગૂંચવણો ઘટશે

**એકબાજુ નાના-રિટેલ ઈન્વેસ્ટર્સ માટે સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવાનું માધ્યમ વધુ સરળ બને એવી શકયતા આકાર લઈ રહી છે. બીજી બાજુ, સરકાર સિક્યોરિટીઝ માર્કેટ સંબંધિત ચાર જુદાં-જુદાં કાનૂનને સ્થાને સિંગલ કોડ (એક કાનૂન) લાવવાની તૈયારી કરી રહી છે. આ બંને વાત સમજવી જરૂરી છે.**



‘સેબી’ના આ નિર્ણયથી બ્રોકર્સ માટે વધારાની આવકનો માર્ગ ખુલશે એ ખરું, પરંતુ નવા ટ્રેડિંગ મૉડલને અપનાવવા માટેની કમ્પ્લાયન્સ (અનુપાલન)ની જટિલતાઓ અવરોધ બની શકે. અલબત્ત, હાલ તો બ્રોકર્સને આમાં રસ ઓછો હોવાનું કહેવાય છે. માર્કેટ રેગ્યુલેટર ‘સેબી’ સ્ટોક બ્રોકર્સને નેગોશિયેટેડ ડિલિંગ સિસ્ટમ-ઓર્ડરિંગ મેચિંગ (NDS-OM) ઍક્સેસ કરીને સરકારી સિક્યોરિટીઝમાં સોદો કરવા દેશે. આમ તો ભારતીય રિઝર્વ બૅંક(આરબીઆઇ)એ આ દરખાસ્ત ૨૦૦૫માં રજૂ કરી હતી. એનડીએસ-ઓએમ એ આરબીઆઇની માલિકીની જીસેકમાં સેકન્ડરી માર્કેટ ટ્રેડિંગ માટે સ્ક્રીન-આધારિત ઇલેક્ટ્રોનિક ઓર્ડર મેચિંગ સિસ્ટમ છે. તે ફક્ત જી-સેક માટે જ ડિઝાઇન કરવામાં આવી હતી.

બિઝનેસ માટે નવી તક અને સરળતા ગયા મહિને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ જી-સેક ટ્રેડિંગમાં રિટેલ પાર્ટિસિપેશનની સુવિધા આપવાનો મુદ્દો હાથ ધર્યો હતો. તેણે સ્ટોક બ્રોકર્સને આર્મ્સ-લેન્થના આધારે સ્ટોક બ્રોકિંગ એન્ટિટીના સેપરેટ બિઝનેસ યુનિટ (એસબીયુ) તરીકે આ સેવાઓ ઓફર કરવાની મંજૂરી આપવાની દરખાસ્ત કરીને ૨૫ ઓક્ટોબર સુધીમાં તેની સામે જાહેર અભિપ્રાય મંગાવ્યા હતા. નિષ્ણાતો જણાવે છે કે જી-સેકમાં રિટેલ રોકાણકારોની સામેલગીરીએ ખૂબ જ જરૂરી પગલું છે અને ‘સેબી’ના આ પગલાંને પરિણામે બ્રોકર્સને નવા બિઝનેસની તક પણ મળશે. બ્રોકરો એમની સર્વિસમાં આ એક વધારાનો એસેટ ક્લાસ ઉમેરી શકશે. સ્ટોકબ્રોકર્સ પાસે ઘણા રિટેલ ક્લાયન્ટ્સ હોવાથી, એનડીએસ-ઓએમ સિસ્ટમનો ઉપયોગ કરવાથી રિટેલ બિઝનેસ વધવાની અપેક્ષા છે. હાલમાં આ સિસ્ટમ માત્ર બૅંકો, પ્રાઈમરી ડીલરો, વીમા સંસ્થાઓ માટે ઉપલબ્ધ છે. કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ્સ, વગેરે આ નવા ફેરફાર દ્વારા હવે પછી બ્રોકર્સ મ્યુચ્યુઅલ ફંડ્સ જેવી થર્ડ પાર્ટી એન્ટિટીની દખલ વિના જી-સેકની સીધી ખરીદી અને વેચાણ પણ કરી શકશે તેવી ધારણા છે.

નિષ્ણાતો એવું પણ માને છે કે જી-સેકમાં છૂટક ભાગીદારી વધારવાથી, ફિક્સ્ડ ડિપોઝિટના બહેતર વિકલ્પ સમાન સરકારી જામીનગીરીઓના રોકાણ સાધનની તરલતા પણ વધશે, કારણ કે તે છૂટક રોકાણકારોને તેમના ભંડોળને સરકારી બોન્ડ્સમાં સીધા જ પાર્ક કરવાની મંજૂરી આપશે. આ નવી વિસ્તૃત ભાગીદારીથી સરકારી સિક્યોરિટીઝમાં ટ્રેડિંગ વોલ્યુમમાં વધારો થવા ઉપરાંત બહેતર પ્રાઇસ ડિસ્કવરી મિકેનિઝમ્સ બની શકશે, જેના કારણે જી-સેક બજારની કાર્યક્ષમતા સુધરશે અને સરકારી સિક્યોરિટીઝ માર્કેટમાં વધુ ગહનતા આવશે. બ્રોકર્સ પર જવાબદારી પણ વધશે ...

આ માર્ગે પાત્ર બનવા ક્વોલિફાઇડ બ્રોકરોએ અલગ એકાઉન્ટ જાળવવાની જરૂર પડશે. એસબીયુએ ખાત્રી કરાવવી પડશે કે એ સિક્યોરિટીઝ માર્કેટ-સંબંધિત પ્રવૃત્તિઓથી સ્વતંત્ર રીતે કામ કરે છે, જેમાં અનુપાલન, ફાઇનાન્સ અને અન્ય તમામ પ્રવૃત્તિઓ તેમ જ એસબીયુની નેટવર્થનું અલગથી મૂલ્યાંકન કરવું પડશે. કાનૂની નિષ્ણાતોના મતે વધારાના અનુપાલન બોજ સાથે સ્ટોક બ્રોકર્સ માટે ઘણી મહત્ત્વપૂર્ણ કાનૂની અને નિયમનકારી જોગવાઈઓના પાલનની જવાબદારી ઊભી કરી શકે છે.

મુખ્ય બ્રોકરેજ બિઝનેસ માટે ‘સેબી’ અને એનડીએસ-ઓએમ પ્રવૃત્તિઓ માટે આરબીઆઇ એમ બેવડા નિયમનકારી પાલનથી જટિલતા વધી શકે છે.

નવી ટ્રેડિંગ સિસ્ટમ અને સરકારી સિક્યોરિટીઝની બજારની ગતિશીલતા સાથે તાલમેલ કરવા સ્ટોકબ્રોકર્સને નવું નવું શીખવાના પડકારનો સામનો કરવો પડી શકે છે. તેમને સરકારી સિક્યોરિટીઝના વેપાર સાથે સંકળાયેલા ચોક્કસ બજારના જોખમોનું સંચાલન કરવામાં કુશળતા વિકસાવવાની જરૂર પડશે. એસબીયુની સેવાઓનો લાભ લેતા રોકાણકારો માટે સ્ટોક એક્સચેન્જ અને સ્કોર્સના ફરિયાદ નિવારણ મિકેનિઝમ અને ઇન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ (આઇપીએફ) ઉપલબ્ધ રહેશે નહીં, તેથી છૂટક રોકાણકાર એસબીયુ સાથે વ્યવહાર કરવાથી દૂર રહી શકે છે. સંભવતઃ ઘણા બ્રોકર્સ આ માટે આગળ ન આવે એવું પણ સંભવ છે.

યુનિફાઇડ સિક્યોરિટીઝ માર્કેટ કોડ આવશે... દરમ્યાન ભારતના સિક્યોરિટીઝ માર્કેટ માટે એક સરળ માળખું ઓફર કરીને ચાર જુદાં-જુદાં કાયદાઓને એક કોડમાં એકીકૃત કરવાની સરકાર તૈયારી કરી રહી હોવાનું જાણવા મળે છે. જેને પગલે સેબી એક્ટ, ૧૯૯૨નું સ્થાન આ નવો કોડ લેશે. સરકાર ટૂંક સમયમાં બહુ-અપેક્ષિત યુનિફાઇડ સિક્યોરિટીઝ માર્કેટ્સ કોડ (એમએમસી) રજૂ કરે તેવી શક્યતા છે, જે દેશના નાણાકીય બજારોને સંચાલિત કરતા ચાર મુખ્ય કાયદાઓને એકીકૃત કરે છે. આ ચાર કાયદાઓમાં સેબી એક્ટ, ૧૯૯૨; ડિપોઝિટરીઝ એક્ટ, ૧૯૯૬; સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) એક્ટ (એસસીઆરએ), ૧૯૫૬; અને સરકારી જામીનગીરીઓનો કાયદો, ૨૦૦૭નો સમાવેશ થાય છે. આગામી વરસે અમલની શકયતા...

૨૦૨૧-૨૨ના કેન્દ્રીય બજેટમાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા એસએમસીની દરખાસ્ત કરવામાં આવી હતી. તેના ઉદ્દેશ્ય નિયમોને સુવ્યવસ્થિત કરવા, કાયદાના પાલનના બોજને હળવો કરવો અને બજારના સહભાગીઓ માટે એકંદર વ્યવસાયિક વાતાવરણમાં સુધારો કરવાના છે. કાયદા મંત્રાલય દ્વારા ચકાસણી થયા પછી ટૂંક સમયમાં જ કેબિનેટની મંજૂરીની પણ શક્યતા છે. આ નવો કોડ કે કાયદો ભારતીય સિક્યોરિટીઝ માર્કેટને આધુનિક બનાવશે અને તેને સ્થાનિક તેમ જ વૈશ્વિક રોકાણકારો માટે વધુ કાર્યક્ષમ અને આકર્ષક બનાવશે. આ બિલ સંસદમાં પસાર થાય તેની સાથે ઉપરોક્ત ચારેય વર્તમાન કાયદાઓ રદ થઈ જશે, જેને પરિણામે રોકાણકારોનો સિક્યોરિટીઝ બજારમાં વિશ્વાસ પણ વધશે. વરસ ૨૦૨૫ સુધીમાં અમલ થવાની આશા રખાય છે. કાનૂની જટિલતા ઘટશે-સરળતા વધશે...

ચાર જુદાં-જુદાં કાયદાને એકમાં સમાવાતાં કાનૂની જટિલતા ઘટશે, જે વ્યવસાયીઓ અને રોકાણકારો સહિતના બજારના સહભાગીઓ માટે નિયમોને જાણવાનું અને તેમનું પાલન કરવાનું સરળ બનાવશે. આ સુમેળ વિવિધ કાયદાઓ વચ્ચેના સંઘર્ષને દૂર કરશે અને એક સ્પષ્ટ માળખું ઉપલબ્ધ બનાવશે. આનાથી અનુપાલન ખર્ચ ઘટશે, એકીકૃત કોડ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરશે, નાણાકીય બજારોમાં કાર્યરત કંપનીઓ પર વહીવટી અને અનુપાલન બોજ ઘટશે. તેથી ઓપરેશનલ કાર્યક્ષમતા વધશે. સિંગલ રેગ્યુલેટરી ફ્રેમવર્ક બજાર કામગીરીને સરળ બનાવશે, બિનજરૂરી કલમો દૂર થવાથી અને વધુ બિઝનેસ ફ્રેન્ડલી જોગવાઇઓ આવવાથી ભારતની બિઝનેસ કરવાની સરળતા વધારવાના સરકારના વ્યાપક એજન્ડાને સફળતા મળવાની પણ આશા રહેશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# વિદેશ ભણવા જવું તે બીમારી નથી, બીમારીનું લક્ષણ છે...



દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે હમણાં કહ્યું હતું કે ભારતનાં બાળકોમાં વિદેશ જવાની ‘બીમારી ’ શરૂ થઇ છે. એમણે ચિંતા વ્યક્ત કરી કે આમાં વિદેશી મુદ્રા અને પ્રતિભાની બરબાદી પણ છે. રાજસ્થાનના સીકરમાં એક ખાનગી શૈક્ષણિક સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમમાં બોલતા ધનખરે કહ્યું, ‘આજકાલ ૧૮ થી ૨૪ વર્ષની વયના છોકરા- છોકરીઓ જાહેરાતોથી પ્રભાવિત થઈને વિદેશ જાય છે. વર્ષ ૨૦૨૪માં આશરે ૧૩ લાખ વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા. એમના ભવિષ્યનું શું થશે તે ખબર નથી. લોકો હવે સમજે છે કે જો એમણે અહીં અભ્યાસ પૂરો કર્યો હોત તો એમનું ભવિષ્ય કેટલું ઉજ્જવળ હોત.’

‘વિદેશ ભણવા જવું એ એ બીમારી છે’ અને ‘દેશમાં ભવિષ્ય ઉજ્જવળ છે’ તેવા ઉપરાષ્ટ્રપતિના બયાનની સચ્ચાઈને,એમની ખુદની દીકરીના શિક્ષણની વિગતો સાથે તાબડતોબ સોશ્યલ મીડિયા પર ચકાસવામાં આવ્યું હતું. ઓનલાઈન યુઝર્સ માહિતી લઇ આવ્યા કે ધનખર સાહેબની દીકરી કામના અમેરિકાની આર્કેડિયા યુનિવર્સીટીમાં ભણી છે અને યુકે- ઇટાલી ઓસ્ટ્રેલિયામાં વધારાના સમર કોર્સ કર્યા છે.

વાસ્તવમાં, વિદેશ ભણવા જવું એ બીમારી નથી, કારણ કે હોંશિયાર બનવું એ બીમારી નથી. લોકો ભણી-ગણીને હોંશિયાર થવા માટે વિદેશ જાય છે, કારણ કે તેનાથી નોકરી-ધંધામાં સરસાઈ મળે છે. આ દેશમાં ઠીકઠાક જીવન બનાવવામાં ઘણી અડચણો આવે છે, ઉપરથી કટ્ટર હરીફાઈમાં ટકી રહેવા માટે એને ઢંગનું શિક્ષણ કે ડિગ્રી નથી મળતી.

ભારતમાં મોટાભાગનાં માતા-પિતાને એમનું સંતાન સરખું ભણીને નોકરી-ધંધો કરી શકશે કે કેમ તેની ચિંતા હોય છે. બાળકો નહીં, ખુદ ભારતીય પેરન્ટ્સ જ એ ફિરાકમાં હોય છે કે જેવી તક મળે તો પહેલી ફ્લાઈટમાં પોતાના બાળકને વિદેશ મોકલી દે (દેશના હાલના અઢાર જાણીતા નેતાઓ જેમાંના મોટાભાગના સત્તા પક્ષમાં છે, એમનાં સંતાનો વિદેશ ભણી આવ્યાં છે અને આજે સુખી છે).

૨૦૨૧માં, ભારતીય મૂળના અમેરિકન પરાગ અગ્રવાલની માઈક્રોબ્લોગિંગ સાઈટ ‘ટ્વિટર’ (હવે X )ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિમણૂક થઇ ત્યારે ગણતરીના કલાકોમાં ‘ટ્વિટર’ પર એક મીમ વાઈરલ થયું હતું. તેમાં એક મધ્યમ વર્ગની સ્ત્રી એક હાથમાં ચપ્પલ ઉગામીને બીજા હાથે તેના બેરોજગાર દીકરાના વાળ પકડીને ગરજી રહી હતી ‘ઉધર અગ્રવાલજી કા બેટા ‘ટ્વિટર’ સી.ઈ.ઓ. બન ગયા ઔર તુ બસ ડેઈલી ટ્વિટર પે બોયકોટ ધીસ ઘેટ’વાલા ટ્રેન્ડ ચલાતા હૈ..!’

ભારતમાં હજારો-લાખો બેરોજગાર લોકો સોશ્યલ મીડિયા પર નફરતની રાજનીતિમાં વ્યસ્ત છે, ત્યારે અમુક ભારતીયો ચૂપચાપ વિદેશ જતા રહીને તેમનું ભવિષ્ય બનાવી રહ્યા છે તેની કડવી વાસ્તવિકતા આ જોકમાં હતી.

ભારતની આઝાદી પહેલાંથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે લંડન જવાનું ચલણ હતું અને આઝાદી પછી ઘણા પ્રતિભાશાળી ભારતીય ડૉકટરો અને એન્જિનિયરો ઉત્તમ જીવન-કારકિર્દીની તલાશમાં લંડન, યુરોપ અને પાછળથી અમેરિકા ઉપડી જતા હતા. તેના માટે ‘બ્રેન ડ્રેઈન’ શબ્દ હતો. એ જાણે એક બીમારી હતી. આજે પણ એક ઉચ્ચ મધ્યમ વર્ગનાં ગુજરાતી છોકરા-છોકરીઓ લંડન, ન્યૂયોર્ક, કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ન્યૂઝીલેન્ડ જતા રહેવાનાં સપનાં સેવતાં છે.

આઝાદી પછી ઘણા સમય સુધી વિદેશ જવું સામાજિક ગૌરવની નિશાની હતું. મોટા ભાગનાં સંતાનો અને પેરન્ટસનું એ સ્વપ્ન રહેતું હતું, કારણ કે ભારત એ જીવન અને કારકિર્દી આપી શકતું ન હતું, જે બીજા દેશો આપી શકતા હતા, પરંતુ ૧૯૯૧ના ઉદારીકરણ પછી આપણે દુનિયાનું જે પણ શ્રેષ્ઠ છે તેને ભારતમાં આવકાર આપ્યો છે. છતાં, બ્રેન ડ્રેઇનમાં રૂકાવટ ન આવી તે એક વિચારવા જેવો મુદ્દો છે.

૨૦૨૨માં, જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેન યુદ્ધમાં ફસાયા હતા ત્યારે નેતાઓને ખબર પડી કે આટલા બધા ભારતીય વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસ માટે વિદેશ જાય છે. અહીં બે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે. પ્રથમ એ છે કે શા માટે ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે વિદેશ જાય છે અને બીજું એ કે શું અભ્યાસ કરવા માટે વિદેશ જવું ખરાબ છે? નિષ્ણાતોનું કહેવું છે કે એક તો આંતરરાષ્ટ્રીય શિક્ષણ સસ્તું થઈ ગયું છે, જેના કારણે મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ પણ વિદેશમાં અભ્યાસ કરી શકે છે અને બીજું કારણ ભારતની બહાર વધુ સારું જીવન છે.

જાહેરમાં કોઈ એકરાર કરે કે ન કરે, ઘરની ચાર દીવાલોમાં બધાં એકબીજાને કહેતાં હોય છે કે, ‘આના કરતાં તો ફોરેન જતા રહેવું જોઈએ....’ આપણા સામાજિક, રાજકીય અને આર્થિક વાતાવરણની આ કરૂણ વાસ્તવિકતા છે કે ભારતના એક સામાન્ય નાગરિકથી લઈને એક અમીર બિઝનેસમેનને વિદેશની ભૂમિ પર જે સુખ-સુવિધા અને શાંતિ દેખાય છે, તે ભારતમાં નજર નથી આવતી.

સચ્ચાઈ એ છે કે અભ્યાસ કરવા માટે વિદેશ જતા તમામ ભારતીયો ત્યાં કાયમી વસવાટ કરવા ઇચ્છતા હોય છે. એ વિદ્યાર્થી વિઝા સાથે આવે છે અને પછી તે વિઝાને કાયમી રહેઠાણમાં બદલવાનો પ્રયાસ કરે છે. એવા ઘણા ઓછા વિદ્યાર્થીઓ છે, જે ભણીને વતન પાછા આવવાના હેતુથી ભારતની બહાર અભ્યાસ કરવા જાય છે.

વિદ્યાર્થીઓ ત્રણ કારણસર વિદેશમાં સ્થાયી થઇ જવા ફાંફા મારતા હોય છેઃ એક, વધુ સુવિધાપૂર્ણ જીવનશૈલી, કમાણીની વધુ તક અને બહેતર કારકિર્દી. બીજા શબ્દોમાં કહીએ તો, ભારતમાં આ ત્રણે વાતનો અભાવ છે. એક તરફ ભારતની યુવા વસતિને દેશના વિકાસ અને અર્થતંત્ર માટે મૂલ્યવાન સંપત્તિ માનવામાં આવે છે. બીજી તરફ, દેશમાં મોટાપાયે બેરોજગારી છે. બેરોજગાર યુવાન દેશના વિકાસમાં શું યોગદાન આપી શકે?

આ માહોલમાં યુવાનોને વિદેશ જતા અટકાવવાનું અશક્ય છે, કારણ કે ભારતમાં નોકરી-ધંધામાં હરીફાઈ કરી શકાય તેવું ગુણવત્તાવાળું શિક્ષણ નથી અને જે લોકો અહીં ભણે છે એમને નોકરી આપવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અથવા ઉદ્યોગ નથી. ભારતની શિક્ષણ વ્યવસ્થા એટલી સારી નથી જેટલી સારી તે વિદેશમાં છે.

અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૪માં, વિદેશી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૧.૮ મિલિયન થવાની ધારણા છે. કૅનેડા ભારતીય વિદ્યાર્થીઓમાં ખૂબ જ લોકપ્રિય છે, જ્યાં સૌથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે જઈ રહ્યા છે.

દરેક સરકારની જવાબદારી છે કે તે સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડે, નાગરિકોને દેશમાં નિર્ભીક વાતાવરણ આપે અને એમના સારા જીવન અને ભવિષ્ય માટે મહત્તમ વ્યવસ્થા કરે. છોકરાઓ વિદેશ જાય તે બીમારી નથી, બીમારીનું લક્ષણ છે. અસલી બીમારી ભારતમાં ગુણવત્તાવાળા શિક્ષણનો અને ધંધા-રોજગારની તકોનો અભાવ છે. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# વિલક્ષણ સૂક્ષ્મતા સાથે રજૂ કચ્છના ઐતિહાસિક લઘુચિત્રોમાં રામાયણની ઝાંખી









**લઘુચિત્રો** (Miniature Paintings) એ ભારતીય કળાની એક મહત્ત્વપૂર્ણ શાખા છે, જેમાં નાના કાગળ પર ખૂબ જ સૂક્ષ્મ અને સુંદર રીતે દ્રશ્યોને ચિતરવામાં આવે છે. આ ચિત્રોની વિશેષતા એ છે કે તેનામાં વિલક્ષણ સૂક્ષ્મતા સાથે પાત્રો, સ્થળો, તેમજ ઘટનાઓને અદ્ભૂત રીતે દર્શાવવામાં આવે છે. મહાકાવ્યો, ઐતિહાસિક પ્રસંગો અને ધર્મને આધારિત લઘુચિત્રો વધુ જોવા મળે છે અને પ્રાચીન સમયમાં મહારાજાઓના દરબારમાં તે ખાસ કરીને વધુ પ્રચલિત હતા. આ લઘુચિત્રો બનાવવામાં ખૂબ જ નાની અને સૂક્ષ્મ તુલિકા અને સુચરિત રંગોનો ઉપયોગ થાય છે. જેમાં મુખ્યત્વે કુદરતી રંગો, ખનિજ પદાર્થો, સોનાની પાંખડી, ચાંદી અને રત્નોના ચૂરાનો ઉપયોગ થાય છે. આ ચિત્રોમાં પાત્રોના ચહેરા, વસ્ત્રો, ભૂમિ અને પર્યાવરણનું નિરૂપણ અદ્ભૂત કુશળતાથી કરવામાં આવે છે.

કચ્છમાં પણ આ કળા ખાસ પ્રકારની રહી હશે, રાજસ્થાની અને કમાંગરી કલામના તત્ત્વોથી પ્રેરિત લઘુચિત્રો શ્રી ડી.બી. વોરાની ભેટ સ્વરૂપે કચ્છ રાજ્ય સંગ્રહાલયને પ્રદાન કરાયેલા છે. ૧૩૫ વર્ષ જૂના રામાયણના આ ચિત્રો કચ્છની દૈવિક કલાની ઝાંખી આપે છે જેમાં ચિત્રોમાં પાત્રોનું મૂર્તિમંત રૂપ, રાજપૂત પોશાક અને અયોધ્યાના મિનારાઓનાં દર્શન એ સમયના સમાજજીવન અને પરંપરાગત કળાને ઉજાગર કરે છે. ભગવાન શ્રીરામ અને લક્ષ્મણની મુગટધારી મૂર્તિઓ, ઋષિમુનિઓના જટાવાળા રૂપ, અને મહિલાઓના ઘાઘરા-ચોળીના દ્રશ્યો રાજસ્થાની અને કમાંગરી કલામના ગાઢ પ્રભાવને પ્રતિબિંબિત કરે છે. આ લઘુચિત્રો હિન્દુ રાજપૂત સમાજના પહેરવેશને પણ ઊંડા અંદાજે દર્શાવે છે, જે કચ્છના ભીંતચિત્રોમાં પણ જોવા મળતા.

આ લઘુચિત્રોનો સંદર્ભ માત્ર એક ઐતિહાસિક વારસાને જ નહીં, પરંતુ ભારતીય કળાના આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યને પણ ઉજાગર કરે છે. કારણ કે આ ચિત્રોમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની જીવનશૈલી, તેમના ન્યાય અને ઋષિઓના શાસનને યાદ કરીને આપણા જીવનમાં એ મૂલ્યોને ઉજાગર કરતો સંદેશો સ્પષ્ટ કરવામાં આવે છે.ભગવાન રામના જન્મથી લઈને તેમના વનવાસના પ્રસંગો સુધીના દ્રશ્યો કલાત્મક દ્રષ્ટિકોણથી જોવાં મળે છે. આમેય દીપાવલીનો તહેવાર શ્રીરામના અયોધ્યામાં વિજય સાથે પરત ફરવાનો તહેવાર છે. શાસ્ત્રો અનુસાર, દિપાવલી એ દિવસ છે જ્યારે શ્રીરામ ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યા પરત આવ્યા અને તેમના રાજ્યાભિષેકના પ્રસંગે સમગ્ર અયોધ્યા દીવડાં વડે પ્રગટ થઈ. લઘુચિત્રોની આ કલાત્મક પરંપરા માત્ર ઐતિહાસિક અને ધાર્મિક જ નહીં, પણ સામાજિક જીવનના પાસાઓને પણ ઉત્તમ રીતે ઝીલવાનો પ્રયત્ન કરે છે.

આજે પણ, દીપાવલી એ ઉજવણી માત્ર પ્રકાશની નથી, પરંતુ તે શાંતિ, ન્યાય અને વિજયની ઉજવણી છે. ભગવાન રામની જેમ, આપણા જીવનમાં નિરાશાના અંધકારને વિમુક્ત કરીને વિજયનું પ્રકાશમય પથ આપણે સમર્થનપૂર્વક પસંદ કરીએ છીએ. આ રીતે, આ દીપાવલીના અવસર પર, આપણે શ્રીરામના જીવન અને તેમના માર્ગદર્શિત મૂલ્યોને લઘુચિત્રો દ્વારા યાદ કરીએ. શુભ દીપાવલી!!! (આ લેખ માટે વિશેષ આભાર કલાને સમર્પિત સંશોધક વ્યક્તિ શ્રી પ્રદીપ ઝવેરીનો)

ભાવાનુવાદઃ લઘુચિત્રો ઇ ભારતજી કલાજી ઍડી શાખા આય જેમેં કાગર તે સાવ સના સના લાટ ચિતર ચિતરેમેં અચેંતા. હિન ચિતરેંજી ખાસિયત આય કે હિન સનાઇમેં પાતર, થલ તીં ઘટનાઉં આઉગી રીતેં રજુ કરેમેં અચેંતા. મહાકાવ્ય, ઐતિહાસિક પ્રસંગ નેં ધર્મજે આધારિત લઘુચિતર જજા ન્યારેમેં જુડેંતાને પેલાજે વખતમેં રાજાએંજે ધરબારમેં ત હી ખાસ પ્રિખ્યાત વા.

હી લઘુચિતર ભનાયમેં સની-સની રેખાઉં તીં લાટ કુધરતી રકેંજો ઉપયોગ થિએતો. કચ્છમેં હી કલા ખાસ પ્રિકારજી રિઇ હૂંધી, જુકો રાજસ્થાની ને કમાંગરી કલામજે તત્ત્વસેં ભનાલ હી લઘુચિતર શ્રી ડી.બી. વોરાજી ભેટ સરૂપે કચ્છ રાજ્ય સંગ્રહાલયમેં ડેમેં આયા વા. ૧૩૫ વરેં જૂના રામાયણજા હી ચિતર કચ્છજી ડેવી કલાજી ઝાંખી ડીયેંતા જેમેં પાત્રેંજો મૂર્તિમંત રૂપ, રાજપૂત પોશાક ને અયોધ્યાજે મિનારેંજા સૂંઠા ડરસન ઉન સમોજો સમાજજીવન ને પરંપરાગત કલાકે ઉજાગર કરીંઢલ સભિત થિએંતા. ભગવાન શ્રીરામ ને લછમણજી મુગટધારી મૂર્તિયું, ઋષિમુનિએંજા જટાવારા રૂપ, ને મહિલાએંજા ગાગરા-ચોલીજા ચિતર રાજસ્થાની ને કમાંગરી કલામજા ગાઢ પ્રભાવકે રજુ કરીંયેંતા. હી લઘુચિતર હિન્દુ રાજપૂત સમાજજે પેરવેશકે પ રજૂ કરીયેંતા જુકો કચ્છજે ભીંતચિતરમેં પણ ન્યારેલા જુડંધા વા.

હિન લઘુચિતરેંજે સંધર્ભમેં ખાલી ઐતિહાસિક વારસો જ ન પણ ભારતજી કલાજા આધ્યાત્મિક ડરસન પ થિએંતા કુલા ક મરજાદા પુરુષોત્તમ શ્રીરામજી જીવનશૈલી, ઇનીજો ન્યાય ને ઋષિએંજે શાસનકે જાધ કરેને પાંજે જીયણમેં પ હી મૂલ્યો ઉજાગર થિએંતા.ભગવાન રામજે જનમનું કરેનેં ઇનિજે વનવાસજા પ્રિસંગ કલાત્મક દ્રષ્ટિકોણસે વતાયમેં આયા ઐં. હૂંઇ ડિયારી શ્રીરામજે અજોધ્યામેં વિજય ભેરો પાછો અચેજો તેવાર આય. હિન ડીં શ્રીરામ ચોડો વરેં વનવાસ પૂંઠીયા અજોધ્યા પાછા આયા નેં ઇનીજે રાજ્યાભિષેકજે પ્રિસંગ ટાંણે સજી અજોધ્યા ડીવા પ્રગટાયોં હો. લઘુચિતરેંજી હી કલાત્મક પરંપરા ખાલી ઐતિહાસિક ક ધાર્મિક જ નં, પણ સામાજિક જીયણજા પાસા પ રજુ કરેંતા. અજ પણ, ડિયારીજો તેવાર ખાલી ઉજવણી જો ન પ શાંતિ, ન્યાય ને વિજયજી ઉજવણી તરીકેં લેખાજેતો. ભગવાન રામ વાંકે, પાંજે જીવનમિંજા નિરાશાજે અંધકારકે ખમેનેં વિજયજો પ્રિકાશ પથ ભનાયજી જેમત કરેજી આય. હિન રીતે, હી ડિયારી તે શ્રીરામજે જીયણનેં ઇનિજી માર્ગદર્શિત મૂલ્યકે લઘુચિતર ભરાં જાધ કરીયું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગુલાબના રસ-રંગ સમી સાબિર વટવાની શાયરી

ગુજરાતી ગઝલના ઉપવનમાં ગુલાબો ઉગાડીને તેના રંગની, રૂપની અને મહેકની માવજત કરવાનું કામ શરૂઆતમાં પાયાના પથ્થર સમા જે બે-પાંચ શાયરોએ કર્યું તેમાં 'સાબિર'નો ઉલ્લેખ અનિવાર્ય છે. અમદાવાદની બાજુમાં આવેલા વટવા ગામમાં સાબિરનું બેસણું. એમનું નામ સૈયદ સાબિરઅલી અને ઉપનામ 'સાબિર'. વટવામાં આવેલું ધર્મસ્થાન પણ એમની વ્યવસ્થામાં હતું. રહેણી-કરણી અને સ્વભાવે સંત સૂફી જેવા સાબિર શયદા સાથે રહીને ગઝલને ગુજરાતી બનાવવાની પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યા. અમદાવાદ અને અન્ય સ્થળોએ મુશાયરામાં મંચ પર વિનમ્રભાવે આવે. પોતાની મસ્તીની પળોમાં જે કંઈ અનુભૂતિ થઈ તેનાથી ગઝલો લખતા ગયા.



વટવાના હતા એટલે લોકો એને 'સાબિર વટવા'ના નામે ઓળખતા. કેટલાક જુવાન ગઝલકારો એમના પ્રભાવમાં આવ્યા અને સાબિર સાહેબનું શિષ્યમંડળ શરૂ થયું. સાબિર વ્યવસાયે ખેડૂત. ખેતી કરે પણ અનાજની નહીં, ગુલાબો ઉછેરવાની ખેતી કરી. ગુલાબોના વિતરણ માટે અમદાવાદમાં દુકાન પણ કરેલી. શાયર મિજાજને ગુલાબની રેશમ રેશમ પાંખડીઓનો સ્પર્શ થયો અને સાથે સાથે કાંટાનો પણ અનુભવ ખરો, પરંતુ એટલા સાલસ અને વિદ્વાન કે કોઈ જાતનું અભિમાન નહીં. ચર્ચા વખતે ઊંચા સાદે નહીં પણ પ્રતીતિ સાથે બોલે. છંદનો-ઉરૂઝનો ખાસ્સો અભ્યાસ પણ તેનો ગર્વ નહીં- સરળ શબ્દોમાં વાત કરે. પ્રિયતમાને કહે છે વારેવારે હું આગ્રહ તો નહીં કરું પણ જીભ પર તમે રોકાઈ જાવ એટલું જ યાદ આવે છે:

*હું ચહું છું વારે વારે ના કહું*
*જીભે આવી જાય છે રોકાઈ જાવ*

ગઝલને મુશાયરાઓ સુધી અને ગઝલકારોને મંચ સુધી લઈ જવામાં જેમનો ફાળો નોંધનીય છે એવા કવિ રતિલાલ અનિલે એક સરસ પ્રસંગ નોંધ્યો છે :

અમદાવાદમાં મુશાયરો, પણ અમદાવાદ પહોંચતા પહેલાં અમારો પડાવ વટવામાં સાબિરસાહેબને ત્યાં. બીજા શું જમ્યા તે મને યાદ નથી, પણ એમણે મને એમની ફૂલવાડીમાંથી મેળવેલું શુદ્ધ મધ અને રોટલો આપ્યાં હતાં. સાબિર વત્સલ બુઝુર્ગ હતા. સાબિર રાંદેરમાં શાયર 'બેકાર'ને મળવા જાય ત્યારે સુરતમાં શાયર અમીન આઝાદની સાઇકલની દુકાને આવે.

સાબિર અને ઉમાશંકરની મૈત્રી મજબૂત હતી. સાબિર પોતાની વાડીના તાજાં ગુલાબ લઈને મળવા આવે. બન્ને સાહિત્યિક ગોષ્ઠિ કરતા. ઉમાશંકરભાઈ પણ અવારનવાર વટવા જાય અને એમણે પોતાની જીવન સંધ્યાએ બરાબર મિત્ર ધર્મ બજાવ્યો. સાબિર તો હતા નહીં. ઉમાશંકરભાઈએ સાબિરની ગઝલો મેળવી. પ્રસ્તાવના લખી પ્રકાશન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને આપી. તે સંગ્રહ 'ધ્રૂજતી પ્યાલી' નામે પ્રગટ થયો. સાબિરના સમયમાં એકમાત્ર ઊભરી રહેલો શાયર શેખાદમ આબુવાલા એમનો શિષ્ય હોવાથી નજીક હતો.

સાબિર, નસીમ, સગીર વગેરે એ વખતના શાયરો ગઝલના સત્વ અને તત્ત્વની જાણકારી સાથે લખતા. એમની ગઝલ સભારંજની નહીં, પણ મનન કરવા યોગ્ય છે. એ જમાનામાં એક પંક્તિ આપીને મુશાયરા શોભતા. આવો દોર બે દાયકા સુધી ચાલ્યો. સાબિરે ઘણાં મુશાયરોની નદારત કરી હતી. સાબિર પાસે જુદો જ અંદાઝ હતો. શેર જુઓ:

*સંધ્યા શું સૂરજને પરણી?*
*કાવા કાં છે કંકુવરણી*
*અને આ શેરની ભાષા જુઓ:*
*ઉચ્ચ ગગન પર રણક્યા ઝાંઝર*
*નાચી ઊઠી આખી ધરણી.*

* *

*રૂપ થયું છે દૃષ્ટિ આગળ*
*પાછળ પાછળ હોય ન મૃગજળ*

*દિન પણ નમતું મૂકી ચાલ્યો*
*કાખી કાખી રાતો આગળ*

'આ કલ્પના સહજ છે. કાળો કામળો અભિવ્યક્તિનું પ્રતીક છે. મીરાં કાળો કામળો ઓઢવાની વાત કહે છે. કોઈ ડાઘ ન લાગે એટલા માટે એમાં જાતને ઓગાળી નાખવાનો ભાવ છે.' સાબિર અંધકારમાં ઓગળવાની વાત આ રીતે કરે છે:

*ઘોર તિમિરમાં ચાલો 'સાબિર'*
*પડછાયો ના આવે પાછળ*

સહજતા, સરળતા, ભાષાની રવાની અને વિચારો પાછળ ઊંડું ચિંતન એ જમાનાની ખાસિયત હતી. થોડાક શેર આની ગવાહી પૂરે છે:

*ગંગાને પૂછ્યું તો એ કળકળીને ઉચ્ચરી કે*
*મારા પ્રવાહ પાછળ હિમાચળ બખી મરે છે.*

* *

*તૃષા ખુદ હકીકત બની ઝાંઝવાની*
*તમન્ના રહી ગઈ ફક્ત પી જવાની*

* *

*હું પ્રાણ દઈને છૂટી શક્યો એ ધમાલથી*
*આશાઓ સઘળા વિશ્વની વળગી પડી હતી*

* *

*તમારા વિષે કલ્પનાઓ કરી છે*
*સરતચૂક થઈ ગઈ છે દૃષ્ટિ પ્રમાણે*

* *

*જીવન સાબિર એવું લાગ્યું*
*લાંબી વાતો, ટૂંકી રાત*

* *

*રે! ઓ ઈન્સાનિયતને શોધનારા*
*આ કોની લાશ રસ્તામાં પડી છે*

* *

*આ શું સુડોળ અંગથી અટકી રહી છે ઝુલ્ફ*
*ચંદનના વૃક્ષે ચોંટી રહેલ નાગણી નહીં*

* *

*કૃપા તો છે એ છતાં ક્રૂર છે કૃપા સાકી*
*અભાન જોઇને ઠોકરથી તું સભાન કરે*

* *

*મુજ કદમનો પાડ માનો, સ્વર્ગ, ધરતી ને ગગન,*
*હું વહાવી ગયો તે મંઝિલો વેરાન છે*

* *

*રાજહંસથી પણ સુંદર કો' ચકલાનો માળો દેખ્યો છે*
*સિદ્ધરાજથી પણ ઊંચો ઓડણતો ઉછાળો દેખ્યો છે.*

સાબિરની જીવનદૃષ્ટિને સમજવા એમની 'દિલની રૂપક' ગઝલનો અભ્યાસ કરવા જેવો છે. ગઝલ પ્રત્યેક શેરે સ્વતંત્ર છે, છતાં એક જ ભાવ જુદી જુદી વાતે કેવું સાતત્ય સાધી શકે તેનું આ યોગ્ય ઉદાહરણ છે. ગઝલના ચંદ શેર છે:

*વાસનામાં પણ ખચિત રંગ અમે રાખી રહ્યા*
*પીડામાં રહી પ્રાર્થનાની લત અમે રાખી રહ્યા.*
*રૂપ જગજાહેર થતાં 'અંગત' અમે રાખી રહ્યા*
*સ્થૂળ સાથે પણ સનાતન સત અમે રાખી રહ્યા*
*તેમની દૃષ્ટિને કહી દો, આ તમાશો ના કરે*
*એક સાથે બેઉની ઈજ્જત અમે રાખી રહ્યા.*

'બીજી ખાતાવહિ' શીર્ષક ધરાવતી ગઝલના થોડા શેર:

*આંખડી સાકીની ફરતી જાય છે,*
*મસ્તને મસ્તીઓ વરતી જાય છે.*
*લાલ ચરણોમાં પડી છે એટલે,*
*ગાલો પર સુરખી પ્રસરતી જાય છે.*
*હાથ હૈયા પર ધરી બોલો તમે,*
*વાત હૈયામાં ઊતરી જાય છે.*
*આંસુઓનું મૂલ્ય પશ્ચાતાપના*
*ખાતાવહિ સાબિર સુધરતી જાય છે.* ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# વ્હાલી જનતા લાડકી... લઈ લો લોભામણી લ્હાણી



**ટાઇટલ્સઃ**

**મફતનું ઝેર પણ મીઠું લાગે. (છેલવાણી)**

એક ઘરમાં ઉંદરે આતંક મચાવેલો. ઘરનાં લોકો એને પકડવા જાય, પણ ઉંદર એક કાણામાં ઘૂસી જાય. પછી ઘરના લોકોએ એક બ્રેડ પર ચીઝ લગાડીને કાણા પાસે મૂકી. થોડીવારે ઉંદર કાણામાંથી પ્રગટ્યો પણ તરત જ બ્રેડ ટુકડો ઝપટીને કાણામાં સંતાઇ ગયો. આવું સતત ૨-૩ દિવસ ચાલ્યું. પછી સૌએ ભડકીને બ્રેડ પર ચીઝ લગાડ્યા વગર જ મૂકી ત્યારે રોજની જેમ ઉંદરે બહાર આવીને પૂછ્યું : 'ક્યા બે? આજ ચીઝ નહીં લગાયા, ચરબી ચઢી હૈ સબ કો?'

અર્થાત તમે કોઇને મદદ કે લાભ આપો તો પછી એની ય સામેનાને આદત પડી જાય છે. લાલચ ને હક માની બેસે છે ને સહાયને સિદ્ધિ. પછી મોટો લાભ, મોટી મદદ કે વધુ લાલચની ઇચ્છા, માણસની માંગ, ઊંડા કૂવાની જેમ કદી પુરાય જ નહીં.

હમણાં મહારાષ્ટ્ર સરકારે, આગામી વિધાનસભા ચૂંટણીને લીધે 'લાડકી બહીણ' (બહેન) યોજના બહાર પાડેલી. એમાં મહારાષ્ટ્રની ૧.૫ કરોડ મહિલાઓને દર મહિને ૧૫૦૦ રુ. આપવાનું વચન છે.

એ ઓછું હોય એમ 'લાડકા ભાઉ'(ભાઇ) યોજના પણ આવી, જેમાં ૬૫ વર્ષથી મોટી ઉંમરનાં રિક્શા-ટેક્સી ડ્રાઈવરોને દર મહિને ૧૫૦૦ રુ. અને ૫૫ વર્ષથી મોટી ઉંમરના ઘરેલુ કામદારોને મહિને ૧૦,૦૦૦ રૂ. મળશે. આમને આમ જ ચાલશે તો લાડકી સાળી - લાડકા સસરા- લાડકા સાઢૂભાઇ- લાડકી નણંદ ને એ યોજના લાડકી પાડોશણ સુધી પહોંચશે અને કંઇ નહીં તો લાડકો વાંઢો- કે લાડકો બેકાર- લાડકો પાકિટમાર, ઈત્યાદિ જેવી જાતજાની યોજનાઓ આવ્યા જ કરશે.

હિંદી વ્યંગકાર શરદ જોશી કહે છે કે 'દેશમાં યોજનાઓ વરસોથી બનતી જ રહે છે ને કામ કંઇ થતું નથી. જો કામ થાય તો એને થવામાં ઘણો સમય લાગી જતો હોય છે. આ દેશની સૌથી મુશ્કેલ અને સૌથી મોટી યોજના તો ખુદ યોજના બનાવવાની યોજના છે!

અગાઉ દેશમાં પંચવર્ષીય યોજનાઓ હતી, જે દર ૫ વર્ષે બીજા ૫ વર્ષ માટે લંબાયે રાખતી. પહેલાં ગધેડાની સામે ગાજર લટકાવવામાં આવતું, હવે તો ગધેડાનાં કાનમાં ખાલી ગાજર બોલવાથી જ કામ ચાલી જાય છે!

**ઇન્ટરવલઃ**

**આ જગતમાં પ્રેમીઓ એવા પણ આવી જાય છે,**
**જે વચન દેતા નથી ને નભાવી જાય છે. (મરીઝ)**

એક પતિ એની પત્ની સાથે ક્યારેય રોમાંસ કરતો નહીં. પત્ની એને પટાવી પટાવીને થાકી ગઇ, પણ એક દિવસ અચાનક, પતિએ સવારે ઊઠતા જ પત્નીને પાસે ખેંચીને કહ્યું, 'આઇ લવ યુ, ડાર્લિંગ!'

સાંભળીને પત્ની તો ખુશ ખુશ. પછી ઓફિસ જતાં પહેલા પતિએ ફરી કહ્યું, 'ઓહ ડાર્લિંગ, સાંજે તૈયાર રહેજે, એક સરપ્રાઇઝ માટે!'

બિચારી પત્ની તો માની ના શકી પણ ખુશ થઇને શરમાઇ ગઇ.

બપોરે પતિએ ફરી ફોન કરીને કહ્યું, 'ડાર્લિંગ, આજે તો તને છોડીશ નહીં! મિસ યુ!' પત્ની તો સાંભળીને પાણી પાણી. સાંજે પત્ની તો શણગાર કરીને સેક્સી કપડાંમાં સજી-ધજીને બેઠી હતી.

પતિએ ઓફિસથી આવતાં જ કહ્યું, 'ડાર્લિંગ, આજે તો તને...' સાંભળતા જ પત્ની દોડીને પતિને ભેટવા ગઈ ત્યારે પતિએ એને આઘી કરીને જોરથી હસતા હસતા કહ્યું, 'એપ્રિલ ફૂલ! એપ્રિલ ફૂલ!' ને પત્ની બેભાન!

સરકારો પણ આ જ રીતે મોટે ભાગે લોકોને આવી જ રીતે સુખી જીવનનાં પ્રેમ-વચનો આપીને પ્રોમિસોથી પંપાળે રાખે છે. માટે જ પંજાબી કવિ પાશ કહે છેઃ 'હું ટિકિટ ખરીદીને, તમારું પ્રજાતંત્રનું નાટક જોવા આવ્યો છું!'

આઝાદીથી આજ સુધી દરેક પક્ષ, વોટ મેળવવા લોભામણી લોલીપોપ આપે જ રાખે છેઃ યોજનાઓને નામે.પણ યોજનાઓ જનતા કરતાં નેતાઓને વધારે ફાયદો કરાવે છે. મોટેભાગે યોજનાઓ કાગળ પર જ રહે છે ને પછી પછી એ કાગળ પણ ગુમ થઇ જાય છે. ક્યાંક મફત ભોજનની યોજના તો ક્યાંક દર મહિને રૂપિયા આપવાની યોજના. જાણે દેશનાં દરેક માણસ પર એક કિંમતની કાપલી લગાડી છે. મફતની રેવડીઓ કે લાભાર્થિ રાહત યોજના જેવા શબ્દો ખાલી બદલાયે રાખે છે, પણ રાજનીતિની નહીં. ભૂખનો સોદો અને કરગરવાની કિંમત બોલાય છે લાચાર પ્રજાની ગરીબાઇ વોટનાં તરાજુ પર સતત તોળાયા જ કરે છે..

આવું ઇંડિયામાં જ બને છે એવું નથી. હમણાં જાપાનમાં પણ શહેરની મહિલાઓને ગામડાંના પુરુષો સાથે લગ્ન કરવા માટે પ્રોત્સહિત કરવાની યોજના બનેલી કે જો શહેરની છોકરી, ગામડાના છોકરા સાથે પરણે તો એને ૩.૫૦ લાખ રૂપિયા કેશ ને કોઇ છોકરી, શહેરથી ગામડે જાય છોકરો જોવા ત્યારે ટ્રેનની ટિકિટ ફ્રી આપશે!

જાપાનમાં ગામડાં ખતમ થઇ રહ્યા છે. વળી જાપાનનાં શહેરોમાં ઉચ્ચ-શિક્ષણ અને નોકરી-વ્યવસાય માટે યુવતીઓને યુવાનો કરતાં વધુ તક મળે છે એટલે જાપાની છોકરીઓ ગામડાથી કટ્ટી કરીને ભાગે છે, પણ ગામડાઓની લોકલ વસતિ વધારાને પંપ મારવાની આ યોજના મહા-ફ્લોપ રહી. આપણે ત્યાં આવી યોજના આવે તો ઘણી શાણી છોકરીઓ ગામડે પરણીને પછી છોકરાઓને શહેર ભગાડી જાય!

હમણાં સુધી ગુજરાતની સરકારી સ્કૂલોમાં 'મધ્યાહ્ન ભોજન યોજના'માં બાળકોને સવારના નાસ્તો ને બપોરે જમવાનનું અપાતું. હવેથી ફક્ત બપોરનું ભોજન જ મળશે, કારણ કે સરકારે ૨૦૧૭માં યોજના શરૂ કરી ત્યારે નાસ્તા માટેના ખર્ચ વિશે વિચાર્યાં વિના જ આ યોજના બનાવેલી, બોલો! એટલે જ મોટાભાગની સ્કૂલમાં નાસ્તો બનતો જ નહોતો. ચલો, કંઇ વાંધો નહીં, હજી લંચ તો મળે છે ને? તો બચ્ચા લોગ ખુશ રહો...

બાકી વિચારક મિલ્ટન ફ્રીડમેને દાયકાઓ અગાઉ કહેલુંઃ 'નો લંચ ઇઝ ફ્રી' કશું મફતમાં નથી મળતું, સિવાય કે વચન!

**એન્ડ -ટાઇટલ્સઃ**

**આદમઃ ફ્રીમાં પ્રેમ મળે?**
**ઈવઃ ડિનર પર લઇ જા તો કહું!** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# પોતાના આર્થિક ફાયદા માટે બીજાઓનું નુકસાન ન કરવું જોઈએ

હમણાં એક સમાચાર આવ્યા કે પ્રખ્યાત ફિલ્મ અભિનેતા અનિલ કપૂરે 'પાનમસાલા'ની જાહેરાત કરવાની ના પાડી દીધી. એ જાહેરાત માટે અનિલ કપૂરને દસ કરોડ રૂપિયા જેવી તગડી રકમ મળવાની હતી, પરંતુ અનિલ કપૂરે કહ્યું, 'હું લોકોને ગેરમાર્ગે દોરતી, લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતી જાહેરાતનો હિસ્સો નહીં બનું.'

અનિલ કપૂરની જેમ જ ગયા વર્ષે કાર્તિક આર્યને પણ કહ્યું હતું કે 'હું એવી કોઈ જાહેરાત નહીં કરું કે જે લોકો માટે હાનિકારક હોય.' દક્ષિણના ખૂબ સફળ અભિનેતા અલ્લુ અર્જુને પણ આવી જાહેરાત કરવાની ના પાડી દીધી હતી.

સામાન્ય રીતે મોટાભાગના અભિનેતાઓ પૈસા મળતા હોય તો કોઈપણ પ્રકારની જાહેરાત કરવા માટે તૈયાર થઈ જતા હોય છે. અક્ષય કુમાર, અજય દેવગણ અને શાહરુખ ખાને પાનમસાલાની જાહેરાત કરી એને કારણે એ ત્રણેય ખૂબ ટ્રોલ થયા હતા. લોકોએ એમની વિરુદ્ધ ખૂબ કમેન્ટ્સ કરી હતી. એ પછી અક્ષય કુમારે જાહેર કર્યું હતું કે 'હું હવે આવી જાહેરાતો નહીં કરું.'

પૈસા માટે કંઈ પણ કરવા માટે અને કોઈ પણ પ્રકારની જાહેરાત કરવા તૈયાર થઈ જતા કલાકારોએ સુનીલ દત્ત અને એલેક ગિનિસ જેવા કલાકારોને યાદ રાખવા જોઈએ. સચિન તેંડુલકર અબજોપતિ બન્યા પછી પણ ઓનલાઇન ગેમ્સની જાહેરાત કરવાની ઓફર સ્વીકારી એને કારણે વિવાદોમાં ઘેરાયો હતો. એના બોડીગાર્ડે આત્મહત્યા કરી લીધી એ પછી એના પર ખૂબ પસ્તાળ પડી હતી.

મે ૧૫, ૨૦૨૪ની રાતે મહારાષ્ટ્રની સ્ટેટ રિઝર્વ પોલીસના ૩૯ વર્ષીય જવાન પ્રકાશ કાપડેએ પોતાના વતન જામનેરના ઘરમાં રાતના દોઢ વાગ્યે પોતાની સર્વિસ રિવોલ્વરથી લમણામાં ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. પ્રકાશ કાપડે સચિન તેંડુલકરના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો (એ અગાઉ મહારાષ્ટ્ર પોલીસ દ્વારા એને સલમાન ખાન, અમિતાભ, નારાયણ રાણે, છગન ભુજબળ જેવા રાજકીય નેતાઓ અને સુપરસ્ટાર્સની સિક્યુરિટી સંભાળી હતી ).



સુનીલ દત્ત



અનિલ કપૂર

પ્રકાશે એટલા માટે આત્મહત્યા કરી હતી કે એને ઓનલાઈન ગેમનું વ્યસન થઈ ગયું હતું. ઓનલાઈન જુગાર રમવાને કારણે એના પર મોટું દેવું થઈ ગયું હતું અને એ ઓનલાઈન ગેમની જાહેરાત ખુદ સચિન તેંડુલકર કરે છે!

પ્રકાશ કાપડેની આત્મહત્યા પછી મહારાષ્ટ્રના રાજકીય નેતા અને ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડૂએ નિવેદન આપ્યું હતું કે 'સચિન તેંડુલકરને પોલીસ દ્વારા અપાયેલો બોડીગાર્ડ પ્રકાશ કાપડે સચિનની સુરક્ષા જાળવવાનું કામ કરતો હતો, એના પર કોઈ હુમલો ન કરે અને એને કોઈ ઈજા ન પહોંચાડે તેની કાળજી રાખતો હતો, પણ સચિનની જ જાહેરાતને કારણે એણે આત્મહત્યા કરવી પડી એટલે એના કમોતની જવાબદારી સચિન તેંડુલકરે સ્વીકારવી જોઈએ. જે વ્યક્તિને 'ભારતરત્ન' જેવું સર્વોચ્ચ સન્માન અપાયું હોય એવી વ્યક્તિની જાહેરાતને કારણે એનો જ બોડીગાર્ડ આત્મહત્યા કરે એ આઘાતજનક વાત છે. સચિન તેંડુલકરે ઓનલાઈન ગેમની જાહેરાત છોડી દેવી જોઈએ અથવા તો 'ભારતરત્ન' પુરસ્કાર પરત કરવો જોઈએ. જો સચિન ઓનલાઈન ગેમની જાહેરાત છોડવાની અથવા તો 'ભારતરત્ન' પુરસ્કાર પાછો આપવાની જાહેરાત નહીં કરે તો અમે તેની વિરુદ્ધ આંદોલન કરીશું...'

સચિન તેંડુલકર - શાહરુખ ખાન જેવા અત્યંત સફળ માણસો પૈસા માટે લોકો માટે નુકસાનકારક સાબિત થાય એવી જાહેરાતો કરવા તૈયાર થઈ જાય છે ત્યારે સુનીલ દત્તના જીવનનો એક કિસ્સો યાદ આવી જાય છે.

સુનીલ દત્ત ફિલ્મ અભિનેતા તરીકે ખૂબ સફળ થયા હતા. અનેક વખત સંસદસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને કેન્દ્રીય પ્રધાન પણ બન્યા હતા, પરંતુ એમણે જીવનમાં કેટલાંક મૂલ્યોનું જતન કર્યું હતું. પૈસા કમાવાની લાલચ માટે પોતાના સિદ્ધાંતો સાથે બાંધછોડ કરી નહોતી. પોતાની વિચારસરણી બદલાવી નહોતી.

સુનીલ દત્ત જ્યારે ખૂબ સફળતા પામી ચૂક્યા હતા એ વખતે એક શરાબ ઉત્પાદક કંપનીના માલિકે એમનો સંપર્ક કર્યો. શરાબ ઉત્પાદકે ઓફર કરી કે 'તમે મારી કંપનીના શરાબની જાહેરાત કરો. મારી કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર બનો.'

સુનીલ દત્તે એમને તરત જ કહી દીધું કે 'હું તમારી ઓફર નહીં સ્વીકારી શકું. હું માનું છું કે મારે શરાબની જાહેરાત ન કરવી જોઈએ. હું મારી માન્યતા સાથે બાંધછોડ નહીં કરું.'

સુનીલ દત્ત પોતે એક ઉંમર સુધી શરાબ પીતા હતા ( વિખ્યાત અભિનેત્રી અને પોતાની પત્ની નરગીસના મૃત્યુ પછી એમણે શરાબ પીવાનું છોડી દીધું હતું), પરંતુ એ દ્રઢપણે માનતા હતા કે એક અભિનેતા તરીકે મારે શરાબની જાહેરાત ન કરવી જોઈએ....

શરાબની જાહેરાત કરવાની ઓફર એમણે નકારી દીધી એટલે શરાબ ઉત્પાદક કંપનીના માલિકે એમને બહુ મોટી રકમની ઓફર કરી, પણ દત્ત મક્કમ રહ્યા. છેવટે શરાબ ઉત્પાદક કંપનીના માલિકે એમને કહ્યુંઃ 'હું તમને મારી કંપનીમાં પાર્ટનરશિપ આપીશ, પણ તમે મારી કંપનીના દારૂની જાહેરાત કરો.'

તો સુનીલ દત્તે સાફ શબ્દોમાં કહી દીધું; 'શરાબની કંપનીમાં મને ભાગીદારી મળતી હોય કે આખી કંપની મારા નામે થઈ જવાની હોય તો પણ હું શરાબની જાહેરાત નહીં જ કરું !'

આવો જ કિસ્સો હોલિવૂડમાં પણ બન્યો હતો. ગઈ સદીના અત્યંત સફળ અભિનેતા એલેક ગિનેસ જ્યારે હોલિવૂડમાં સફળ સ્ટાર તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હતા ત્યારે એમને પણ શરાબની જાહેરાત કરવા માટે અમેરિકાની શરાબ કંપનીએ એમને કોરો ચેક આપીને એમાં રકમ ભરી લેવાની ઓફર કરી હતી એ ઓફર એક ક્ષણ વિચાર્યા વિના એમણે ઠુકરાવી દીધી હતી.

માણસ ભૌતિક રીતે સફળ થાય એના કરતાં તે પોતાની સાચી વિચારસરણી સાથે બાંધછોડ ન કરે એ વધુ મહત્વનું છે. કોઈ પણ ભોગે ભૌતિક સફળતા મેળવવા કરતાં પોતાની સાચી માન્યતાને વળગી રહીને જીવવાનું વધુ મહત્ત્વનું છે.

કોઈ વ્યક્તિ જ્યારે કરોડો લોકોની નજરમાં ઊચ્ચ સ્થાન ધરાવતી હોય ત્યારે લલચામણી ઓફર થાય એ ફગાવી દેવા માટે માણસ પાસે જીગર જોઈએ. એ જીગર બતાવવા માટે દસ કરોડ રૂપિયાની ઓફર ઠુકરાવવા માટે અનિલ કપૂરને સલામ કરવી જોઈએ. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# બહેન સાથે મેલી રમત રમ્યો ભાઈ

તખ્તા પર ક્યારે એન્ટ્રી લેવી અને ક્યારે એક્ઝિટ લેવી એની આવડત કાળક્રમે ઓછાવત્તા અંશે દરેક કલાકારમાં અનુભવ સાથે વિકસતી હોય છે. પાત્ર ભજવણીનો સમય આવતા જ એન્ટ્રી લેવાની અને જરૂરિયાત પૂરી થાય એટલી એક્ઝિટ લેવાની. જીવન પણ વિશાળ રંગમંચનો તખ્તો જ છે ને. જોકે, આ તખ્તા પર એન્ટ્રી - એક્ઝિટ અણધાર્યા હોય છે. જન્મ આપણી મરજીથી નથી થતો અને યમદૂત ક્યારે બારણે ટકોરા મારે એનો અંદાજ કોઈ બાંધી નથી શકતું. જન્મ - મૃત્યુ વચ્ચેના સાંસારિક જીવનમાં અનેક એન્ટ્રી - એક્ઝિટ મનુષ્ય લેતો હોય છે, ક્યારેક મરજીથી તો ક્યારેક મજબૂરીમાં.

માસ્તર સાથેના સહજીવનના 'અમારું ઘર'માંથી 'મારું ઘર'ની બાદબાકી કરી 'એમનું ઘર' રાખી મેં ચાલતી પકડી એમાં મજબૂરી નહીં, મરજી હતી. ગુલઝાર સાહેબની પંક્તિ મને યાદ આવી ગઈ 'છોડ આયે હમ વો ગલિયાં'. નાટક શરૂ થાય ત્યારે પડદો ખુલતા પ્રેક્ષકોની તાળીઓનો ગડગડાટ જેમ પડદો ઊપડતા પહેલાની કલાકારની નર્વસનેસ ગાયબ કરી દે એમ દહિસર ભાઈના ઘરે આવી ત્યારે એનો મીઠો આવકાર મળતા મેં ગજબની નિરાંત અનુભવી હતી. લાંબો સમય નહોતું રહેવું એટલે શું અને કેવી વ્યવસ્થા કરવી એની ગડમથલમાં હતી. ત્યાં મરાઠી નાટકની બે મહિનાની ટુરમાં ગોવા જવાનું થયું અને મેં હાશકારો અનુભવ્યો. ગોવાથી પાછા ફર્યા બાદ મુંબઈમાં નવું કામ જાણે મારી રાહ જોતું હતું અને 'માલવપતિ મુંજ'ના રિહર્સલ શરૂ થયા. નવલકથાકાર અને નાટ્યકાર તરીકે વિશિષ્ટ પ્રદાન આપનાર કનૈયાલાલ મુનશીની નવલકથા 'પૃથ્વીવલ્લભ' પર આધારિત 'માલવપતિ મુંજ' નાટક પ્રભુલાલ દ્વિવેદી અને રસકવિ રઘુનાથ બ્રહ્મ ભટ્ટે મળીને તૈયાર કર્યું હતું. પ્રથમ વાર ૧૯૨૪માં ભજવાયું ત્યારે તે લોકપ્રિય થયું હતું. નવલકથા -નાટકના આધારે સોહરાબ મોદીએ હિન્દી ફિલ્મ 'પૃથ્વીવલ્લભ' ૧૯૪૩માં બનાવી હતી. બીજા ૩૪ વર્ષ પછી ૧૯૭૬માં રવીન્દ્ર દવે દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ 'માલવપતિ મુંજ' બની હતી. ગુજરાતી ફિલ્મની કથા - સંવાદમાં પ્રભુલાલ દ્વિવેદીનું યોગદાન હતું. ફિલ્મના ૧૧ ગીતમાંથી બે ગીત પ્રભુલાલ દ્વિવેદીના 'માલવપતિ મુંજ' નાટકમાંથી લેવામાં આવ્યા હતા.

'માલવપતિ મુંજ'ના રિહર્સલમાંથી ઘરે પાછા ફરતા મને ૧૧-૧૨ તો સહેજે વાગી જતા. જોકે, નવા મનગમતા કામના ઉત્સાહને લીધે થાક વર્તાતો નહોતો, પણ 'બીજી વ્યવસ્થા' વિશે સતત વિચાર કર્યા કરતી હતી. એક દિવસ સવારે હું નીકળતી હતી ત્યારે મારા દીકરાએ 'મમ્મી, દૂધના પૈસા આપતી જા' એમ કહ્યું. મામાના ઘરે ભાણિયો દૂધના પૈસા માગે એ અજુગતું તો લાગે, મને પણ લાગવું જોઈતું હતું, પણ જીવનમાં એટએટલા તીવ્ર આઘાત ઝીલ્યા હતાં કે મને હવે આંચકો નહોતો લાગતો. હું જાણે કે 'આંચકા પ્રૂફ' બની ગઈ હતી. ઘરમાં મારાં બાળકો ઉપરાંત બહેનના સંતાન પણ હતા એટલે એક લિટર દૂધ લઈ શકાય એટલા પૈસા આપી હું નીકળી ગઈ. રિહર્સલ પતાવી રાતે ઘરે પહોંચી ત્યારે ઘરનું વાતાવરણ એકદમ તંગ હતું. હજી મેં ઘરમાં પગ મૂક્યો ત્યાં મારી મોટી દીકરીએ મને કહ્યું, 'મમ્મી, અહીંયા તારે નાટક કરવા હોય તો દૂધના પૈસા આપીને જ જવાનું.' મને કંઈ સમજાયું નહીં એટલે હું ભાઈના બેડરૂમમાં ગઈ. જોઉં છું તો ભાઈ-ભાભીના મોઢા ચડેલા હતા. મને નવાઈ લાગી અને સાથે ધ્રાસ્કો પણ પડ્યો કે કંઈ અજુગતું તો નથી બન્યું ને? એટલે મેં ભાભીને સવાલ કર્યો કે



## મર્ઝબાન સાહેબઃ રમૂજમાં લાક્ષણિકતા

રમૂજી અને રમતિયાળ સ્વભાવના અદી મર્ઝબાન સાથે કામ કરવાનો અનુભવ મારા નાટ્ય જીવનનું વિશિષ્ટ સંભારણું છે. ગુજરાતી નાટકોની રજૂઆત સંદર્ભે 'શ્લીલ- અશ્લીલ'નો મુદ્દો પ્રસંગોપાત ચર્ચાતો હોય છે ત્યારે મર્ઝબાન સાહેબના લોકપ્રિય ટીવી કાર્યક્રમ 'આવો મારી સાથે'માં કામ કરતી વખતે તેમણે કહેલો એક રમૂજી કિસ્સો યાદ આવ્યો છે જે વાચકો સાથે શેર કરું છું. મર્ઝબાન સાહેબના નાટકોના ટાઈટલ પણ મજેદાર રહેતા, જેમકે 'અર્ધી રાતે આફત', 'કાકા થયા વાંકા', 'માથે પડેલા મફતલાલ', 'ઘરડી ઘોડી લાલ લગામ' વગેરે વગેરે. પારસી નાટકોમાં કોઈ પણ પ્રકારના દંભ - ડોળ વિના જાત પર હસવાની ખાસિયત જોવા મળતી. તેમના એક નાટકમાં અશ્લીલતા હોય છે એની સામે આક્રોશ દર્શાવવા એક પ્રેક્ષક છેક તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. જોકે, અકળાયેલા પ્રેક્ષક સામે મર્ઝબાન સાહેબ જરાય અકળાયા નહીં અને સસ્મિત એની વાત સાંભળી. પછી પોતાના ઘરના વેંટિલેટરમાંથી પાડોશમાં રહેતા દંપતીને ખબર ન પડે એમ એમની રૂમમાં ડોકિયું કરવા ઊંચા સ્ટૂલ પર આગંતુકને ચડાવી દીધા. આ ઘટનામાં ગૂંથાઈ ગયેલા પ્રેક્ષકને ખ્યાલ જ ના આવ્યો કે પોતે શું કરી રહ્યો છે અને ખ્યાલ આવ્યો ત્યારે નિખાલસ પણે હસી પડ્યો હતો. શ્લીલ- અશ્લીલનો ભેદ સમજવા માટે આ પ્રસંગ અત્યંત ધારદાર છે, નહીં!

'શું થયું ભાભી? તમારા બંનેના ચહેરા કેમ ઊતરી ગયા છે?'

ભાભીએ આ સવાલનો છણકો કરી જે જવાબ આપ્યો એ સાંભળી હું હલબલી ગઈ. 'તમારે અહીં આવા દૂધ પીવરાવવાના નાટક નહીં કરવાના. તમે જતા રહેશો પછી બહેનનાં બાળકોને રોજ રોજ દૂધ કોણ આપશે?' ભાભીની વાત મને વિચિત્ર લાગી, પણ એટલો ખ્યાલ તો મને આવી ગયો કે વાત કોઈ બીજી જ છે અને મારું અનુમાન સાચું પડ્યું જ્યારે ભાભી થોડા ઊંચા સ્વરે બોલ્યાં કે 'તમે અહીં આવ્યા એ જ અમને નથી ગમ્યું. રાતે મોડા મોડા આવો છો ને અમને ઉજાગરા થાય છે. આખો દિવસ તમારા છોકરાં પણ સંભાળવાના'... બીજું ઘણું બોલ્યા ભાભી. હું વિચારમાં પડી કે આ અચાનક વાતાવરણ કેમ બદલાઈ ગયું? વાત એમ હતી કે મારા બંને નાના ભાઈઓને એકબીજા સાથે બનતું નહોતું અને બે ભાઇમાં મોટો ભાઈ નાના ભાઈને ઘરમાંથી કાઢી મુકવા માંગતો હતો જેથી ઘરમાં એનું રાજ રહે. આ બધી મેલી રમત રમી તેણે મને ઘરમાં આવકાર આપ્યો અને મને હાથો બનાવી નાના ભાઈને હાંકી કાઢ્યો. ભાઈ નીકળી ગયા પછી હવે મારી કોઈ જરૂર ન રહી હોવાથી મારી સાથે પણ એવું વર્તન કરવા લાગ્યો કે હું પણ ઘર છોડી જતી રહું.

વચ્ચે બનેવી પણ ઘરે આવ્યા હતા અને ભાઈને કહી ગયા હતા કે 'બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી મહેશ્વરીને અહીં રહેવા દેજો.' અને તોય ભાઈ ને ભાભી મને કેમ કાઢી મુકવા માગતા હતા? એટલે મેં ભાઈને કહ્યું કે 'મારી વ્યવસ્થા થશે એટલે તરત હું જતી રહીશ. ત્યાં સુધી મને રહેવા દ્યો.' આ સાંભળી અચાનક ભાઇમાં દુર્વાસા મુનિ પ્રવેશ્યા હોય એમ ગુસ્સે ભરાણો અને મારું બાવડું ઝાલી બેડરૂમમાંથી બહાર ખેંચી લાવ્યો અને મારા પર ત્રાડૂક્યો 'ખબરદાર! જો હવે એક શબ્દ પણ બોલી છે તો.' હું ધ્રૂજી ઉઠી. સગો ભાઈ બાવડું ઝાલી નાની બહેનને ઘરની બહાર કાઢી મુકશે કે શું એવા ભયથી હું થરથરવા લાગી.

ઘડિયાળમાં રાતના બારના ટકોરા પડ્યા હતા અને મારા બાર વાગી ગયા હતા. એકદમ સુન્ન થઈ ગઈ. ભાઈ જો મને અત્યારે હાંકી કાઢશે તો હું કરીશ શું? જઈશ ક્યાં? એવા વિચારો દોડાદોડ કરવા લાગ્યા. મને કુમાર રાજડા સાંભર્યા. પ્રતિષ્ઠિત નાટ્ય લેખક કલાકાર અને ટીવી સિરિયલ 'રામાયણ'માં સીતાના પિતા જનક રાજાના રોલથી ખ્યાતિ મેળવનારા મૂળરાજ રાજડાના ભાઈ. અમે 'વડીલોના વાંકે' નાટક કરતા હતા એમાં કુમાર ભાઈ મારા દિયરનો રોલ કરતા હતા. અમારું ટ્યુનિંગ જામી ગયું હતું અને એમનો સ્વભાવ પણ ઉમદા હતો. એટલે આટલી મોડી રાત થઈ હોવા છતાં 'ભાભીએ દિયરને' ફોન કર્યો. ફોન એમણે જ ઉપાડ્યો અને મેં સીધું પૂછ્યું કે 'ભાઈ, બે ચાર દિવસ રહેવા માટે તારા ઘરમાં આશરો આપીશ?' એમનું ઘર બહુ મોટું હતું એટલે વાંધો નહોતો. ક્ષણનો પણ વિલંબ કર્યા વિના કુમાર ભાઈ બોલ્યા, 'હા બહેન, જરૂર આવો. પણ એવું તે શું થયું છે કે મધરાતે ઘરે આવવા ફોન કરવો પડ્યો?' તેમના અવાજમાં ચિંતા વર્તાતી હતી. મેં ફોનમાં એટલું જ કહ્યું કે 'શું થયું એ હું તને ફોનમાં તો નહીં જણાવી શકું, પણ થોડા દિવસ મને સંભાળી લઈશ તો બહુ મોટો ઉપકાર થશે.'

ફોન મૂકી હું હવે કેવી રીતે નીકળવું એની ગડમથલમાં પડી ગઈ. એક તો મધરાત વીતી ગઈ હતી અને બે બાળકો ગાઢ નીંદરમાં હતાં. મારી મૂંઝવણનો ઉકેલ મળે એ પહેલા ભાઈ એની રૂમમાંથી બહાર આવી મારી સામે ડોળા કાઢી રોષપૂર્વક બોલવા લાગ્યો કે 'હવે તું બહાર નીકળી મારી પત્નીની બદનામી કરીશ કે તેણે ઘરમાંથી કાઢી મૂકી. તારા મુશ્કેલ સંજોગોમાં અમે તને રહેવા દીધી એનો બદલો તું નાલેશી કરીને વાળીશ એમ ને! આ બધું તને શોભે છે?' સ્તબ્ધ બની બધું મેં ચૂપચાપ સાંભળી લીધું અને 'આ બધું તને શોભે છે?' એવું મનોમન બોલી પણ ખરી. જોકે, એ વખતે લાગણી - આવેશને કાબૂમાં રાખી વ્યવહારુ વલણ અપનાવવું જરૂરી હતું. મેં એને કહ્યું 'હું તારી બહેન છું. મારા ભાઈ - ભાભીને બદનામ કરવાનો વિચાર પણ મનમાં નથી. મને થોડા દિવસ રહેવા દે. સત્વરે વ્યવસ્થા કરી હું જતી રહીશ. અત્યાર સુધી ભાઈના દિમાગમાં ફેલાયેલા રાવણની એક્ઝિટ થઈ અને દિલમાં જાણે કે રામ વસ્યા અને એ એટલું જ બોલ્યો કે 'સારું. અત્યારે જવાની જરૂર નથી. તારી વ્યવસ્થા થાય ત્યાં સુધી અહીં જ રહેજે.' એમ કહી સૂવા જતો રહ્યો. પણ મારી નીંદર વેરણ થઈ ગઈ હતી. 'બીજી વ્યવસ્થા'ના વિચારો મને ઊંઘવા નહોતા દેતા. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ઇન્ટરનેશનલ મ્યુઝિક બેન્ડ્સ માટેનું ખૂબ નબળું બજાર એટલે ભારત!



પશ્ચિમી સંગીત સાથે ભારતનો સંબંધ હંમેશાં જટિલ રહ્યો છે. જ્યારે વિશ્વ નવા અને યુવા કલાકારોને સાંભળી રહ્યું છે ત્યારે ભારત ભૂતકાળની જાળમાં અટવાયું છે. મ્યુઝિક બેન્ડ 'કોલ્ડપ્લે' જેવું વર્લ્ડ ફેમસ બેન્ડ ભારતમાં ભીડ એકઠી કરી શકે છે અને ધડાધડ ટિકિટ વેચી શકે છે, પરંતુ આ બ્રિટિશ બેન્ડ જેવા અપવાદને બાદ કરતાં ભારતને અત્યાધુનિક આંતરરાષ્ટ્રીય સંગીત માટે વાઇબ્રન્ટ માર્કેટ માનવામાં આવતું નથી એ કડવી વાસ્તવિકતા છે.

ભારતમાં 'કોલ્ડપ્લે'ના આગામી ૨૦૨૫ના શોએ ઉત્તેજના પેદા કરી નાખી હતી. ચાહકો ટિકિટ મેળવવા માટે આતુર હતા. જબરજસ્ત માગને કારણે વેબસાઇટ્સ ક્રેશ થઈ ગઈ, હજારો લોકો વર્ચ્યુઅલ કતારોમાં અટવાઈ ગયા. કેટલાક નિરાશ ચાહકોએ ઉકેલ પણ શોધી કાઢ્યા... નજીકની હોટલોમાં રૂમ બુક કરાવ્યા જેથી એ હોટેલની બારીમાંથી કોન્સર્ટ જોઈ શકે. ક્રિકેટ ચાહકો પણ સ્ટેડિયમની બહારનાં વૃક્ષો પરથી મેચ જોતા હોય છે તેમ ! જોકે 'કોલ્ડપ્લે'નો કોન્સર્ટ હમણાં તો ગેરકાયદેસર રીતે ટિકિટ સેલના આરોપસર વિવાદમાં ફસાયો છે.. હવે માત્ર એની વાત ન કરતા બીજા ઇન્ટરનેશનલ બેન્ડની કરીએ કે એનું ભારતમાં કોઈ લેવલ ખરું?

આજના ગ્લોબલ કોન્સર્ટ માર્કેટપ્લેસમાં, ટિકિટની ઊંચી કિંમતો ઘણીવાર પુરવઠા અને માગનું પ્રતિબિંબ હોય છે. જેમ કે કેબ જેવી ઍપમાં વધતી કિંમતો. ઉદાહરણ તરીકે, બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનની ૨૦૨૩ યુએસ ટૂર દરમિયાન કેટલીક ટિકિટો ૫,૦૦૦ની ભારે કિંમતમાં વેચાતી જોવા મળી હતી. આયોજકોનો તર્ક સરળ હતોઃ જો લોકો પૈસા ચૂકવવા તૈયાર હોય તો સ્ટેજ પર પરસેવો પાડતા સંગીતકારોને આ પૈસા કેમ ન આપવા જોઈએ?

જોકે, આ મૉડેલ હંમેશાં કામ કરતું નથી. બિલી ઇલિશ જેવા વૈશ્વિક સ્તરે પ્રખ્યાત કલાકારો પણ ઊંચી કિંમતની ટિકિટો સાથે સંઘર્ષ કરતા હોય છે. એમના ૨૦૨૫ યુકે ટૂરની જાહેરાત થઇ તો ચારસો પાઉન્ડની ટિકિટ વેચાતી નથી. આવી વિસંગતતાનું કારણ શું? મોટા સ્ટાર્સ ઊંચી રકમ વસૂલ કરી શકે છે, પરંતુ ટીકાત્મક વખાણ સાથે પણ નાના બેન્ડ ઘણી વખત હાઉસફૂલ થવા માટે સંઘર્ષ કરે છે. બ્રિટિશ બેન્ડ 'ઈંગ્લિશ ટીચરે' સ્વીકાર્યું કે એ મર્ક્યુરી પ્રાઈઝ જીત્યા હોવા છતાં અને મોટા લેબલ સાથે કોન્ટ્રાક્ટ કરવા છતાં કોન્સર્ટ ટૂરમાંથી એ ખાસ પૈસા કમાતા ન હતા. ભારતીય અને એમાં પણ ખાસ કરીને ગુજરાતી કલાકારો તહેવારો એકમાત્ર એવી ઘટના છે, જેમાં એમને પુષ્કળ વળતર-નફો મળી રહે છે.

ભારતમાં 'કોલ્ડપ્લે'ની પ્રચંડ લોકપ્રિયતા આંતરરાષ્ટ્રીય સંગીત માટે એક વિશાળ માર્કેટ જેવું લાગે પણ આ સરખામણી કે વાત જ અસ્થાને છે, કારણ કે ઐતિહાસિક રીતે, ભારત ક્યારેય સમકાલીન વૈશ્વિક સંગીત માટે મુખ્ય મેદાન રહ્યું નથી. જ્યારે અન્ય વેસ્ટર્ન દેશો ૧૯૯૦ના દાયકામાં નિર્વાના, પર્લ જામ અને બ્લરનો આનંદ માણી રહ્યું હતું, ત્યારે ભારત હજુ પણ પિંક ફ્લોયડ જેવા ક્લાસિક રોક બેન્ડ પર ધ્યાન કેન્દ્રિત કરતું હતું. જ્યારે યુકે અને યુ.એસ.માં વૈકલ્પિક રોક મ્યુઝિક ઉપડ્યુ, ત્યારે સરેરાશ ભારતીય શ્રોતાઓ અનઘર 'બ્રિક ઇન ધ વોલ' અને 'વી વિલ રોક યુ' તરફ વળ્યા હતા.

ભૂતકાળના સંગીત પ્રત્યે ભારતના વળગણનો અર્થ એ છે કે દેશને મોટા ભાગના મોટા આંતરરાષ્ટ્રીય બેન્ડ કે સંગીતકારો દ્વારા અવગણવામાં આવે છે. એલ્ટન જોન અને બિલી જોએલ જેવા પ્રતિષ્ઠિત કલાકારોએ અહીં ક્યારેય પરફોર્મ કર્યું નથી. ૨૦૧૨ સુધી 'ગન્સ એન રોઝ' ભારતમાં આવ્યા ન હતા. માઈકલ જેક્સનની ૧૯૯૬માં ભારતની ખૂબ જ પ્રચલિત મુલાકાત પણ વાસ્તવિક કોન્સર્ટ કરતાં રાજકારણી બાલ ઠાકરેના નિવાસસ્થાને એના સંક્ષિપ્ત વિરામ માટે વધુ યાદગાર બની હતી.

આનાં કારણ બહુપરિમાણીય છે. પ્રથમ તો ભારતના પશ્ચિમી સંગીત શ્રોતા પ્રમાણમાં વિશિષ્ટ છે અને ઓછા છે. એમની રુચિ નોસ્ટાલ્જીયા- અતીત ગીત-સંગીત માટે વધુ છે. મોટાભાગના ભારતીયો કે જે પશ્ચિમી સંગીત સાંભળે છે એ નવા, અદ્યતન અવાજોને બદલે ટાઈમલેસ ક્લાસિક પસંદ કરે છે. બીજું કારણ એ કે આવા કોન્સર્ટમાં લોજિસ્ટિકલ પડકાર પ્રચંડ છે. જ્યારે પણ કોઈ મોટા કલાકાર ભારતની મુલાકાતે આવે છે ત્યારે અમલદારો અને રાજકારણીઓ વચ્ચે મફત વીઆઈપી પાસ માટે સ્પર્ધા થાય છે. તેના કારણે ઇવેન્ટ આયોજકો બહુ હેરાન થાય છે. અન્ય પરિબળમાં ભારતીય સંગીતનું પ્રભુત્વ ભારતીયો ઉપર ખાસ્સું છે, ખાસ કરીને ફિલ્મ સાઉન્ડટ્રેક અને પ્રાદેશિક હિટ સંગીત. એપી ધિલ્લોન અને દિલજીત દોસાંજ જેવા ભારતીય પોપ સ્ટાર્સ આંતરરાષ્ટ્રીય બેન્ડને ઢાંકી દે એવી ભારે લોકપ્રિયતાને પામે છે. દેશી હિપ હોપ અને પંજાબી સંગીત યુવા પ્રેક્ષકોમાં નવીનતમ વૈશ્વિક રોક અથવા રેપ સોંગ્સ કરતાં વધુ આકર્ષણ ધરાવે છે. સ્થાનિક સંગીતની રુચિ અને બોલિવૂડ મ્યુઝિકનો ભયંકર પ્રભાવ સરહદ પારના મ્યુઝિકવાળાઓને પ્રવેશવા દેતો નથી.

બીજી તરફ, વિશ્વના મુખ્ય સંગીત બજારો - લેટિન અમેરિકા, યુરોપ, જાપાન અને ઓસ્ટ્રેલિયા છે, જે સતત ટોચના સ્તરના આંતરરાષ્ટ્રીય સંગીતજ્ઞને આકર્ષે છે. ભારતમાં વસ્તિ વધુ હોવા છતાં, વૈશ્વિક સંગીતમાં સમાન સ્તરે રસ પેદા કરી શક્યું નથી. ૧૯૯૦ ના દાયકામાં, જ્યારે ઓએસિસ અને બ્લર જેવા બેન્ડ્સ વિદેશમાં જમાવટ કરતાં હતા ત્યારે આ જ જૂથોએ ભારતને એમના પ્રવાસ માટે યોગ્ય સ્ટોપ માન્યું ન હતું. અત્યારે પણ, સુધરેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધતી આવક હોવા છતાં ભારત પાસે હજુ પણ ટોચના સ્તરના કલાકારોના સતત પ્રવાહને આકર્ષવા માટે જરૂરી નિર્ણાયક કુનેહ કે આવડત નથી એ કડવી વાસ્તાવિકતા છે.. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# આ ચોપડા પૂજને બ્રાન્ડનો સાથિયો કરજો...!




જ્યારે જ્યારે આ પ્રશ્ન કોઈપણ વેપારીને પૂછવામાં આવે કે 'તમે બ્રાન્ડ બનાવવામાં માનો છો?' ત્યારે આપણને આવા જવાબ મળશે, જેમકે... શું બ્રાન્ડ બનાવવાથી મારું સેલ્સ વધશે? બ્રાન્ડ એટલે ખોટો ખર્ચો અને એવા ખર્ચા ના કરાય. માલ વેચાઈ રહ્યો છે, ધંધો વધી રહ્યો છે તો પછી બ્રાન્ડ બનાવવાની શી જરૂર છે?

આવા પણ જવાબ મળે.. આટલાં વર્ષોથી હું સફળતાથી ધંધો કરી રહ્યો છું અને ધંધો વધાર્યો પણ છે તે પણ બ્રાન્ડ બનાવ્યા વગર...! ઘણીવાર તો સેલ્સ અને બિઝનેસ ડેવલપમેંટને માર્કેટિંગનું નામ આપી કહેશે કે અમે તો માર્કેટિંગ કરીએ છીએ. ટેક્નિકલી માર્કેટિંગ અને સેલ્સમાં ફરક છે તે સમજવાની જરૂર છે...

આવા બધાં કારણો આપણી માનસિકતા છતી કરે છે અને સૌથી મોટો અવરોધ છે બ્રાન્ડ ન બનાવવા પાછળનો અને તેની આવશ્યકતા ન સમજવાનો. એમ પણ નથી કે બધાજ વેપારીઓ આ વિચારધારા અપનાવે છે. અમુક વેપારીઓ અને ખાસ કરીને નવી પેઢી બ્રાન્ડ બનાવવાનું મહત્ત્વ સમજે છે. આ દિશામાં પ્રયત્નો કરી રહી છે તે એક હકારાત્મક અભિગમ બતાવે છે.

આમ છતાં ઉપરોક્ત બધા જ જવાબો ખોટા છે તેમ નહીં કહું, કારણ કે તે એમનો અનુભવ છે, પણ આની સામે મારે બે પ્રશ્ન પુછવા છે : એક, જે રીતે તમે આજ સુધી ધંધો ચલાવ્યો તે રીતે આગળ ચલાવી શકશો? ધંધો કરવાની પદ્ધતિઓ બદલાઈ રહી છે, કન્ઝ્યુમર બદલાઈ રહ્યો છે ત્યારે તમને તમારા જૂના સ્વરૂપમાં કસ્ટમર અપનાવશે?

બીજો પ્રશ્ન; શું તમારી આવનારી પેઢી તમારા ધંધામાં જોડાશે જો તમે આજ રીતે ધંધો કરશો તો? અથવા ધંધામાં જોડાઈ ગયા છે તો એ ખુશ છે?

જો તમારો જવાબ હશે કે અમારો ધંધો પ્રોફિટેબલ છે, પૈસા છે તો આવનારી પેઢી જરૂર આવશે....

ના, આ તમારી ભૂલ છે અને તમે નવી જનરેશનને સમજી નથી શક્યા. જેમ નવી જનરેશનને બ્રાન્ડ વાપરવી ગમે છે તેમ એમને ધંધો પણ બ્રાન્ડનો કરવો છે- પોતાની એક બ્રાન્ડ છે અથવા પોતે એક બ્રાન્ડ બનાવી છે તેવી રીતે તે ઓળખાય તેમાં એમને રસ છે. આજનો સમય લોકો માટે ભરપૂર તકો લઈને આવ્યો છે. નવી આઇડિયાસને આજે કિંમત છે, નવી સિસ્ટમ્સ, પ્રોસેસિસ, નવા પ્રોડક્ટ્સ, સર્વિસિસ સમાજને આપવા લોકો તત્પર છે. મોનોપોલી લુપ્ત થઈ રહી છે. ટેકનોલોજી પણ કોપી થઈ જાય છે. ડિજિટલ ઈ-કોમ પ્લેટફોર્મ તમને તમારો માલ દુનિયાને વેચવા પ્રેરિત કરે છે. આજે ઓપન માર્કેટનો જમાનો છે અને તેમાં આપણે હરેક કેટેગરી, સેક્ટરમાં એકથી વધારે કંપનીઓ જોઈએ છીએ, એમ કહો કે મલ્ટિપલ પ્લેયર્સ માર્કેટમાં રમી રહ્યા છે, લડી રહ્યા છે પોતાના માર્કેટ શેર માટે. આથી એક તંદુરસ્ત સ્પર્ધા જોવા મળે છે. આજ માર્કેટમાં તમારા પ્રતિસ્પર્ધીઓ પણ તે જ વસ્તુ કરે છે જે તમે કરો છો તો તમારે અલગ શું કરવું?

આવા સમયે બ્રાન્ડ પોતાનો ભાગ ભજવે છે. આજની તારીખે આ શબ્દ નવો નથી, કારણ લોકોને પ્રોડક્ટ નહીં, બ્રાન્ડ જોઇએ છે. તમારે પોતાની ઇમેજ અને તમારા પ્રોડક્ટની અલગતા, યુનિકનેસ કસ્ટમરને સમજાવવી પડશે. તે યુનિકનેસ કે અલગતા નામની હોઈ શકે, રૂપ-રંગ થકી હોઈ શકે, પેકેજિંગ દ્વારા દર્શાવી શકો અને સૌથી અગત્યનું તેનું પોઝિશનિંગ જે કસ્ટમરના દિલો દિમાગમાં સ્થાયી થશે. જ્યારે બે પ્રોડક્ટ વચ્ચે આ ડિફરન્શિયેશન એટલે કે તફાવત - વિભિન્નતા ઊભી થાય છે ત્યારે તે બ્રાન્ડ તરીકે સ્થાપિત થવાની શરૂઆત કરે છે.

આજની તારીખે જો તમે બ્રાન્ડ નહીં બનાવો તો કોમોડિટી બનીને રહેશો. બ્રાન્ડ બનાવવી એક પ્રોસેસ છે જે તમને તમારી આઇડેંટિટી સાથે સાથે સમય જતા સેલ્સ વધારવામાં પણ સહાય કરશે. આજે લોકો માટે કોઈ પણ વ્યક્તિ કે બ્રાન્ડ માટે પોતાનો મત બાંધવો ઘણું સરળ છે. જરૂરી છે કે લોકો અથવા તમારો પ્રતિસ્પર્ધી તમારી બ્રાન્ડ વિષે પર્સેપશન -ધારણાં બનાવે તેની પહેલા તમે તમારી બ્રાન્ડનું પર્સેપશન બનાવી લોકો સમક્ષ રજૂ કરો. બ્રાન્ડ બનાવશો તો ફોકસ આવશે, કસ્ટમર ડિફાઇન થશે, તમારે શું વેચવું છે તે નહીં પણ કસ્ટમર માટે તેમાં શું છે તેની વાત તમે કરતા થશો. કસ્ટમરલક્ષી અભિગમ આવશે.

બીજી તરફ, બ્રાન્ડ જેટલી લોભામણી લાગે છે તેટલી બનાવવી સહેલી નથી. તે તેટલું આસાન નથી જેટલી આસાનીથી આપણે બોલી જઇએ છીએ. બ્રાન્ડ બનાવવા માટે મૂડીના રોકાણ કરતાં વધારે ધીરજનું અને સમયનું રોકાણ જરૂરી છે. બ્રાન્ડબનાવવા ધીરજ રાખવી પડે છે. બ્રાન્ડની સરખામણી વટવૃક્ષ સાથે થઈ શકે ના કે નાના છોડવા સાથે. જેવી રીતે વટવૃક્ષ બનાવવા તેની અમુક રીતે કાળજી લેવી પડે છે એ જ રીતે બ્રાન્ડને સ્થાપિત કરવા પણ વિશેષ કાળજી લેવી પડે છે. જેમ વટવૃક્ષ ધીરે ધીરે ફળ આપે અને એકવાર પૂર્ણ રૂપ ધારણ કરે પછી વર્ષોના વર્ષો જે છાંયડો લોકોને પ્રાપ્ત થાય તેવો જ છાંયડો અને ફળો એક બ્રાન્ડ સ્થાપિત થાય પછી અનુભવી શકાય છે.

આથી આ દિવાળીએ ચોપડા પૂજનમાં બ્રાન્ડ બનાવવાનો સંકલ્પ કરજો જેથી આવનારા વર્ષે ચોપડામાં ફક્ત નફો અને નફો જ દેખાય...! ■

## મુંબઈના સ્વ. ભાવનાબેન મોહનભાઈ પટેલના સ્મરણાર્થે ગ્રીનસીટી દ્વારા ૫૪ વૃક્ષોનું વૃક્ષારોપણ

### જેમ જેમ ડોનેશન આવશે વૃક્ષારોપણનું પ્રમાણ વધારશું ...દેવેન શેઠ

ભાવનગર શહેરને ભારતનું સૌથી હરીયાળુ શહેર બનાવવાની નેમ સાથે કાયમ ચૂર્ણ-શેઠ બ્રધર્સવાળા દેવેન શેઠ એ શરૂ કરેલી એન.જી.ઓ. ગ્રીનસીટી દ્વારા છેલ્લા ૧૪ વર્ષોમાં ૨ લાખ જેટલા વૃક્ષોનું ભાવનગર શહેરમાં વૃક્ષોરોપણ થઇ ચુક્યુ છે, અને તેનો કાળજીપૂર્વક ઉછેર દેવેનભાઇ દ્વારા થઇ રહ્યો છે. હાલમાં જ શહેરના બંદર રોડ ઉપર મુંબઇના સ્વ. ભાવનાબેન મોહનભાઇ પટેલના સ્મરણાર્થે ૫૪ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ બંદર રોડ ઉપર બનેલ સુંદર ચેકડેમ પાસે લોકો મોટી સંખ્યામાં મોર્નીંગ વોક માટે આવે છે. સાંજે વૃધ્ધ વડીલો અહીં બેસવા આવે છે. સૌ કોઇ માટે આ લોકપ્રિય સ્થળ બની ચુક્યુ છે. આ સ્થળ એકદમ હરીયાળુ બને તે હેતુથી ગ્રીનસીટી સંસ્થાએ અહીં ૫૦૦ વૃક્ષો ઉગાડવાનું નક્કી કર્યું છે. દેવેનભાઇએ જણાવ્યું હતુ કે જેમ જેમ અમોને વૃક્ષો માટે ડોનેશન મળતુ જશે તેમ તેમ અમો અહીં વૃક્ષારોપણ કરીશું અને આ વિસ્તારને એકદમ હરીયાળો બનાવી દેશું જે લોકોને પર્યાવરણ પ્રત્યે-વૃક્ષો માટે પ્રેમ હોય તેઓ ગ્રીનસીટી સંસ્થાને ડોનેશન મોકલી શકે છે. સંસ્થા ૮૦-જી તથા C.S.R. સર્ટીફીકેટ ધરાવે છે. દેવેનભાઇ શેઠનો મો.નં. ૯૮૭૯૫ ૧૧૩૫૦.



# નફારૂપી વેચવાલીના આંચકા પચાવીને વૈશ્વિક સોનું મક્કમ

## દિવાળીના તહેવારોમાં ઊંચી ભાવસપાટીએથી વૉલ્યુમ પાંખાં રહેવાની ભીતિ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વીતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક બુલિયન માર્કેટમાં એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૭૫૮.૩૭ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનાં આંચકાઓ આવતા ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. તેમ છતાં આગામી નવેમ્બર મહિનાની અમેરિકાની પ્રમુખપ્રદની ચૂંટણી પૂર્વે ભારે રસાકસીનો માહોલ જોવા મળતાં પરિણામો અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોમાં વધેલા રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં જળવાઈ રહેલી સલામતી માટેની માગ ઉપરાંત આગામી ૬-૭ નવેમ્બરની ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે હળવી નાણાનીતિ જાળવી રાખીને વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવા આશાવાદ વચ્ચે વિશ્વ બજારમાં સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. જોકે, સપ્તાહના અંતે શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર પુનઃ વિશ્વ બજારમાં સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો આવતા હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૭૪૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આમ એકંદરે નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં સતત ત્રીજા સપ્તાહમાં ભાવમાં સાપ્તાહિક ધોરણે સુધારો નોંધાયો હતો, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ૨૭૫૪.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હવે રોકાણકારોની નજર આગામી સપ્તાહે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર-ફુગાવા અને જીડીપીનાં ડેટા પર સ્થિર થઈ છે કેમ કે સામાન્યપણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત માટે મુખ્યત્વે ફુગાવાના ડેટા, આર્થિક વૃદ્ધિ તેમ જ રોજગારીના ડેટાને ધ્યાનમાં લેતી હોય છે.

દરમિયાન સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવ વિશ્વ બજાર પાછળ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૮મી ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૭,૪૧૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૭,૯૬૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૭૭,૯૬૮ની સપાટી અને ઉપરમાં રૂ. ૭૮,૭૦૩ની રેન્જમાં અથડાઈને અંતે રૂ. ૭૮,૭૦૫ના મથાળે બંધ રહ્યા હતા. આમ સાપ્તાહિક ધોરણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૫નો અથવા તો ૦.૭૮ ટકાનો સુધારો નોંધાયો હતો. જોકે, સપ્તાહ દરમિયાન ખાસ કરીને ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં




અવિરત વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સતત દબાણ હેઠળ હોવાથી સોનાની આયાત પડતર વધવાને કારણે વિશ્વ બજારની તુલનામાં ભાવ ઓછા દબાણ હેઠળ રહ્યા હતા. એકંદરે તેજીના માહોલમાં રિટેલ સ્તરની માગ સુસ્ત રહેવા ઉપરાંત જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ પાંખી રહી હતી. વધુમાં આગામી સપ્તાહે સોનાની ખરીદી માટે શુકનવંતા ગણાતા ધનતેરસ અને દિવાળીના તહેવારોમાં પણ ઊંચા મથાળેથી અપેક્ષિત માગનો વસવસો રહેવાની ભીતિ સેવાઈ રહી હોવાનું જ્વેલરોએ જણાવતા ઉમેર્યું હતું કે આ સપરમા દહાડાઓમાં માગ જરૂર રહેશે, પરંતુ વૉલ્યુમ અથવા તો ખરીદીની માત્રામાં ઘટાડો જોવા મળે તેમ જણાય છે.

તાજેતરમાં વૈશ્વિક સોનાને મુખ્યત્વે અમેરિકાની ચૂંટણીની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા તણાવની સ્થિતિને કારણે સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે. આ ઉપરાંત ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિનું વલણ જાળવી રાખે તેમ હોવાથી સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાથી આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩૨ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

તેમ જ ફેડરલના હળવી નાણાનીતિના વલણને ધ્યાનમાં લેતા બહુધા વિશ્લેષકો સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. આથી આ વર્ષે દિવાળીના તહેવારોમાં ખાસ કરીને સોના-ચાંદીના આભૂષણો કરતાં સિક્કાઓમાં રોકાણલક્ષી માગનું પ્રમાણ વધુ રહે તેવું અમુક જ્વેલરોનું મંતવ્ય છે. તાજેતરમાં જિઓજીત ઈનસાઈટ્સ દ્વારા જાહેર કરવામાં આવેલ ઈન્ટરનલ રિસર્ચ ઍન્ડ એનાલિટિક્સની એક આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં ગત સપ્ટેમ્બર મહિના સુધીમાં સોનામાં રોકાણકારોને ૧૭.૨ ટકા જેટલું વળતર છૂટ્યું છે. જે ફિક્સ્ડ ડિપોઝિટનાં સરેરાશ ૫.૨ ટકાના અને પબ્લિક પ્રોવિડૅન્ટ ફંડ (પીપીએફ)ના ૫.૩ ટકાના વળતરની સામે વધુ રહ્યું છે.

આ પૂર્વે ગત કૅલૅન્ડર વર્ષ ૨૦૨૩માં સોનામાં વળતર ૧૫.૩ ટકાના સ્તરે રહ્યું હતું, જ્યારે પીપીએફના સરેરાશ ૭.૧ ટકા અને ફિક્સ્ડ ડિપોઝિટના સરેરાશ ૬.૬ ટકાના વળતર કરતાં વધુ રહ્યું હતું. આમ એકંદરે વિશ્વ બજાર પાછળ ભવિષ્યમાં સોનામાં મક્કમથી સુધારાતરફી વલણ જળવાઈ રહેવાની ધારણા મુકાઈ રહી હોવાથી સોનામાં રોકાણલક્ષી માગમાં વૃદ્ધિ થવાની શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં મધ્યપૂર્વના દેશોમાં તણાવ ઉપરાંત અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી પ્રબળ શક્યતાઓને ધ્યાનમાં લેતાં વૈશ્વિક સોનામાં વધઘટે સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬,૭૦૦થી ૭૮,૦૦૦ની રેન્જમાં રહે તેમ જણાય છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮,૯૧૯ની સર્વોચ્ચ સપાટી સુધી પહોંચ્યા હતા.

# પાંચ ચાઈનીઝ ઉત્પાદનો પર ભારતે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી

નવી દિલ્હીઃ સસ્તી આયાતને પગલે સ્થાનિક ઉત્પાદકોના હિત જાળવી રાખવા માટે ભારતે ચીનથી આયાત થતા ગ્લાસ મિરર અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ સહિતનાં કુલ પાંચ ઉત્પાદકો પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે.

ચીનથી આયાત થતાં સસ્તા માલોના ડમ્પિંગને કારણે સરકારે આઈસોપ્રોપિલ આલ્કોહોલ, સલ્ફર બ્લેક, સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ, થર્મોપ્લાસ્ટિક પોલિયુરેથિન અને અનફ્રેમ્ડ ગ્લાસ મિરર પર ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી છે.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ઈનડાયરેક્ટ ટેક્સિસ ઍન્ડ કસ્ટમ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા પાંચ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે આ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી આગામી પાંચ વર્ષ સુધી અમલી રહેશે.

નોટિફિકેશન અનુસાર ચર્મ રોગ પર એન્ટિસેપ્ટીક તથા સેનેટાઈઝર તરીકે તેમ જ ઔદ્યોગિક વપરાશમાં પણ ઉપયોગી એવા આઈસોપ્રોપિલ આલ્કોહોલ પર જુદી જુદી કંપનીઓ અનુસાર ટનદીઠ ૮૨ ડૉલરથી ૨૧૭ ડૉલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે.

વધુમાં ટેક્સ્ટાઈલ, પેપર અને લેધરમાં ડાઈંગ તરીકે વપરાતા સલ્ફર બ્લેક પર ટનદીઠ ૩૮૯ ડૉલર સુધીની ડ્યૂટી લાદવામાં આવી છે. તે જ પ્રમાણે ઑટોમેટિવ, મેડિકલ અને ઈલેક્ટ્રોનિક ઉદ્યોગમાં વપરાતા થર્મોપ્લાસ્ટિક પોલિયુરેથિન પર ટનદીઠ ૦.૯૩ ડૉલરથી ૧.૯૮ ડૉલર સુધીની ડ્યૂટી લાદવામાં આવી છે.

આ સિવાય પેકિંગ મટિરિયલમાં વપરાતી સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ પર કિલોદીઠ ૧.૩૪ ડૉલર અને અનફ્રેમ્ડ મિરર ગ્લાસ પર ટનદીઠ ૨૩૪ ડૉલર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ ડ્યૂટી વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ ઍન્ડ રેમેડિઝ (ડીજીટીઆર) દ્વારા થયેલી એન્ટિ ડમ્પિંગ તપાસના અંતે કરવામાં આવેલી ભલામણને ધ્યાનમાં રાખીને લાદવામાં આવી છે.

# એનએમડીસીએ આયર્ન ઑરના ભાવ વધાર્યા

કોલકાતાઃ જાહેર ક્ષેત્રની એનએમડીસીએ આજે વધુ એક વખત આયર્ન ઑરના ભાવમાં આજથી (૨૩મી ઑક્ટોબર)થી અમલી બને તેમ ભાવમાં વધારો કર્યો હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર કંપનીએ ગત ઑગસ્ટથી અત્યાર સુધીમાં લમ્પ ઑરના ભાવ ૧૮.૬૯ ટકાનો વધારો કર્યો છે, જેમાં ઑક્ટોબર મહિનામાં ભાવ ૧૦.૪૩ ટકા વધારીને ટનદીઠ રૂ. ૬૩૫૦ નિર્ધારિત કર્યા છે. વધુમાં કંપનીએ ગત ઑગસ્ટથી અત્યાર સુધીમાં ફાઈન્સના ભાવમાં ૧૭.૩ ટકાનો વધારો કર્યો છે અને તેમાં ઑક્ટોબર મહિનામાં ભાવ આઠ ટકા વધારીને ટનદીઠ રૂ. ૫૪૧૦ નિર્ધારિત કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત પહેલી ઑક્ટોબરના રોજ કંપનીએ લમ્પ ઑરના ભાવ ટનદીઠ રૂ. ૫૭૫૦ અને ફાઈન્સના ભાવ રૂ. ૫૦૧૦ નિર્ધારિત કર્યા હતા. ત્યાર બાદ હવે લમ્પ ઑરમાં ૧૦.૪ ટકાનો અને ફાઈન્સમાં ૭.૯૯ ટકાનો વધારો કર્યો છે. અગાઉ ગત સાતમી ઑગસ્ટના રોજ લમ્પ ઑર અને ફાઈન્સના ભાવ અનુક્રમે ટનદીઠ રૂ. ૫૩૫૦ અને રૂ. ૪૬૧૦ નિર્ધારિત કર્યા હતા. જોકે, આ ભાવ વધારામાં રોયલ્ટી, ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) ચાર્જ અને નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ ફીનો સમાવેશ થાય છે, પરંતુ સેસ, ફોરેસ્ટ પરમિટ ફી, જીએસટી અને અન્ય વેરાઓનો સમાવેશ નથી કરવામાં આવતો.

# દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૨.૧૬ અબજ ડૉલર ઘટી



મુંબઈઃ ગત ૧૮મી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત રૂ. ૨.૧૬૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૮.૨૬૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તાજેતરમાં સંકલિત કરેલી સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત અત્યાર સુધીના સૌથી મોટા ૧૦.૭૪૬ અબજ ડૉલરના ગાબડાં સાથે ૬૯૦.૪૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ તે પૂર્વેના સપ્તાહે અનામતમાં ૩.૭૦૯ અબજ ડૉલરનો ઘટાડો થયો હતો. જોકે, સપ્ટેમ્બરના અંતે અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં જણાવ્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૩.૮૬૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૯૮.૨૩૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૮ કરોડ ડૉલર ઘટીને ૧૮.૨૭૧ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૬ કરોડ ડૉલર ઘટીને ૪.૩૧૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, સપ્તાહ દરમિયાન એકમાત્ર સોનાની અનામત ૧.૭૮૬ અબજ ડૉલરના વધારા સાથે ૬૭.૪૪૪ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ ઈન્ટરનેશનલ કોપર એસોસિયેશનનું નવું સભ્ય

નવી દિલ્હીઃ વૈશ્વિક ઔદ્યોગિક સંગઠન ઈન્ટરનેશનલ કોપર એસોસિયેશને આજે આદિત્ય બિરલા જૂથની કંપની હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝને તેના નવાં સભ્ય તરીકે ચૂંટી છે.

નોંધનીય બાબત એ છે કે આદિત્ય બિરલા જૂથની અગ્રણી હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ કોપર અને એલ્યુમિનિયમનું ઉત્પાદન કરી રહી છે અને વર્ષ ૧૯૫૮થી કાર્યરત છે. કંપની મુખ્યત્વે કોપર કેથોડ્સ અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજાર માટે કન્ટીન્યુઅસ કાસ્ટ કોપર રોડસનું ઉત્પાદન કરે છે.

અમે ઈન્ટરનેશનલ કોપર એસોસિયેશન અને કોપરની વૈશ્વિક બજાર સાથે જોડાવા અને ઝીરો નેટ ટ્રાન્ઝીશન સાથે મહત્ત્વની ધાતુઓની વૅલ્યૂ ચેઈન વિકસાવવા માટે ઉત્સુક છીએ, એમ હિન્દાલ્કોનાં કોપર બિઝનૅસના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર રોહિત પાઠકે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

આગામી થોડા દાયકાઓમાં ભારત વૈશ્વિક સ્તરે કોપર અને તેનાં ઉત્પાદનોના હબ બનવા તરફ આગળ વધી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં આઈસીએનાં પ્રમુખ જુઆન ઈગ્નાસિયો ડિઆઝે જણાવ્યું હતું કે ઉદ્યોગના મુખ્ય ખેલાડી તરીકે અમે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝને આવકારીએ છીએ અને ભવિષ્યમાં માનવ વિકાસ અંગેની તેની દિર્ઘદષ્ટિનો લાભ મળશે. નોંધનીય બાબત એ છે કે ઈન્ટરનેશનલ કોપર એસોસિયેશન અને નફા વિનાનું વેપારી સંગઠન છે જે કોપરનુ ઉત્પાદન કરતાં અડધા વિશ્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેમ જ છ ખંડોમાં ૩૩ સભ્યો ધરાવે છે અને તેનું વડું મથક વૉશિંગ્ટન ખાતે છે તથા અમેરિકા, યુરોપ, એશિયા અને લેટિન અમેરિકાથી કાર્યરત રહે છે.

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં ગઈકાલે અનુક્રમે ૧૮ સેન્ટનો અને ૧૧ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે એકંદરે કામકાજો છૂટાછવાયા રહેતાં હાજર ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના આગામી ૩૦ ઑક્ટોબર સુધી ડિલિવરી શરતે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય ગોકુલ એગ્રોના નવેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને ડિસેમ્બર



ડિલિવરી શરતે રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે આરબીડી પામોલિનના નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો. દરમિયાન આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૧૫, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર નવા-જૂના માલોની અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૨૫થી ૪૭૨૫માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૫૦થી ૬૬૭૫માં થયા હતા, જ્યારે સરસવ એક્સપેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૨થી ૧૩૫૩માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૩૬૨થી ૧૩૬૩માં અને સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૪૮૦થી ૨૪૮૫માં થયાના અહેવાલ હતા.

# યોગ્ય રોડ માળખુ અને કુશાગ્ર કાર્યબળ લૉજિસ્ટિક ઉદ્યોગ સામે પડકાર

નવી દિલ્હીઃ યોગ્ય રોડ માળખાનો અભાવ, વેરહાઉસિંગ માટે જમીનની ઉપલબ્ધિ અને કુશાગ્ર કાર્યબળ લૉજિસ્ટિક ઉદ્યોગ સામેના મુખ્ય પડકારો રહ્યા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું.

વૅરહાઉસિંગ માટે જમીનની ઉપલબ્ધિ આવશ્યક છે અને આર્થિક પ્રવૃત્તિથી ધમધમતા મેટ્રોપોલિટીયન શહેરો લૉજિસ્ટિકની માગ કરી રહ્યા હોવાનું એસોચેમના સેક્રેટરી જનરલ દિપક સુદે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ભારતમાં વૅરહાઉસિંગ ક્ષેત્ર નાના અને અસંગઠિત ખેલાડીઓથી વિભાજિત હોવાથી તે લૉજિસ્ટિકની બિનઅસરકારકતા તરફ દોરી જાય છે.

વધુમાં યોગ્ય રોડનો અભાવ તેમ જ ગીચતાની સપ્લાય ચેઈનની અસરકારકતા પર માઠી અસર પડી રહી હોવાનું ઈક્રા લિ.નાં કોર્પોરેટ રેટિંગ વિભાગનાં ઉપપ્રમુખ અને ગ્રૂપ હેડ શ્રીકુમાર ક્રિષ્ણમૂર્તિએ જણાવતા ઉમેર્યું હતું કે આ સિવાય ટૂંકાગાળાના પડકારોમાં નૂરભાડા અને સ્પર્ધાત્મકતામાં વધારો, ફુગાવાલક્ષી પરિબળો અને ડીઝલના ઊંચી સપાટીએ ટકેલા રહેલા ભાવનો સમાવેશ થાય છે.

વધુમાં બૂક માય કાર્ગોના સ્થાપક જેડી યાદવે જણાવ્યું હતું કે લોજિસ્ટિક ઉદ્યોગ વધતા ખર્ચના દબાણ, કુશાગ્ર કાર્યબળની અછત, નિયમનકારી દબાણ અને વારંવાર વિક્ષેપ થતી પુરવઠા ચેઈન જેવાં દબાણોનો પણ સામનો કરી રહ્યો છે. આ પડકારો લોજિસ્ટિક કંપનીઓને ખર્ચ સંતુલિત કરવા દબાણ કરી રહ્યા છે. સ્પર્ધાત્મકતા જાળવવા માટે મેનેજમેન્ટ, કાર્યબળ અને ટૅક્નોલૉજી રોકાણ પ્રોત્સાહિત કરવા માટે ઉદ્યોગ તથા સરકાર સાથે મળીને ઉકેલ લાવી શકે છે અને ભવિષ્યમાં લોજિસ્ટિક ઉદ્યોગ સક્ષમ થઈ શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

# કૃષિ ક્ષેત્રમાં જાપાન ઈન્ટરનેશનલ કૉઓપરેશન એજન્સી સાથે સહકાર વધારવાની આવશ્યકતા

નવી દિલ્હીઃ કૃષિ સચિવ દેવેશ ચતુર્વેદીએ આજે કૃષિ અને સંલગ્નિત ક્ષેત્રો માટે ભારતે જાપાન ઈન્ટરનેશનલ કૉઓપરેશન એજન્સી (જેઆઈસીએ-જિકા) સાથે સહયોગ વધારવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

જિકા ઈન્ડિયાનાં ભારત ખાતેના મુખ્ય પ્રતિનિધિ ટાકુરો ટાકેઉચીએ કૃષિ સચિવની લીધેલી શુભેચ્છા મુલાકાતમાં ભારતીય કૃષિ ક્ષેત્રમાં ડ્રોન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી કટિંગ એજ ટૅક્નોલૉજીસમાં ભારત સાથે જોડાણ માટે જિકાએ રસ દાખવ્યો હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું.

આ મુલાકાતમાં કૃષિ સચિવે ટાકેઉચીને જિકાના ચીફ રિપ્રેઝન્ટેટિવ તરીકે થયેલી નિયુક્તિ માટે શુભેચ્છા આપી હતી અને કૃષિ અને કૃષિ સંલગ્નિત ક્ષેત્રમાં ભારત તથા જિકા વચ્ચે જોડાણ સુદ્રઢ બને તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં સચિવે ભારતમાં કૃષિ વિકાસને આગળ ધપાવવા હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને હરિયાણામાં અમલી થયેલા ત્રણ પ્રોજેક્ટ્સમાં જિકાની નિર્ણાયક ભૂમિકા રહી હોવાનું જણાવતા તેમણે અન્ય રાજ્યોમાં તેના સહયોગમાં પ્રોજેક્ટની શક્યતા વ્યક્ત કરી હતી.

વધુમાં ટાકેઉચીએ ભારતમાં કૃષિ ક્ષેત્રે સસ્ટેઈનેબલ અને ક્લાયમેટ રિસાયલન્ટ કૃષી, ઉત્પાદકતા વૃદ્ધિ, પાકના વિકેન્દ્રીકરણ તથા કૃષિ ક્ષેત્રે નવી પદ્ધતિઓ અને ટૅક્નોલૉજીના વપરાશમાં ભારતને સહાયક બનવા માટે જિકા પ્રતિબદ્ધ હોવાની બાંયધરી આપી હોવાનું એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૫૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્થાનિક રિટેલ સ્તરની માગ ઉપરાંત સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે મથકોના અહેવાલ અને માગને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે સ્ટોકિસ્ટો ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ, ઝિન્ક સ્લેબ અને કોપર સ્ક્રેપ હેવીમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો ઘટાડો આવ્યો હતો અને બ્રાસ, ટીન, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપરની અમુક વેરાઈટીઓમાં ભાવ કિલોદીઠ રૂ. બેથી નવ વધી આવ્યા હતા, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગ ખપપૂરતી રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૩૮૫ અને કોપર સ્ક્રેપ હેવી તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૯૦ અને રૂ. ૨૯૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૫૧૯, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૭૨૨, કોપર આર્મિચર. કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૭૮, રૂ. ૮૫૨ અને રૂ. ૨૪૭ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૭૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે પાંખાં કામકાજો વચ્ચે કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૦૦, રૂ. ૭૩૦, રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વડા પ્રધાન મોદી ૧૦૯૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ભુજ-નલિયા ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી ઓક્ટોબરના ગુજરાતના પ્રવાસ દરમ્યાન અમરેલી જિલ્લા ખાતે ૪૮૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર,રણપ્રદેશ કચ્છ અને બોટાદ જિલ્લાના અંદાજે ૧૬૦૦ જેટલાં વિકાસકાર્યનો સમાવેશ થાય જેમાં રૂા.૧૦૯૪ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

વડા પ્રધાન ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામનું ખાતમુહૂર્ત અને ૫૯૦ કામનું લોકાર્પણ પણ કરશે તેવું જાણવા મળી રહ્યું છે.

નરેન્દ્ર મોદી ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઈ)ના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ ૧૦૯૪ કરોડના ખર્ચે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. આ સેક્શનમાં ૨૪ મોટા અને ૨૫૪ નાના બ્રિજ સામેલ છે તેમજ ત્રણ ઓવરબ્રિજ અને ૩૦ રોડ અંડરબ્રિજનો પણ આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં સમાવેશ થાય છે. ■




દિવાળીના તહેવારની શરૂઆત થઈ ગઈ છે. સ્કૂલોમાં વેકેશન હોવાથી લોકો ફરવાની મોજ માણી રહ્યા છે. ત્યારે શનિવારે બપોરે રાજકોટની ૧૦ હોટેલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા. આ ઈમેલ મળતાંની સાથે જ પોલીસ અને બૉમ્બ સ્ક્વોર્ડ સહિતની ટીમોએ હોટલોમાં તપાસ હાથ ધરી હતી. તપાસમાં કોઈ અઘટિત વસ્તુ નહીં મળતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. (તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ)

# દિવસ અને રાતના તાપમાનમાં ૧૬ ડિગ્રીના તફાવત સાથે કચ્છ પર અંગ દઝાડતી ગરમીનું આક્રમણ જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમ્મુ-કાશ્મીર, લેહ લદાખ જેવા પહાડી વિસ્તારોમાં બરફ પડવાની ગણતરી મંડાઈ છે ત્યારે સમગ્ર ઉત્તર ભારતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં મિશ્ર વાતાવરણની આણ બરકરાર રહેવા પામી છે.

વહેલી સવારે ૨૧થી ૨૪ ડિગ્રી સે.લઘુતમ તાપમાન સાથે અનુભવાતા ગુલાબી ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ મહત્તમ તાપમાનનો આંક ૩૫થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચે ચઢી જતા એપ્રિલ-મે મહિનામાં પડતી ભીષણ ગરમીનો અહેસાસ પ્રિ-દિવાળી વિકના ચાલી રહેલા સપરમા દિવસોમાં જનજીવનને થઇ રહ્યો છે.

રાત્રિથી વહેલી સવાર દરમ્યાન ઝાકળવર્ષા સાથે પડી રહેલી ગુલાબી ઠંડી લોકોને પંખા ધીમા કરવા મજબૂર કરી રહી છે, જયારે સવારના દસ વાગ્યા બાદ સ્વચ્છ આકાશ સાથે મહત્તમ તાપમાનનો આંક ૩૫થી ૩૮ ડિગ્રી સે. પર પહોંચી જતાં વાતાવરણ હૂંફાળું બની જાય છે.

ભુજમાં શનિવારે લઘુતમ ૨૪ અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી આસપાસ રહેતા ૧૩ ડિગ્રીનો તફાવત રહ્યો હતો, જેથી વહેલી સવારે ગુલાબી ઠંડકની અનુભૂતિ થવા પામી હતી. વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ ઓછું થઇ જતાં અને પવનો વાતા મંદ પડી જતાં વિશ્વના ગરમ પ્રદેશોની સમકક્ષ ગરમીની અનુભૂતિ આ કિલ્લેબંધ શહેરમાં બપોરના સમયે થવા પામી રહી છે જેને લઈને દિવાળીની ખરીદી કરવા બહાર જવાનું સવારથી લઇ ઢળતી બપોરના સમયગાળા દરમ્યાન લોકો ટાળી રહ્યા છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ શનિવારે લઘુતમ ૨૧ ડિગ્રી જયારે મહત્તમ ૩૫ ડિગ્રી સે. સાથે દિવસ-રાતના તાપમાનમાં ૧૪ ડિગ્રી જેટલો મોટો તફાવત રહેવાની સાથે અહીં પણ દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડકનો તાલ સર્જાયો હતો. કંડલા બંદરમાં ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ, અંજાર આદિપુરમાં આંશિક ગરમીની આણ યથાવત્ રહી હતી. સૂર્યાસ્ત બાદ કચ્છના મોટા ભાગના મથકોમાં લઘુતમ તાપમાનનો આંક ૧૮થી ૨૪ ડિગ્રીની આસપાસ રહેતાં રાત્રે ટાઢ અનુભવાઈ રહી છે.

દિવસ-રાતના તાપમાનમાં અનુભવાઈ રહેલો મોટો તફાવત ધીરે ધીરે ઓછો થતો જાશે અને જમ્મુ-કાશ્મીર, લેહ-લદાખ જેવા પહાડી વિસ્તારોમાં વ્હાઇટ ક્રિસમસ સમાન બરફ વર્ષની શરૂઆત ધીરે ધીરે થશે અને હાડ થીજાવતી ડકડતી ઠંડીની શરૂઆત આગામી નવેમ્બર માસના મધ્યથી થઇ જશે તેવો હવામાન શાસ્ત્રીઓએ મત વ્યક્ત કર્યો છે. આ પ્રકારના વિચિત્ર વાતાવરણને કારણે નાના બાળકો અને વૃદ્ધોની તબિયત પર વિપરીત અસર પહોંચી રહી છે અને શરદી-કફ-ઉધરસ જેવી બીમારીઓના કેસોમાં ઉછાળો આવ્યો છે તેમ અંજારના જાણીતા તબીબ ડૉ.ઋત્વિજ અંજારિયાએ જણાવ્યું હતું. ■

# પોરબંદરમાં બરડા જંગર સફારીનું ૨૯ ઓક્ટોબરે વન અને પર્યાવરણ પ્રધાન ઉદ્ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદર ખાતેના બરડા જંગલ સફારીનું આગામી ૨૯ ઑક્ટોબર એટલે કે ધનતેરસના દિવસે બપોરે વન અને પર્યાવરણ પ્રધાન મૂળુભાઇ બેરાના અધ્યક્ષસ્થાને ઉદ્ઘાટન સમારોહ યોજાશે, જેને લઇ વનવિભાગ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે.

પોરબંદરના બરડા જંગલ વિસ્તારમાં અનેક વન્ય પ્રાણીઓ, કુદરતી ઝરણાં તેમ જ અન્ય અનેક પ્રકારની જીવસૃષ્ટિ જોવા મળે છે.

લોકો પણ સાસણની જેમ પોરબંદર નજીક બરડા જંગલની સફારીનો આનંદ માણી શકે તથા પોરબંદર અને દ્વારકાના પ્રવાસનને વેગ મળે તેવા પ્રયાસો ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

બરડા જંગલ સફારી પોરબંદરથી માત્ર ૩૫ કિમી દૂર છે. પોરબંદરથી રાણાવાવ ત્યાંથી ભાણવડ રોડ પર આવેલા કપુરડી નાકા સુધી પહોંચી શકાશે. સફારી શિયાળાની સિઝન સમયે સવારના ૬/૪૫થી ૯/૪૫ અને બપોરના ૩થી ૬ એમ કુલ બે ભાગમાં કરી શકાશે તથા પ્રવાસીઓ માટે ટિકિટ બુકિંગ કપુરડી નાકાથી ઓફલાઇન મોડ મારફતે શરૂ કરવામાં આવશે.

પ્રવાસીઓ આ સફારી માટેની પરમિટ ફી રૂ.૪૦૦/ - ગાઇડ ફી રૂ. ૪૦૦ તેમ જ જીપ્સી ફી રૂ. ૨૦૦૦ રાખવામાં આવશે. જે પરમિટ ટિકિટ બુકિંગ કાઉન્ટર ખાતેથી ઉપલબ્ધ થઇ શકશે. ■




ભાવનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના ઉપક્રમે ભાવનગરની સરકારી સર. ટી. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રોજ કોંગ્રેસના કાર્યકરો હૉસ્પિટલે ટેબલ નાખીને બેસે છે અને દર્દીઓની મુશ્કેલી સાંભળીને નોંધ કરે છે. શનિવારે ડોક્ટર સેલના કાર્યકર્તાઓએ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી. (તસવીર– વિપુલ હિરાણી– ભાવનગર)

# સ્ટાર એર એરલાઈન્સે અમદાવાદ-રાજકોટ-વડોદરાની હવાઈ સેવા શરૂ કરવા માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિરાસર સ્થિત રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ૨૭મી ઑક્ટોબરથી શરૂ થઈ રહેલા વિન્ટર શિડ્યુલમાં મુંબઇની ૫, દિલ્હીની ૨, ગોવા, પુણે, બેંગ્લોર અને હૈદરાબાદની ૧-૧ ફ્લાઈટ તો સુરત માટે ૧ ચાર્ટર ફ્લાઈટ ઉડાન ભરવાની છે. ત્યારે એર ઇન્ડિયા દ્વારા દિલ્હીની વહેલી સવારની ફ્લાઈટ તો સ્ટાર એર દ્વારા અમદાવાદ-રાજકોટ-વડોદરાની ફ્લાઈટ શરૂ કરવા માટે તૈયારી બતાવી છે. ઈન્ડિગો દ્વારા એરક્રાફ્ટના અભાવે અમદાવાદની ફ્લાઈટ બંધ કરવામાં આવી છે. સ્ટાર એર દ્વારા અમદાવાદની દૈનિક ફ્લાઈટ શરૂ કરવા માટે પ્રપોઝલ મૂકાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ, એર ઇન્ડિયા દ્વારા રાજકોટથી દિલ્હી જવા માટે વહેલી સવારની ફ્લાઈટ શરૂ કરવા માટેની તૈયારી બતાવવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદ-રાજકોટ-વડોદરાની ફ્લાઈટ શરૂ કરવા માટે સ્ટાર એર એરલાઇન્સ દ્વારા પ્રપોઝલ મૂકવામાં આવી છે. જેમાં આ ફ્લાઈટ દરરોજ અમદાવાદથી રાજકોટ આવશે અને રાજકોટથી વડોદરા જવા માટે ઉડાન ભરશે. ત્યાર બાદ આ ફ્લાઈટ વડોદરાથી રાજકોટ પહોંચશે અને બાદમાં રાજકોટથી અમદાવાદ જવા માટે ઉડાન ભરશે. આ ફ્લાઈટના ઉડાન ભરવાનો સમય પણ ટૂંક સમયમાં જાહેર થશે તેવું સૂત્રો જણાવી રહ્યાં છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૨૭મી ઑક્ટોબરથી શરૂ થતા નવા શેડ્યુલમાં એક માત્ર હૈદરાબાદની ફ્લાઇટનો ઉમેરો થશે. મહત્ત્વની વાત એ છે કે ઑક્ટોબર માસમાં વિદેશની ફ્લાઈટ શરૂ કરવા માટે ખુદ એરપોર્ટ ડાયરેક્ટર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ ઓક્ટોબર માસના અંતમાં વિન્ટર શેડ્યુલમાં પણ ઇન્ટરનેશનલ ફ્લાઈટ નથી.

રાજકોટથી અમદાવાદની એકમાત્ર ફ્લાઇટ એરક્રાફ્ટના અભાવે ૨૭મી ઑક્ટોબરથી બંધ થઈ જશે અને ૨૯ માર્ચ સુધી આ ફ્લાઈટ બંધ રહે તેવી સંભાવના છે. દરમિયાન હાલ ઇન્ડિગો એર લાઇન્સના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દિવથી રાજકોટ અને રાજકોટથી સુરત જવા માટે નવી ફ્લાઇટ શરૂ કરવા માટે પ્રપોઝલ મૂકી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# રાજકોટ મહાનગરપાલિકામાં આધારકાર્ડનું કામ કરતાં ૧૮ ઓપરેટરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકામાં આધારકાર્ડ સેન્ટરના તમામ ૧૮ ઓપરેટરને એકસાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત શહેરી વિસ્તાર માટે જૂની કલેક્ટર કચેરીમાં શરૂ કરવામાં આવેલી એક કિટ પણ સસ્પેન્ડ કરી દેવાઈ હતી, જેને કારણે ઓપરેટરો ગેરહાજર રહેતા આધારકાર્ડ કઢાવવા આવનારા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. મનપા અધિકારીએ આ સસ્પેન્સન રદ કરવા માટેનો પત્ર લખી રજૂઆત કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં બે મહિના પહેલાં નાનાં બાળકો અને તેમના પિતાની કરવામાં આવેલી એન્ટ્રીઓમાં અનેક અરજીઓમાં તકલીફો ઊભી થઈ હતી. ગયા મહિને મહાપાલિકા વિસ્તારનો આવી અરજીનો આંકડો ૪૧૨૯ હોવાના કારણે એકસાથે ૧૮ ઓપરેટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, જૂની કલેક્ટર કચેરીમાં આવેલી તાલુકા મામલતદાર કચેરીમાં છ મહિના પહેલાં આધારકાર્ડની એક કિટ મૂકવામાં આવી હતી. આ ઓપરેટરને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવતાં શહેર વિસ્તારમાં કુલ ૧૯ ઓપરેટર સસ્પેન્ડ થયા હતાં.

રાજકોટ મહાનગરપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે, આધારકાર્ડ માટેની મુંબઈ રીઝનલ ઑફિસ દ્વારા રાજકોટ મનપાના આધારકાર્ડ સેન્ટરના તમામ ૧૮ ઓપરેટરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવતાં ઘણા ઓપરેટરો ગેરહાજર રહ્યા હતાં. શનિવારે ગાંધીનગર ખાતે આધારકાર્ડની કચેરીમાં એક મેઈલ મોકલીને આ સરેસ્પન્શન રદ કરવાની ભલામણ કરવામાં આવી હતી. આ મેઈલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં વાજબી કારણો પણ આપવામાં આવ્યાં હોવાથી સસ્પેન્શન રદ થવાની શક્યતાઓ ઓછી છે.

રાજકોટમાં આધારકાર્ડના સર્વરમાં ટેક્નિકલ ક્ષતિ આવતી હોવાથી કલેક્ટર સહિતના અધિકારીઓ દ્વારા ગાંધીનગર અને મુંબઈમાં રજૂઆત કરવામાં આવી હતી.મુંબઈ રિઝનલ કચેરી દ્વારા રાજકોટના ૧૮ સહિત રાજ્યના ૬૯ ઓપરેટરનાં સસ્પેન્શનનો મેઈલ કરી દેવામાં આવતાં મહાપાલિકાના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. ■

# રાજકોટમાં જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડનારાઓ સામે પોલીસ ગુનો દાખલ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડીને જણાવ્યું હતું કે, શહેરમાં જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડનારા લોકો સામે ગુનો દાખલ કરવામાં આવશે. તે ઉપરાંત વિદેશી ફટાકડા ફોડવા કે વેચવા પર પણ પ્રતિબંધ મુકાયો છે. સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ આદેશો કરવામાં આવ્યાં છે. રાજકોટ પોલીસ કમિશનરે જાહેરનામામાં જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટના આદેશમાં ફટાકડા સંબંધમાં આપવામાં આવેલ સુચનો તથા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભમાં આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરવા હુકમ કરાયો છે. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશા નિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે માટે તેનો અમલ કરાશે.

તે માટે રાજકોટ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમ જ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રિબ્યૂનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશા નિર્દેશો આપવામાં આવ્યા હતાં. જેને ધ્યાને લેતા રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ગ્રીન ફાયર ક્રેકર્સનો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરુરી જણાય છે.

જેથી સુપ્રીમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા જોઈન્ટ ફાયર ક્રેકર્સ, સિરીઝ ક્રેકર્સ એટલે કે લૂમવાળા ફટાકડા પર પ્રતિબંધ મુકેલ છે.

ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. દિવાળી - દેવ દિવાળી, તથા અન્ય તહેવાર દરમિયાન ફટાકડા રાત્રિના ૮ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યાં સુધી ફોડી શકાશે. રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હૉસ્પિટલ, શાળાઓ, કોલેજો - શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, એરપોર્ટની નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.દિવાળીના તહેવાર દરમિયાન પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે માટે માત્ર પીઈએસઓ સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા ફટાકડા જ વેચી કે ફોડી શકાશે. બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે. ■

# મોરબી જિલ્લામાં એક વર્ષમાં રસ્તા-પુલના ૧૧૦ કામો મંજૂર પણ પૂર્ણ માત્ર ત્રણ જ થયાં

અમદાવાદઃ સરકાર દ્વારા લોકોની સુવિધાઓ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવાય છે, પણ અધિકારીઓની સમયસર કામ નહીં કરવાની વૃત્તિને કારણે અનેક લોકોને હાલાકી ભોગવવાનો વારો આવે છે. મોરબી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સરકારની જુદી જુદી યોજના હેઠળ જે રોડના કામ મંજૂર કરવામાં આવ્યા છે તેની માહિતી માંગવામાં આવી હતી. જેમાં એવી માહિતી પ્રકાશમાં આવી હતી કે, એક વર્ષના સમયમાં જિલ્લા પંચાયતમાંથી રસ્તા-પુલના ૧૧૦ કામ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાંથી માત્ર ત્રણ જ કામ પૂર્ણ થયા છે. મોરબી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હીરાલાલ જે. ટમારીયાએ ગત સામાન્ય સભા પહેલાં માર્ગ મકાન વિભાગ પાસેથી મોરબી જિલ્લામાં છેલ્લા ઓછામાં ઓછા એક વર્ષથી જે વિકાસના કામો મંજૂર થયા છે તેની સ્થિતિ શું છે અને કામ ચાલુ જ ન થયા હોય એવા કામો કેટલા છે તેની માહિતી માંગી હતી.

જેના જવાબમાં અધિકારીએ જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૩-૨૪માં વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લામાં કુલ મળીને ૧૧૦ રસ્તા તથા પુલના કામ મંજૂર થયા છે. જે પૈકી ૩ કામો પૂર્ણ થયા છે. જ્યારે ૨૩ કામો પ્રગતિમાં છે, ૨૧ કામો ટેન્ડર મંજૂરી અર્થે સરકારમાં છે, ૭ કામ ટૂંક સમયમાં વર્ક ઓર્ડર આપવામાં આવશે, ૩૪ કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે, ૯ કામના નકશા અંદાજો બનાવવાની કામગીરીમાં છે તેમ જ ચાર કામો માટે રીવાઈઝ જોબ નંબરની દરખાસ્ત કરી છે. આ સિવાય સીડીપી-૫ યોજના હેઠળ કુલ ૨૨ નવીન ગ્રામ પંચાયત ઘર મંજૂર થયેલ છે, પરંતુ તમામ ગ્રામ પંચાયતો નવા રૂલ મુજબ ૨૫ લાખમાં થઇ શકે એમ હોય વધારાની ગ્રાન્ટ માટે તા ૨૮/૫/૨૪ એ સરકારને પત્ર લખ્યો છે. ■

# રાજકોટમાં દિવાળી દરમિયાન વીજ તંત્રનો ૨૫૦થી વધુનો સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક ફરજ પર તૈનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશ સહિત ગુજરાતમાં દિવાળીના તહેવારનો ઉમંગ અને ઉત્સાહ શરૂ થઈ ગયો છે. ત્યારે રાજકોટ જિલ્લામાં સંભવિત દુર્ઘટના નિવારવા તથા વીજ પુરવઠો સરળતાથી જળવાઇ રહે તે માટે વીજ તંત્રનો ૨૫૦થી વધુનો સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક ફરજ પર તૈનાત રહેશે.

પીજીવીસીએલના રાજકોટ સીટીના અધિક્ષક ઇજનેર જે. બી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ૨૯ ઑક્ટોબરથી ૪ નવેમ્બર સુધી તમામ ૨૧ સબ ડિવિઝન કચેરીઓમાં સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક તૈનાત રહેશે. તેમાં ૬૦ એન્જિનિયર અને ૨૦૦ના લાઇન સ્ટાફનો સમાવેશ થાય છે. દિવાળીમાં ક્યાંય અંધારા ન સર્જાય અને કોઇ વીજ વિક્ષેપ ઉભો ન થાય તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. વીજળી સંબંધિત કોઇ ફરિયાદ સર્જાય તો તત્કાળ તેના નિરાકરણ માટે સ્ટાફને તૈનાત કરાયો છે. બીજી તરફ વીજ તંત્ર દ્વારા એવી સલાહ આપવામાં આવી છે કે વીજ લાઇન, ટ્રાન્સફોર્મર જેવા વીજ નેટવર્ક આસપાસ ફટાકડા ન ફોડવા, શોર્ટ સર્કિટના બનાવની તત્કાળ જાણ કરવી, ગ્રાહકના વાયરિંગમાં શોર્ટ સર્કિટ નિવારવા ઇએલએસબી લગાડવી જોઇએ. ■

# ભુજની સિવિલ સર્જન કચેરીમાં આર્થિક ગેરરીતિનું કૌભાંડ ઝડપાયુંઃ વહીવટી અધિકારી અને બે કર્મીઓ ફરજ મોકૂફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતેની જી.કે જનરલ હોસ્પિટલમાં કાર્યરત સિવિલ સર્જનની કચેરીના ઇન્ચાર્જ વહીવટી અધિકારીથી માંડી અન્ય કર્મચારીઓ દ્વારા કથિત રીતે આચરવામાં આવેલા આર્થિક ગોટાળાની સૂચનાના પગલે ગાંધીનગરથી ભુજ આવેલી વિજિલન્સ ટીમે ગેરરીતિ પકડી પાડીને એક અધિકારીને ફરજ મોકૂફ જયારે અન્ય બે કર્મચારીઓને તાત્કાલિક અસરથી છૂટા કરી દેતાં રાજકીય ઓથ હેઠળ ફાવી ગયેલા ભ્રષ્ટ તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.



સિવિલ સર્જનનો હવાલો સંભાળતા માંડવીના તબીબ ડૉ. કિશન રોયે આ ધાક બેસાડતી કાર્યવાહી અંગે જણાવ્યું હતું કે, વિજિલન્સની તપાસમાં નાણાકીય ગેરરીતિ કરતા હોવાનું માલૂમ પડતાં વહીવટી અધિકારી બલભદ્રસિંહ જાડેજાને સસ્પેન્ડ કરાયા છે, જ્યારે આઉટસોર્સથી વર્ષોથી કામગીરી સંભાળતા મનજી ખરેટ અને નિમિષ વાસાણીને તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા બલભદ્રસિંહની જગ્યાએ વહીવટી અધિકારી તરીકે અંજારના ભાવેશ પાઠકને ચાર્જ સોંપવામાં આવ્યો છે. રાજ્યના આરોગ્ય કમિશનર દ્વારા ફરજ મોકૂફ કરવામાં આવ્યાનો પત્ર તેમને મળ્યો છે અને નાણાકીય અનિયમિતતા અને ગેરરીતિ આચરાઇ હોવાના કારણે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કિશન રોયે ઉમેર્યું હતું.

હૉસ્પિટલ તરફથી વાહન અકસ્માતના લાખોના ક્લેઇમ વગેરેના ચેક આવતા હોવાથી વહીવટી અધિકારી બલભદ્રસિંહે ચેક પોતાના ખાનગી બેંક એકાઉન્ટનાં નામે બનાવી મોટી રકમ ચાંઉ કરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રેઝરી કચેરીને શંકા જતાં અમને જાણ કરાઇ હતી. ઓડિટ ટીમ મૂકવામાં આવતાં સમગ્ર કૌભાંડ સામે આવતાં વહીવટી અધિકારી અને ઓઉટસોર્સના બે કર્મીઓને ફરજ મોકૂફ કરાયા છે.આ ગેરરીતિમાં જે કોઈ પણ સામેલ હશે તેમની સામે પણ કાર્યવાહી કરાશે,એમ રાજયના આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છની એકમાત્ર ભુજમાં આવેલી સિવિલ સર્જનની આ કચેરીમાં લાંચ લીધા વિના કોઈ પણ કામ થતાં ન હોવાની લાંબા સમયની ફરિયાદના આધારે ગાંધીનગરથી કમિશનર મેડિકલ સર્વિસ વિભાગની ઓડિટ ટીમ દ્વારા આ ધાક બેસાડતી કાર્યવાહીને અંજામ આપવામાં આવ્યો હતો. ■